# શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ

## નિમંત્રણ

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના સુવર્ણ જયંતી વર્ષના **પાંચમા** મુખ્ય કાર્યક્રમ – **"ગુજરાત સ્થિત કચ્છી જૈન યુવાઓના સંમેલન"** માં પધારવાનું ગુજરાત સ્થિત કચ્છી જૈન યુવક - યુવતીઓને આથી નિમંત્રણ પાઠવવામાં આવે છે. સામાન્યપણે યુવા વર્ગ એટલે ૨૧થી ૩૦ વર્ષની આજુબાજુની વયના યુવક-યુવતીઓ એમ માનવામાં આવે છે.

**કાર્યક્રમ સ્થળ : શ્રી કચ્છી જૈન ભવન, પાલડી, એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬.**

કાર્યક્રમની વિગત નીચે મુજબ છે.

| સમય | | વિષય | વક્તવ્ય |
|---|---|---|---|
| | | **શનિવાર, તા. ૮-૯-૨૦૧૨** | |
| રાત્રે | ૮.૦૦ થી ૧૦.૦૦ | 'હસતા-રમતા જીવીએ જિંદગી' | શ્રી નંદક પંડ્યા તથા તેમના સાથીઓ |
| | | **રવિવાર, તા. ૯-૯-૨૦૧૨** | |
| સવારે | ૯.૦૦ થી ૯.૪૫ | ચા-નાસ્તો તથા રજિસ્ટ્રેશન | — |
| | ૧૦.૦૦ થી ૧૧.૩૦ | કેરીયર ગાઈડન્સ (કારકિર્દી માર્ગદર્શન) | ડૉ. નીરવ ઠક્કર |
| | ૧૧.૩૦ થી ૧.૩૦ | જનરેશન ગેપ | શ્રી નંદક પંડ્યા |
| બપોરે | ૧.૩૦ થી ૨.૩૦ | લંચ | — |
| | ૨.૩૦ થી ૪.૩૦ | સહજીવનની સાર્થકતા | શ્રી નંદક પંડ્યા |
| સાંજે | ૪.૩૦ થી ૬.૦૦ | પેશન (Passion) | શ્રી મિતેશ દવે તથા માનસી શાહ |

ઉપરોક્ત કાર્યક્રમ યુવા વર્ગ માટે ખૂબજ રસપ્રદ હોવાથી ૨૧થી ૩૦ વર્ષની આજુબાજુની વયના ગુજરાત સ્થિત તમામ જૈન યુવક-યુવતીઓને ભાગ લેવા અપીલ કરવામાં આવે છે. ભાગ લેનાર યુવા વર્ગે પોતાનું રજિસ્ટ્રેશન, **શ્રી કચ્છી જૈન ભવન - પાલડી** ખાતે **(કુ. નિધિ પટેલ : ૦૭૯-૨૬૫૭૮૮૯૨)** પાસે સત્વરે કરાવી લેવાનું આવશ્યક છે.

**પ્રતાપ નારાણજી દંડ**
**માનદ્ મંત્રી**
**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ**

**અશોક મહેતા**
**મેનેજિંગ ટ્રસ્ટી અને પ્રમુખ**
**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ**

## પર્યુષણ પર્વનો એક જ સંદેશ - ક્ષમાપના

પર્વ પર્યુષણનો સંદેશ એક જ છે : ક્ષમાપના - "ક્ષમા રાખો" "ક્ષમા માગો" અને "ક્ષમા આપો" જ્યાં મોકો મળે ત્યાં આ આઠ દિવસમાં એક જ કામ કરવું. ક્ષમા રાખો. આઠ દિવસ જે તૈયારીના મળ્યા છે તેમાં એક જ લક્ષ્ય રાખજો કે આ આઠ દિવસમાં કોઇ પણ ઘટના બની જાય, ગમે તેવી ઉથલ પાથલ મચી જાય, મારે કષાયોને પનારે પડવું નથી. ગમે તે થઇ જાય બધા નુકસાન કરતા ચડિયાતું નુકસાન એક જ છે અને તે છે કષાયોની તીવ્રતા. આ પર્યુષણ પર્વની અંદર જો કષાયોને સ્થાન આપ્યું તો આ પર્યુષણ પર્વ હારી જઇશ. આના જેવું નુકસાન કોઇ નથી. બધું નુકસાન થવા દઇશ પણ કષાયો તો નહિં જ થવા દઉં. મારે ક્ષમા રાખવી છે. ક્ષમા રાખવાના લક્ષ સાથે આઠ દિવસ વીતાવો.

આમ અત્યારે તો હવે ક્ષમા રાખશો. પણ વીતેલા બાર મહિનામાં ઘણા ઊંચાનીચા થયા છો, ઘણાંની સાથે ન બોલવાનું બોલી નાખ્યું છે, કોઇના માટે ન વિચારવાનું વિચારી નાખ્યું છે, ન કરવાનું વર્તન કોઇકના પ્રત્યે કરી નાખ્યું છે. આ બધા ડાઘ ધોયા વિના આત્મા કેવી રીતે નિર્મળ થશે?

*સાભાર : "ક્ષમાપના", પ્રેષક : ચંદ્રકાંત દામજી શાહ (કે.ડી. શાહ)*

# અમદાવાદનું આગવું આકર્ષણ એટલે.... "કચ્છ સંસ્કૃતિ મ્યુઝિયમ"

★

## અમદાવાદ શહેરમાં સર્વપ્રથમ આકાર પામેલું અને.... જોવાલાયક સ્થળોની યાદીમાં.... અગ્ર ક્રમે....

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ દ્વારા તેની સુવર્ણ જયંતીની ઉજવણીના વર્ષ દરમ્યાન તા. ૧૪-૪-૨૦૧૨ના રોજ શ્રી કચ્છી વિશ્રામ ગૃહ ખાતે "કચ્છ સંસ્કૃતિ મ્યુઝિયમ"નું લોકાર્પણ કરવામાં આવેલ છે.

## આ મ્યુઝિયમમાં આપ શું નિહાળશો?

કચ્છ જિલ્લાને સંબંધિત માહિતી તેમજ ભૂસ્તર, જીવ અશ્મિઓ, વહાણ કામ, માટી કલા, કચ્છી ચલણ, વાજિંત્રો, વિવિધ કોમોના ડાયોરમા, બે-મિશાલ હસ્તકલાના અદ્‌ભુત નમૂના વગેરે નિહાળીને આપ પ્રસન્ન થશો.

દરરોજ સંખ્યાબંધ લોકો આ મ્યુઝિયમની વિવિધ વિભાગો નિહાળીને પ્રશંસા કરી રહ્યા છે.

**યાદ રાખશો.... એક નવી અજાયબી.... કચ્છ દર્શન. અને કચ્છ દર્શન એટલે કચ્છ સંસ્કૃતિ મ્યુઝિયમ - અમદાવાદ...**

● સ્થળ ●

**શ્રી કચ્છી વિશ્રામ ગૃહ**

રાજસ્થાન હોસ્પિટલ પાસે, ગાંધી વિદ્યાલયની ગલીમાં, શાહીબાગ, અમદાવાદ-૩૮૦ ૦૦૪. ફોન : (૦૭૯) ૨૨૮૮૪૫૪૭

**સમય : સવારે ૯.૦૦થી ૧૨.૦૦ ● સાંજે ૪.૦૦ થી ૭.૦૦**

**પ્રતાપ નારાણજી દંડ**

**માનદ્ મંત્રી, શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ**


*M/s. Jethabhai Doongarshi Transport Pvt. Ltd.*



*M/s. J. D. Roadlines*

*M/s. J. D. Logistics*

*M/s. J. D. Transport Co.*



**TRANSPORT CONTRACTORS & FLEET OWNERS**

**DAILY SERVICE FROM**

**RAJKOT, JAMNAGAR, AHMEDABAD, SURAT, VAPI**

**TARAPURE, MUMBAI TO PUNE & CHINCHWAD**

**Full Truck Load Service All Over Maharashtra & Gujarat**

**PUNE**
708/18, Bhavani Peth,
Gurunanak Nagar, Pune-411 042
**Ph. : 26434611**

**CHINCHWAD**
128/B, Mohan Nagar, Sanghvi Compound,
Chinchwad, Pune-411 019.
**Ph. : 27471378, 27475167**

**MUMBAI**
Khajurwala Chambers, Gr. Floor, 313/315,
N.N. Street, Mumbai - 400 009.
**Ph. : 23426818, 23448705, 23400597**

- **VAPI** : (0250) 3244993, 2023291
- **SURAT** : (0261) 2367670, 2367287
- **BHIWANDI** : (02522) 270194, 271987
- **ANDHERI** : (022) 28509760, 93703 19692
- **VASHI** : (022) 27889527, 69517538
- **WAGOLI** : (020) 27052309
- **FURSUNGI** : (020) 26980361
- **VADGAON MAVAL** : (02114) 225629, 9372074359

**E-mail : jdtcompany@gmail.com**

# દોષ વિશોધનની નિસરણી – પ્રાયશ્ચિત

• સૂર્યકાંત ભટ્ટ •

આપણા માનવ જીવનમાં સ્વાર્થની સિધ્ધિ અર્થે કેટલીક વખતે જાણે અજાણે પાપકર્મો થઇ જવા પામે છે. આ પાપોનો ઢગલો દિન પ્રતિદિન વિશાળ થતો જાય છે, જે મુક્તિના માર્ગની વચ્ચે આડબંધ બની જાય છે. નિષ્પાપ જીવન હંમેશાં ભારવિહીન, હળવું બનવા પામે છે. પાપોનું જ્યારે છેદન થાય છે ત્યારે ચિત્તશુધ્ધિ થાય છે અને ચિત્તશુધ્ધિથી સદ્‌બુદ્ધિ પ્રાપ્ત થાય છે.

આચાર્ય ભગવંતો, મુનિવરોએ પાપોને દૂર કરવાના સુયોગ્ય ઉપાયો પ્રયોજ્યા છે. જેમાં ખાસ કરીને પ્રાયશ્ચિત તથા પશ્ચાતાપને અતિ મહત્ત્વનું સ્થાન આપવામાં આવ્યું છે. **જૈન શાસ્ત્રો અનેક ઉપાયો દ્વારા પાપોનું નિરાકરણ દર્શાવે છે.** ઉત્તરાધ્યયનના ૧૬મા બોલમાં વિસ્તૃત સમજણ આપવામાં આવી છે. આપણા આત્મા પર રાગદ્વેષના ઝેરી પુદ્‌ગલો સ્પર્શ્યા હોય તેને પશ્ચાતાપથી સાફ કરવા. પ્રાયશ્ચિત કરવાથી જિંદગીમાં કે પછી પૂર્વ જન્મમાં આચરેલા પાપો દૂર થઇ જાય છે અને આત્મા અતિચાર દોષોથી મુક્ત થઇ જાય છે. **પ્રાયશ્ચિત અને પશ્ચાતાપ બન્ને દોષ વિશોધનની ક્રમિક નિસરણીઓ છે.** પરંતુ પ્રાયશ્ચિત અંતરથી હૃદયપૂર્વક થવું જોઇએ. વાસ્તવમાં પશ્ચાતાપ સહિત પ્રાયશ્ચિત કરતો આત્મમાર્ગ એટલે સમ્યગ્ દર્શન.

આપણે આપણા જીવનમાં હાલતાં ચાલતાં ઘણી જ સાવધાની રાખીએ છીએ. રસ્તામાં સંભાળીને ચાલીએ છીએ કે જેથી કોઇ સાથે અથડાઇ ના જઇએ. રસ્તો ક્રોસ કરતાં પણ કોઇ વાહનની ટક્કર ન વાગે તે માટે કાળજી સેવીએ છીએ. આ રીતે જીવનમાં પણ પાપ સાથે પટકાઇ ન જવાય તે માટે તો વિશેષ સાવધાની દાખવવી જોઇએ. બાંધેલા શિથિલ કર્મ ભાવભર્યા ધર્મ અનુષ્ઠાનો દ્વારા પ્રદેશોદયથી ખંખેરી શકાય છે. જ્યારે બાંધેલા મજબૂત કર્મો વિપાકોદયથી ભોગવવા પડે છે. સદ્‌ગુરુ પાસે પાપોની કબૂલાત કરવી અને એ કબૂલાત સમયે કોઇપણ પાપ કર્મ છુપાવવું નહિ અને જીવનમાં બનેલી પાપીષ્ટ ઘટના વિગતવાર કહેવામાં જ શ્રેય સમજવું જોઇએ.

**પર્યુષણ પર્વ એ તો આત્મવિશુધ્ધિનું મહાપર્વ છે.**

માનવી દ્વારા જાણે અજાણે ભૂલ થઇ જાય છે. ભૂલનો અસ્વીકાર કરવો ખરાબ છે. ભૂલને છુપાવવાની બીજી ભૂલ કરવી એ ઘણી જ ખરાબ બાબત છે. જો કોઇ દર્દી પોતાનું દર્દ છૂપાવે અને ડોક્ટર પાસે પોતાના દર્દની વાત રજૂ ન કરે તો તેને ડોક્ટર કઇ દવા આપે? માટે ગુરૂવર્ય સમક્ષ પાપોનો એકરાર અવશ્ય કરવાથી પ્રાયશ્ચિત - પશ્ચાતાપ દ્વારા મુક્તિમાર્ગ ખુલ્લો કરી શકાય છે. **પશ્ચાતાપભર્યું એક ક્ષણનું જીવન એક હજાર વર્ષ સુધીના હાસ્યવિનોદી જીવનથી વધુ કિંમતી છે.**

પર્યુષણ પર્વ એ સવિશેષ ધર્મ આરાધનાનું પર્વ છે. પરંતુ પાપ આલોચન માટે દિવસે કે રાત્રિએ કોઇ મુકરર સમય નિશ્ચિત કરવો આવશ્યક બની રહે છે. વ્યવહાર સૂત્રમાં દશ પ્રકારના પ્રાયશ્ચિત દર્શાવ્યા છે : આલોચના, પ્રતિક્રમણ, તદુભય, વિવેક, વ્યુત્સર્ગ, તપ, છેદ, મૂલ, અનવસ્થાપ્ય અને પારંચિત્ત. પ્રાયશ્ચિત, શાસ્ત્રના જ્ઞાતા કે આચાર્ય ભગવંતો આપી શકે. **અન્ય રીતે જોઇએ તો વર્ષ દરમિયાનના આચરણ અર્થે વ્યક્તિએ સર્વે જીવોને ક્ષમા આપવી જોઇએ અને તેની યાચના કરવી જોઇએ.** આ ક્રિયા ખરા દિલથી થાય તો પોતાના આત્માને નિષ્પાપ અવશ્ય કરી શકાય છે.

સામાન્ય રીતે માણસ પૈસાની પ્રાપ્તિ અર્થે ધર્મને પણ બાજુએ મૂકી દેતા હોય છે, પાપ-પુણ્યનો વિચાર કરતા નથી. નીતિ કે અનીતિનો પણ વિચાર કરતા નથી. કોઇ ક્રૂરતા ભર્યું કે પછી દયા-વિહીન કર્તવ્ય કરી રહ્યા છે તે વિચારતા નથી. કિન્તુ કહેવાય છે કે "પાપ તો છાપરે ચઢીને પોકારે છે." આખરે ભવાંતરે જરૂર ભોગવવું પડે. **પાપ કરીને આ સંસારમાં કદાચ કોઇ ક્ષણિક સુખી થયા હોય, પરંતુ પાપ કર્મનો બદલો અવશ્ય મળવાનો અને મળશે જ.**

આપણી કાર બગડે તો રીપેરિંગ માટે તેને ગેરેજમાં આપી આવીએ છીએ. આપણી તબિયત બગડે તો ડોક્ટર પાસે દોડી જઇએ છીએ. તો નાનું મોટું પાપ આ જીવથી થઇ જાય તો તેના અંતઃકરણ પૂર્વકના પ્રાયશ્ચિત અને પશ્ચાતાપ અર્થે પાપોની કબૂલાત સદ્‌ગુરૂના ચરણોમાં ક્ષમા યાચી કરવી જોઇએ અથવા તો એ માટે સદ્‌ગુરૂઓએ બતાવેલ જરૂરી ક્રિયાઓ તેનાં નિયમાનુસાર કરવી જોઇએ. જીવનમાં સમ્યકત્વના બી રોપવાનો આ એક જ ઉપાય છે.

*'સહજાનંદ',*
*૬/એ, લીમડા લાઇન,*
*શ્રી સ્વામિનારાયણ વિદ્યાલય રોડ,*
*સંસ્કાર નગર, ભુજ, કચ્છ-૩૭૦ ૦૦૧.*
*મો. ૯૮૨૫૨ ૩૪૩૪૬*

FAVOURITE
**FAVOURITE SAFETY PRODUCTS**
**MFG. & EXP. OF INDUSTRIAL SAFETY SHOES**
C-1 / B 2007-2006/3, GIDC Industrial Estate,
Ankleshwar-393 002. Dist. Bharuch (Gujarat)
**Ph. : 91 2646 220690 / 251646 Fax : 91 2646 - 251030**
**Mail : info@favouriteshoes.com Website : www.favouriteshoes.com**
**Dhiren Shah (Dand)**
Director
M. : 98795 00916

# જૈન ધર્મની ક્ષમાપના એક જબરદસ્ત સાઇકોથેરાપી છે

• સુપાર્શ્વ મહેતા •

તમારી આંખો બંધ કરો અને એ વ્યક્તિને યાદ કરો જેણે તમને બહુ હેરાન કર્યા છે. આ વ્યક્તિનો ગુનો નાનો હશે અથવા મોટો હશે, પણ તમારા મન ઉપર તેની ઘેરી છાપ રહી ગઇ છે. આ વ્યક્તિ કદાચ તમારી નજીકની જ કોઇ વ્યક્તિ હશે. કદાચ તમારા માતાપિતાએ તમને અન્યાય કર્યો હશે. કદાચ તમારા પતિએ તમને દગો દીધો હશે. કદાચ તમારાં સંતાનો તમને તરછોડીને જતાં રહ્યાં હશે. કદાચ તમારાં ભાઇબહેને તમારી સાથે અબોલા લીધા હશે. કદાચ તમે તમારી જાત ઉપર પણ રોષે ભરાયા હો તેવું બની શકે છે. આ બધો ગુસ્સો જે તમારી અંદર પડ્યો છે તેને સપાટી ઉપર લાવો. તમારા હૃદયના ધબકારા વધી જશે, તમારો ચહેરો લાલઘૂમ બની જશે. જો અંદરનો ગુસ્સો પળમાત્રમાં ઓગળી જાય તો તમને કેવું લાગે? તમે કેવા હળવા ફૂલ બની જાઓ? અમેરિકાના કોલીન ટિપ્પીંગ નામના લેખકો 'રેડિકલ ફરગીવનેસ' નામનું પુસ્તક લખ્યું છે. આ પુસ્તકના આધારે અમેરિકામાં 'રેડિકલ ફરગીવનેસ'ની સેંકડો ક્લિનિકો ખૂલી ગઇ છે. આ ક્લિનિકોમાં રેડિકલ ફરગીવનેસનો છ સપ્તાહનો કોર્સ ચાલે છે. **આ કોર્સમાં ભાગ લેનારાઓ ભૂતકાળના તમામ બોજાઓમાંથી મુક્ત થઇને વર્તમાનમાં જીવતાં શીખે છે. જૈન ધર્મની ક્ષમાપના પણ એક મનોવૈજ્ઞાનિક થેરપી છે.**

રેડિકલ ફરગીવનેસની થિયરીના પ્રચારકો કહે છે કે તમારો અપરાધ કરનારને ક્ષમા ન કરીને તમે તમારા ભૂતકાળના કેદી બનીને રહી જાઓ છો. તમારી આ જૂની ફરિયાદો તમારી જિંદગીને આગળ વધવામાં અંતરાયરૂપ બને છે. તમે કોઇને માફ નથી કરતાં ત્યારે તમારી જાતનો અંકુશ તે વ્યક્તિના હાથમાં આવી જાય છે, જેણે તમારો અપરાધ કર્યો છે. જેવા સાથે તેવા થવાની, અપરાધીને સજા કરવાની અને તેને દેખાડી દેવાની ભાવના તમારા હૃદયમાં સતત વૃદ્ધિ પામ્યા કરે છે અને તમે આ ભાવનાના ગુલામ બની જાઓ છો. તમારો વર્તમાન કાયમ ભૂતકાળની આ કડવી યાદોથી ખરડાયેલો રહે છે. તમારો અપરાધ કરનાર વ્યક્તિ ક્ષમા માગે કે ન માગે, તેને ક્ષમા આપી દેવાથી તમે તે પીડાદાયક ભૂતકાળમાંથી મુક્ત થઇ જશો અને પ્રફુલ્લિત બનીને વર્તમાનમાં જીવી શકશો. "જો તમને એમ લાગતું હોય કે તમે પણ કોઇ સાથેની દુશ્મનાવટના કારણે ભૂતકાળમાં ખૂંપી ગયા છો, બહાર આવવા માંગો છો, પણ આવી નથી શકતા, તો રેડિકલ ફરગીવનેસના પ્રોગ્રામ તમારી મદદે આવે છે. **રેડિકલ ફરગીવનેસ એક ઉર્જા આધારીત ટેકનિક છે. આ ટેકનિકમાં તમારી આંતરચેતનાને એક વધુ ઊંચા સ્તર ઉપર લઇ જવામાં આવે છે.** આ ઊંચા સ્તર ઉપર તમારી અંદર જે ગુસ્સો, રોષ, વેરભાવ વગેરેના રૂપમાં જે ઉર્જા બ્લોક થઇને પડી છે તેને મુક્ત કરવામાં આવે છે. જ્યારે તમે કોઇને માફ કરી દો છો ત્યારે અંદર રહેલી આ ઉર્જા મુક્ત થાય છે, જેનો ઉપયોગ તમે તમારી જાતનો વિકાસ સાધવા માટે કરી શકો છો. આ ઉર્જા જયારે બહાર આવે છે ત્યારે તમારી જિંદગીની અનેક સમસ્યાઓ સૂલઝી જાય છે અને તમને જિંદગી વધુ મધુર જણાય છે.'

રેડિકલ ફરગીવનેસની થેરપી કેવી રીતે કામ કરે છે તેનો ખ્યાલ આપવા માટે અમેરિકાની એક માતાનું ઉદાહરણ આપવામાં આવે છે. બેટ્સી હિક્સ નામની આ મહિલાનો પુત્ર જો જોય ઓટિઝમની બીમારીથી પીડાતો હતો. બેટ્સી જોયને ઓટિઝમથી મુક્તિ અપાવવા માટે કઠોર પુરૂષાર્થ કરતી હતી. તેને કારણે જોયની વર્તણૂકમાં સુધારો થતો હતો પણ બેટ્સીને તેનાથી સંતોષ નહોતો. તેને કારણે બેટસીને કાયમ એવો અફસોસ રહ્યા કરતો કે તે જોય માટે જે કાંઇ કરે છે તે પૂરતું નથી. આ કારણે તે પોતાની જાતને જ કાયમ દોષ આપ્યા કરતી હતી. તેની આ વર્તણૂકની અસર જોય ઉપર પણ પડતી. જોયને લાગતું કે તેની માતા તેનાથી સંતુષ્ટ નથી. એટલે તે ઉદાસ રહ્યા કરતો હતો. એટલામાં કોઇએ બેટ્સીને રેડિકલ ફરગીવનેસ થેરેપી બાબતમાં વાત કરી. બેટ્સીએ આ પ્રોગ્રામ જોઇન્ટ કર્યો ત્યારે તેને કહેવામાં આવ્યું કે જોય જેવો છે તેવો સ્વીકારી લે અને પોતાની જાતને કોસવાનું છોડી દે. હવે બેટસીની જોય સાથેની વર્તણૂક પણ બદલાઇ ગઇ. જોયને હવે બેટ્સી સાથે રહેવાનું ગમવા લાગ્યું અને તેઓ આનંદથી સાથે સમય ગાળવા લાગ્યા, જેને કારણે જોય ઝડપથી સાજો થવા લાગ્યો. રેડિકલ ફરગીવનેસની થેરપીએ આ રીતે હજારો લોકોને જિંદગી જીવવાની કળા શીખવી છે.

**વિખ્યાત ચિંતક નોર્મન કઝીન્સે કહ્યું છે કે "કોઇને માફ કરવા માટે ભારે બહાદુરીની જરૂર પડે છે." આ વાત આપણને ભગવાનશ્રી મહાવીરના જીવનમાંથી સચોટ રીતે જાણવા મળે છે.** ભગવાન જ્યારે સાધના કરી રહ્યા હતા ત્યારે તેમને જાણવા મળ્યું કે બાજુના જંગલમાં એક ભયંકર ઝેરી સર્પ છે, જેની દૃષ્ટિમાં પણ તાલપુટ વિષ છે, ભગવાને અવધિજ્ઞાનના બળે તેનો પૂર્વભય જોયો. પૂર્વભયમાં આ સર્પ ચંડકૌશિક નામનો સંન્યાસી હતો પણ પોતાના ક્રોધને કારણે દૃષ્ટિવિષ સર્પ બન્યો હતો. ભગવાન તેનો ઉધ્ધાર કરવા જંગલમાં ગયા ત્યારે ચંડકૌશિકના આત્માએ તેમને બાળીને ખાખ કરી નાખવાની કોશિષ કરી, પણ ભગવાનની અચિંત્ય શક્તિને કારણે તે ભગવાનને મારી ન શક્યો. આટલો જઘન્ય

*જેને મોક્ષે જવું છે તે પ્રકૃતિનો બચાવ ના કરે.*

અપરાધ કરનાર સર્પ ઉપર પણ ભગવાનને ગુસ્સો ન આવ્યો. તેમણે કરૂણાથી કહ્યું "બુજઝ, બુજઝ, ચંડકોશિયા." આ વચનથી ચંડકૌશિકના આત્માને પોતાને પૂર્વભવ યાદ આવી ગયો અને તેને ભારે પશ્ચાતાપ થયો. **કોઇ વ્યક્તિ આપણો જીવ લેવા આપણી ઉપર હુમલો કરે તેને સજા કરવામાં જેટલી બહાદુરીની જરૂર પડે છે, તેના કરતાં વધુ બહાદુરી તેને માફ કરવા માટે જોઇએ.**

જ્યારે આપણે કોઇ વ્યક્તિ ઉપર ગુસ્સો કરીએ છીએ અને તે ગુસ્સો આપણા મનમાં સંઘરી રાખીએ છીએ ત્યારે હકીકતમાં આપણે તે વ્યક્તિને નહીં પણ આપણી જાતને જ સજા કરતા હોઇએ છીએ. આપણા ગુસ્સાને કારણે તે વ્યક્તિને તો કાંઇ નુકસાન નથી થતું પણ આપણું દિવસરાત તે નુકસાન થયા કરે છે. આ ગુસ્સો આપણા મનને અને તનને પણ ઈજા પહોંચાડ્યા કરે છે. આજે જેટલા પણ મનોરોગો જોવા મળે છે, તેના મૂળમાં આ સંઘરી રાખવામાં આવેલો રોષ છે. જે ક્ષણે આપણે ગુસ્સાથી મુક્ત થઇએ છીએ ત્યારે આપણે આપણી જાતે જ સાજા થઇ જઇએ છીએ. આ કારણે ક્ષમાપના એક પ્રકારની સંજીવની છે. જેના સ્પર્શથી આપણે સાજા થઇએ છીએ. કોઇ પણ વ્યક્તિ સાથેની શત્રુતા આપણા માટે કારાવાસની ગરજ સારે છે. જ્યાં સુધી આપણા મનમાં તે વ્યક્તિ પ્રત્યે ધિક્કારભાવ હોય ત્યાં સુધી આપણે આ કારાવાસમાં જ સબડ્યા કરીએ છીએ. **જે ક્ષણે આપણે તે વ્યક્તિને માફ કરી દઇએ છીએ તે ક્ષણે આપણો જેલમાંથી છુટકારો થાય છે. આ રીતે ક્ષમાપના સર્જનાત્મક શક્તિ છે.** જૈન ધર્મમાં ક્ષમાપનાને અત્યંત સાહજિક બનાવી દેવામાં આવી છે. આ કારણે આબાલવૃદ્ધ કોઇને ક્ષમા માગવામાં અને ક્ષમા આપવામાં સંકોચ નડતો નથી.

ઘણી વખત આપણે કોઇ વ્યક્તિનો અપરાધ કર્યો હોય છે અને તેની ક્ષમા માગવામાં આપણને સંકોચ થતો હોય છે. ઘણી વખત કોઇ વ્યક્તિએ આપણો અપરાધ કર્યો હોય છે પણ ક્ષમા નથી માગી હોતી. જ્યાં સુધી આપણે અપરાધ કરનાર વ્યક્તિને ક્ષમા કરતા નથી ત્યાં સુધી આપણું મન શાંત નથી પડતું પણ સતત ધૂંધવાયા કરે છે. આપણે જે વ્યક્તિનો અપરાધ કર્યો હોય છે તેના તરફથી આપણને સતત એવો ભય સતાવ્યા કરે છે કે તે આપણી ઉપર બદલો વાળવા માટે વળતો હુમલો કરશે. આ કારણે આપણે સતત અજ્ઞાત ભયથી પીડાયા કરીએ છીએ. આજકાલ હતાશા અને ડિપ્રેશન જેવી જે બીમારીઓ પેદા થાય છે તેની પાછળ આવા વેરનો ઈતિહાસ હોય છે. આ રોષ અને ભયગ્રંથિમાંથી મુક્ત થવાનો એકમાત્ર ઈલાજ ક્ષમાપના છે. આપણે જેનો અપરાધ કર્યો છે તેની ક્ષમા માગી લેવાથી આપણે ભયમુક્ત થઇ જઇએ છીએ. જેણે આપણો અપરાધ કર્યો હોય છે તેને માફ કરી દેવાથી આપણે રોષમુક્ત થઇ જઇએ છીએ. જેઓ ક્ષમા નથી કરતા તેઓ કંજૂસ છે. **જેઓ ક્ષમા કરે છે તેઓ ઉદાર છે. જેઓ ઉદારતાથી ક્ષમા આપી જાણે છે તેઓ જ હળવાફૂલ બનીને જીવી શકે છે.**

આજે બધા જ મનની શાંતિ પાછળ દોડે છે. મનની શાંતિ માટે મનનો બધો જૂનો કચરો સાફ કરી નાખવો જોઇએ. મનમાં જે કચરો ભર્યો હોય છે તે મોટા ભાગે આપણી આજુબાજુના લોકો પ્રત્યે દુર્ભાવના રૂપમાં હોય છે. આ દુર્ભાવ પાછળ ભૂતકાળની કોઇ શત્રુતાનો ઈતિહાસ હોય છે. આ દુર્ભાવ જ આપણા મનને અશાંત અને અસલામત બનાવે છે. ક્ષમા કરી દેવાથી આપણી અંદરનો અન્યો પ્રત્યેનો દુર્ભાવ તો નાશ પામે છે અન્યોનો આપણી પ્રત્યેનો દુર્ભાવ પણ નાશ પામે છે. આ રીતે ક્ષમાપનામાં બેવડો લાભ છે. ક્ષમાપનાને કારણે મનને અદ્‌ભુત શાંતિ મળે છે. ક્ષમાપનાના કારણે આપણા બત્રીસ કોઠે ટાઢક થઇ જાય છે. અનુભવ કરે તેને જ આ વાત સમજાય છે.

**ક્ષમાપના કરવા માટે જબરદસ્ત આત્મવિશ્વાસની જરૂર પડે છે. જેમને પોતાની જાતમાં શ્રદ્ધા હોય છે, તેઓ જ માફી માગી શકે છે અને માફી આપી શકે છે.** જેમાં ક્ષમાપનાનો તહેવાર ઉજવાતો હોય તેવા જગતભરમાં એકમાત્ર જૈન ધર્મ છે. જૈન ધર્મમાં 'મિચ્છામિ દુક્કડમ' ને મહામંત્ર માનવામાં આવ્યો છે. **સાચા જૈનો જેટલી સાહજિકતાથી ક્ષમાપના કરી શકે છે, એટલી સાહજિકતાથી ક્ષમાપના દુનિયાની કોઇ પ્રજા કરી શકતી નથી.** જૈન બાળકને ગળથૂથીમાં જ ક્ષમાપનાના સંસ્કાર આપવામાં આવે છે. ક્ષમાપનાથી મોક્ષની પ્રાપ્તિ તો થાય જ છે, પણ તેને કારણે નિર્મળ અને સ્વચ્છ બુદ્ધિ પણ પ્રાપ્ત થાય છે. અમેરિકામાં જે રેડિકલ ફરગીવનેસથી થેરપી શરૂ કરવામાં આવી છે તેનો પાયો જૈન ધર્મમાં છે. જૈન ધર્મની ક્ષમાપના સમજપૂર્વક કરનારને કોઇ થેરપીની જરૂર પડતી નથી.

***સૌજન્ય : 'ગુજરાત સમાચાર', તા. ૧૧-૯-૨૦૧૦***

***પ્રકાશન માટે મોકલનાર :***
***શ્રી મણિલાલ છેડા - મુંબઈ***

---

## ભક્તિ, પવિત્રતા અને જીવ સેવાનું તીર્થ : પાવાપુરી

**(અનુસંધાન : પાના નં.-૫૦ ઉપરથી ચાલુ)**

વિશાળ ગૌશાળામાં નિરાધાર પશુઓની સેવા માટે ત્રણ તબીબો સહિત ૧૫૦ કર્મચારીઓ દિવસ-રાત કાર્યરત રહે છે. અહીં ઓનલાઈન પશુ સારવાર કેન્દ્ર પણ કાર્યરત છે જે ઈન્ટરનેટ અને ફોનના માધ્યમથી પશુની સારવાર કરે છે. આ ગૌશાળાની વિશેષતા એ છે કે અહીં દૂધ ઉત્પાદન કે દૂધની બનાવટો તૈયાર કરાતી નથી કેમ કે આ જીવ સેવા કેન્દ્ર છે તેથી દૂધાળા પશુઓ ખૂબ જ ઓછાં છે. **વળી અહીંની એક વિશેષતા એ પણ છે કે અહીં પશુઓને પણ ચોવિહાર કરાવવામાં આવે છે.** આ પશુઓ તેનાથી એવા હેવાયાં થઇ ગયાં છે કે સૂર્યાસ્ત પછી કોઇ પશુને ચારો નીરો તો પણ તે ખાતા નથી અને વળી દરેક વાડામાં નવકાર મંત્ર અને સ્તવનનો મધુર ગુંજારવ ચાલુ જ રહે છે.

આમ, પાવાપુરી તીર્થમાં ભક્તિ, પવિત્રતા અને જીવ સેવાનો સુભગ સમન્વય થયો છે.

સંપર્ક : (૦૨૯૭૨) ૨૮૬૮૬૬
E-mail : pavapurirj@nic.in

*'ભૂમા નિકેતન', ૨૨/બી, શિવમ પાર્ક,*

# કચ્છ બ્રાંચ કેનાલ – પ્રગતિનો અહેવાલ

• અશોક મહેતા •

નર્મદા નદીના સિંચાઈના પાણીના વિતરણ માટે સંબંધિત રાજ્યો વર્ષો અગાઉ એક મત પર ન આવી શકવાથી વર્ષ ૧૯૬૯માં સેન્ટ્રલ ટ્રીબ્યુનલની રચના કરવામાં આવી હતી. ૧૦ વર્ષ બાદ એટલે કે ૧૯૭૯માં આ ટ્રીબ્યુનલે ચુકાદો આપ્યો કે જે મુજબ મધ્ય પ્રદેશને નર્મદા નદીના પાણીમાંથી ૧૮ એમ.એ.એફ. પાણી ફાળવાયા. ગુજરાતને ૯.૦૦ એમ.એ.એફ., મહારાષ્ટ્રને ૦.૫ એમ.એ.એફ. અને રાજસ્થાનને પણ ૦.૫ એમ.એ.એફ. પાણી ફાળવવામાં આવ્યા. આ રીતે નર્મદા નદીના અંદાજિત ૨૮.૦૦ એમ.એ.એફ. પાણીના જથ્થાની ફાળવણી સંબંધિત રાજ્યો વચ્ચે કરવામાં આવી હતી. ગુજરાતે તેના ૯.૦૦ એમ.એ.એફ. પાણીના જથ્થામાંથી ૦.૫ એમ.એ.એફ. પાણી કચ્છને ફાળવેલ હતું.

ગુજરાત રાજ્યના સરદાર સરોવર ડેમના ઓવર ફ્લોના પાણી તથા હાઈડ્રોલીક પાવરથી ઉત્પન્ન થતી વીજળીના વપરાશમાં લેવાયેલ પાણીનો ટોટલ જથ્થો ૩.૦૦ એમ.એ.એફ. એ સમયે આકારવામાં આવેલ અને મોટા ભાગે ચોમાસાની સીઝનના આ પાણીનો વપરાશ થઈ શકે તેવા વધારાના આ પાણીનો લાભ ગુજરાત લઈ શકે તેવું પણ ઠરાવવામાં આવેલ હતું. વધારાના ૩ એમ.એ.એફ. પાણીમાંથી ગુજરાત સરકારે ૧.૦૦ એમ.એ.એફ. પાણી કચ્છને ફાળવવાનું ઠરાવેલ છે.

૧૯૭૯ના જળપંચના ચુકાદાને આજે ૩૩ વર્ષ થયા, તેમ છતાં તેને ફાળવવામાં આવેલ ૯.૦૦ એમ.એ.એફ. પાણીથી જેટલા હેક્ટરમાં ખેતી થવી જોઈએ તેના ૧૦મા ભાગના ખેતરમાં હજુ સુધી પાણી માંડ પહોંચ્યા છે. ૪૫ લાખ હેક્ટરમાં સિંચાઈ થવાની સામે ૫ લાખ હેક્ટર જમીનમાં પાણી માંડ પહોંચી શકેલ છે. કેનાલ નેટવર્કના અભાવે બાકીની ખેતીની જમીન પર પાણી પહોંચાડી શકાયા નથી એ હકીકત છે. છેલ્લા ૩૯ વર્ષમાં ગુજરાતમાં દરેક પક્ષોની સરકાર આવી ગઈ છતાં હજુ સુધી એવી એક પણ સરકાર ગાંધીનગરની ગાદી પર આવેલ નથી કે જેના નર્મદા વિશેના કાર્યોથી ગુજરાતની આમ પ્રજા ખુશ થઈ હોય, આમ પ્રજાના આશીર્વાદ મળેલ હોય.

જ્યાં લગી કચ્છનો સવાલ છે ત્યાં લગી આ પ્રશ્ન ૧૯૮૬થી જ પેચીદો રહેવા પામેલ છે. કચ્છની જનતાએ આ માટે અગાઉ અનેક મુદ્દે લડત ઉપાડેલ હતી પરંતુ તેના ધાર્યા પરિણામ આજ દિવસ સુધી આવી શકેલ નથી એ હકીકત છે. નર્મદાના પાણીના પ્રશ્ને લડત આદરનારા કચ્છીઓ નિષ્ફળ જઈને હાલે તો અન્યત્ર કાર્યરત થઈ ગયેલ છે.

અન્ય તરફ સરદાર સરોવર નર્મદા નિગમે આજ દિન લગી એટલે કે વર્ષ ૨૦૦૫ લગી કચ્છ પ્રત્યે જોઈએ તેવી કાળજી લીધેલ નથી. પરિણામે કચ્છ બ્રાંચ કેનાલના કાર્યો ઉત્તર ગુજરાત અને સૌરાષ્ટ્રના કેનાલોના કાર્યની સરખામણીએ વર્ષ ૨૦૦૫ પછી પણ ખૂબ જ ધીમી ગતિથી ચાલી રહેલ હતા. આ પરિસ્થિતિમાં કચ્છના કેનાલોના કાર્યો પરિપૂર્ણ થશે કે નહીં? કચ્છને સિંચાઈના પાણી મળશે તો ક્યારે મળશે? વગેરે પ્રશ્નો કચ્છીઓના મગજમાં ઘૂમરાતા રહેલ હતા અને છેલ્લે છેલ્લે તો અનેક કચ્છીઓએ નર્મદાના સિંચાઈના પાણીની આશા પણ છોડી દીધેલ હતી.

આ પરિસ્થિતિમાં વર્ષ ૨૦૦૨થી શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ સતતપણે આ પ્રશ્નોની ચર્ચા સરદાર સરોવર નર્મદા નિગમ લિ.ના આધિકારીશ્રીઓ સાથે કરતું રહી, વર્ષ ૨૦૦૫માં રૂા. ૨૫૦ કરોડની કિંમતના કાર્યો શરૂ કરાવડાવી શકેલ. વર્ષ ૨૦૦૫માં કચ્છ ડેવલપમેન્ટ કાઉન્સિલની રચના થતાં, આ જવાબદારી કચ્છ ડેવલપમેન્ટ કાઉન્સિલે ઉપાડી લીધી પરંતુ કોઈ મોટા રાજકીય નેતાની ઓથ વગર આ કાર્યો પાર પાડવા સરદાર સરોવર નર્મદા નિગમના અધિકારીઓ પર પૂરતું પ્રેસર લાવી શકાયેલ ન હતું. તદુપરાંત વર્ષ ૨૦૦૫માં શરૂ કરવામાં આવેલ કામો પણ મંદ ગતિમાં અટવાઈ ગયેલ હતા.

**ત્યારબાદ સરદાર સરોવર નર્મદા નિગમના ડાયરેક્ટર તરીકે વર્ષ ૨૦૧૦માં શ્રી મૂકેશભાઈ ઝવેરીની નિમણૂકની જાહેરાત ગુજરાત સરકારશ્રી દ્વારા કરવામાં આવી. આથી સારાયે કચ્છની જનતામાં આનંદ વ્યાપી ગયો.** ભુજ વિભાગના ભૂતપૂર્વ ધારાસભ્ય શ્રી મૂકેશભાઈ ઝવેરીની કાર્યપદ્ધતિથી કચ્છના એકેએક નાગરિક પરીચિત છે. વર્ષો અગાઉ શ્રી મૂકેશભાઈ ઝવેરીની નિમણૂક જી.એમ.ડી.સી.ના ચેરમેન તરીકે કરવામાં આવેલ હતી. એ દિવસોમાં જી.એમ.ડી.સી.નો વાર્ષિક નફો ખૂબ જ સારા પ્રમાણમાં રહેતો હતો. આ નફામાંથી અમુક ભાગ જાહેર હિતના કાર્યો માટે વાપરવા ફરજિયાત હોવાથી એ સમયે જી.એમ.ડી.સી.ના અધિકારીશ્રીઓ આ એમાઉન્ટ કચ્છ બહાર, ગુજરાતમાં અન્યત્ર વાપરતા હતા. આ લેખના લેખકને એ પણ યાદ છે કે વડોદરાના એક નવરાત્રી મંડળીને પણ આ નફાના ભાગમાંથી અમુક પૈસા અપાયેલ હતા. શ્રી મૂકેશભાઈએ જી.એમ.ડી.સી.નું ચેરમેનપદ સ્વીકાર્યા બાદ તેઓએ આ અઢળક એમાઉન્ટ કચ્છની સેવાભાવી શૈક્ષણિક, તબીબી સારવાર વગેરે ક્ષેત્રે કાર્યરત સંસ્થાઓને દાન સ્વરૂપે ફાળવેલ હતા. જ્યાં લગી કચ્છની સંસ્થાઓને મળતા દાનનો સવાલ છે ત્યાં લગી તેઓ માટે આ સોનેરી સમય હતો. આ પરિસ્થિતિ નજીકના જ ભૂતકાળની હોવાથી અને તે પ્રજા માનસ પર સારી રીતે છવાયેલ હોવાથી શ્રી મૂકેશભાઈની

*સામાની ભૂલ હોય તો પણ વિરોધ ના કરો.*

સરદાર સરોવર નર્મદા નિગમના ડાયરેક્ટર તરીકે નિમણૂક થતાં કચ્છના અનેક લોકોમાં આનંદ વ્યાપી ગયેલ હતો.

પરંતુ એક વાતની આપણે નોંધ લેવી ઘટે કે **તેઓ બોલે ઓછું છે. પોતાની પ્રવૃત્તિઓના નગારા પીટાવતા નથી. માત્ર મૂકપણે અને શાંતિપૂર્ણ રીતે પરંતુ એક સરખા સાતત્યપણે પોતાનું કામ કર્યે જાય છે.** આ સમય દરમ્યાન નર્મદાની કચ્છ બ્રાંચ કેનાલના કાર્યોનો બહુ પ્રચાર થતો ન હોવાથી જે નકારાત્મક તત્ત્વો છે તેઓનો અસંતોષ ચાલુ જ રહ્યો અને નર્મદાના પાણી કચ્છમાં પહોંચશે કે નહીં તેવો ભ્રામક પ્રચાર અવારનવાર વાંચવા - સાંભળવા મળતો.

અન્ય તરફ કચ્છ બ્રાંચ કેનાલના કાર્યો વ્યવસ્થિતપણે હાથમાં લેવામાં આવ્યા. જે કોન્ટ્રાક્ટો અપાઈ ગયેલ હતા, તે કોન્ટ્રાક્ટરો પર સમયસર કામ કરવા માટેનું દબાણ વધારી દેવામાં આવ્યું. કાર્ય દરમ્યાન ઉદ્ભવતા પ્રશ્નોનો ત્વરીત નિકાલ કરવામાં આવ્યો. જે કામના કોન્ટ્રાક્ટો અપાયા ન હતા તે કામના ટેન્ડરો બહાર પાડી, કોન્ટ્રાક્ટો અપાવી એ કામ ચાલુ કરાવી દેવામાં આવ્યા. જરૂરી જમીન સંપાદનના કાર્યો ગામડે ગામડે ખેડૂતો સાથે મિટિંગ કરી, જમીન સંપાદિત કરવામાં આવી કે જેના કારણે કેનાલના કામમાં રૂકાવટ ન આવે. હયાત પરિસ્થિતિને અનુરૂપ જમીનના જંત્રી દરમાં વધારો કરવામાં આવ્યો. જે - તે જમીનના જંત્રી દર કરતાં પણ અમુક ટકાનો વધારો કરી સંપાદન થતી જમીનના ખેડૂતોને એ વધારાની એમાઉન્ટ પણ આપવામાં આવી. જ્યાં સર્વે નહોતા થયા, તે જમીનોના સર્વે કરાવી, ત્યાંથી પસાર થતી કેનાલની લાઈન દોરી નક્કી કરી, એ કેનાલોના એસ્ટીમેટ તૈયાર કર્યા બાદ તેના પણ ટેન્ડરો બહાર પાડી, જે તે કોન્ટ્રાક્ટરોને કામ એલોટ કરવામાં આવ્યા. **છેલ્લા બે વર્ષથી આ પ્રક્રિયા શાંતિપૂર્વક અને સતતપણે ચાલતી રહી. પરિણામે ચેનલ ૦.૦થી ૧૮૯.૯ કિ.મી. સુધીનો પ્રદેશ એટલે કે ભચાઉ સુધીના કાર્યો ધમધમવા લાગ્યા અને આજે આશા બાંધી શકાઈ કે વર્ષ ૨૦૧૩ના અંત સુધીમાં નર્મદા કેનાલના ભચાઉ સુધીના કાર્યો પૂરા થઈ શકશે. સાથે સાથે તેની બ્રાંચ કેનાલોના કાર્યો પણ હાથ પર લેવામાં આવી રહેલ છે એ પણ કચ્છના ખેડૂતો માટે અને તેમાં પણ ખાસ કરીને વાગડ વિભાગના ખેડૂતો માટે આનંદના સમાચાર કહી શકાય.**

ભચાઉથી ભચાઉ તાલુકાના સુખપર ગામ (સાંકળ ૧૮૯.૯ કિ.મી.થી સાંકળ ૨૦૧.૨૦૬ કિ.મી.) સુધીના ટેન્ડરો બહાર પાડવાના બાકી છે. સુખપર ગામ (સાંકળ ૨૦૧.૨૦૬ કિ.મી.)થી ટપ્પર (સાંકળ ૨૭૧.૨૨૪ કિ.મી.) સુધીના (સાંકળ ૨૪૩.૮૩૯ કિ.મી.થી સાંકળ ૨૫૦.૪૨૩ કિ.મી. સિવાયના) ટેન્ડરો ખૂલી ગયેલ છે કે જેના કામો આવતા મહિનાઓમાં જે તે કોન્ટ્રાક્ટરોને ફાળવવામાં આવશે.

ટપ્પર (સાંકળ ૨૭૧.૨૨૪થી ૨૭૬.૮૫૭ બાદ કરતાં)થી મોખા (સાંકળ ૨૮૪.૪૮૬ કિ.મી.) સુધીના ટેન્ડરો ઑનલાઈન મૂકાઈ ગયેલ છે. મોખાથી માંડવી સુધીના ટેન્ડરો બાકી રહે છે.

એ દરમ્યાન કેનાલના બીજા છેડેથી કામ શરૂ કરવા માટે મોડકૂવાથી માંડવી સુધીના એટલે કે સાંકળ ૩૫૭.૧૫૮ કિ.મી.થી સાંકળ ૩૫૪.૫૭૪ કિ.મી.ના ટેન્ડરો કોમ્પ્યુટર પર ઑનલાઈન આવી ગયેલ છે.

આ પરિસ્થિતિમાં કચ્છ બ્રાંચ કેનાલના સાતત્યપૂર્વક જે કામો થઈ રહેલ છે તે કચ્છના હિતમાં છે અને આવતા ત્રણ-ચાર વર્ષમાં સિંચાઈના આ પાણી મોડકુવા સુધી પહોંચી આવે તેવી ગણના રાખી શકાય. સાથે સાથે કચ્છ બ્રાંચ કેનાલ, સબ બ્રાંચ કેનાલ, સબસિડિયરી કેનાલ, માઈનોર કેનાલ, સબ-માઈનોર કેનાલ એટલે કે ખેતરના નાકા સુધીની કેનાલના કાર્યો હાથ પર લેવાય તેવા પ્રયાસો કચ્છની પ્રજાએ કરવા જોઈએ. નર્મદા નિગમના ડાયરેક્ટર અને અધિકારીશ્રીઓ પર આ પ્રકારના દબાણ કચ્છના હિતને જ પ્રોત્સાહિત કરશે.

**અન્ય તરફ મોખાથી માંડવી સુધીની લાઈન દોરી બદલાવવાની વાત ત્યાંની પ્રજા તરફથી આવી રહ્યાની વાત કચ્છના વર્તમાનપત્રોમાં વાંચેલ હતી. આ લાઈન દોરી બદલવી એ સીધી સાદી વાત નથી.** તેના ફરી સર્વે કરાવવા અને તેની મંજૂરી મેળવવી એ લાંબી પ્રક્રિયા છે. અન્ય તરફ વધારાના પાણીના ફાળવણીના સર્વે કરી દેવામાં આવ્યા છે અને તેના રીપોર્ટ કન્સલ્ટિંગ કંપની તરફથી સરકારને સુપરત કરી દેવામાં આવ્યાની વાત પણ વર્તમાનપત્રમાં આવી ગયેલ છે. મોખાથી માંડવી સુધીની મેઈન કેનાલ શીફ્ટ કરવાની જે વાત છે તેથી ત્યાંના વિસ્તારમાં કદાચ આ વધારાના પાણી આવે તેવી શક્યતા પણ રહેલ છે. **નિયમિત પાણીની કેનાલનો નકશો તથા વધારાના પાણીના કેનાલનો નકશો સરખાવવાથી આ હકીકત સ્પષ્ટ થઈ શકે.**

એક વિશેષ વાત અત્રે રજૂ કરી શકાય કે કદાચ એન.એ. થયેલ જમીનને ખેતીના પાણીની જરૂરીયાત ના રહે તો એ પાણી મોડકુવાથી પણ આગળ કેનાલને લંબાવી, ત્યાંના ખેતરોને આપી શકાય. આ બધી અલગ અલગ શક્યતાઓવાળી વાત થઈ. દરેક શક્યતાને એક-બીજા સાથે સરખાવી, તેની પૂરી ચકાસણી કર્યા વગરનો નિર્ણય કદાચ પરિપક્વ નિર્ણય નહીં ગણી શકાય.

અત્રે કચ્છ બ્રાંચ કેનાલની વિવિધ સાંકળની પરિસ્થિતિ, સાથેના અલગ-અલગ કોઠાઓ દ્વારા સમજાવવામાં આવેલ છે, કે જે આ લેખને અંતે છાપવામાં આવેલ છે.

આપણે ઈચ્છીએ કે હવે પછી કોઈ પણ જાતની રૂકાવટ વગર કચ્છ બ્રાંચ કેનાલના માત્ર નહીં પરંતુ સાથે સાથે કચ્છના ખેતરોમાં આ પાણી પહોંચે ત્યાં સુધીની વિવિધ કેનાલોના કાર્યો પણ સાતત્યપૂર્વક, કચ્છની પ્રજાના હિતમાં ચાલતા રહે કે **જેથી કચ્છની હજારો એકર જમીનમાં ચોમાસુ ફેઈલ જાય તો પણ એટલે કે દુષ્કાળના સમયમાં પણ ચોમાસુ પાક સારી રીતે લઈ શકાય.**

કચ્છની પાણી મંડળીઓની કાર્યવાહી ચાલુ થયાના હજી સુધી કોઈ સમાચાર આવેલ નથી. આ કાર્ય પણ તેટલું જ અગત્યનું બની રહે છે.

*તમારી પાસે શું છે તેને જુઓ, જે ગયું તેને ના જોશો.*

# કચ્છ શાખા નહેરના ચાલુ તથા હવે પછી ચાલુ થનાર કામોની વિગત

કચ્છ શાખા નહેરની સાંકળ ૦.૦થી ૩૬૦ કિ.મી. પૈકી ચાલુ તથા નજીકમાં ચાલુ થનાર કામો અને શાખા નહેર પરના પંપીંગ સ્ટેશનના કામોની વિગત નીચે મુજબ છે.

## કચ્છ શાખા નહેરના કચ્છ જિલ્લામાં ચાલુ કામોની વિગત

| અનુ. નં. | કામની વિગત | એજન્સીનું નામ | ટેન્ડરની રકમ (રૂા. કરોડમાં) | વર્ક ઓર્ડરની તારીખ | વિશેષ નોંધ |
|---|---|---|---|---|---|
| ૧. | કચ્છ શાખા નહેરની સાંકળ ૦.૦થી ૮.૮૨ કિ.મી. | સદ્‌ભાવ એન્જિનિયરીંગ લિ., અમદાવાદ | ૩૦.૭૦ | ૦૧-૦૩-૨૦૦૫ | કામ પૂર્ણ થયેલ છે. |
| ૨. | કચ્છ શાખા નહેરની સાંકળ ૮.૮૨થી ૨૦.૦૮ કિ.મી. | સદ્‌ભાવ એન્જિનિયરીંગ લિ., અમદાવાદ | ૩૦.૯૧ | ૦૧-૦૩-૨૦૦૫ | કામ પૂર્ણ થયેલ છે. |
| ૩. | કચ્છ શાખા નહેરની સાંકળ ૨૦.૦૮થી ૩૨.૯૭ કિ.મી. | બી. એ. પટેલ એન્ડ કું., અમદાવાદ | ૪૨.૭૭ | ૦૨-૦૩-૨૦૦૫ | કામ પૂર્ણ થયેલ છે. |
| ૪. | કચ્છ શાખા નહેરની સાંકળ ૩૨.૯૭થી ૪૫.૦ કિ.મી. | વાલજી પુના એન્ડ કું., આદિપુર | ૨૨.૦૭ | ૨૧-૧૦-૨૦૧૦ | કામ પ્રગતિમાં છે. |
| ૫. | કચ્છ શાખા નહેરની સાંકળ ૪૫.૦૦થી ૫૪.૯૦ કિ.મી. (ઈપીસી) | ગેનન ડંકર્લી, અમદાવાદ | ૨૫૧.૦૦ | ૦૭-૦૨-૨૦૧૧ | કામ પ્રગતિમાં છે. |
| ૬. | કચ્છ શાખા નહેરની સાંકળ ૫૪.૯૦થી ૬૫.૦૦ કિ.મી. | ગેનન ડંકર્લી, અમદાવાદ | ૨૫.૫૪ | ૧૩-૦૧-૨૦૧૧ | કામ પ્રગતિમાં છે. |
| ૭. | કચ્છ શાખા નહેરની સાંકળ ૬૫.૦૦થી ૮૨.૩ કિ.મી. (ઈપીસી) | એસ.ઈ.ડબલ્યુ. એન્ડ એમ.ઈ.આઈ.એલ. જે.વી., હૈદ્રાબાદ | ૨૨૪.૩ | ૦૭-૦૨-૨૦૧૧ | કામ પ્રગતિમાં છે. |
| ૮. | કચ્છ શાખા નહેરની સાંકળ ૮૨.૩થી ૧૧૨.૫ કિ.મી. | નાગાર્જુન કન્સ્ટ્રક્શન લિ., હૈદ્રાબાદ | ૪૦૨.૪૫ | ૨૭-૦૧-૨૦૧૧ | કામ પ્રગતિમાં છે. |
| ૯. | કચ્છ શાખા નહેરની સાંકળ ૧૧૨.૫થી ૧૨૨.૩૧૯ કિ.મી. (પેકેજ કે-૧) | મોન્ટેકાર્લો કન્સ્ટ્રક્શન પ્રા.લિ., અમદાવાદ | ૩૨.૩૬ | ૧૧-૦૩-૨૦૦૫ | કામ પૂર્ણ થયેલ છે. (૧૨/૨૦૧૧) |
| ૧૦. | કચ્છ શાખા નહેરની સાંકળ ૧૨૨.૩૧૯થી ૧૩૩.૫૧૯ કિ.મી. (પેકેજ કે-૨) | કિશાન ઈન્ફ્રાસ્ટ્રક્ચર લિ., રાજકોટ | ૩૩.૫૦ | ૧૫-૦૭-૨૦૧૦ | કામ પ્રગતિમાં છે. |
| ૧૧. | કચ્છ શાખા નહેરની સાંકળ ૧૩૩થી ૧૮૯.૯ કિ.મી. | હિંદુસ્તાન કન્સ્ટ્રક્શન કું. લિ., મુંબઈ | ૩૪૫.૩૧ | ૨૭-૦૧-૨૦૧૧ | કામ પ્રગતિમાં છે. |
| ૧૨. | કચ્છ શાખા નહેર પંપીંગ સ્ટેશન-૧ | આઈ.વી.આર.સી.એલ., ડબલ્યુ.યુ.એક્ષ.આઈ. જેવી, હૈદ્રાબાદ | ૧૮૩.૪૭ | ૦૭-૦૩-૨૦૧૧ | કામ પ્રગતિમાં છે. |
| ૧૩. | કચ્છ શાખા નહેર પંપીંગ સ્ટેશન-૨ | એમ.ઈ.આઈ.એલ. - આઈ.ટી.ટી. - જેવી, હૈદ્રાબાદ | ૧૮૩.૦૦ | ૦૭-૦૩-૨૦૧૧ | કામ પ્રગતિમાં છે. |
| ૧૪. | કચ્છ શાખા નહેર પંપીંગ સ્ટેશન-૩ | એમ.ઈ.આઈ.એલ. - આઈ.ટી.ટી. - જેવી, હૈદ્રાબાદ | ૧૪૮.૨૬ | ૦૭-૦૩-૨૦૧૧ | કામ પ્રગતિમાં છે. |

*અહિંસા સિદ્ધ થાય તો માણસ ભગવાન થાય.*

## કચ્છ શાખા નહેરના નીચે મુજબના ટેન્ડરો ખૂલી ગયેલ છે

| અનુ. | કામની વિગત | ટેન્ડરની રકમ (રૂા. કરોડમાં) |
|---|---|---|
| ૧. | કચ્છ શાખા નહેરની સાંકળ ૨૦૧.૨૦૬ થી ૨૧૪.૭૪ કિ.મી. (પેકેજ આઈ.આર.-૧) | ૧૧૫.૫૨ |
| ૨. | કચ્છ શાખા નહેરની સાંકળ ૨૧૪.૭૪ થી ૨૨૨.૭૨૮ કિ.મી. (પેકેજ આઈ.આર.-૨) | ૧૦૨.૬૩ |
| ૩. | કચ્છ શાખા નહેરની સાંકળ ૨૨૨.૭૨૮ થી ૨૩૧.૦૨૨ કિ.મી. (પેકેજ આઈ.આર.-૩) | ૫૧.૩૩ |
| ૪. | કચ્છ શાખા નહેરની સાંકળ ૨૩૧.૦૨૨ થી ૨૪૩.૮૩૯ કિ.મી. (પેકેજ આઈ.આર.-૪) | ૧૦૫.૯૧ |
| ૫. | કચ્છ શાખા નહેરની સાંકળ ૨૫૦.૪૨૩ થી ૨૫૭.૯૫૬ કિ.મી. (પેકેજ આઈ.આર.-૬) | ૫૦.૯૨ |
| ૬. | કચ્છ શાખા નહેરની સાંકળ ૨૫૭.૯૫૬ થી ૨૬૩.૬૨૦ કિ.મી. (પેકેજ આઈ.આર.-૭) | ૪૧.૧૩ |
| ૭. | કચ્છ શાખા નહેરની સાંકળ ૨૬૩.૬૨૦ થી ૨૭૧.૨૨૪ કિ.મી. (પેકેજ આઈ.આર.-૮) | ૮૮.૩૦ |
| | **કુલ...** | **૫૫૫.૭૪** |

## કચ્છ શાખા નહેરના કચ્છ જિલ્લામાં નીચે મુજબના ટેન્ડરો ખૂલવાની તૈયારીમાં છે

| અનુ. | કામની વિગત | ટેન્ડરની રકમ (રૂા. કરોડમાં) |
|---|---|---|
| ૧. | વાંઢિયા પેટા શાખા નહેર ૦.૦થી ૨૩.૭૪ કિ.મી. | ૪૦.૭૯ |

## કચ્છ શાખા નહેરના કચ્છ જિલ્લામાં નીચેના ટેન્ડરો અપલોડ થઈ ગયેલ છે.

| અનુ. | કામની વિગત | ટેન્ડરની રકમ (રૂા. કરોડમાં) |
|---|---|---|
| ૧. | ગાગોદર પેટા શાખા નહેર સાંકળ ૦.૦થી ૩.૧૪ કિ.મી., ૩.૪૮થી ૧૩.૯૩૨ કિ.મી. ૧૪.૫૮૪થી ૧૭.૩૭૭ કિ.મી. અને ૨૬.૬૧૧થી ૪૯.૭૬ કિ.મી. (જી.આઈ.આર.-૧) | ૧૧૬.૯૨ |
| ૨. | કચ્છ શાખા નહેરની સાંકળ ૨૭૬.૮૫૭થી ૨૮૪.૪૮૬ કિ.મી. (પેકેજ આઈ.આર.-૧૦) | ૯૦.૭૮ |
| ૩. | કચ્છ શાખા નહેરની સાંકળ ૩૫૪.૫૭૪થી ૩૫૭.૧૫૮ કિ.મી. (પેકેજ આઈ.આર.-૨૨) | ૪૪.૪૫ |
| | **કુલ...** | **૨૫૨.૧૫** |

## કચ્છ શાખા નહેરના કચ્છ જિલ્લામાં નીચેનું ટેન્ડર હવે પછીથી અપલોડ થશે

| અનુ. | કામની વિગત | ટેન્ડરની રકમ (રૂા. કરોડમાં) |
|---|---|---|
| ૧. | કચ્છ શાખા નહેરની સાંકળ ૨૪૩.૮૩૯થી ૨૫૦.૪૨૩ કિ.મી. (પેકેજ આઈ.આર.-૫) | ૬૭.૦૩ |

*૨૦૩, સવિતા એન્કલેવ, સમર્પણ બંગ્લોઝની બાજુમાં, જજીસ બંગલો ચાર રસ્તા પાસે, બોડકદેવ, અમદાવાદ-૩૮૦ ૦૧૫.*
*મો. ૯૮૨૫૩ ૨૨૬૮૯ / ૯૪૨૮૦ ૪૦૨૬૧*

સાબુ, બિસ્કિટ, બ્રેડ, અગરબત્તીના રેપર્સ અને કાર્ટન બનાવનાર
cps
**કમર્શિયલ પેકીંગ સર્વિસીસ**
સ્થાપના ૧૯૫૮
ઓફસેટ પ્રિન્ટર્સ – પેપર કન્વર્ટર્સ
53/54, યુનીક ઈન્ડ. એસ્ટેટ, ડૉ. આર.પી. રોડ,
જવાહર સિનેમા સામે, મુલુંડ (વેસ્ટ), મુંબઈ-80.
ફોન : 67993347, 25684567
ફેક્સ : 67993357
E-mail : compack@pin2piano.net

# કચ્છી ભાષા - પાંજી ભાષા - મીઠડી ભાષા

• ભોલાભાઇ ગોલીબાર (તંત્રી : 'ચક્રમ-ચંદન' સાપ્તાહિક) •

બહુ જ જૂની એક લોકકથા છે. એક બહુરૂપિયો ભાત ભાતના પ્રદેશોમાં ફરે અને જાત જાતની જમીનો ખૂંદે. જ્યાં જ્યાં જાય ત્યાં ત્યાં જુદી ભાષા. થોડા દિવસો રહે અને એ ભાષા શીખે. અનેક ભાષાઓ જાણ્યા, માણ્યા અને શીખ્યા પછી એ એક રાજાના દરબારમાં હાજર થયો. અનેક ભાષાઓ બોલ્યા પછી એણે એક સવાલ ઉઠાવ્યો : 'તો કહો રાજા, મારી માતૃભાષા કઇ?' સવાલ સો કરોડનો હતો. રાજા મૂંઝાયા. બધા મૂંઝાયા. રાજાએ આ કામ પ્રધાનને સોંપ્યું. પ્રધાન ચિંતામાં. પ્રધાનની દીકરીએ ચિંતાનું કારણ પૂછ્યું અને સરળ અને સરસ રીતે કોયડો ઉકેલી કાઢ્યો. એ ભાઇ જ્યાં સૂતા હતા ત્યાં ઊંઘની હાલતમાં જ શિયાળાની સીઝન હતી એટલે ઠંડુ-ઠંડુ બરફનું પાણી એની ઉપર રેડ્યું. ઊંઘમાંથી ઊઠી એણે જે ભાષામાં ગુસ્સો રેડ્યો એ એની માતૃભાષા છે. રાજા ખુશ, પ્રધાન ખુશ, બધા ખુશ.

'માતૃભાષા'ને અંગ્રેજીમાં 'મધરટન્ગ' કહેવાય છે. બાળક માના ખોળામાં ધાવણ ધાવતા ધાવતા માના મોઢેથી જે ભાષા સાંભળે - શીખે તે માતૃભાષા. પછી એ બહાર જાય, ભણે, મોટો થાય, હરેફરે અને જે ભાષાઓ શીખે તે અન્ય ભાષા કે ભગિની ભાષા કહેવાય. આવી સીધી-સાદી મારી પોતાની અંગત સમજ છે.

આપણા ગુજરાતી કવિ અખાનો છપ્પો તો ભાષા માટે પ્રચલિત છે. 'ભાષાને શું વળગે ભૂર, જે રણમાં જીતે તે શૂર.' આપણે બીજાની ભાષા સાંભળીએ ત્યારે એ આપણને વિસ્મયપ્રેરક, અટપટી અને મજાકમાં અવળચંડી લાગે છે. એક કહેવત મુજબ : 'કોઇને પોતાની મા ડાકણ લાગતી નથી. પણ મમતાનો મહાસાગર અને પ્રેમનો પટારો લાગે છે.' તેમ સહુને પોતાની માતૃભાષા સારી, મજેદાર અને મીઠડી લાગે છે. મને પણ મારી માની જેમ - 'મીંજી માજે જેળી કચ્છી ભાષા વલી અને મીઠડી લગેતી.'

છોકરું પારણામાં ઝૂલે, ત્યારબાદ ભાંખોડિયા ભરતા શીખે, એ પછી ચાલણગાડી અને વૉકરમાં ચાલતો થાય અને પછી એના મોઢામાંથી જે શબ્દો નીકળે તે પા, પાપા, મમ્મી અને પછી જે કંઇ વાક્યો શબ્દો બોલતાં શીખે તે 'કચ્છી' જ હોય. અચ, હલ, વે, પાણી પી, હીડા અચ, ખાઈ ગીન, હુડા વીન, હુ ગીની અચ, હી ગીની ગીન એવા એક શબ્દ, બે શબ્દ કે ત્રણ શબ્દના વાક્યો શીખે. બસ એ પછીની જે ભાષા બોલે તે કચ્છી ભાષા જ બોલે. પછી એ ઘરમાં હોય, શાળામાં હોય, કૉલેજમાં હોય, ઑફિસમાં હોય કે દેશ પરદેશમાં હોય, સામેની વ્યક્તિ કે વ્યક્તિઓ કચ્છી ભાષા જાણતી હોય તો એ કચ્છીમાં જ વાતચીત કરે.

જોકે, એ બાબતમાં મારા સ્વર્ગસ્થ પિતાશ્રી સ્વ. એન.જે. ગોલીબારે એક નવી પ્રથા-નવી પ્રણાલી ચાલુ કરી. અમે ઑફિસમાં, પ્રેસમાં કે પછી ધંધાકીય કોઇ કામ અર્થે બજારમાં જઇએ કે બહારગામ જઇએ તો ભાઇઓ-ભાઇઓ, પિતા-પુત્ર કે કાકા-ભત્રીજા પણ ગુજરાતીમાં જ વાત કરીએ. આ કારણે કચ્છી ભાષાની સાથોસાથ અમારા ઘરના-કુટુંબના દરેકની જીભે કચ્છી જેટલી અને જેવી જ લઢણ ગુજરાતી ભાષામાં આવી છે. **અમે કચ્છી બોલીએ તો કચ્છીઓમાં મળી જઇએ, પણ ગુજરાતી ભાષામાં વાતચીત કરીએ તો કચ્છીની સહેજ પણ લઢણ કે છાંટ ન આવે.** જેથી કોઇ એમ ન કહી શકે કે આ કચ્છી છે. ઘણા કચ્છી ભાઇઓમાં આ વાત સામાન્યપણે જોવા મળે છે.

- **કચ્છી ભાષા-પાંજી ભાષા-મીઠડી ભાષા :**

આપણે ત્યાં એક કહેવત છે : 'બાર ગાઉએ બોલી બદલે.' ભાષાનો લહેકો, લહેજો અને લય અમુક ગામ પછી બદલાતા જાય છે - બદલાતા રહે છે. સમય, શિક્ષા, સહવાસ અને સંસ્કાર મુજબ પણ ભાષાની લય બદલાતી રહે છે.

દુનિયાભરમાં બોલાતી અનેક ભાષાઓ છે. જેમાં લિપિવાળી ભાષા એટલે કે, જેને પોતાની આગવી લિપિ અને વ્યાકરણ હોય છે. તો લિપિ વિનાની ભાષા પણ છે. **લખીને બોલાતી ભાષા સિવાયની અનેક ભાષા લિપિ વિનાની હોય છે.**

કચ્છમાં જન્મેલી અને કચ્છમાં બોલાતી કચ્છી ભાષા એ લિપિ વિનાની ભાષા છે. એક તરફ સફેદ રણ અને બીજી તરફ સુસવાટા મારતા સાગરમાં જન્મી અને ઉછરેલી કચ્છી ભાષાને ભલે લિપિ ન મળી હોય છતાં તેમાં જે મીઠાશ, મુલાયમ અને માધુર્ય મળ્યા છે તે અજોડ અને અદ્‌ભુત છે.

આમ જોવા જાવ તો સિન્ધી અને કચ્છી ભાષા માસિયાઇ બહેનો જેવી છે. પણ સિન્ધી ભાષા લિપિમાં લપેટાઇને લાઇવ બની છે. તો **કચ્છીઓની લિપિ વિનાની ભાષા કચ્છીઓના પોતાની ભાષા પ્રત્યેના લવ અને ગૌરવના કારણે લાઇવ બનીને જીવંત રહી છે.** કચ્છી લોકોના દિલમાં વસી છે અને વિસરાઇ નથી. કચ્છી ભાષા દુનિયાભરમાં ખૂણે ખૂણે પથરાયેલી અને બોલાતી ભાષા છે. એ એની વિરલતા છે, એની વિશિષ્ટતા છે.

હું મૂળે કચ્છી છું અને કચ્છી ભાષા બોલું છું એટલે એની મીઠાશના વખાણથી એને બિરદાવું છું એમ નથી પણ કચ્છમાંથી નીકળેલા **એક એક 'કચ્છી માડુ'એ દુનિયાભરમાં ફેલાઇને કચ્છી ભાષાને લવલી અને લાઇવ રાખી છે.**

કચ્છી સાહિત્યમાં જેમનું અજોડ પ્રદાન છે અને જેના ઉલ્લેખ વિના કચ્છી ભાષાનો ઇતિહાસ અધૂરો ગણાય તેવા સદ્‌ગત શ્રી

*તિરસ્કાર ઊભો કરે તેને ત્યાગ કહેવાય નહિ.*

દુલેરાય કારાણીનો એક પ્રસંગ ખૂબ માન-સન્માન સાથે ટાંકવાનું ચૂકતો નથી. બાળસાહિત્યના લેખક સદ્‌ગત શ્રી હિંમતભાઇ શિવમ્ સુંદરમ્ જ્યારે દુલેરાયદાદા પાસે વાતમાં વાત નીકળી તો કહ્યું કે, 'ભોલાભાઇ કચ્છી છે.' ગમે તે કારણસર એ વાત દુલેરાયદાદાના ગળે ઊતરી નહિ, એટલે એમણે એ વાતને રદિયો આપ્યો.

શિવમ્ સુંદરમ્ મને આવીને વાત કરી. તો અમે લોકો એક પ્રોગ્રામ કરીને ખાસ દુલેરાયદાદાને અમદાવાદમાં નવરંગપુરા વિસ્તારમાં એમના સુપુત્રને ત્યાં મળવા પહોંચી ગયા. દુલેરાયદાદાએ ખૂબ જ મીઠો અને ઉષ્માથી છલોછલ આવકાર આપતાં સીધેસીધું મને પૂછી નાંખ્યું : 'તમે કચ્છી છો? કેવી રીતે અને ક્યાંના છો? મને હિંમતભાઇએ વાત કરી તો હું માનતો નથી.' સામે છેડે ખડખડાટ હસીને મેં કહ્યું : 'આંવ કચ્છી અયાં. લખે હી લેખક અને આંવ કચ્છી ભાષા જાણાતો, બોલાતો અને હીનકે દિલમેં વસાઇને રખ્યો અયાં, હી મુંજી કચ્છીયત જો પુરાવો આય. કેડી રીતે? હનજે જવાબમેં આંવ હીં ચાંતો કે જન્મથી જડે આંવ બોલધે શખ્યો અને જિંદગી મેં પહેલી ભાષા અને પહેલો શબ્દ બોલ્યો ઇ કચ્છી વો. અને તડેથી કરેને અજ સુધી આંવ કચ્છી બોલાતો.' મુંજો જન્મ કચ્છજે ભુજ શહેરમેં થીયો વો અને અન પોઠિયા આંવ અમદાવાદ શહેરમેં ઉછર્યો, ભણ્યો ને વડો થીયો. પણ નવાઇજી અને નોંધપાત્ર ગાલ ઈ આંય કે, મુંજે ઘરમેં અજજી તારીખમેં પણ કચ્છી બોલાજેતી અને કચ્છી તરીકે ઓળખાયમેં અને કચ્છજી ભાષા બોલેમેં અને ખાધેમેં માનીમેં કચ્છ જી સુવાસ આય, સૌહાર્દ આય અને મુંકે અને મુંજે કુટુંબ અખ્ખે કે અનજો ગૌરવ અને ગર્વ આય.'

એ પછી તો દુલેરાયદાદા સાથે ઘણી વાતો થઇ અને દાદાએ ખુશખુશાલ થઇને વિદાય આપી. ત્યારબાદ અનેકવાર દુલેરાયદાદાને મળવાનું થયું અને દુલેરાયદાદા હંમેશાં મને ગળે લગાડીને ખૂબ રાજીના રેડ થઇ જતાં.

અમારા એક વડીલ તો હંમેશાં મજાક કરતાં. એ મજાક કોઇપણ જાતના ભેદભાવ કે કોઇપણ ભાષાની મજાક કે ઉતારી પાડવા માટે નહિ પણ કચ્છીઓનું દિલ ખુશ ખુશ થાય એટલા માટે અહીં ટાંકવાનું જરૂરી સમજું છું.

અમે ક્યાંક મિટિંગ કે મહેફિલમાં બેઠા હોઇએ અને કચ્છીઓ ભેગા થઇ જઈએ તો કચ્છી ભાષામાં જ વાત કરીએ. જે કચ્છીઓની એક ખાસિયત અને ખૂબી છે. એટલે કચ્છી ન જાણનાર લોકો ટોન્ટ મારીને કટાક્ષ કરતાં કે આ 'કુરો કુરો' છોડો અને ગુજરાતીમાં વાત કરો ને યાર, તો અમે પણ તમારી વાતો સમજી શકીએ ને આપની ચર્ચામાં અમે પણ સામેલ થઇ શકીએ.

ત્યારે અમારા વડીલ મજાકના લહેજામાં કહેતાં કે, 'દોસ્તો, વહેલામાં વહેલી તકે તમે કુરો-કુરોવાળી કચ્છી શીખી જાવ, નહિતર પસ્તાશો. **કારણ કે સ્વર્ગમાં અપ્સરાઓ પણ કચ્છી જ ભાષા બોલતી હશે. આ એવી મીઠડી ભાષા છે કે, જેને બોલવામાં અને સાંભળવામાં કાનમાં મીઠાશ ઘોળાય છે.'** જોકે, આ વાત તો હસવા માટે અને મજાક માટે બોલાઇ હતી. એનામાં કોઇ વજૂદ કે વાસ્તવિકતા નથી.

એક વખત અમે દક્ષિણમાં ત્રણ કાર લઇને સપરિવાર પ્રવાસે નીકળ્યા હતા. કમનસીબે કે સદ્‌નસીબે અમારી ત્રણમાંથી એક કાર બગડી. હવે શું? ત્યાં તો તામિલ જ ભાષા બોલાતી હતી એવું નાનકડું ગામ હતું. બે-ચાર ઠેકાણે ભાષાની અષ્ટમ પષ્ટમ કરી પણ કેમેય કરીને કારી ફાવી નહિ ને ઠેકાણું પડ્યું નહિ. વળી સૂરજદાદા આથમીને અમને બધાને સૂવા માટેનું નિમંત્રણ આપતા ગયા. અંધારૂં થયું ને રાત પડી ગઇ. હવે શું કરવું? ક્યાં જઇશું આ અજાણ્યા મુલકમાં? કોણ અમને ભાષાની ભૂતાવળમાંથી કાઢીને, અમારી મદદ કરશે?

પણ અચાનક જ અમને એક ગેબી મદદ મળી ગઇ. અમે રોડ ઉપર જ કુટુંબના બધા ટોળટપ્પા અને વાતો કચ્છી ભાષામાં હાંકે રાખતાં હતાં, ત્યાં જ ભગવાને એક દેવદૂતને મોકલી આપ્યો. અમારી ભાષા સાંભળીને એક ભાઇ અમારી પાસે આવીને કહે : 'આંય કચ્છી અયો?' બસ અંધ વ્યક્તિને શું જોઇએ? ફક્ત બે આંખ! અને અમોને તો અજાણ્યા દરિયામાં પાણીમાં જાણે કે તરાપો મળી ગયો-હોડી મળી ગઇ. એ ભાઇ કોઇપણ જાતના રેફરન્સ, ઓળખાણ કે ભલામણ વિના અમને સહુને આગ્રહ કરીને-જિદ્દ કરીને જબરજસ્તીથી પોતાને ઘેર લઇ ગયા. વરસોથી તેઓએ કચ્છ છોડી દીધું હતું અને તામિલનાડુને પોતાનું બનાવી, ફાંકડી તામિલ ભાષા બોલતા હતા.

એ પછી તો અમને જમાડી, અમને આટલા બધા માણસોને જિદ્દ કરીને રાતવાસો રાખીને સવારે અમારી કાર એક તામિલ મિકેનિક પાસે રીપેર કરાવી-અમને સુખરૂપ અને રાજીખુશીથી રવાના કર્યા. એ તામિલ સરસ બોલતા હતા એટલે અમારા દુભાષિયા બનીને એમણે અમને જે પ્રેમ અને સહાય આપ્યા તે અમૂલ્ય અને અતુલ્ય હતા, જેને અમે જિંદગીભર ભૂલી શકીશું નહિ. એ માણસે તામિલનાડુમાં પણ કચ્છને લવલી અને લાઇવ રાખ્યા હતા. **અમે તો જાણે એ સમયે જેટલો સમય વીતાવ્યો એ જાણે કચ્છમાં જ વીતાવ્યો હોય, એવું અમને સહુને લાગ્યું.** ફક્ત કચ્છી ભાષા બોલવાથી જ ભગવાને આ દેવદૂત-ફરિશ્તો અમારા માટે મોકલી આપ્યો હતો.

*દુલેરાય કારાણીએ એક દુહો કહ્યો છે :*

*'કચ્છડો ખેલે ખલકમેં,*
*જીં માસાગરમેં મચ્છ.*
*જિત જિત હકડો કચ્છી વસે,*
*ઉતે ઉતે ડી યાં ડી કચ્છ.'*

બીજી બધી ભાષાઓ ભલે જુદે-જુદે ઠેકાણે બોલાતી હશે, એનું આગવું અને અનેરું મહત્ત્વ હશે. એ ભાષા બોલનારને પોતાની માતૃભાષા પ્રત્યે અપાર અને અથાગ પ્રેમ હશે. પણ 'કચ્છીમાડુ'ની તો વાત જ કંઇક નોખી અને અનોખી છે.

કચ્છી જ્યાં પણ વસતો હશે ત્યાં એને કચ્છ પ્રત્યેનો લગાવ અને લાગણી અનેરાં હશે. જોકે, એમ તો અન્ય ભાષા બોલતાં લોકોનો પણ વતન પ્રત્યે લગાવ હોય છે જ.

*ગોલીબાર પબ્લિકેશન્સ,*
*કાશીરામ ટેક્ષ્ટાઇલ્સની બાજુમાં,*
*તુલસી હોટેલની સામેના ખાંચામાં,*
*બોમ્બે હાઇવે, નારોલ, અમદાવાદ - ૩૮૨ ૪૦૫.*
*ફોન : (૦૭૯) ૨૫૩૨૯૧૮૧, ૨૫૩૨૯૬૭૧*
*મોબાઇલ : ૯૩૭૬૧૮૫૭૫૬, ૯૪૦૯૫૬૨૫૭૨*

*ભાન સહિત જૂઠું બોલવું, એનું નામ કપટ.*

# ભૂખરા રણમાં મેઘધનુષ્ય અને સંગીતનો સમન્વય!

• હરેશ ધોળકિયા •

રણ!

આ શબ્દનું ઉચ્ચારણ થાય અને રેતીના મોટા મોટા ઢૂવા દેખાવા લાગે. અચાનક પવન ફૂંકાવો શરૂ થાય અને ઢૂવાની રેતી ઊડવા લાગે અથવા આમતેમ ખસવા લાગે. આકાશ ડમરીથી ભરાઇ જાય. સૂરજ ઢંકાઇ જાય. કઇ બાજુ જવું તેની સૂઝ ન પડે. મનુષ્ય મૂંઝાઇ જાય. અને જો રસ્તો ભૂલ્યા, તો-તો ગયા સમજો! થાય ભટકી-ભટકીને હેરાન. ચિત્રમાં સુંદર લાગતું રણ, હકીકતે, થોડી ભૂલ થઇ તો ભયાનક છે!

કચ્છનું રણ!

લ્યો! આખો જુદો શબ્દ 'કચ્છનું' આપવાની શી જરૂર! રણ એટલે રણ. કચ્છનું હોય કે રાજસ્થાન કે સહરાનું હોય! રણ તો બસ, રણ જ હોઇ શકે. સુંદર અને ખતરનાક વ્યર્થ લીટી બગાડી ને!

બસ! આ જ ભૂલ છે. **વિશ્વનાં અન્ય રણો કરતાં કચ્છના રણની તાસીર જુદી છે.** રણનું એક પણ લક્ષણ નથી તેનામાં. નથી રેતીના ઢૂવા કે નથી રણદ્વીપો. બસ, કેવળ સૂકો પ્રદેશ. આઠ માસ દરમિયાન દરિયાનાં પાણીથી ભરેલ. તે સુકાય પછી કેવળ મીઠાના પડથી છલકાતો પ્રદેશ. **બપોરે સૂર્યનો તડકો તેના પર પડ્યો નથી અને ચાંદીની જેમ ચળકી ઊઠે.** તેને પરિણામે અહીં અન્ય રણો કરતાં મૃગજળ વધારે ખતરનાક દેખાય. ભલભલાને ચકરાવે ચડાવે. કચ્છનું રણ એટલે અફાટ મીઠાનો મહાસાગર. માટે જ રણ માટે વપરાતો શબ્દ desert કચ્છના રણ માટે નથી ઉપયોગાતો. તેના માટે ખાસ Rann જ લખાય છે. તદ્દન સૂકું! ભૂખરું! બપોરે ચળકાટવાળું! રાતે ઠંડું અને ગાઢ અંધકાર! પરિચય થઇ જાય તો ગાઢ પ્રેમમાં પડી જવાય તેવું, નહીં તો...!

કચ્છ મોટા ભાગે સૂકો પ્રદેશ. વરસાદ અનિયમિત પડે તો પણ સરાસરી. પાછી ગરમી એટલી હોય કે પાણી પણ ઝડપથી સુકાય. પરિણામે જમીન લગભગ તરસી જ રહે. વરસાદને અભાવે વનસ્પતિ પાંખી. જંગલનો તો સ્વપ્નમાં પણ વિચાર ન કરી શકાય. મોટા ભાગે ડુંગરાળ અને સપાટ જમીન. ખુલ્લી, ખરબચડી આંખને તેની ભૂરાશ ખૂંચે. આકાશ ભૂરું. જમીન ભૂરી. રણ ધોળું-ભૂરું મિશ્રિત. વાતાવરણમાં એક જાતની ઉદાસીનતા. વિચિત્ર ખાલીપો અનુભવાય. માઇલોના માઇલો ખાલીખમ્મ રંગહીન વિસ્તાર પથરાયેલો દેખાય. સહજ છે કે વસ્તી ઓછી જ હોય. છૂટક છવાઇ હોય, સરાસરી જીવતી હોય. આંખમાં ખાલીપો હોય. વર્તનમાં ખરબચડાપણું હોય. જીવન શુષ્ક હોય.

પણ દુનિયાનાં રણોથી જેમ કચ્છનું રણ અલગ પડે છે, તેમ અન્ય પ્રજાજીવનથી કદાચ, કચ્છના રણના પરિઘ પર રહેતું લોકજીવન પણ જુદું પડે છે.

તેનું કારણ છે કચ્છી પ્રજાની સંઘર્ષ કરવાની તાકાત.

સૂકો પ્રદેશ. રણ પાસે. નહિંવત્ સગવડો. એટલે ઝઝૂમવાનું જ હોય. સવારથી રાત સુધી એ જ શુષ્કતા વચ્ચે જ રહેવાનું હોય. પ્રજા શૂન્યમનસ્ક થઇ જાય. તેનું જીવન પણ રંગીન થઇ જાય અને આવું હોય તો નવાઇ પણ ન લાગે.

પણ રણીય પર્યાવરણને સ્પર્શતી કચ્છી પ્રજા તો જીવંત છે. તેની પાસે ત્રીજી આંખ છે જે આ મૌન અને રંગહીનતામાંથી જ સંગીત અને રંગો શોધી કાઢે છે અને રણને સંગીતમય અને મેઘધનુષી બનાવી દે છે. તેને જીવંત કરી દે છે.

તેનાં પ્રથમ દર્શન થાય તેમનાં ઘરોમાં. રણમાં કે આસપાસ રહેનારાનાં ઘરો વિશિષ્ટ ઘાટ ધરાવે છે. તેને તેઓ 'ભૂંગું' કહે છે. એક જ રૂમનું ભૂંગું. ગોળાકાર. ઉપર જતાં શંકુ આકારનું થતું જાય. લાકડાં-માટી-ઘાસનું મિશ્રિત. પર્યાવરણને સો ટકા અનુકૂળ.... પણ જેવા અંદર પ્રવેશ્યા, આહાહા! ચકિત જ થઇ જવાય. વાસણોની ગોઠવણી, વસ્તુઓની ગોઠવણી, તેમાં છલકાતા રંગો. રૂમમાં પ્રવેશ્યા નથી અને આંખો અસ્થિર થતાં શરીર પણ હળવેથી ઘૂમવાનું. આંખને જોતી અટકાવવી જબરી મથામણ કરાવે.

રણ વચાળે ભૂંગામાં જવું, જોવું, મસ્તી અનુભવવી - ભૂલી જ જવાય કે રણમાં છીએ, હો!

તો, આ પ્રદેશમાં રહેતા લોકો ભૂખરા રંગને નીચોવી નીચોવી તેમાંથી સાતે રંગના ઢગલેઢગલા સીંચે અને ભૂંગાં સાથે પોતાનાં વસ્ત્રોને તથા વસ્તુઓને તેમાં બોળી પોતાને અને વાતાવરણને મેઘધનુષી બનાવી દે.

બીજા લોકો તેને 'હસ્તકળા' કહે છે. હસ્તકળા તો હાથથી કરતા દેખાય છે માટે કહેવાય છે. હકીકતે તો 'દર્શન-કળા' છે તે. **વાતાવરણની આરપાર (within and beyond) જઇ તેમાંથી રંગ જોવાની અને તેને પોતાના જીવનમાં ભરી દેવાની આવડત આ લોકોએ કેળવી છે.** પાસેના રણમાં પવન ફૂંકાતો હોય, બળબળતો તડકો હોય કે કડકડતી ઠંડી હોય, તે વચ્ચે આ લોકો - કલાકારો - પોતાનાં દર્શનને અનેક માધ્યમોમાં વ્યક્ત કરે છે. દેખાય છે હાથ કામ કરતા, હકીકતે આંખથી કામ કરે છે તેઓ.

પણ આ હસ્તકળાઓ રણનો અને રણમાં વસતા લોકોનો મિજાજ બદલાવી નાખે છે. એક વિશિષ્ટ પર્યાવરણ ઊભું કરે છે, જે એક અકથનીય અનુભૂતિમાં ભૂસકો મરાવે છે અને

*કેડવા માંડે, ડંખ મારવાનું શરૂ થાય, એનું નામ શંકા.*

આનંદસમાધિમાં ખેંચી જાય છે.

કેવીકેવી હસ્તકળાઓ આ દર્શનીય લોકો તૈયાર કરે છે!

**સૌથી દર્શનીય છે 'ધડકી'.** આપણે શહેરી લોકો તેને ગોદડું કહીએ છીએ. ગોદડું બનાવવું કદાચ 'કામ' છે, પણ આ રણ-વીરોએ તેને 'કળા'માં પલટાવી નાખી છે. હસવું આવે, પણ ધડકી બને છે અનેક વસ્ત્રોના ટુકડામાંથી. કદાચ તેને ચીંથરાં પણ કહી શકાય. પણ જેમ કાચના ટુકડા ગોઠવાતાં 'કેલીડોસ્કોપ' બને છે જે અનેક ડિઝાઇનો બનાવે છે, તેમ આ સાદા ટુકડાઓને વ્યવસ્થિત રીતે ગોઠવી, સીવી ધડકી તૈયાર કરવામાં આવે છે. બનાવનાર મહિલા કલાકારના મનમાં જે મેઘધનુષ્ય તરતું હોય છે, તેને નીચોવી તે ધડકીને તેમાં ઝબોળી દે છે. ધડકી પર નજર પડે તો તેનું રંગવૈવિધ્ય અને કલાકારનો કલ્પના-વૈભવ જોઇ છક થઇ જવાય છે. જોનારની આંખો પણ રંગોથી છલકાવા લાગે છે.

**આવું જ છે 'ભરતકામ'.** કપડાં અને દોરા વચ્ચેની રમત! તેમાં થતી રંગપૂરણી. ભરતકામમાં ઘટ્ટ રંગોનો ઉપયોગ થાય છે. શુષ્ક જીવનમાં લોહીને ગરમ રાખવા લાલ રંગનો મહત્તમ ઉપયોગ થાય છે. જીવનની ઉત્તેજના કાયમ રહે છે!

અને કલાકારોની કલ્પનાશક્તિ! કાપડના છેડા પરની ઝીણી રેખાઓ, તેની આસપાસ વિવિધ ડિઝાઇનો, આકૃતિઓ, આભલાં - આહા, જોયા જ કરીએ. ભરતકામને અને તેને ઓઢનારને. અહીં રણનું અને જીવનનું સૌંદર્ય સાથે અભિવ્યક્ત થાય છે. પરંપરા અને કલ્પનાનું સામૂહિક નૃત્ય ભરતકામ રજૂ કરે છે. તે પણ રણના શુષ્ક પર્યાવરણને હંફાવવામાં મોટો ફાળો આપે છે.

**એવું જ ચામડા પરનું ભરતકામ.** જુઓ તો ખરા, મૃત પશુનાં ચામડાં પર પણ સૌંદર્ય પ્રગટાવવું ઓછી વાત છે! નાનકડી 'આર' અને દોરાના માધ્યમથી ચામડાં પર પ્રગટે છે માછલી, મોર, ફૂલ, બૂટી...! જેવી આંખ તેના પર ઠરે છે, તરત તેની નજાકત અને સુંવાળપ શરીરમાં ફરી વળે છે અને એક ઊંડો રોમાંચ જન્માવે છે.

**તો રોગાન!** પરંપરાગત આકૃતિઓમાં સંકુલતા લાવી તેને રંગોથી છલકાવી દેવામાં આવે છે. છે તો આના એક જ કલાકાર, પણ એકે હજારા જેવા છે.

તેવું જ અદ્ભુત કામ કરે છે 'વાઢા' કલાકારો. **લાકડાં પર સંઘાડાનું.** લાકડાંને વસ્તુમાં આકારિત કરે છે અને જ્યારે તેના પર રંગકામ કરે છે, તેમાં જે રંગોનો મેળ કરે છે, જોનારને તો જાણે બાંધણી તૈયાર થતી હોય તેવો જ આભાસ થાય છે. વૃક્ષો નીચે રહેતા અને સૂતા, મૂળાક્ષરો એટલે શું તેને સ્વપ્નમાં પણ ન જાણતા આ મસ્તફકીરો જ્યારે સંઘાડાકામ કરે છે, ત્યારે તાજમહલના કલાકારોની યાદ અપાવે છે.

**અને આ રંગોને સૂર આપે છે 'ખરકી'.** આપણે તેને ઘંટડી કહીએ છીએ. સાદા પતરામાં મનમાં રહેલ પ્રતિભાને પ્રગટ કરીને આ ખરકી બનાવે છે. દરેક ખરકીના સૂર પાછા અલગ. રણના મૌન વાતાવરણમાં પશુના ગળામાં રણકતી આ વિવિધ સૂરોવાળી ખરકીઓ સમગ્ર રણ જાણે મંદિર હોય અને સતત ઘંટારવ થતો હોય તેવો આભાસ ઊભો કરે છે. સૂકા વાતાવરણમાં લીલુંછમ્મ, ભીનું અને લયબદ્ધ મન થઇ જાય છે.

આવી તો નાનીમોટી બીજી પણ અનેક હસ્તકળાઓ છે. રણમાં ફરવાની પોતીકી મજા છે. તેમાં જો આંખ-કાનને આ હસ્તકળાઓનો સ્પર્શ થાય, તો **રણમાં તો 'અરેબિયન નાઇટસ' જેવું રંગીન વાતાવરણ ખડું થઇ જાય છે** અને વિદેશમાં રણમાં 'સફારી' વખતે જે આનંદ અનુભવાય છે, તે અહીં આ હસ્તકળાઓ જોતાં-સાંભળતાં અનુભવાય છે. (બધાંનો સંગમ જોવો હોય તો ધ્રંગનો મેળો જોવો.)

એટલે તો કચ્છનું રણ 'વિશિષ્ટ' છે. અને ત્યાં પળેપળ કેવળ 'ઉત્સવ' છે. તે બધાને હરહંમેશ માણવા આમંત્રણ આપે છે.

*ન્યુ મિન્ટ રોડ, ભુજ, કચ્છ-૩૭૦ ૦૦૧.*
*ફોન : (૦૨૮૩૨) ૨૨૭૦૪૬*

## મંગળ અને મંગળદોષ વિશે કેટલીક ગેરમાન્યતાઓ

**(અનુસંધાન : પાના નં.-૫૧ ઉપરથી ચાલુ)**

નીડર, લીડર, ન્યાયપ્રિય, સ્પષ્ટવક્તા, બહાદુર, કાર્યકુશળ અને પરમ તેજસ્વી હોય છે.

આથી હાલમાં પ્રવર્તમાન મંગળદોષ જોવાની ભ્રામક અને સિદ્ધાંતવિહોણી પદ્ધતિને સુધારવી જ રહી. જે જાતક પ્રબળ અને તેજસ્વી મંગળ ધરાવે તે સદૈવ કુટુંબનું મંગળ કરનાર કુશાગ્ર બુદ્ધિ અને તલસ્પર્શી સૂઝનો માલિક હોય છે. આપણે ત્યાં અગાઉ ટી.બી. થાય એટલે માણસ મરી જ જવાનો છે તેમ ગણી લેવાતું. કાળક્રમે સારી દવાની શોધથી એ માન્યતા રદબાતલ થઇ. વળી 'કેન્સર એટલે કેન્સલ' એવું નકારાત્મક સૂત્ર વહેતું થયેલું, પણ આજે કેન્સરની સામે લડીને લોકો બેઠા થાય છે. કુંડળીમાંના મંગળને પણ આ રીતે જોવાની શરૂઆત કરવી પડશે.

મંગળ ગ્રહ વિશે આટલું લખ્યા પછી પણ તેના વિશે ચિંતા કરવી જ હોય તો અહીં સિક્કાની બીજી બાજુ પણ મૂકી આપીએ. પુત્રરત્ન પ્રાપ્ત કરવા, ઋણમાંથી મુક્ત થવા, ચામડીના રોગમાંથી મુક્તિ મેળવવા, મહર્ષિશ્રી ભાર્ગવ ઉદ્‌ઘોષિત સ્કંદ પુરાણ વિરચિત શ્રી ઋણમોચન મંગળ સ્તોત્રના પાઠ કરવા. 'ઓમ્ એ અગારકાય નમઃ' તથા આ લેખના પ્રારંભે આપેલ મંત્રના જાપ કરવા જોઇએ. ભાત, અક્ષત, ગોળ, ભૂમિદાન કે લાલ વસ્ત્રના દાનથી પણ મંગળની પ્રસન્નતા પ્રાપ્ત થાય છે.

**મંગળગ્રહ મંગલકારી ગ્રહ છે. એ અમંગળ કરવા જ જન્મ કુંડળીના એક, ચાર, સાત આઠ કે બારમા ખાનામાં આવે છે એ માન્યતા કે બીકમાંથી નીકળી જવાનો સમય આવી ગયો છે.** ભગવાન શ્રી ગણેશ અને શ્રી હનુમાનજી પણ મંગળના કારક દેવતાઓ છે. શું ગણેશ કે સંકટમોચન હનુમાન ખોટું કરી શકે ખરા? ભગવાન શ્રીકૃષ્ણે કહ્યું છે કે મારી ઇચ્છા વગર વૃક્ષનું પાન પણ હલતું નથી. તો પછી આપણે શું કામ વહેમ અને ચિંતામાં રહેવું?

*સૌજન્ય : દિવ્ય ભાસ્કર*

*જ્યાં કંઈ પણ આગ્રહ છે, ત્યાં ધર્મ નથી.*

# સામૈયાનું શ્રીફળ

*કચ્છનો ઇતિહાસ આત્મ બલિદાન, આત્મત્યાગ, શૌર્ય અને સાહસથી સભર અને સમૃદ્ધ છે. કચ્છ, એ સૂરા અને સંતોની ભૂમિ છે. કચ્છનો ઇતિહાસ જેવો સમૃદ્ધ છે, એવું જ સમૃદ્ધ એનું લોકસાહિત્ય પણ છે. એની લોકકથાઓ પણ વીરત્વ, આત્મતેજ અને આત્મ સમર્પણના રંગો વડે રંગાયેલી છે.*

*જેસલ-તોરલ જેવી જગવિખ્યાત વિભૂતિઓ કચ્છના પ્રાંગણ પર પ્રગટ થઈ છે.*

*ઓઢો જામ અને હોથલ-પદમણી જેવી પ્રેમ પંથની જોડણીઓ કચ્છની ધરતી પર પાકી છે.*

*લાખો ફુલાણી અને પહેલા ખેંગાર જેવા દાનવીર અને રણવીર રાજવીઓ કચ્છના કીર્તિસ્તંભ સમાન છે.*

*કચ્છના રાજકુમારોની જાન બચાવવા માટે પોતાના છ-છ નવલોહિયા બાળકોને કુરબાન કરી દેનાર મિયાણા ભીંયા કક્કલ અને મલ્લણીની રાજભક્તિનો જોટો જડવો પણ મુશ્કેલ છે.*

*ઢોલના બજવૈયા એક મામૂલી ઢોલ માટે બળીને ભસ્મ થઈ જનાર વ્રજવાણીની સાત વીસું (૧૪૦) આહિરાણીઓનો આત્મત્યાગ પણ અજોડ છે.*

*સમસ્ત ભારતમાં જ્યારે બ્રિટીશ સરકારની બોલબાલા હતી એ જમાનામાં અંગ્રેજી સલ્તનત સામે એકલે હાથે ક્રાંતિનો ઝંડો ફરકાવનાર અને જિંદગીભર એ મહાન સત્તા સામે ઝઝુમનાર એકલવીર પંડિત શ્યામજી કૃષ્ણવર્મા જેવો આદ્ય ક્રાંતિકાર અને અણનમ યોદ્ધો કચ્છનો જ હતો.*

*પોર્ટુગીઝ સરકારના જુલમી વહીવટ સામે લડત ચલાવી છેક પોર્ટુગલની રાણી સુધી પહોંચી જઈને દાદ મેળવનાર અને જેઠીબાઈની ઓઢણી (પાન-દ-જેઠી)ના નામને પ્રખ્યાત કરનાર જેઠીબાઈ કચ્છ - માંડવીની જ એક ખત્રિયાણી હતી.*

*આ પ્રકારની દરેક રસધાર કથા સ્વ. દુલેરાય કારાણીએ તેમની “કચ્છની રસધાર” (ભાગ ૧ થી ૬) બુકમાં છેક સન ૧૯૭૨માં ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય દ્વારા પ્રકાશિત કરેલ છે.*

*‘મંગલ મંદિર’ના વાચક વર્ગ માટે આ રસધારની અનેક કથાઓનું રસાસ્વાદ કરાવવાના હેતુથી તેને આજ અંકથી એક પછી એક પ્રસારિત કરવામાં આવશે. આશા રાખવામાં આવે છે કે મંગલ મંદિરનો વાચક દરેક કચ્છી આ રસકથાઓનું સ્વાદ ભરપૂરપણે માણી શકશે.*

*– મુખ્યતંત્રી*

‘કૅ ઠક્કર! હાણેં હકલી જા આંવારેં ભાઠેં કે!’ ‘(કેમ ઠાકોર! હવે હાકલજો તમારાં ભાંઠાં જેવાં ઘોડાંને!)’ નવીનાળ ગામના પાદરમાં વેલના સામૈયા માટે સજ્જ થઈ ઊભેલા ઘોડેસવારોના જૂથમાં પોતાની માણકીને ઝુકાવતાં ભુજપુરના વણિક યુવાન આસારીઆએ જાડેજા જુવાનોને પોકાર કર્યો.★

‘આસારીઆ! તોકે પણ નાળિયરજો મન થ્યો કુરો!’ (આસારીઆ! તને પણ નાળિયેરનું મન થયું કે શું?)

‘મન કીં ન થીએ બાવા! ઠક્કર ઠેંકી નિકરેં તડેં વાણીઆ કીં વઈ રે? (મન કેમ ન થાય બાવા! ઠક્કર ઠેકી નીકળે ત્યારે વાણીઆ કંઈ બેસી રહે?)

‘તૉ વારી માણકી તાં પુચ્છનું મૉર હલેતી, ભલા! (તારી માણકી તો પૂછડાથી પહેલાં હાલે છે હો!)

‘તેંજી હાણેં ખબર પોંધી, બાવા! હાણે ભલીયું તેંજ્યું વંય! (તેની હવે ખબર પડશે, બાવા! હવે ભલી તેની વહે!)

અને તે જ વખતે ઘોડેસવાર - મંડળને સાવધાન બની જવાની સૂચના મળી. એક, બે ને ત્રણના અવાજ સાથે પચ્ચીસ ઘોડાંનો પગો છૂટ્યો. દાબડાની ગર્જના ગજાવતા અને ધૂળના ગોટેગોટ ઉડાડતા ઘોડાઓનું ઘમસાણ થોડી જ વારમાં નજર બહાર નીકળી ગયું.

★

આજથી એક સદી ઉપરની ઘોડાદોડના શોખની આ રસકથા છે. આસારીઆના પિતાનું નામ નારદશા હતું. ગામ ભુજપુર. ઉત્તમ ઘોડાં

★ કચ્છમાં જાડેજાઓના લગ્નમાં વરરાજા જાતે પરણવા ન જતાં ખાંડું મોકલે છે. ખાંડા સાથે ચોરીફેરા ફરીને નવવધૂ જ્યારે શ્વસુરગૃહે આવે છે ત્યારે લાડીબાની વેલના સામૈયા માટે ઘોડેસવારોની દોડની શરતનો કાર્યક્રમ યોજવામાં આવે છે. જે વહેલો પહોંચીને લાડીબાના હાથનું નાળિયેર લઈ આવે તે જીત્યો ગણાય છે.

*મતભેદ એટલે અહંકારની હાજરી.*

ઉછેરવાનો શોખ આ નારદશામાં વંશપરંપરાથી ઊતરી આવેલો હતો. અને ભુજપુરના વણિક વીરો તો પ્રથમથી જ પ્રખ્યાત હતા.

એક ઘોડીને માતે રતાડીઆના ઠાકોરનો મદ ઉતારી નાખનાર અને રતાડીઆના ગઢને તોડી પાડનાર કોરશી પટેલ ભુજપુરનો જ હતો.

નારદશાએ પણ એની ઘોડીની એક વછેરીને ખૂબ કાળજીથી ઉછેરીને મોટી કરી હતી. ભેંસોનું દૂધ પાઈને ઉછેરેલી આ વછેરીના તેજસ્વી પાણીનું પૂછવું જ શું? ડિલ પરથી માખી સરકી જાય એવી એની પસમાઈ હતી. રાજની કોંતલ જેવો એનો થનગનાટ હતો. દિશાઓને માપી લે એવી એની ચાલ હતી. એનું નામ હતું માણકી. આ માણકી હવે ચડીને લાયક બની હતી. છતાં દરરોજ તાલીમ માટે ફરવા લઈ જવા ઉપરાંત એના પર આજ લગી પડછી મંડાઈ નહોતી.

નવીનાળમાં વેલના સામૈયાની ઘોડાદોડ જામવાની છે એવા સમાચાર સાંભળીને નારદશાના પુત્ર આસારીઆને પોતાની માણકીનું પાણી બતાવવાનું મન થયું. આસારીઆની ઉંમર વીસ વરસની હતી. ઘોડાના ચાડુ તરીકે છકોશીમાં તેની છાપ પડે. ઘોડાદોડની કોઈ શરતમાં તેની હાજરી ન હોય એવું ન બને. આ વખતે તેણે નવીનાળની વેલના સામૈયામાં માણકીને દાખલ કરવા પિતાની રજા માગી. પરંતુ માણકી હજુ ઘોડાદોડમાં દોડાવવા જેવી ન લાગવાથી નારદશાએ આસારીઆને સામૈયામાં ભાગ લેવાની સાફ ના સંભળાવી દીધી.

આસારીઆના મનની ઉમેદ મનમાં જ રહી ગઈ. આજ સવારથી જ તેણે હોંસભેર નવીનાળ જવાની તૈયારી કરવા માંડી. પિતાની રજા લઈ માણકીને સામૈયામાં લઈ જવાનો તેણે નિશ્ચય કરી લીધો હતો. પણ પિતાની પરવાનગી ન મળતાં તેના આશાના બધા કિલ્લા એકાએક ભાંગી પડ્યા. તે નિરાશ થઈ ગયો. માણકીનું પાણી બતાવવાની આજે સારામાં સારી એક તક હતી. આ તક હાથમાંથી ચાલી જવાનો વખત આવતાં આસારીઓ પોતે જ જાણે ભાંગી પડ્યો.

નારદશાની એક વાર ના થઈ તો ફરી હા થવાની વાત અશક્ય હતી એ હકીકત આસારીઓ જાણતો હોવાથી તેનું મન ભાંગીને ભુક્કો થઈ જતું હતું. છતાં એક ઈલાજ અજમાવવાનો એને વિચાર આવ્યો. એક વ્યક્તિ એને યાદ આવી. આ નવા વિચારે એના અંતરની કરમાતી જતી આશાવેલીને ફરી સજીવન કરી. આ વિચારને એકદમ અમલમાં મૂકવાનો તેણે પાકો નિર્ણય કરી લીધો.

ભુજપુરમાં કરસનજી નામનો એક ગરાસીઓ નારદશાનો મિત્ર હતો. કરસનજીની ડેલીએ લગભગ આખો દિવસ ડાયરો જામેલો રહેતો. કસુંબાપાણી પણ ખૂબ ઊડતાં. નારદશા પણ કસુંબાના બંધાણી થઈ ગયેલા હોવાથી એ પણ કસુંબાના ડાયરામાં રોજ હાજરી આપતા.

આસારીઆને આ વાત યાદ આવતાં તે કરસનજી બાવાની સહાય લેવા એની પાસે પહોંચી ગયો અને નારદશાને સમજાવવા વિનંતી કરી.

સામૈયામાં જવાની આસારીઆની હોંસ જોઈ, કરસનજીએ તેને માણકી અપાવવાની ખાતરી આપી અને બપોર સુધી ઘેર રહેવા તેણે ભલામણ કરી.

બપોર થતાં નારદશા કરસનજીને ત્યાં આવીને બેઠા. વૈશાખ માસ ચાલતો હતો. ગરમી પણ ખૂબ પડતી હતી. આ લાગ સાધીને કરસનજીએ આજના તાપની વાત છેડતાં નારદશાને કહ્યું —

'પટેલ! અજ તાં સૂરજ ડાડો બૉરો તપે તાં ભલા! (પટેલ! આજે તો સૂરજ દાદો ભારે તપે છે હોં!)

'બાવા! ઈન જા ડીં ઐં સે તપેતાં ખરો ન! (બાવા! એના દિવસ છે તે તપે તો ખરો ને?)

'પણ પટેલ, હેડે તપ મેં આંવરી માણકી કે પાણી વતાયાં ક ન? (પણ પટેલ, આવા તાપમાં તમારી માણકીને પાણી બતાવ્યું કે નહિ?)

'બાપુ, પાણી તાં અઞાં નાંય વતાયો, બરેં બપોરેં વેંધો પણ કેર? (બાપુ, પાણી તો હજી નથી બતાવ્યું. બળતા બપોરે જશે પણ કોણ?) નારદશાએ ઉત્તર આપતાં જણાવ્યું.

'વેંધો પાંવારો પબો.' (જશે આપણો પબો.)

બાપુએ પોતાના માણસ પબાનું નામ લેતાં કહ્યું.

'ત તાં ખપે કુરો?' (તો તો જોઈએ શું?) એમ કહીને નારદશાએ માણકીને જયાં બાંધવામાં આવતી હતી તે વંડાની ચાવી કાઢીને બાપુના હાથમાં મૂકી દીધી.

બાપુએ પબાને હાકલ કરી બોલાવી લીધો અને નારદશાના વંડાની ચાવી તેને આપીને પ્રથમથી કરી રાખેલી ગોઠવણ મુજબ ઘોડીને પાણી પાઈ આવવાનો તેને હુકમ કર્યો.

નારદશાના આગ્રહી સ્વભાવથી કરસનજી બાપુ પૂરતા વાકેફ હોવાથી તેણે આ યુક્તિ કરીને આસારીઆને ઘોડી અપાવી દીધી.

ઘોડીની લગામ હાથમાં લેતાં જ આસારીઆનું હૃદય હર્ષાવેશથી નાચી ઊઠ્યું. તરત જ ઘોડી પર પડછી માંડી નવીનાળના પાદરે સામૈયાના સમારંભમાં આવી પહોંચ્યો.

દોડમાં ઊતરનારા ઘોડેસવારોનું મંડળ તૈયાર થઈને જ ઊભું હતું. આસારીઆએ પણ પોતાની માણકીને તેમાં દાખલ કરી દીધી. થોડી જ વારમાં ઘોડાપૂરની ગર્જના સાથે સામૈયાના અશ્વોનું જૂથ વેલની સામે જવા નીકળ્યું.

આસારીઓ શરતની દોડનો જેટલો શોખીન હતો તેટલો જ એક કાબેલ સવાર પણ હતો. શરૂઆતમાં તેણે માણકીને વધુ દબાવ્યા વગર દોડમાં મૂકી દીધી. ત્યારબાદ તેને જરા દાબીને બીજા ઘોડાઓના સાથમાં લઈ લીધી. ઘોડાંનો ત્રૂફો દડબડ દડબડ દાબડા ગજાવતો એકશ્વાસે દોડવા લાગ્યો. હવે આસારીઆએ દાવ સાધ્યો. માણકીની લગામને

*કોઈને તરછોડીને મોક્ષે ના જવાય, માટે ચેતો.*

રોંક દઈને તેને પૂરા વેગમાં ઉપાડી. માણકી પણ પવનપુત્રીની પેઠે જાણે આકાશમાં ઊડતી હોય તેમ ઊડવા લાગી.

સ્વલ્પ સમયમાં જ બધા ઘોડા બેચાર ખેતરવા દૂર પડી ગયા. થનગનતી માણકી થોડી જ વારમાં વેલને આંબી ગઈ. આસારીઆએ સામૈયાનું શ્રીફળ તરત જ લાડીબાના હાથમાંથી લઈ લીધું.

નાળિયેર હાથમાં લઈ માણકીને નચાવતો નચાવતો આસારીઓ પાછો ફર્યો.

એક વણિકપુત્ર આમ સામૈયાનું શ્રીફળ હાથ કરી લે એ વાત ગરાસીઆ જુવાનોને રુચી નહિ. બધા કહેવા લાગ્યા : 'આસારીઓ શરતની શરૂઆતમાં તો હતો જ નહિ. એ તો વચમાંથી જ આવીને નાળિયેર લઈ ગયો છે. નાળિયેરનો હક્કદાર એ છે જ નહિ!'

આસારીઓ નજીક આવી પહોંચતાં જ એને સામૈયાનું શ્રીફળ સોંપી દેવા દબાણ કરવામાં આવ્યું. આટલી મહેનતે મેળવેલું નાળિયેર આસારીઓ એમ આપી દે એવો કાચોપોચો પણ નહોતો. પણ વાત તો વધવા લાગી. આસારીઆએ વિચાર્યું કે આખી મંડળી એને અન્યાય કરવા માગે છે. એને થયું કે અહીં વધારે રોકાવામાં સાર નથી. એમ વિચારી પાછા નવીનાળ જવાને બદલે એણે માણકીને ભુજપુર તરફ મારી મૂકી.

ગરાસીઆઓ પણ હવે એને જવા દે એવા ન હતા. એમણે પણ આસારીઆની પીઠ પકડી. પણ માણકી ક્યાં કોઈને આંબવા દે એવી હતી? તીરની પેઠે માણકી નીકળી ગઈ અને થોડી જ વારમાં ભુજપુર આવી પહોંચી.

આસારીઆના પિતા નારદશા હજુ કરસનજી બાવાના ઉતારે જ બેઠા હતા. ઘોડીની વાત એમના જાણવામાં આવી ગઈ હતી. એટલામાં આસારીઓ માણકીને કુદાવતો આવી પહોંચ્યો અને સામૈયાનું નાળિયેર પિતાના હાથમાં મૂકીને ઘોડાદોડમાં બનેલી સઘળી ઘટના અહીં બેઠેલા આખા ડાયરા વચ્ચે રજૂ કરી. એટલામાં તો ઘોડાના દાબડાના ગડગડાટ સાથે નવીનાળના ઘોડેસવારોનું મંડળ ધમધમાટ સાથે આવી પહોંચ્યું. એક જણે આસારીઆના પિતા નારદશા સમક્ષ ફરિયાદ કરી : 'તમારા આસારીઆએ અધવચથી જ ઘોડીને દોડમાં નાખીને દગલબાજીથી અમારું નાળિયેર લઈ લીધું છે. માટે નાળિયેર અમને આપી દો! નહિ આપો તો જોવા જેવી થશે!'

આસારીઆનો પિતા નારદશા જમાનાનો ખાધેલ એક અડીખમ વાણીઓ હતો. આવી ધમકીથી ડરી જાય એવો ન હતો. છતાં આજના સમયને તે ઓળખી ગયો હતો. તેણે વિચાર્યું કે હમણાં કોઈ આડોટેડો જવાબ આપવાથી ખેલ બગડી જશે. એટલે સૌને શાંત કરીને ધીમેથી બોલ્યો : 'તમારી વાત તો મને પણ ખરી લાગે છે. આસારીઓ અહીંથી નીકળ્યો પણ મોડો હતો. વળી મારી મનાઈ છતાં તે માણકી પર પડછી નાખીને છાનોમાનો જ ભાગ્યો હતો. એનાં તં બધાં આવાં જ કામ છે. હવે તમારી વાતનો તોડ લાવવા હું નવો રસ્તો બતાવું છું. તમે બધા અમારા આખા ડાયરાની સાક્ષીએ નવી ઘોડાદોડ લગાવો. આસારીઓ માણકીને લઈને તમારી સાથે જ નીકળે. જે સૌથી પહેલો નવીનાળ પહોંચે તેનું આ નાળિયેર.' નારદશાએ મોતી જડેલું સામૈયાનું શ્રીફળ હાથમાં લઈને પોતાની વણિકવિદ્યાનો ઉપયોગ કરવા માંડ્યો.

નારદશાની આ નવી વાત સાંભળીને બધા ઘોડેસવારો એકબીજાનાં મોઢાં સામે જોવા લાગ્યા. તેમણે તો સામૈયાની દોડમાં જ પોતપોતાનાં ઘોડાંનાં પાણી માપી લીધાં હતાં. બધા સમજી ગયા કે માણકી સાથે હવે હરીફાઈમાં ઊતરીને હાથે કરીને નામોશી વહોરી લેવી પડશે. એમને હવે પોતાનાં વાહનોની રહીસહી કિંમત પણ ઘટાડવાનું ઉચિત ન લાગતાં સૌ એક પછી એક ત્યાંથી સરકી ગયા.

એક સદી ઉપરની વણિક વીર આસારીઆની આ સાહસકથા આજે પણ લોક હૃદયમાં જળવાઈ રહી છે.

***(દુલેરાય કારાણી લિખિત 'કચ્છની રસધાર'માંથી સાભાર)***

## માંડવી બંદર : ભવ્ય ભૂતકાળ, ભૂંડો વર્તમાન

**(અનુસંધાન : પાના નં.-૩૭ ઉપરથી ચાલુ)**

શહેરની સૂરત બદલવામાં જેમણે અગ્રીમ ફાળો આપેલ એવા કર્મશીલ નગરપતિ શ્રી હરિરામ નથુભાઈ કોઠારીનો ઉલ્લેખ કરવો જ પડે. કારણ, તેમણે કચ્છમાં માત્ર માંડવીને જ સિમેન્ટ કોન્ક્રીટ રસ્તાઓની ભેટ આપી. એટલું જ નહિ, પરંતુ સગવડતાયુક્ત સ્નાનઘાટ, સુંદર બગીચા, જયકૃષ્ણ ઈન્દ્રજી પાર્ક, ટાઉન હોલ વગેરેની સુવિધા પણ તેમની જ દેણ હતી. વ્યવસાયે વકીલ એવા શ્રી કોઠારી સતત દોઢ દાયકા લગી નગરપતિનાં સ્થાન પર રહી માંડવીને સ્વચ્છ, સુઘડ અને સુવિધાયુક્ત બનાવવામાં જીગરથી કામ કર્યું એમ કહી શકાય.

આ લખનારની જિંદગીનાં યુવાનીનાં અઢી દાયકા માંડવીમાં વીતેલ છે. એટલે સ્વાભાવિક રીતે વિશેષ લગાવ હોય જ અને એક કચ્છી તરીકે કહું તો ભારતને માંડવીએ જે દેશરત્નો આપ્યા છે તેમનો ઉલ્લેખ કરતાં કોઈ પણ કચ્છીને ગૌરવની લાગણી થાય એ નિર્વિવાદ હકીકત છે.

ક્રાંતિવીર શ્રી શ્યામજી કૃષ્ણવર્મા, પ્રખર અર્થશાસ્ત્રી પ્રો. કે.ટી. શાહ (શ્રી ખુશાલ તલકશી શાહ), વનસ્પતિશાસ્ત્રી શ્રી જયકૃષ્ણ ઈંદરજી, પ્રખર ગાંધીવાદી શ્રી ગોકુળદાસ ખીમજી - બાંભડાઈ, શ્રી ગોકુળદાસ તેજપાળ, શ્રી ખીમજી રામદાસ — આ અને આવા નામી - અનામી તારલા થકી સ્વતંત્ર ભારતનું મસ્તક આજે પણ ગૌરવથી ઉન્નત રહી શકે છે. મસ્કતમાં શ્રી ખીમજી રામદાસ ત્યાંના શેખ બાદશાહ જેટલું માન ધરાવતા હતા.

માંડવી બંદર વિશે લખતાં લખતાં થોડુંક વિષયાંતર થઈ ગયા બદલ માફી માગું છું પરંતુ વિષયાંતરમાં પણ માંડવી બંદરની ભવ્યતાનો ભૂતકાળ નિર્દેશ થાય છે એમ માની ચલાવી લેશો એવી અપેક્ષા.

***એસ.બી.એક્સ. ૮૨-૮૩,***
***આદિપુર, કચ્છ.***
***મો. ૯૯૦૯૭ ૨૩૯૮૩***

*બીજાની ભૂલો જોવી એ તો ભયંકર ભૂલ છે.*

# માંડવી બંદર : ભવ્ય ભૂતકાળ, ભૂંડો વર્તમાન

• મુકુંદ કે. મહેતા 'અલ્પ' •

*'જડે મેઘો થીંધો રા,*
*તડે સરવો થીંધો શેર,*
*મડઈ થીંધી મસાણ.'*

કચ્છી સંત મામૈઈ દેવની વાણી આજે સત્ય પડતી જણાય છે. મહારાવશ્રી વિજયરાજજીનું દેહાંત થતાં ઈ.સ. ૧૯૫૦માં મહારાવશ્રી મેઘરાજજી ગાદીનશીન થયા. સાથે સાથે ભારત આઝાદ પણ થયું.

મહારાવશ્રી વિજયરાજજીને માંડવીમાં વિજય વિલાસ મુકામે સમાધિ આપવામાં આવી અને સાથે સાથે માંડવી બંદરની પડતી શરૂ થઈ એ રીતે મામૈઈ દેવની વાણીને મૂલવી શકાય.

ઈ.સ. ૧૯૫૦ લગી ધમધમતાં મહાબંદર કક્ષાના માંડવી બંદરની અવદશા જોઈ આજે આપણું દિલ ગ્લાનિ અનુભવે એ સ્વાભાવિક છે. આજે માંડવી બંદર લગભગ મૃતપ્રાય અવસ્થામાં જીવી રહ્યું છે. અલબત્ત જીવાદોરી સમ જહાજવાડો અને તટકાંઠે ઊર્જા ઉત્પન્ન કરતી પવન ચક્કીઓ બંદરને ધબકતું રાખવામાં નિમિત્તરૂપ માની શકાય.

ઈ.સ. ૧૯૫૦-૫૧ લગી માંડવી બંદર અત્યંત ગતિશીલ અને ધમધમતું હતું. વેપારીઓની હારબંધ પેઢીઓ માલ સંગ્રહવા માટેની વિશાળ વખારોવાળો વિસ્તાર, કાંઠાવાળા નાકા તરીકે ઓળખાતો. ઠેઠ બંદરની ખાડી લગી વિસ્તરેલ દોઢથી બે કિલોમીટરનો વિસ્તાર દેશ-વિદેશ સાથે વ્યાપાર - વાણિજ્ય વ્યવહાર ધરાવતો હતો. વેપારીઓથી ઉભરાતો સતત ધબકતો નાકો અને એ સમયે ખટારા, ટ્રક, લોરીઓનું અસ્તિત્વ જ ન હતું. એટલે બળદગાડાઓ મારફતે ગોદી પરથી માલસામાન વખારોમાં ઠલવાતો. રેંકડીઓ, ગાડાની ભીડ એટલી રહેતી કે નાકાબહાર આવેલ સરકારી સ્કૂલે જતાં નાનાં બાળકોને મૂકવા મા-બાપોએ જવું પડતું.

માંડવી બંદર પર દેશ દેશાવરથી માલ આયાત થતો, ખજૂરના વાળિયા, ગોળની ભીલીઓ અને કચ્છમાં અપ્રાપ્ય વસ્તુઓ મુંબઈ બંદર પરથી નિકાસ થઈ માંડવી બંદરે ઉતરતી. કાંઠાવાળા નાકા બહાર વ્યાપારીઓના ગોડાઉનોમાં માલ ભેળો કરી સાંજના ભાગમાં ઊંટગાડી મારફતે મોટેભાગે ભુજ મોકલાતો. ભુજથી સમગ્ર કચ્છનાં જુદા જુદા શહેરો, ગામડાઓમાં આ માલ પહોંચતો. આ રીતે ૧૯૫૦ લગી માંડવી બંદરની અગત્યતા ગણનાપાત્ર હતી.

માંડવી બંદરેથી મુસાફરો માટે સ્ટીમર સર્વિસ નિયમિત રીતે ચાલુ હતી અને મુંબઈ કે કચ્છ બહાર જવા માટે માંડવી આવવું પડતું. કારણકે રેલવે સુવિધા બિલકુલ ન હતી. ક્યાંય પણ દેશાંતરે જવા માટે માંડવી બંદરનો જ ઉપયોગ થતો હતો. માત્ર સૌરાષ્ટ્રમાં જવા માટે કંડલાથી ફેરી સર્વિસ કાર્યરત હતી. કચ્છથી સૌરાષ્ટ્રમાં જવા માટે લગભગ ૩૬ કલાકનો ભોગ આપવો પડતો.

માંડવી બંદરની પડતી દશાના કારણોમાં એક કારણ એ પણ આપી શકાય કે દરિયાનાં ઉછળતાં મોજાંઓ સાથે અત્યંત બારીક ધૂળ ખૂબ જ પ્રમાણમાં તણાઈ આવતી અને દરિયાની ઊંડાઈ (ખાડીને) પૂરી દેતી હતી. બારું પૂરાઈ જતાં સ્ટીમરો લાંગરવામાં અવરોધ ઊભો થતો હતો. બીજું કારણ એ પણ હતું કે કંડલા બંદરનું બારુ વિશેષ અનુકૂળવાળું જણાતા અને કંડલા વિસ્તારમાં ગાંધીધામ - આદિપુર જેવા મેઘા સીટી ઊભા થતાં અને કરાંચી બંદર આપણી પાસેથી, પાકિસ્તાનમાં જતાં કચ્છના મધ્યમાં સુગમતા યુક્ત મહાબંદર ધમધમતું કરવાની તાતી જરૂરિયાત ઊભી થઈ હતી. તેવા બંદરની ખોટ કંડલા બંદર પૂરું પાડી શકવાની શક્યતા માંડવી બંદર કરતાં વિશેષ સુગમતાયુક્ત જણાઈ. વળી, ગાંધીધામથી બ્રોડગેજ રેલવેનો રેલવે વ્યવહાર શરૂ થતાં જમીન માટે માર્ગ આયાત - નિકાસનો રસ્તો સરળ બન્યો. આવા મહત્ત્વના કારણોને લઈ માંડવી બંદરની અગત્યતા હાંસિયામાં ધકેલાઈ ગઈ. ધીમે ધીમે કંડલા બંદરનો વિકાસ કેન્દ્ર સરકારનાં સકારાત્મક અભિગમને લઈ અત્યંત ઝડપી થયો.

ઈ.સ. ૧૯૬૫ લગી માંડવી બંદરેથી શ્રીકૃષ્ણની જન્મભૂમિ દ્વારકા - ઓખા સુધીની ફેરી સર્વિસ (લોન્ચ) કાર્યરત હતી અને ધાર્મિક યાત્રા માટે અથવા પીંડારા પિતૃ સરામણું કરવા માટે આ ફેરી સર્વિસ અત્યંત સુગમતાભરેલ રહેતી.

ઈન્ડિયા સ્ટીમ નેવિગેશનની સ્ટીમરો ઠેઠ આફ્રિકા સુધીની મંજિલ કાપતી અને ખાસ કરીને માંડવીની ભાટિયા કોમ આફ્રિકા તરફ વ્યાપાર અર્થે બહોળા પ્રમાણમાં જતી હતી. માંડવીની બગલમાં બેઠેલું સલાયા ગામ માત્ર અને માત્ર સાગરખેડુ માટેનું સ્પેશિયલ ગામ હતું. સલાયામાં માંડવી બંદર ખેડતા ખારવા - નાખવાઓ અને મુસ્લિમ ભડાલાઓ જ રહેતા હતા. તેમનું મહત્તમ જીવન દરિયામાં વીતતું અને ચોમાસાની પ્રતિકૂળ ઋતુ સિવાય તેઓ માંડવીમાં ભાગ્યે જ દેખાતા.

સામાન્યતઃ એવું કહી શકાય કે કચ્છમાં માંડવીની આમ પ્રજા અત્યંત સંવેદનશીલ પ્રજા તરીકે જાણીતી હતી. હિંદુ મુસ્લિમ ભાઈચારાની ભાવના બળવત્તર હતી.

**(અનુસંધાન : જુઓ પાના નં.-૩૬ ઉપર)**

*વ્યવહાર એટલે સામાને સંતોષ આપવો તે.*

# મંદિર અને 'મોલ'... રેસીપી અને રસોઈ

• દિનેશ પાંચાલ •

હમણાં પ્લેટોનું એક વિધાન વાંચવા મળ્યું. પ્લેટોએ કહેલું - 'કોઇ પણ દેશ ઇશ્વરમાં શ્રદ્ધા ધરાવતો ના હોય તો તે મજબૂત બની શકે નહીં!' પ્લેટો સાહેબની વાત સાથે સંમત ન થવાના ઘણા કારણો છે. દેશ, નેતાઓની ઇમાનદારીથી (અને ખાસ તો પ્રજાના ચારિત્ર્યથી) ઊંચો આવી શકે. પ્રગતિ માટે એકલી શ્રદ્ધા કરતાં શ્રમ વધુ મહત્ત્વનો ગણાય. આપણા દેશમાં આજપર્યંત હજારોની સંખ્યામાં વિશ્વશાંતિ યજ્ઞો થયાં છે. કથા-પારાયણ, હોમ હવન યજ્ઞો વગેરે હંમેશાં થતાં રહે છે. છતાં **જે કાંઇ વિકાસ થઇ શક્યો તે વિજ્ઞાન અને ટેકનોલોજીથી થઇ શક્યો છે.** કલ્પના કરો શું આપણે એવું કહી શકીએ ખરાં કે અમે ભારતીઓએ આઝાદી પછી એકધારું ભગવાનને ભજવાનું ચાલુ રાખ્યું તેથી આટલા બધાં બંધો બાંધી શક્યા... આટલા ઉપગ્રહો છોડી શક્યા... આટલા ઉદ્યોગો સ્થાપી શક્યા? પશ્ચિમના દેશો સાથે આપણી સરખામણી કરીએ છીએ ત્યારે ક્ષણે ક્ષણે એવી પ્રતીતિ થાય છે કે **આપણે જેટલા વિજ્ઞાન અને ટેકનોલોજીથી સુખી થઇ શક્યા છીએ તેટલા ધર્મગ્રંથો, વેદ ઉપનિષદો કે મંદિરોથી નથી થઇ શક્યા.** ધર્મગ્રંથો અને મંદિરો માણસને શાંતિનો નકશો હાથમાં પકડાવીને ખસી જાય છે. વિજ્ઞાન અને ટેકનોલોજી નક્કર સુખ-શાંતિ અને સમૃદ્ધિ આપે છે. તે અલ્લાદિનના જાદુઇ ચિરાગની જેમ વીજળીથી એ.સી.ની ઠંડક પણ આપે છે અને શિયાળામાં હીટરથી ગરમ પાણી પણ કરી આપે છે. બચુભાઇ કહે છે 'મંદિરોના અને મોલના પગથિયાં ચઢો કે ઉતરો બન્ને વખતે તમારા દિલમાં અનેક અધૂરી ઇચ્છાઓ અને અપેક્ષાઓ હોય છે. તમે મંદિરમાં ઇચ્છાઓના અર્ધ્ય ચઢાવો છો અને પછી ખાલી હાથે પાછા આવો છો. મોલમાં તમે થોડીક ચલણી નોટોના બદલામાં બાથ ભરાય એટલી વસ્તુઓ લાવો છો. મંદિર એટલે શ્રદ્ધાની રેસીપી... અને મોલ એટલે સુખ સંપત્તિનું શોપીંગ સેન્ટર...! **મંદિર વિના માણસ જીવી શકે. ધરતી પર ભગવાન પણ મનુષ્યરૂપે અવતરે તો મોલ વિના તેનું અટકી પડે.**

શ્રદ્ધા કાગળના ફૂલ જેવી છે. તે શોભા આપે છે, સુગંધ નથી આપતી. મંદિરને ધૂપસળીથી મધમધતું કરવું હોય તો સાચી ધૂપસળી સળગાવવી પડે... ઇલેક્ટ્રોનિક અગરબત્તી ન ચાલે. ઇલેક્ટ્રિક ટમટમિયું મંદિરમાં શોભે. જીવનને સુખથી શણગારવુ હોય તો અંતરના ઓરડામાં જ્ઞાન-વિજ્ઞાન અને બુદ્ધિનો બલ્બ સળગાવવો પડે. શ્રદ્ધા ફેઇસ પાવડર જેવી છે. જેના ચહેરા પર લાગે તેનો ચહેરો થોડા સમય માટે ઉજળો દેખાય. પરિશ્રમ પ્લાસ્ટિક સર્જરી જેવો ગણાય. તેનાથી માણસ હંમેશ માટે સુંદર બની જાય. **દુનિયાના સઘળા વિકસિત દેશોનો વિકાસ શ્રદ્ધાથી નહીં શ્રમથી થયો છે... વેદથી નહીં વિજ્ઞાનથી થયો છે...** મંત્ર તંત્રથી નહીં ટેકનોલોજીથી થયો છે. સાંભળવામાં કાનને જરા કરન્ટ લાગે એવા આ વિચારો છે પણ એક પણ એંગલથી એ ખોટા હોય તો તમારું ખાસડુ અને મારું માથું...!

પ્લેટો સાહેબે લોખંડના કાટમાળને તોલવા સોનીનું ઇલેક્ટ્રોનિક ત્રાજવું વાપર્યું હોવાથી શ્રદ્ધાની કિંમત તોલામાં નીકળી. જીવનમાં શ્રદ્ધાનું એક ચોક્કસ સ્થાન છે. તેની અવગણના ન થઇ શકે. પણ શ્રમ વિનાની કોરી શ્રદ્ધા એકડા વિનાના મીંડા જેવી છે. પ્લેટોસાહેબના ચિંતન પ્રત્યે આદર છે પરંતુ ઉપર કહ્યું તેમ કેટલાંક અલ્પમતિના અનુયાયીઓ પોતાના પ્રિય પાત્રોની અતાર્કિક કે જૂઠી વાતોનેય શ્રદ્ધાપૂર્વક પ્રચારતાં રહે છે. ચિક્કાર દારુ પીધા પછી પણ ઘણા માણસો મોરારજીની દારૂબંધીના ચાર મોઢે વખાણ કરે છે. **આપણો દેશ સૌથી મોટો ધાર્મિક દેશ છે. અહીં મંદિર કરતાં દેવો વધારે છે. શ્રદ્ધા કરતાં અંધશ્રદ્ધાનું ક્ષેત્રફળ મોટું છે.** હિસાબ કાઢીએ તો એક દેવને ભાગે એક સેન્ટીમિટર જેટલું મંદિર આવે. શ્રદ્ધા તીડના ટોળાની જેમ સમગ્ર દેશમાં છવાઇ ગઇ છે. હાલત એવી થઇ છે કે શ્રદ્ધાના અતિ વિશાળ ક્ષેત્રફળને કારણે દેશના દેવાની જેમ તે ચિંતાનો વિષય બની છે. વિકલાંગ દીકરાને આખા કુટુંબે પોષવો પડે તેમ શ્રદ્ધાનું માથાદીઠ દેવું નાસ્તિકોએ પણ વેઠવું પડે છે. નાસ્તિકની પડોશમાં રાત્રે બે વાગ્યા સુધી ભજનો ગવાતા હોય તો એ ભજનો તેને માટે શ્રદ્ધાના સામૂહિક બળાત્કાર જેવાં બની રહે. ઊંઘનો હપ્તો આપીને તેણે પણ શ્રદ્ધાની 'ભાઇગીરી' સહન કરી લેવી પડે. નહીં તો નુકસાન થયા વિના ન રહે. બચુભાઇ કહે છે- 'હું હોળી સળગાવવામાં જરીકે માનતો નથી પણ મહોલ્લામાંથી હોળીનો ફાળો ઉઘરાવવા દસ બાર યુવાનો આવે ત્યારે તેમને ફાળો આપી દેવો પડે છે. ('તેઓ મારું ઘર સળગાવે તેના કરતાં ભલે હોળી સળગાવતા...!')

શ્રદ્ધાનું જ મહત્ત્વ હોત તો આપણે શ્રદ્ધાપ્રધાન દેશ ક્યારનો અમેરિકા જેવો વિકસિત દેશ બની જવો જોઇતો હતો. રેશનલિઝમ માણસને આજ શીખવે છે. નીરક્ષિરનો ન્યાય કરો. જે સાચું છે, સાત્વિક છે તેનો સ્વીકાર કરો, અને સત્ય કે નીતિની વિરૂદ્ધની વાત ખુદ ભગવાન કહે તોય ન માનો. (ઝૂંપડપટ્ટીનો પીંડકર પત્નીનો ત્યાગ કરે તેને રામતુલ્ય ન ગણી શકાય) યુધિષ્ઠિરે ભલે દ્રૌપદીને દાવ પર લગાડી. આજે કોઇ સટ્ટાખોર એવું પરાક્રમ કરે તો જીવનના મહાભારતમાં તે હણાયો જ સમજો. સત્ય, ન્યાય અને રેશનલિઝમનો ધરમકાંટો ન્યાત,

*બાધા એટલે પ્રકૃતિમાં વાંધા ઉઠાવવા.*

જાત, ધરમ, કોમ કે ઇશ્વર અલ્લાહના ભેદભાવ વિના જે ન્યાય આપે છે તે સત્યની સરહદ પરનો વૈશ્વિક ન્યાય હોય છે. ખૂન ગાંધીજી કરે તેથી તેમને માફ ન કરી શકાય. મોરારજી દેસાઇ દારૂ પીવાનું ચાલુ કરે તેથી દારૂ પવિત્ર ન બની જાય. દાઉદ ઇબ્રાહિમને શાંતિ માટેનું નોબેલ પારિતોષિક મળે તો પારિતોષિક પરથી નજર હઠીને આખા વિશ્વની શંકાભરી નજર નિર્ણાયક સમિતિ પર સ્થિર થાય. ઝેરમાં ગંગાજળ નાખો તેથી તે પવિત્ર બની જતું નથી. કોઇ માણસ હજારો મંદિરો બંધાવે પછી બળાત્કાર કરે તો તેના અનુયાયીઓ પણ માફ ન કરી શકે. હજારો આશ્રમો અને દેશ વિદેશમાં લાખો અનુયાયીઓ ધરાવતો કોઇ ધર્મગુરૂ બાળકો પર તાંત્રિક વિદ્યા અજમાવી તેનો બલિ ચઢાવે એને શી રીતે માફ કરી શકાય? શંકરાચાર્ય સતીપ્રથાને ટેકો આપે તેથી સતીપ્રથા આવકારદાયક બની જતી નથી. સ્ત્રીનું મુખ સૃષ્ટિની સુંદર કલાકૃતિ છે. **સ્ત્રી બહેન છે... મા છે... દીકરી છે... સંસારલક્ષ્મી છે.** ભગવાન અને દેવોને પણ સ્ત્રી વિના ચાલ્યું નથી. એને ન જોવાનો નિયમ પાળનારને તેમની માતાઓ શી રીતે માફ કરી શકે? મધર ટેરેસા કુટુંબનિયોજનનો વિરોધ કરતાં હતા. તેમની માનવસેવાને લાખો સલામ... પણ તેમના ભૂલ ભરેલા વિચારો બેશક નાકામ.

વર્ષો પૂર્વે મોરારીબાપુએ કડવું સત્ય ઉચ્ચારેલું : 'લોકોનો વધુ પડતો પૂજ્યભાવ અગ્નિસમાન છે!' મને અહીં એમ ઉમેરવાનું મન થાય છે કે સંતો કથાકારો કે ગુરુઓ પ્રત્યેનો અતિરેક ભર્યો પૂજ્યભાવ તેમના પતન માટે પૂરતો છે. ભૂલતો ના હોઉં તો અબ્રાહમ લિંકને કહેલું - 'માણસની પ્રમાણિકતાની પરીક્ષા કરવી હોય તો એને પૈસા આપો, પણ એના ચારિત્ર્યની કસોટી કરવી હોય તો એને સત્તા આપો.' અહીં એમ ઉમેરવાનું મન થાય છે કે **માણસના ગુરૂપણાની પરીક્ષા કરવી હોય તો એને અનુયાયીઓના ટોળાથી અલગ કરી દો.** અનુયાયીઓ વિના જીવવાનું ગુરૂઓના સ્વભાવમાં નથી હોતું. (અનુયાયીઓ વિનાનો ગુરૂ એટલે પાણીની બહાર તરફડી રહેલી માછલી!) તેઓ ધર્મ કે ઇશ્વર વિના જીવી શકે પણ ચરણસ્પર્શ કરનારા ચેલાઓ વિના તેમનો જીવ ગૂંગળાય. સાચા ગુરૂનું સામ્રાજ્ય તેના જ્ઞાનમાં સમાયેલું હોય છે. ચેલાચાહક ગુરૂઓની પ્રતિષ્ઠા તેની તપસ્યામાં નહીં ચેલાઓની સંખ્યા વડે મપાતી હોય છે. તમારો ધરમકાંટો શું કહે છે?

*સી-૧૨, મજૂર મહાજન સોસાયટી,*
*ગણદેવી રોડ, જમાલપો, નવસારી-૩૯૬ ૪૪૫.*
*ફોન : (૦૨૬૩૭) ૨૪૨૦૯૮, મો. ૯૪૨૮૧ ૬૦૫૦૮*

## જિંદગી જીવવા માટે છે, તેને બરાબર જીવો, માણીને જીવો

આજના યુગનો કોઇ સૌથી મોટો અભિશાપ હોય તો તે છે "ઉતાવળ." અત્યારે તમામ ચીજોમાં "ઇન્સ્ટન્ટ"ની બોલબાલા છે. ખાવામાં પણ "ફાસ્ટફૂડ"! આપણે એક સપ્તાહમાં અંગ્રેજી ભાષાનું પ્રભુત્વ મેળવવું છે, ગણિતના માસ્ટર થઇ જવું છે. પળવારમાં "ટેમ્પરેચર" ડાઉન કરે તેવી ગોળીઓ જોઇએ. બધું ફટાફટ પતાવવાનું! આપણને જરાય ઢીલ ના ગમે! આ રીતે માણસ સમય મેળવે છે! પછી તે ગમે તે માર્ગે ઉડાઉપણે ખર્ચે છે!

ઝડપથી અને ઝાઝુ કામ કરવામાં ખોટું નથી પણ દળી દળીને ઢાંકણીઓની જેમ હાથ ઉપરનાં કામો ઝડપથી આટોપી લઇને સમયની ખોટી બચત કરીને પછી વેડફી નાખવાનું ખોટું છે. આમાં તો એક સમયચોરી છે અને ખાસ તો કાળપુરુષની બેઅદબી છે. ટૂંકા રસ્તા કાઢવાના પ્રયાસોમાંથી આપણા જીવનમાં પારાવાર કૃત્રિમતા જન્મી છે. ધીરજનાં ફળ મીઠાં છે તેમ કહેનારા બેવકૂફ નહોતા. તેમાં કાળ પુરુષની અદબ હતી.

ઉતાવળે જીવીને પછી નિરાંતે મરવાનું જ છે. આ પરમ વાસ્તવિકતા છે. જીવનનાં વર્ષોમાં ખૂબ ખૂબ ઉતાવળ ભરીને બાકીનાં બધાં વર્ષો ખાલીખમ બનાવી દેવાથી શું? વરસને દિવસ જેવું કરી નાખીને તમામ આયુષ્ય જ તમે કાપી નાખો છો. જિંદગીમાં ઝડપ ભરી ભરીને તમે તેની મીઠાશને ખતમ કર્યા કરો છો તેનું શું ? ઉતાવળ ગુણાકાર જેવી લાગતી હશે. કુદરતના ક્રમમાં તમે તેનો વિચાર કરશો તો તે બાદબાકી જેવી લાગશે.

નવલકથા માટે નોબેલ ઇનામ મેળવનાર ફ્રેન્ચ નવલકથાકાર આંદ્ર જીદને કોઇએ પૂછ્યું : "તમારા જીવનની પરમ આનંદની ક્ષણ કઇ?" આંદ્ર જીદે કહ્યું : "સહારાના રણમાં એક વાર મળેલો ઠંડા પાણીનો ચંબુ." પ્રખર સહરાની તરસ વિના ઠંડા પાણીનું અમૃત ક્યાંથી પારખી શકાય? મીઠાશ તો આપણે ઝંખીએ છીએ, પણ મીઠાશને મીઠાશ બનાવવાનાં તત્ત્વો આપણે કાઢી નાખવા છે.

જલદી જલદી જીવી નાખવું છે, પણ જલદી મરી જવું નથી. પરસ્પર વિરોધી એવા આ પરિણામ માટે આપણે બધી કોશિશ કરીએ છીએ. જિંદગીના ભમરડાને કોઇકે વળ ચઢાવેલી છે. તેની ગતિએ તેને ઘૂમવા દો. તેમાં કૃત્રિમ ગતિ ભરવાની કડાકૂટ છોડો. ઘૂમતો ભમરડો અભિમાન કરે કે 'હું જ ઘૂમું છું, ધારું તો ઝડપી ઘૂમી શકું છું' - તેના જેવું જ મિથ્યાભિમાન માણસનું છે. માણસ ઘૂમતો જ દેખાય છે અને છતાં આખી બાજી તેના હાથની જ નથી! માણસ દોડે છે અને એક રાક્ષસી ટ્રક ક્ષણવારમાં તેને માંસનો રોટલો કરી નાખે છે. માણસ સલામત ખંડમાં ડનલોપીલોના ગાદલામાં સૂતો છે અને ઓચિંતુ હૃદય બંધ પડી જાય છે. દોડતા હોઇએ કે સૂતા હોઇએ, આપણી ગતિને કોણ કાપી નાખે છે? સંગ્રામના ઘડવૈયાઓનેય અદશ્ય રક્ષણની જરૂર પડે છે અને પલંગમાં પોઢેલાને પણ! બધી ગતિને સલામતી આપણા હાથમાં છે તેવું માનવાની ભૂલ ન કરો.

જિંદગી જીવવા માટે છે. તેને બરાબર જીવો. માણીને જીવો. વર્ષોની ફૂટપટ્ટીથી તેની મીઠાશનું માપ નથી નીકળવાનું.

સાડા પાંચ વારનું જિંદગીનું પાનેતર છે. દોઢ ડાહ્યા વાણોતરની જેમ સત્તર વાર માપવાની ઝડપ કરશો તો તેથી લંબાઇ વધવાની નથી.

*સાભાર : "પરિત્રાણ"*

*પ્રેષક : ચંદ્રકાંત દામજી શાહ (કે.ડી. શાહ)*

# હૃદયમાં રહેલા ભગવાન પ્રત્યે શ્રદ્ધા જરૂરી

• શાંતિલાલ સંઘવી •

શું કોઈ અભણ વ્યક્તિ આધ્યાત્મિક પ્રગતિ ન કરી શકે? આધ્યાત્મિક પ્રગતિ માટે વેદ ભણવા તથા ઉપનિષદ કે ગીતાનો અભ્યાસ જરૂરી છે? કોઈ સાવ નિરક્ષર મુસ્લિમ કુરાન ન વાંચી શકે તો તે નિષ્પાપ અને ભલો મુસલમાન ન બની શકે?

આધ્યાત્મિક પ્રગતિ માટે કહેવાતા શાસ્ત્રોનો અભ્યાસ જરૂરી છે? જે નિયમોને આધ્યાત્મિકતા સાથે કશી જ લેવાદેવા નથી એવા નિયમો પાળવા જરૂરી છે? કયો ધર્મ સાચો અને કયો સંપ્રદાય ઉત્તમ, એની માથાકૂટ કરવી જરૂરી છે? કોઈ એક ગુરુ કે કોઈ એક ગ્રંથને પકડી રાખી એને જ વળગી રહેવાનું જરૂરી છે? કોઈની કંઠી બાંધવી જરૂરી છે?

ના, બિલકુલ ના. જે માણસ ભલાઈના રસ્તે ચાલવા માગતો હોય, જેને કશું ખોટું કરવાની ઈચ્છા ન હોય તેના માટે ઉપર લખેલ એક પણ વસ્તુ જરૂરી નથી.

માફ કરજો, પણ ઉપર લખેલી તમામ બાબતો માત્ર નવરા લોકો માટે છે. તે ઉપરાંત જેને કંઈક પણ ખોટું કરવું હોય એના માટે છે. જે માણસ જરાય બીમાર નથી તે શા માટે ડૉક્ટર પાસે જાય? જે માણસ સાચો છે, ભલો છે, સરળ છે, તે શા માટે 'નગરી નગરી ને દ્વારે દ્વારે ભટકે?'

સાચો માણસ અન્યની વેદના અસંગ ભાવે જોઈ શકતો નથી. **અન્યની વેદના જાણીને એની કરુણા જાગી ઊઠે છે. કશુંક કરી છૂટવા માટે એનું મન તલપાપડ થઈ જાય છે.**

સાચો માણસ 'કાયાનું કલ્યાણ' કરવાના મોહમાં કદી પડતો નથી. બીજાના દુઃખોને જોઈને આપોઆપ જ તે મોજમજા છોડતો જાય છે. ત્યાગ કરવા માટે એને ઉપદેશની જરૂર પડતી નથી. તે કદી ધનનું પ્રદર્શન કરતો નથી અને 'હેઈસો હેઈસો' કરતા ઘેટાનાં ટોળાં સાથે ભળતો નથી. સાચો માણસ હંમેશાં એકલવિહારી જ હોય.

સાચા માણસની શ્રદ્ધા અન્યો કરતાં જુદા પ્રકારની હોય. એની શ્રદ્ધામાં સ્વાર્થ કે માગણી ન હોય. એ વ્યક્તિને ૧૦૦ ટકા ખાતરી જ હોય કે યોગ્ય સમયે પ્રભુ તરફથી જરૂરી મદદ મળવાની જ છે. એને ખાતરી જ હોય કે ભગવાનને બધી ખબર છે અને મારી ચિંતા તો કરે જ છે. એના માટે ઈધર ઉધર ભટકવાની જરૂર નથી.

અલબત્ત, પ્રભુની સહાય કરવાની રીત જુદી છે. બરાબરની કસોટી કર્યા પછી જો માણસ ખરો ઉતરે તો પ્રભુની કૃપાની કોઈ મર્યાદા નથી.

અમૃત 'ઘાયલ'નો એક શેર છે :

*"અતિ તરસાવી આપે છે, અતિ મોડેથી આપે છે,*
*સુરા દેતાં પહેલાં સાકી સહુનું પાણી માપે છે."*

જોકે ઘાયલ સાહેબ કહે છે કે 'તે મોડેથી આપે છે', પણ હું કહું છું કે તે બિલકુલ સમયસર આપે છે. કદી એક સેકંડ પણ મોડું કરતો નથી. ભક્તિ એ તો કાચો પારો છે. જેનામાં તે પચાવવાની શક્તિ હોય તેને શક્તિની ઊણપ કદી ન નડે. સાચા માણસને જ્ઞાન અંદરથી સ્ફુરે છે અને કશે ભણવા જવાની અનિવાર્યતા હોતી નથી.

રામકૃષ્ણ પરમહંસ, મીરાંબાઈ, નરસિંહ મહેતા, અખો, જ્ઞાનેશ્વર, કબીર ભલા કઈ યુનિવર્સિટીમાં ભણવા ગયા હતા? તેમણે આત્મજ્ઞાન ક્યાંથી પ્રાપ્ત કર્યું?

**પોતાના જ હૃદયમાં બિરાજમાન ભગવાન પ્રત્યે જ્યાં સુધી સાચી શ્રદ્ધા પ્રગટે નહીં ત્યાં સુધી આધ્યાત્મિક પ્રગતિ એક ઇંચ પણ પામી શકાય નહિ.**

મારા એક મિત્ર અત્યાર સુધીમાં વગર અતિશયોક્તિએ પચાસેક વખત નાથદ્વારા શ્રીનાથજીના દર્શને જઈ આવ્યા છે પરંતુ તેના વાણી વર્તનમાં કશો જ સુધારો નથી — તેના કુટુંબના સભ્યો જ તેમનાથી નારાજ છે. બીજા એક મિત્ર છે, જે અવારનવાર અંબાજીના દર્શને જાય છે પણ ઉધાર લીધેલા પૈસા પાછા આપવાની વાત તેમને યાદ આવતી નથી. આવા તો અનેક લોકો છે અને તમે પણ એવા ઘણાને ચોક્કસ ઓળખતા જ હશો.

મૂળ વાત એટલી જ છે કે આવી બાહ્ય ક્રિયાઓ સહેલી હોય છે, એમાં જાતને સુધારવાનું અનિવાર્ય હોતું નથી. એમાં જેટલો દંભ આચરવો હોય એટલો આચરી શકાય છે. પોતાની જાતને ખાસ ધાર્મિક તરીકે ઓળખાવી શકાય છે.

પોતાના અંતરાત્મા પ્રત્યેની સાચી શ્રદ્ધા માણસને સુધરવા માટે મજબૂર કરે છે. પોતાનો અંતરાત્મા બધું જ જુએ છે, બધું જ સમજે છે. એને છેતરી શકાતો નથી તેવી દૃઢ શ્રદ્ધાને કારણે માણસ કશું જ ખોટું કરતાં અચકાય છે. **એનો પોતાનો અંતરાત્મા જ એને સાચા માર્ગે દોરી જાય છે. એને પછી બહારના કોઈ ભગવાનની જરૂર પડતી નથી.** કોઈપણ ચોક્કસ ધર્મ કે સંપ્રદાયની મદદ વગર આવી શ્રદ્ધા ધરાવનાર માણસ બિલકુલ સહજ રીતે આધ્યાત્મિક પ્રગતિ કરતો રહે છે. જેણે પણ પોતાના અંતરાત્મા સાથે તાર જોડ્યો હોય તેને પછી ભગવાન એક હોય, ચોવીસ હોય કે ચાલીસ તેની સાથે કશી જ લેવાદેવા ન હોય. એને ન તો કોઈ દેવલોકની પરવા હોય, કે ન કોઈ નરકની પરવા હોય. એને પાપ કે પુણ્ય કશાની ફિકર ન હોય. એ તો હોય પોતાના મનનો રાજા - મસ્તમૌલા. એનો રસ્તો બધાથી જુદો. બે મિનિટ પહેલા એ જૈન હોય અને બે મિનિટ પછી એ વૈષ્ણવ પણ હોય - એનું કાંઈ નક્કી નહીં.

*સમાપનમાં ગાંધીજીના શબ્દો :*

*"ઈશ્વર કચકચાવીને કામ લે છે."*

*આર.એચ.-૨, પુણ્યશ્રી એપાર્ટમેન્ટ,*
*કાશીરામ અગ્રવાલ હોલની સામે,*
*અમદાવાદ-૩૮૦ ૦૧૫. ફોન : ૨૬૩૦૧૭૨૯*

*આત્માનું જેટલું થયું તેટલું તમારું ને બીજું બધું પારકું.*

# એકરાર

● ડૉ. ઊર્મિલા શાહ ●

છેલ્લાં કેટલાંક સમયથી હિમાંશીના વર્તનમાં ખાસ્સો ફેરફાર દેખાવા માંડ્યો છે. નાની હતી ત્યારે તો તે કેવી આજ્ઞાંકિત, હસતી, રમતી અને કિલ્લોલતી હતી! ક્યારેક તો એવી ગેલમાં આવી જાય અને મને વ્હાલથી ગળે વળગી પડે, અને ત્યારે મને એવું તો સારું લાગે, **માતૃત્વ એ જીવનનો કેવો અપૂર્વ લહાવો છે એની એ અનુભૂતિ મને થતી ને મારું હૃદય આનંદથી ભર્યું ભર્યું બની જતું.** એનું ખિલખિલાટ હાસ્ય અને હસે ત્યારે ગાલમાં પડતાં ખંજન, નિર્મળ પ્રેમઝરતી અને પ્રેમ શોધતી નમણી નિર્દોષ આંખો. ભલે વાને એ બહુ ગોરી નથી પણ તેના મુખ પરની પ્રસન્નતા, નિર્દોષતા મને હંમેશાં એને વહાલ કરવા પ્રેરતા. મને ક્યારેક વિચાર આવતો, ‘મેં તો હિમાંશીને મારા ઉદરમાં ધારણ કરી નથી. છ વર્ષની થઇ અને એને ભણવાની સગવડ મળે એ કારણે એને અહીં લાવવા માટે, નિષ્ઠાથી આખોય દિવસ અમારી સેવા કરતા ચંદનને અમે કહ્યું, ‘એને અહીં લાવવી હોય તો લાવ, અહીં રહેશે અને ભણશે. અને ચંદન એને અહીં લાવ્યો,

એ પહેલાં મારે અને અભિજિતને પણ આ અંગે ચર્ચા તો થઇ જ હતી, કારણ અભિજિતની પહેલી પત્નીથી થયેલી પુત્રી ભાવિશા વારંવાર આવતી, અમને મળતી અને અભિજિત માટે તો ખાસ્સો ભાવ રાખતી. મને એ જોઇ ક્યારેક એવો પણ વિચાર આવતો ‘‘મા અને બાપ વચ્ચે મનભેદ થયાં છે, ભાવિશા મા સાથે રહે છે અને છતાં ય એના પપ્પા માટે એને આટલો બધો ભાવ કેવી રીતે થતો હશે! અને એ હું જોતી ત્યારે મને થતું કે માનસશાસ્ત્ર ખરેખર સાચું છે. **દીકરી પિતાને વધારે પ્રેમ કરે છે અને દીકરો મા તરફ વધુ ખેંચાય છે, આ મનોવૈજ્ઞાનિક હકીકત છે.** અને એટલે અભિજિતને તો સંતાન ન હોવાનો કોઇ અસંતોષ હતો જ નહીં, ભાવિશા તરફથી તેને ખૂબ ખૂબ વ્હાલ મળતું, અને એ બધું હું જોતી ત્યારે ક્યારેક મારું મન ઉદાસ બની જતું પણ ખરું. દરિયાની જેમ વહાલ વરસાવતી ભાવિશા જેવી દીકરી આવે અને અભિજિતનાં હૃદયનાં આનંદને કોઇ અવધિ ન રહે. ‘સુમિ, ભાવિશા માટે આજે શું બનાવ્યું છે?’ ઘરમાં અઠવાડિયાં દરમિયાન જે કંઇ બન્યું હોય તે બધું જ જાણે હાજર થઇ જાય. બાપ દીકરીનાં હેતની એ હેલીમાં ક્યારેક મને પણ નહાવું ગમતું અને આમેય અભિજિતની સાથે તો મારો વર્ષોથી પ્રેમનો નાતો, એમના સુખે હું સુખી ને દુઃખે દુઃખી અને એટલે ભાવિશા મારી દીકરી ન હોવા છતાં અભિજિતની પ્રસન્નતા માટે થઇને પણ હું આ બધામાં સામેલ તો થતી જ પણ ભાવિશા પાછી જાય. અભિજિત એમના કામે જાય અને હું એકલી પડું ને મારું મન ચગડોળે ચડે.... ‘આ બધું હું કોને માટે કરું છું? હું કોણ છું? મારું કોણ છે? અભિજિત માટે મને અનહદ પ્રેમ છે. વર્ષોથી મેં તેમને પ્રેમ કર્યો છે પણ હું તેમની કાયદેસરની પત્ની તો નહીં જ ને! મને એ પ્રેમ જરૂર કરે છે. પણ મારો એમના પર અધિકાર! સમાજની દૃષ્ટિએ મારું અસ્તિત્વ ક્યાં? કેવું? અને ભાવિશા પણ અભિજિતની જ ને! મારું કોણ? **મારે ક્યારેય અંતરથી ‘મા’ કહીને પોકારે, એવો અનુભવ જ નહીં કરવાનો?** શું મને માતૃત્વનો અધિકાર નથી? અરે! મેં આ શું કર્યું? પ્રેમનાં આવેગમાં આંધળી થઇ મેં અભિજિતને એમની પત્ની પાસેથી છિનવી લીધાં. પણ મારા માતૃત્વનાં અધિકારનું શું? ત્યારે તો મને આ માતૃત્વની મહાનતાનો ખ્યાલ જ ન હતો પણ આજે હવે મને સમજાય છે કે **માતૃત્વ પ્રાપ્ત ન થાય ત્યાં સુધી સ્ત્રીને તેનાં જીવનની પરાકાષ્ટાની અનુભૂતિ જ ન થાય.** અને આ જ વિચારોમાં મારું મન ખોવાઇ જતું, હું વ્યગ્ર બની જતી અને મનને શાંત કરવા પ્રભુ પાસે જઇ પ્રાર્થના કરવા બેસી જતી. મારા હૃદયનો ભાર હળવો કરવા સતત મથામણ કરતી. એમ કરતાં કરતાં મારું હૃદય ધર્મ બાજુ એટલું તો ઢળવા માંડ્યું કે ક્યારેક તો અભિજિતને જમવાનો સમય થાય તો પણ હું દેરાસરમાં પૂજા, વિધિમાં વ્યસ્ત હોઉ. દેરાસર અને ઉપાશ્રય ધીરે ધીરે મારા માનસિક શાંતિ માટેનાં સ્થાન બનવા માંડ્યા. **એક સ્ત્રીનાં પત્નીત્વના હક્કને છિનવી લીધાનો પશ્ચાતાપ અને માતૃત્વ પામી નહીં શકવાનું મારું કમનસીબ,** આ બંનેમાંથી મારા મનનો ભાર હળવો કરવા હું વધુને વધુ સમય દેરાસરમાં ગાળવા લાગી. અભિજિતના ધ્યાન બહાર આ કશું જ ન હતું. એમનાં હૃદયમાં મારે માટે હંમેશાં કુણી લાગણી રહેતી. એમણે મને ક્યારેય કશા માટે રોકી નથી, ટોકી નથી. ઉપરથી જ્યારે ચંદનની દીકરીને અમારી સાથે રાખવાની વાત થઇ ત્યારે તેમણે જ કહ્યું, ‘સુમિ, તને તો દીકરી મળશે. તે ક્યાં માતૃત્વ માણ્યું છે! અને એ વિચાર માત્રથી જ હું આનંદવિભોર બની ગઇ હતી. મારાં જીવનમાં એક નવા પ્રાણનો સંચાર થયો હતો અને એ દિવસથી જ મેં હિમાંશીની આગળપાછળ જ મારું જીવન ગોઠવી દીધું હતું.’

સવારથી ઊઠી, ‘હિમાંશી તેં દૂધ પીધું કે નહીં? શું ખાધું? નહાઇ કે નહીં? લાવ તારા વાળ ઓળી દઉં. હવે કેવી સરસ લાગે છે? નિશાળનું લેસન કરી લીધું? દફતર ગોઠવી દીધું? નાસ્તાનો ડબ્બો લીધો? આ બધો લહાવો હું માણી રહી હતી પણ એ બધું હોવા છતાં

*દૃષ્ટિમાં રોગ હોય તો સામેવાળાનું અવળું જ દેખાય.*

દિવસમાં બે-ચાર વખત તો કોણ જાણે કેમ પણ મારું અંતર ઊંડે ઊંડેથી પોકારી ઉઠતું, 'તું આ બધું કોને માટે કરે છે? હિમાંશીની રગોમાં ક્યાં તારું લોહી વહી રહ્યું છે? તું જેને તારી તારી કરી એની આગળપાછળ ઘૂમી રહી છે તે શું ખરેખર તારી છે? અભિજિતને તો ભાવિશા છે પણ તારે! તારું કોણ? અને મારું મન એક ઘેરા શૂન્યાવકાશમાં ઘેરાઇ જતું ને હું દેરાસરમાં જઇ પ્રભુ સન્મુખ બેસી હું મારી જાતની જ ખોજમાં ડૂબી જતી, અને ત્યારે ક્યારેક એવું પણ બનતું કે હિમાંશીને સ્કૂલનો સમય થઇ જાય ને તે વાળ ઓળવા મને શોધતી ફરતી હોય. હવે એણે કિશોરાવસ્થાને ઉંબરે પગ મૂક્યો હતો અને એટલે આવું બને ત્યારે હું પણ મારા સ્વબચાવ અર્થે મન સાથે વિવાદ કરતી. 'હિમાંશી હવે મોટી થઇ છે. એટલું જાતે કરી લે તો શું ફેર પડવાનો છે? શીખશે તો તેને જ લાભ થશેને!' પણ ધીરે ધીરે આ હવામાન એવું તો પલટાતું ગયું કે એક દિવસ તો હિમાંશી અકળાઇ ઊઠી. 'દાદીમા! તમે મને શું કામ અહીં બોલાવી? તમે મને અહીં બોલાવી તો ખરી પણ તમે તો દેરાસર અને ઉપાશ્રયમાં જ રહ્યા કરો છો. ક્યારેક તો મારે વાળ ઓળાવવા ય તમને શોધવા પડે છે. એ તો ઠીક છે કે દાદાજીનાં હેતથી હું બધું ભૂલી જઇ શકું છું પણ નહીં તો તમે તો મને વહેતી જ મૂકી દીધી છે ને! ક્યારેક તો મને એમ થઇ જાય છે કે આનાં કરતાં હું ગામડે ભણતી હોત તો સારું થાત. મારી મા પાસે તો રહી શકતી હોત, અહીં આવીને મેં શું મેળવ્યું? મારી મા, મારા ભાઇ-બહેનોથી વિખૂટી તો પડી જ ગઇ, અને તમારા તરફથી ય પૂરો પ્રેમ પામી ન શકી. દાદીમા તમે મને ન જ બોલાવી હોત તો વધુ સારું થાત' ...અને હિમાંશી એકધાર્યું આ બોલી ગઇ અને મારે માથે જાણે એક અસહ્ય આઘાત લાગી ગયો. આજદિન સુધી મને ક્યારેય ખ્યાલ નહોતો આવ્યો કે હું આવી નિર્દોષ, નમણી, નાનકડી હિમાંશીને કેવો ઘોર અન્યાય કરી રહી છું! મારી આંખોમાં માનો પ્રેમ શોધતી હિમાંશીની એ આંખોમાં આંખ પરોવી મેં ક્યારેય જોયું છે ખરૂં! હવે તો એ મોટી થઇ ગઇ છે, એમ સમજી મેં એનાં હૃદયની સંવેદના તરફ ઉદાસીનતા દાખવી છે. **ઇશ્વર! તે મને જીવતાં જાગતાં દેવ જેવી હિમાંશી આપી, એનું જીવથીય અધિક જતન કરવાને બદલે હું તારી મૂર્તિની પૂજામાં જ લાગ્યા કરી! આનાથી મોટો તે મારો અપરાધ બીજો કયો હોઇ શકે!** ઇશ્વર! હું તારી તો ગુનેગાર છું જ પણ હિમાંશી! હું તારી પણ અપરાધી છું. તું મને માફ કરી દે બેટા! આજે તે મારી આંખ ખોલી છે. મને સાચી દૃષ્ટિ આપી છે... હિમાંશી! મને માફ કરી દે દીકરા... આવ બેટા! એકવાર મને ગળે વળગીને નાની હતી ત્યારે વ્હાલથી મા કહીને બોલાવતી હતી તેમ બોલીને મને માફ કરી દે દીકરા... તું જ મારી સાચી ગુરુ છે હિમાંશી, તું જ મારી જીવતી જાગતી દેવ છે બેટા!...

*૨૫, પાર્થ બંગ્લોઝ, એસ.જી. હાઇવે,*
*અમદાવાદ-૩૮૦ ૦૧૫.*
*મો. ૯૯૭૯૨ ૩૦૪૦૪*

## મેહુલો રીસાણું કચ્છ તેં

(રાગ : બ્રીંદાવની સારંગ કાફી)

મેહુલો રીસાણું અધા તેંકે કો મનાયો
તેંકે કો મનાયો ને અમીકે વસાયો ...મેહુલો
મેહુલે વિગર અધા સર સુકાણા,
નદીયેંમેં સૂનકાર છાયો ...મેહુલો
વાડીયું ઉજ્જડ મુંજા ખેતર સૂન્ના અંઈ,
સીમમેં ભેંકાર છાયો ...મેહુલો
અન્નને ચારો મોંઘાજ થેઅડા,
ગરીબે સામે મોત હલીઆયો ...મેહુલો
ધંધા વ્યાને ધોરી વ્યા ખેડુ કે,
પરદેશજી વાટ વતાયો ...મેહુલો
વેપારીયેંત હથ જલે ગિણો,
મન ઉનીજો થઈ વ્યો પરાયો ...મેહુલો
ચક્ક વિજેતા હિકડે બેકે
એળો વખત હલી આયો ...મેહુલો
ભુખ્ખ ભડાકા હિકડા સતાઈયેં,
હથમેં નાણું ન આયો ...મેહુલો
મીળીયેં માળીયેં કાગ ઉડેંતા,
લડણ જો સમય આયો ...મેહુલો
ધર્મ ચૂકીવ્યા સંબંધ ચૂકીવ્યા,
રાક્ષસ ગુમણ આયો ...મેહુલો
''રશ્મિન'' ચેતો ઈનકે રીઝાયો
અમ્બરમ્યાનું મેઘજી ધાર હલાયો ...મેહુલો

## મેહુલો

મેહુલા! તો વિગર મત મુંજાણી
પ્રલયજા કર પવન ફુંકાણા
ધરા સુકીને તરા સુકાણા
વસીપો અન્ના અંઈ ટાણા
મત મિણીજી મુંજાણી ...મેહુલા
પશુ-પખી ને પરદાતા પુકારીં
કોયલ રૂએ ને મોર ચિતકારીં
કુત્તા-શિયાડ ઉનાઈ ઉચારીં
આશા મિણીજી રૂંધાણી ...મેહુલા
રાતડીયું અંધારીયું ભાસેં
વિજડ્યું ત નત્યું પ્રકાસેં
ડિસાઉ ભેંકાર ડિસાજેં
જાણે તોસેં રીસાણી ...મેહુલા
મજૂર-ખેડૂ જોર છડે વ્યા
ડર છડે સપ બાર અચી વ્યા
ચોર ચકાર હાણે રસી વ્યા
જુગે જુંગજા બંધાણી ...મેહુલા
''રશ્મિન'' ચેતો ઈશ્વર મુંજા
ભર તરા-તરાયું ને કુંજા
વસાય 'વાદડી' માલિક મુંજા
કરે વીજ પાણી પાણી ...મેહુલા

*આ બંને કવિતાઓ 'રશ્મિનજો રણકાર' ભાગ-૨ માંથી સાભાર*

શુભેચ્છા સહ : **સૌ. લીનાબેન એચ. શાહ**

**HEMANT SURGICAL INDUSTRIES LTD.**
647, Girgaum Road, Near Dhobi Talao, Avijah Bldg.,
Gr. Floor, No. 6 & 7, Mumbai-400 002. INDIA.
Tel. : 2203 0935 / 36 • Fax : 91-22-2207 7585
Web : www.hemantsurgical.com • E-mail : infor@hemantsurgical.com

# માન્યતાની બીજી બાજુ
# મનની બારી ખોલીએ – (૧)

● મુરજી ગડા ●

સામાજિક સામયિકોનો વાચક વર્ગ મોટેભાગે પરંપરાગત ધાર્મિક વિચારસરણી ધરાવે છે. એટલે આપણી પ્રચલિત માન્યતાઓને તાર્કિક અને વૈજ્ઞાનિક અભિગમ દ્વારા ચકાસતા અને મૂલવતા લેખ લખવાનું પસંદ કર્યું છે. જેમાં કુદરતી નિયમોની વાતો, જૂની નવી વિચારસરણી વચ્ચેના ભેદ, જાહેર અનુભવ સાથે માન્યતાઓનો ટકરાવ જેવા મુદ્દાઓને આવર્યા છે. એના માટે અંધશ્રદ્ધા, સંસ્કૃતિઓ, ધાર્મિક વિચાર ધારાઓની મર્યાદાઓ, આત્માનું સ્વરૂપ, પુનર્જન્મની વાસ્તવિક્તા જેવા સંવેદનશીલ વિષયે ચર્ચા છે. મારા આવા લેખ અન્યત્ર પણ પ્રકાશિત થયા છે. ત્યાં આ વિષયો પર સારી એવી ચર્ચા અને ટીકા થઈ હતી. એના સંદર્ભમાં આ લેખ શ્રેણી લખાય છે. આશા છે કે આના વડે 'મંગલ મંદિર'ના વાચકોને થયેલ પ્રશ્નોનું પણ સમાધાન થશે.

પ્રચલિત માન્યતાઓને પડકારતા મારા લખાણ કોઈને નકારાત્મક લાગ્યા છે. હકારાત્મક હોય યા નકારાત્મક હોય, **બધાને પોતાના વિચાર વ્યક્ત કરવાનો અધિકાર છે. ખ્યાલ માત્ર એટલો રાખવાનો હોય કે એ પ્રકારનું માનસિક વલણ ન બની જાય.** જો એવું થાય તો સામાન્ય સંજોગોમાં વાંધજનક ન લાગતી બાબતો પ્રત્યે પણ જાણે અજાણે નકારાત્મક અભિગમ અપનાવાઈ જાય છે. વાચકનો એક વિશિષ્ટ અધિકાર છે. ન ગમતું વાંચન ઈચ્છે ત્યારે બંધ કરી શકે છે.

લેખોમાં રજૂ થતી માન્યતાની બીજી બાજુ ફક્ત મારી નથી, બીજા લોકો પણ સાથે છે. દરેક સમાજમાં એક એવો વર્ગ હોય છે જેને કેટલીક પ્રચલિત માન્યતાઓ મંજૂર નથી હોતી. તેઓ એના વિકલ્પની શોધમાં હોય છે. (આવા વાચક પણ દરેક મુદ્દા પર લેખક સાથે સહમત હોય એ જરૂરી નથી. એવી અપેક્ષા પણ રખાતી નથી. મુદ્દાવાર સંમતિ કે અસંમતિ એમનો હક્ક છે.)

આવા સમાન વિચારધારી મિત્રોનું ગ્રુપ બનાવી થોડી વધું સમજ કેળવવાની આ કોશિશ છે. નવી કેડી કંડારવામાં આવા પ્રયાસમાં કોઈકે હાથમાં ફાનસ લઈ આગળ ચાલવાનું હોય છે. આ કિસ્સામાં ખુલ્લા મનની વિચારધારા, એ નવો માર્ગ છે અને લખવા માટેની ઈચ્છાશક્તિ, ફાવટ વગેરે ફાનસ છે.

ઘણીવાર પાયા વગરની વાહિયાત માન્યતાઓ સાંભળવામાં કે વાંચવામાં આવે છે જે આપણને સ્વીકાર્ય નથી હોતી. છતાં અમુક મર્યાદાઓને લીધે ત્યારે મૌન સેવવું પડે છે. વ્યક્તિગત રીતે વર્ષો સુધી વેઠેલ આ પ્રકારના બૌદ્ધિક ત્રાસને આ લેખમાળા દ્વારા વાચા મળી છે. સમાન અનુભવવાળા વાચકોને એમાં જોડાવાનું આમંત્રણ છે.

મારા લેખોમાં ક્યારેક પ્રશ્નો હોય છે, ક્યારેક પ્રશ્ન સાથે એનો ઉત્તર હોય છે. ક્યારેક સંદેશ કે સૂચના હોય છે. ઉપદેશ ક્યારેય પણ હોતો નથી. હંમેશ ઉપદેશ સાંભળવા ટેવાયેલા લોકોને આ માફક નથી આવતું. એમને વિચારવાની સ્વતંત્રતામાં ગોળગોળ વાતો લાગે છે.

કેટલાક લોકો ભારતની પ્રાચીન સંસ્કૃતિથી એટલા અભિરત થયેલા છે, પ્રભાવિત થયેલા છે કે એનો જરા સરખો ઉતરતો ઉલ્લેખ વાંચી એમની લાગણી દુભાય છે. વાસ્તવિક્તા શું છે તે જાણવું જરૂરી છે. એની ચર્ચા કરીએ.

પાંચ પ્રાચીન સંસ્કૃતિઓમાંની એક આપણી હતી. એમાંથી કોઈ એક ચડિયાતી કે ઉતરતી હતી એ કહેવું વાજબી નથી. દરેકને પોતાની વિશિષ્ટતા હતી અને છે. સમય સાથે બધી સંસ્કૃતિઓમાં ઘણા ફેરફાર થયા છે. અગત્યની વાત એ છે કે પુરાણોમાં વર્ણવેલ આદર્શવાદ અને ત્યારની તેમજ આજની વાસ્તવિક્તા વચ્ચે ઘણું અંતર છે. **સંસ્કૃતિને સાચા અર્થમાં મુલવવી હોય તો આદર્શવાદ કરતા વાસ્તવિક્તા પર ધ્યાન આપવું જોઈએ.** આજે આપણી આસપાસ જે પણ થઈ રહ્યું છે તે આપણી આજની સંસ્કૃતિનું પ્રતિબિંબ છે. એમાં ગૌરવ લેવા જેવું ઓછું અને અફસોસ કરવા જેવું વધુ છે.

એક સમયે ભારત આર્થિક સમૃદ્ધિમાં અન્ય દેશોની સરખામણીએ ઘણો આગળ હતો. ગણિત, ખગોળ, ચિકિત્સા જેવા ક્ષેત્રે આપણું ઘણું યોગદાન હતું. આ બધું વિદેશીઓને ભારત પ્રત્યે આકર્ષતું હતું. આ ભૂતકાળની વાત થઈ.

આજે અન્ય કેટલાયે નાના દેશ, ભારત કરતાં ઘણા ક્ષેત્રોમાં આગળ નીકળી ગયા છે. આગળ નીકળી જવામાં એમની કઈ કાબેલિયત કામ કરી ગઈ તેમજ આપણી કઈ મર્યાદાઓ આપણને નડે છે એનો વિચાર કરવો આપણા હિતમાં છે. **ભૂતકાળની ભવ્યતામાં રાચતા રહેવાથી વર્તમાનના પ્રશ્નો હલ નથી થઈ જવાના.** બાપદાદાની મિલકત પર કૂદાકૂદ કરનારને શું કહેવાય છે?

દુનિયા ખૂબ નાની થઈ ગઈ છે. એનું એકીકરણ થઈ રહ્યું છે. સારી દુનિયાને આપણી દિશામાં વાળવાની તાકાત ન હોય તો **દુનિયા જે દિશામાં જતી હોય તેમાં જોડાઈ જવામાં**

*ક્યારેય પણ કિંચિતમાત્ર મૂંઝવણ ના થાય, તેનું નામ જ્ઞાન.*

**સલામતી છે, શાણપણ છે.**

મુખ્ય પ્રવાહમાં જોડાવાને બદલે પોતાને ગમતા માર્ગે જવાનો હક્ક વ્યક્તિગત રીતે દરેકને છે. જો કે દેશના નેતાઓને પોતાની અંગત માન્યતા પ્રમાણે દેશને મુખ્ય પ્રવાહથી વિરુદ્ધ લઈ જવાનો હક્ક નથી. એમણે પ્રજાની ઈચ્છાઓને જાણીને અનુસરવી જરૂરી છે. છેલ્લા બે દાયકાની આર્થિક પ્રગતિ દુનિયા સાથેના જોડાણને આભારી છે.

ચુસ્ત ધાર્મિક તેમજ સરમુખત્યારી દેશના નેતાઓએ આવા જોડાણનો વિરોધ કર્યો એનું શું પરિણામ આવ્યું? એમની પ્રજાને પણ બહારની દુનિયા સાથે જોડાવું છે. બધાને આર્થિક પ્રગતિ જોઈએ છે. એના માટે આરબ દેશોમાં આંતરવિગ્રહ થઈ રહ્યા છે.

ભારતીય સંસ્કૃતિની વાત આવે ત્યારે એક વાત ધ્યાન રાખવી જરૂરી છે કે તે જૈન વિચારધારા પર નહીં પણ હિંદુ વિચારધારા પર આધારિત છે. બંને વિચારધારાઓમાં સારો એવો ફરક છે. ભારતના ભવ્ય ભૂતકાળના ગાણા ખૂબ સાંભળ્યા છે. એની સાથે ધાર્મિક અને આધ્યાત્મિક વાતો કરતા લોકોના વર્તનમાં ભરપૂર દંભ અને ભૌતિકતા પણ જોયા છે.

આજની આપણી જીવન પદ્ધતિની વાત કરીએ. અદ્યતન સમયના કેટલાય ધંધા - વ્યવસાય પશ્ચિમથી આવેલા છે. દેશનું બંધારણ કાયદા, વ્યવસ્થાતંત્ર, શિક્ષણ પદ્ધતિ, વાહન વ્યવહાર, બેન્કિંગ, વીમા, સંદેશા વ્યવહાર, પોષાક, ઘરની સગવડના સાધનો કેટલું બધું પશ્ચિમનું છે. દેશને એકસૂત્રે બાંધતી ગણીગાંઠી બાબતોમાંની એક એવી ક્રિકેટ ઈંગ્લેન્ડની દેણ છે. રેડિયો, ટી.વી., સિનેમા, કોમ્પ્યુટર, ઈન્ટરનેટ અમેરિકાની દેણ છે. સરકારનો મોટાભાગનો વહેવાર વિદેશી અંગ્રેજીમાં ચાલે છે. સમયની ગણતરી, કેલેન્ડર, વારના નામ, ઘડિયાળ બધું પશ્ચિમથી આવેલું છે. ભૂતકાળના ગૌરવસમી ઈમારતોમાંથી અડધાથી વધુ સલ્તનતની, મોગલોની કે અંગ્રેજોની દેણ છે. સંગીત અને કળા પર મોગલોનો ઘણો પ્રભાવ છે. મધ્યયુગના ગૌરવસમા પણ દેશી રાજ્યોની ઉદાસીનતાને લીધે વીસરાઈ ગયેલા અજન્ટા, ઈલોરા, ખજૂરાહો જેવા ઘણા સ્થળ અંગ્રેજોએ ફરી શોધી કાઢ્યા છે. વગેરે વગેરે....

ભારતીયતાની જે વાત કરીએ છીએ તે મુખ્યત્વે આપણા તહેવારો અને રીતરિવાજોમાં દેખાય છે. એ પણ ભારતીય કરતાં પ્રાદેશિક અને ધાર્મિક વધુ છે. વિભક્ત કુટુંબ વ્યવસ્થા એ પશ્ચિમ કરતાં સમયની દેણ વધુ છે. નવી આર્થિક વ્યવસ્થાનું એ પરિણામ છે.

**આખા દિવસના કેટલા કલાક આપણે પ્રાચીન ભારતીય શૈલી પ્રમાણે જીવીએ છીએ અને કેટલા કલાક પશ્ચિમી કહેવાતી અદ્યતન શૈલીના પ્રભાવ હેઠળ છીએ એનો શાંતિથી વિચાર કરવા જેવો છે.** બીજાઓનું જે પણ સ્વેચ્છાએ અપનાવીએ તે અંતે આપણું જ થઈ જાય છે.

આજની આપણી જીવનશૈલીમાં પ્રાચીનપણું ઓછું છે, પશ્ચિમપણું વધુ છે. એની નિંદા આપણી પોતાની નિંદા છે. સાચો શબ્દપ્રયોગ જૂની શૈલી અને નવી શૈલીનો છે. શહેરોમાં નવી શૈલીથી જીવાય છે. ગામડામાં ઘણે અંશે હજી જૂની શૈલી મોજૂદ છે. એમને આપણે પછાત કહીએ છીએ. જેના વખાણ કરીએ તે પછાત અને જે જીવીએ, માણીએ તે ઉતરતું? આ દંભ નહીં તો બીજું શું છે?

આ બધી વાસ્તવિક્તા છતાં અવારનવાર મારા લેખોમાં ચોખવટ કરવામાં આવે છે કે આપણી જીવનશૈલીમાં ગૌરવ લેવા જેવી ઘણી બાબતો તો છે જ. આપણને ન ગમે એવી ગણી બાબતો અન્યોની જીવનશૈલીમાં પણ છે. એનું ગાણું ગાયે રાખવાની પણ હદ હોય છે.

નાના બાળક માટે એના મા-બાપ સર્વજ્ઞાની, સર્વશક્તિમાન હોય છે. મોટો થતાં એ મા-બાપની મર્યાદાઓ જુએ છે અને સ્વીકારે છે. એમના કરતાં વધુ બુદ્ધિશાળી, વધુ શક્તિશાળી, વધુ સફળ ઘણા માણસો છે તે સ્વીકારે છે. એનાથી પોતાના માતા-પિતા પ્રત્યેના માન કે પ્રેમ જરા પણ ઓછા થતા નથી.

દેશ, સમાજ, ધર્મ અને સંસ્કૃતિનું પણ એવું જ છે. ઊંડું વિચારીએ તો આપણા આ બધા ક્ષેત્રોની મર્યાદાઓ દેખાવા લાગે તેમજ અન્યોની થોડી સારી બાબતો પણ દેખાવા લાગે. એટલા માટે આપણે આપણો વારસો તજી નથી દેતા. એમના પ્રત્યેની આપણી ભાવના બદલાતી નથી. સારું જાણેલું, જોયેલું, અનુભવેલું સ્વીકારવાથી માણસનો વિકાસ થાય છે, ઉદારમતવાદી બને છે, માનવતાવાદી બને છે. જે બહાર જોવાની તસ્દી પણ નથી લેતા તે કટ્ટરપંથી બને છે.

જમીનદારો કે ઉદ્યોગપતિ દ્વારા બતાવાતી આર્થિક સરમુખત્યારી પર ઘણી ફિલ્મો બની છે. આવી વાર્તાઓ બધાને ગમે છે. રાજાશાહીમાં પ્રચલિત સરમુખત્યારીના દોષ પણ હવે પ્રજા જોઈ અને સ્વીકારી રહી છે. આ બધી સરમુખત્યારી કરતાં વધારે જડબેલાસક સરમુખત્યારી ધાર્મિક ક્ષેત્રે પ્રવર્તે છે. આજે કેટલીક ધાર્મિક સંસ્થાઓમાં આત્મઘાતી આતંકવાદીઓ તૈયાર કરવામાં આવે છે. આ અંતિમવાદી દાખલો છે. બાકી લોકમાનસ પર એક યા બીજા પ્રકારનો અંકુશ તો બધી જ ધાર્મિક સંસ્થાઓ ઈચ્છે છે. જ્યાં પ્રશ્ન કરવાની સ્વતંત્રતા ન હોય એને સરમુખત્યારી જ કહેવાય. ત્યાં નવા વિચારને અવકાશ નથી. કાં તો એને દબાવી દેવામાં આવે છે, કાં એ નવા પંથમાં પરિણમે છે.

નાનપણમાં ગામડામાં ભણતા હતા ત્યારે એક શિક્ષક બધા ધોરણોને બધા વિષય ભણાવતા હતા. આગળ વધુ ભણીએ એટલે દરેક વિષયના અલગ શિક્ષક હોય. કોલેજમાં એ જ વિષયના વધુ પેટા વિષય થાય અને દરેક પેટા વિષયના પ્રોફેસર પણ અલગ હોય. એ જ રીતે ગામડામાં બધી બીમારીઓ માટે એક જ ડૉક્ટર હોય. પછી આંખ, કાન, દાંત વગેરેના અલગ નિષ્ણાત આવ્યા. **હવે તો માત્ર આંખ માટે પણ ત્રણ-ચાર અલગ પ્રકારના નિષ્ણાત હોય છે.**

મુખ્ય મુદ્દો એ છે કે બધા વિષયોનું ઊંડું જ્ઞાન કોઈ પણ વ્યક્તિને હોવું શક્ય નથી. આજે નથી અને પહેલાં પણ નહોતું. હા, ઘણા વિષયોનું પાયાનું જ્ઞાન કેટલાકને હોઈ શકે છે. સાદા ડૉક્ટર તપાસીને કહે કે આપણા શરીરમાં કોઈ તકલીફ નથી પણ આંખના નિષ્ણાત કહે

*ધર્મનું રક્ષણ કરવાનું છે, મતભેદનું રક્ષણ કરવાનું નથી.*

કે આંખમાં ઝામર છે અને સારવારની જરૂર છે તો કોનું કહ્યું માનશું?

એ જ રીતે ધર્મને નીતિશાસ્ત્ર અને ભક્તિશાસ્ત્ર તરીકે સ્વીકારીને એ વિષયમાં ધર્મગુરૂને અનુસરીએ. ઈતિહાસ, ભૂગોળ, ખગોળ વિજ્ઞાન વગેરે વિષયો વિશે એના નિષ્ણાતોની વાતો માનવામાં ક્યાં વાંધો છે? આમાં ધર્મનું અપમાન નથી, ધર્મના નામે ધર્મ બહારના વિષયો પર અપાતા મંતવ્યો વિશે વાસ્તવિક્તા સ્વીકારવાની વાત છે. આ સમજવું સાવ સહેલું છે. સ્વીકારવા માટે મનની બારી ખોલવાની જરૂર છે, એટલું જ.

કોઈપણ સારી વિચારધારા માનવતાની વિરુદ્ધ ન હોઈ શકે. પશ્ચિમની ગુલામી પ્રથા, ચીનના મૃત રાજાઓ સાથે એમની રાણીઓ અને સેવકોને જીવતા દાટી દેવાની પ્રથા, ભારતની અસ્પૃશ્યતા, સતીપ્રથા વગેરે માનવતા વિરુદ્ધની પ્રથાઓ હતી. બીજી તો નાબૂદ થઈ પણ આપણી અસ્પૃશ્યતા અને એની જનેતા એવી વર્ણવ્યવસ્થા હજી અમુક અંશે મોજૂદ છે. એનું ગૌરવ ન કરાય.

ઘણા લોકો દરેક વાતને માત્ર કાળા - ધોળા કે સારા - ખરાબ સ્વરૂપે જુએ છે. સારું હોય એમાં બધું જ સારું તેમજ ઉતરતું હોય એમાં બધું જ ઉતરતું માને છે. પૌરાણિક દંતકથાઓથી શરૂ થયેલી આ માન્યતા હિંદી સિનેમાએ ખૂબ પાળી પોષી છે. વાસ્તવમાં આવું નથી હોતું. બધામાં સારા ખરાબનું મિશ્રણ હોય છે.

બધી સંસ્કૃતિઓમાં ઉત્તમ સાથે અનિચ્છનીય હતું અને હજી છે. આપણી શ્રેષ્ઠ બાબતો સાથે બીજાનું ઉતરતું સરખાવીએ તો આપણો અહમ્ જરૂર પોષાય, **ઈગો ફૂલે પણ એનાથી પ્રગતિ ન થાય. બીજાનું સારું હોય એ અપનાવવાથી આપણું સુધરે.**

જૈન વિચારધારા અહિંસાવાદી હોવાથી આપોઆપ માનવતાવાદી બની જાય છે. અપરિગ્રહ એ અહિંસાનું જ વિસ્તૃતિકરણ છે. એનો અમલ આપણને પર્યાવરણવાદી પણ બનાવે છે. અનેકાંતવાદ મતભેદોને, ભેદભાવને ઉગ્ર બનાવતા અટકાવે છે. સામૂહિક ક્ષમાપનાની પ્રથા જૈનોની વિશિષ્ટતા છે. આ ઉપરાંત અન્ય નૈતિક / ધાર્મિક વિચારધારાઓના મુખ્ય આદર્શોનો પણ જૈનમાં સમાવેશ છે.

આટલી ઉમદા હોવા છતાં અઢી હજાર વરસ પછી પણ દુનિયાના ૯૯.૯% લોકો જૈન વિચારધારાને અનુસરતા નથી. (૭૦૦+ કરોડ લોકોમાંથી માંડ ૭૦ લાખ જેટલા જૈન છે.) **કોઈ વિચારધારા ગમે તેટલી ઉમદા હોય પણ બહુજન એને અપનાવે નહીં તો એળે ગઈ કહેવાય.** એની પાછળના સાચા કારણોનો કેટલા લોકો વિચાર કરે છે? સમજવું અઘરૂં નથી. એનો અમલ કરવા માટે મનની બારી ખોલવી પડે. મન ખુલ્લું રાખીએ તો નવા વિચારો આવવાનો ચાન્સ મળે, અવકાશ રહે. **ધર્મગુરૂઓની બધી વાતો શ્રદ્ધાથી સ્વીકારતાં અંધશ્રદ્ધાળું ન બની જવાય એની તકેદારી રાખવાની છે.**

(બાકી મુદ્દાઓની ચર્ચા અલગ લેખમાં કરવામાં આવશે.)

*(ક્રમશઃ)*

*૧, શ્યામ વાટિકા સોસાયટી,*
*વાસણા રોડ, વડોદરા-૩૯૦ ૦૦૭.*

शिवमस्तु सर्वजगतः परहितनिरता भवन्तु भूतगणाः ।
दोषाः प्रयान्तु नाशं, सर्वत्र सुखी भवतु लोकाः ॥

WORK IS WORSHIP

# MA OM PARIVAHAN (P) LTD.

WORK IS WORSHIP

**Chandresh Lodaya : 98502 37317 / 98671 70789**
**Somchand Lodaya : 98671 70794 / 93222 75440**

***SPECIALIST IN HANDLING OF***

- **20' / 40' / 45' EX-IM Containers**
- **ODC, Heavy Machinery Packages – Shifting - Storage.**
- **General / Project Cargo Handling – Transportation Loading - Unloading - Warehousing.**

**HEAD OFFICE**

**A-104, "Sai Classic", Near Palm Acres, Mahatma Phule Road, Mulund (East), Mumbai-400 081. Tel. : 2163 6403 / 05, 21636399 Telefax : 21636394**
**E-mail : maom@vsnl.net • somchand@maom.net**

**Open & Closed Warehousing Facilities at Dahisar - Mori (Near Sheel Phata)**

Dahisar - Mori Warehouse & Workshop
Ramchandra / Sunil Kadam • Cell : 9867170780 / 81 / 84

# પ્રભુ મહાવીરનો મહત્ત્વનો સંદેશ

## પૂ.ગુરૂદેવશ્રી ચંદ્રશેખરજીએ લખેલ ખૂબજ અગત્યનો અને અંતિમ લેખ

ત્રિલોકગુરુ દેવાધિદેવ મહાવીરદેવે પોતાના શિષ્યો - ઈન્દ્રભૂતિ ગૌતમ ગણધર વગેરેને જે ઉપદેશ આપ્યો છે તે બધોય બાર અંગોમાં સમાઈ જાય છે, જેને બીજા શબ્દોમાં દ્વાદશાંગી કહેવામાં આવે છે.

દ્વાદશાંગી ગ્રંથોમાં જે દસ વાતો છે તે દસેયને આદેશો કહ્યા છે (Ten Commandments); પરંતુ ખરેખર તો તેમાં એકને જ આદેશ કહી શકાય. બીજા ત્રણ ઉપદેશો છે અને ૬ સંદેશ છે. જગતને આપેલા ઉપદેશો છે ૬ સંદેશ છે. જગતને આપેલા ઉપદેશમાંના વર્તમાન જગતને અત્યંત ઉપયોગી એવા ત્રણને ઉપદેશ કહ્યા છે. આમ કુલ ૬ + ૩ + ૧ = ૧૦ને 'આદેશ' શબ્દથી ઓળખાવાયા છે. વસ્તુતઃ ૬ સંદેશ (મૂક ઉપદેશ), ૩ ઉપદેશ અને ૧ આદેશ છે.

### દસ આદેશો

★ **૬ સંદેશો :** (૧) કરુણાવંત બનો, (૨) અલિન બનો, (૩) અદીન બનો, (૪) માતા-પિતાની સેવા કરો, (૫) શુદ્ધિ માટે ઝઝૂમો, (૬) વ્યવહારમાં ચુસ્ત બનો.

**૩ ઉપદેશ :** (૧) આચારે અહિંસક બનો, (૨) વિચારે અનેકાન્તિ બનો, (૩) જીવનમાં કર્મવાદી બનો.

**૧. આદેશ : હૃદયથી સરળ બનો.**

● **પહેલો સંદેશ : જીવ માત્ર પ્રત્યે કરુણાવંત બનો.**

મહાવીરની કરુણા સમગ્ર જીવ અને જગત માટે હતી. વાણી, વિચાર કે વર્તનથી મહાવીરે કદી ક્યારેય કોઈના પ્રત્યે ક્રોધ, ઈર્ષ્યા, અસહિષ્ણુતા કે અણગમો રાખ્યા ન હતા.

બીજાના દુઃખને દૂર કરવા કરુણાવંત બનો એ પ્રાથમિક કક્ષાની કરુણા છે. બીજાના દુઃખથી તમે દુઃખી થાઓ અને બીજાના દુઃખને દૂર કરો તો એ મધ્યમ કક્ષાની કરુણા છે. પણ તમારા આત્મામાં પડેલા કરુણા નામના ગુણને વિકસાવવા માટે તમે બીજા જીવોને દુઃખમુક્ત કરો તે ઉત્તર પ્રકારની કરુણા છે. એકાદ કરુણાગુણ જો વિકસી ગયો તો તે અનેક જગ્યાએ કામ લાગશે. પછી તે આત્મા મા-બાપને ત્રાસ નહીં આપી શકે, પત્નીને મારપીટ કે કડવા મ્હેણાં-ટોણાં નહીં કરી શકે અને ગર્ભપાતની તો કલ્પના કરતાં જ તે ધ્રુજી ઉઠશે.

● **બીજો સંદેશ : સુખમાં અલીન બનો.** સંસારમાં બધાને સુખી થવું ગમે પણ દુઃખ કોઈને ગમતું નથી. સુખમાં એટલા બધાં રચ્યા પચ્યા ન રહો કે એ સુખ તમારી કમજોરી બની જાય. સુખમાં વધુ પડતાં આસક્ત રહેવું નહીં. સુખની સાથે થોડી કઠિનાઈ અને મુશ્કેલીઓનો સ્વાદ પણ ચાખો. સુખમાં એટલા બધા છકી ન જાઓ કે બીજાના દુઃખ પણ તમને ન દેખાય. રાત-દિવસ સત્તા, સંપત્તિ, સ્ત્રી, નશીલા દ્રવ્યો વગેરેથી મળતાં ભોગ-સુખનો જ વિચાર કરવો, એને લક્ષ્ય માની જીંદગીનો મોટાભાગનો સમય એની પાછળ લગાવી દેવો એ ખરેખર તો આગળ જતાં દુઃખનું, સમસ્યાનું કારણ બની રહે છે. આ મુસીબતના ઉકેલનો એક જ રસ્તો છે. સુખમાં સંયમ રાખો, વધુને વધુ સંપત્તિ કમાઓ તેમ વધુને વધુ ધર્મકાર્ય, સદ્કાર્ય કરવા પાછળ ખર્ચવાની વૃત્તિ વિકસાવો.

● **ત્રીજો સંદેશ : અદીન બનો.** દીન એટલે દુઃખી. દીન એટલે લાચાર. દીન એટલે દુવિધાગ્રસ્ત, મૂંઝાયેલો, દુભાયેલો, મજબૂરીઓથી ત્રસ્ત. દુઃખ આવે, મુસીબતો આવે, સંકટો આવે, કટોકટીઓ આવે, છાતીના પાટીયા બેસી જાય એવી આફતો આવે અને હાયવોય કરીએ, બળાપો કાઢીએ તો એ દીન અવસ્થા છે. દુઃખનો ભાર માથે ન લેવો એ જ દુઃખની દવા છે. જ્યારે દુઃખ આવી પડે ત્યારે આપણાં કરતાં વધારે દુઃખી લોકોનો વિચાર કરવો. આ વિચારથી આપણું દુઃખ હળવું બનશે. દુઃખના સમયમાં નાસીપાસ થઈ ભાગ્ય, સંજોગો, સંબંધીઓ કે અન્યને દોષ દેવાને બદલે હિંમતે મરદા તો મદદે ખુદા સૂત્રને અનુસરવું જોઈએ. પોઝીટીવ દૃષ્ટિકોણવાળો માણસ જીવલેણ ગણાતા રોગના મુખમાંથી પણ સાજો-સારો થઈ જતો હોય છે.

● **ચોથો સંદેશ : માતા-પિતાની સેવા કરો.** શાસ્ત્રકારોએ માતાને સર્વોત્તમ તીર્થની ઉપમા આપી છે. મહાભારતમાં પિતાને સ્વર્ગથી પણ ઊંચા કહ્યા છે. ગર્ભાવસ્થામાં માતાને પોતાના હલન-ચલનથી દુઃખ ન પહોંચે એ માટે ભગવાન મહાવીરે હાથ-પગ સ્થિર કરી દીધા હતા. પણ જ્યારે જાણ્યું કે સ્થિર થવાથી તો માતા ત્રિશલા ગર્ભનાશની કલ્પનાથી ચોધાર રડી રહી છે ત્યારે ભગવાને પુનઃ અંગ ચેષ્ટા દ્વારા પોતાના જીવંત અસ્તિત્વની પ્રતીતિ કરાવી. વીરપ્રભુએ પોતાનો દીક્ષા સમય અને માતા-પિતાનો કાળધર્મ સમય જાણીને અભિગ્રહ (સંકલ્પ - પ્રતિજ્ઞા) કર્યો કે માતા-પિતાની લાગણીને ઠેસ પહોંચે એવું કોઈ કૃત્ય કરીશ નહીં. માતા-પિતા જીવતા હશે ત્યાં સુધી હું સંસાર ત્યાગીને દીક્ષા લઈશ નહીં. અર્થાત્ તેઓ જીવતા હશે ત્યાં સુધી જ હું સંસારમાં રહીશ. કલ્પસૂત્ર ગ્રંથમાં જણાવ્યું છે કે પરમાત્મા મહાવીરે પોતાના આ અભિગ્રહ દ્વારા સર્વજીવોને સંદેશ આપ્યો છે કે મા-બાપ વડીલજનોની યથાયોગ્ય સેવા કરવી. જેને જૈન ધર્મમાં શ્રદ્ધા છે, જેને ભગવાન મહાવીરમાં ભક્તિભાવ છે એ વ્યક્તિ કદી મા-બાપને તિરસ્કારવાનું, ધિક્કારવાનું કે વૃદ્ધાશ્રમમાં મોકલવાનું સ્વપ્નમાં પણ વિચારી શકે નહીં. જે મા-બાપને ધિક્કારે છે, રસ્તે રઝળતા મૂકે છે, વૃદ્ધાશ્રમને હવાલે કરે છે તે ગમે તે હોઈ શકે પણ જૈન તો નહીં જ.

● **પાંચમો સંદેશ : શુદ્ધિ માટે ઝઝૂમો.** શુદ્ધિ એટલે આત્માની શુદ્ધિ. શુદ્ધિ એટલે મન, વચન, કર્મની શુદ્ધિ. શુદ્ધિ મેળવવાનો ધોરી માર્ગ છે સંયમ અને નિયમ હેઠળનું સંતુલિત જીવન. એ માટે તમારે વીરપ્રભુએ કહ્યું છે એમ તમારી જાત સાથે લડવાનું છે. જે પોતાની જાતને જીતી લે એ જ શાશ્વત સુખોનો સ્વામી બને છે. સમસ્ત જૈન સંઘમાં આજે શ્રમણ સંસ્થાને જો કોઈ હાનિ પહોંચતી હોય તો તે શ્રાવક વર્ગના અનુચિત વ્યવહારથી છે. આ માટે શુદ્ધિ પાલન અર્થે આટલું કરી શકાય.

(૧) ગમે તેવી મુશ્કેલીના નિવારણ માટે પવિત્ર શ્રમણો પાસે દોરા-ધાગા વગેરે કામ કરાવવા નહિં.

(૨) સાધુ સંઘને પૈસાના વ્યવહારથી દૂર જ રાખવો.

(૩) શ્રમણ સંસ્થાની ભોજન વગેરે ભક્તિ જરૂર કરવી પણ ઘરની બહેનોને સંપૂર્ણ મર્યાદામાં રહેવા જણાવવું.

(૪) એકાંત સમયમાં વિજાતીય ગૃહસ્થો - ગૃહિણીઓએ કદી ઉપાશ્રયમાં જવું નહિ.

(૫) બાળશ્રમણો કે અપાત્રશ્રમણોની કુતૂહલવૃત્તિ કે સગવડવૃત્તિને પોષવી નહિ.

(૬) વાતે વાતે કારણ વગર વાસક્ષેપ નખાવવો નહિ.

(૭) ૧૬ વર્ષથી નીચેના બાળકોને તેમજ કોઈપણ ઉંમરની બહેનોને દીક્ષા આપતા પહેલા ૧૦૦ વાર વિચાર કરવો. દીક્ષા આપવાની જ થાય તો તેના ગુરુ નિકટમાં રાખી ૫ વર્ષની તાલીમ અપાવવી.

(૮) ઉપાશ્રયે નિષ્કારણ ટિફિનો પહોંચાડવાની ઘેલી ભક્તિને બંધ કરવી.

(૯) નિષ્કારણ તમારા વૈભવી ફ્લેટો, બંગલાઓમાં સાધુ-સાધ્વીજીઓને ઉતારો ન આપવો.

(૧૦) દોષિત ગોચરીની ગાંડી ભક્તિ ન કરો.

(૧૧) મહાવ્રતોમાંની અક્ષમ્ય ખામી જણાય તો સાધુને ગુરુ દ્વારા સુધારવા માટે પૂરા પ્રયાસો કરવા. પણ જો ઉપપાત્ર જણાય, ન જ સમજે તો વિધિપૂર્વક સંસારમાં પાછા મૂકવા. એક બગડેલી કેરી આખા કરંડિયાની કેરીઓને બગાડે એ કરતાં બગડેલી કેરીને દૂર કરવી સારી. તેનાથી મોટી શાસન પ્રભાવના થશે.

આ બધા ઉપાયો અને સૂચનારૂપ માર્ગદર્શન શુદ્ધિની ઉત્કૃષ્ટ ગુણવત્તાના નિયમન માટે છે.

શ્રમણ હોય કે શ્રાવક દરેક માટે ભગવાને દોરેલી લક્ષ્મણ રેખા (જિન આજ્ઞા) બંધનકર્તા છે.

● **છઠ્ઠો સંદેશ : વ્યવહાર માર્ગે ચુસ્ત બની રહો.** ભગવાન મહાવીરે સાડા ૧૨ વર્ષની ઘોર સાધનાના પરિણામે વૈશાખ સુદ-દસમના દિવસે ૪૨ વર્ષની વયે વિતરાગ અવસ્થા પ્રાપ્ત કરી, કેવળજ્ઞાન પ્રાપ્ત કર્યું અને ૭૨ વર્ષની વયે નિર્વાણ પદ પામ્યા. વચ્ચેના ૩૦ વર્ષના જીવનમાં પ્રભુ આચરણ માર્ગે અચળ, અડગ અને ચુસ્ત રહ્યા. બાંધછોડને તેમના જીવન કોષમાં ક્યાંય સ્થાન નહોતું. તેમના જીવનમાં પ્રધાનસૂત્ર હતું, 'આચરઃપ્રથમો ધર્મ'. આચરણના ભોગે કોઈ સાધના સ્વીકાર્ય ન હોઈ શકે. મધ્યપ્રદેશના ગવર્નર શ્રીપ્રકાશને ત્યાં મહેમાન બનનારા વાઈસરોયને માંસ, મદિરા સાથેનું ભોજન પીરસવાનું કહેવામાં આવ્યું ત્યારે શ્રી પ્રકાશે પોતાનું આચરણ ગૌરવ સાચવવા ગવર્નરપદેથી

રાજીનામુ આપી દીધું હતું. આ પ્રસંગ પરથી અજૈન ઉદ્યોગપતિઓએ બોધપાઠ લેવાની જરૂર છે. જેઓ બિઝનેસ માટે સામેની પાર્ટીઓ માટે માંસ, મદિરાની પાર્ટી આપતા ખચકાતા નથી.

## વીર પ્રભુના ૩ ઉપદેશ

**(૧) આચારે અહિંસક બનો :** ભગવાન મહાવીરે અહિંસાને મહાન ધર્મ કહ્યો છે. અહિંસા નામની મહાનદી છે તેના બે કિનારા પર સામયિક પૂજા, પ્રતિક્રમણ, તપ, જપ, યાત્રા, ઉપધાન, સંઘ વગેરે સ્વરૂપે અનેક વૃક્ષો ઉગેલા છે. જો અહિંસા નામની મહાનદી સૂકાઈ જાય તો આ બધાનો કોઈ અર્થ રહેતો નથી. સમસ્ત જૈન ધર્મનું પ્રાણતત્ત્વ અહિંસા છે. અત્યંત દુઃખ અને આઘાતની વાત છે કે આજે હજારો જૈન મદિરાઓ, આમલેટ ખાતા થયા છે, મટન લેતાં થયા છે, શરાબ સેવન કરે છે. એક સમયે દિવસમાં અડધો કિલો માંસ, મટન ખાતી મેનકા ગાંધી આજે એકદમ ચુસ્ત શાકાહારી અને અહિંસક બની ગઈ છે. ઘરની લોનને પણ તે કાપતી નથી. જીવદયાની પ્રવૃત્તિમાં આજે મેનકા ગાંધીના નામ અને કામની પ્રશંસાસહ નોંધ લેવી પડે એ કક્ષાનું તે કાર્ય કરી રહી છે. મેનકા ગાંધી કહે છે કે, 'મને જૈન ધર્મમાં જીવદયાની સૂક્ષ્મ વાતો હોવાથી તે ખૂબ ગમે છે.' વાહ! કેવી કરુણતા ઊભી થઈ છે કે મેનકા ગાંધી જૈન બની છે અને ચુસ્ત કહેવાતા જૈન કુટુંબોમાં અનેક દીકરા-દીકરીઓ માંસાહારી બની અજૈન થયા છે! કેવું શીર્ષાસન!

એક દેરાસર કે ૯૯ની યાત્રાથી જેટલું પુણ્ય મળે એટલું જ કે એથી અનેકગણું પુણ્ય એક માંસાહારીને શાકાહારી બનાવવાથી, અહિંસક બનાવવાથી મળે છે એ બુનિયાદી વાત સૌ જૈનોએ સમજીને આચરણમાં મૂકવી રહી.

**(૨) બીજો ઉપદેશ : વિચારે અનેકાંતી બનો.** વૈચારિક સ્તરે અનેકાંત એ વીર પ્રભુએ આપેલું ઉત્તમ વિચાર મોતી છે.

તમે અનેકાંતી બનશો તો બીજાના વિચારોને ન્યાય આપી શકશો. તમે અનેકાંત અપનાવશો તો તમારા ચિત્તમાં માનસિક સંઘર્ષ અને અસ્વસ્થતા પેદા નહિ થાય. એક જ બાબતને અલગ-અલગ દૃષ્ટિકોણથી જોઈ શકાય, સમજી શકાય, જૈન શાસ્ત્રકારો કહે છે કે 'તમે જેની સાથે વૈચારિક મતભેદ ધરાવો છો તે માણસ પોતાની દૃષ્ટિએ સાચો પણ હોઈ શકે. તમે તેના દૃષ્ટિકોણથી તેના વિચારને મૂલવો. જો આ રીતે વૈચારિક સહિષ્ણુતા કેળવાઈ તો દુનિયાની અડધી સમસ્યાઓ ઉકેલાઈ જાય.

**(૩) ત્રીજો ઉપદેશ : જીવનમાં કર્મવાદી બનો.** આચાર અને વિચાર માનવ જીવનમાં સૌથી મહત્ત્વના બે ઘટકો છે. એ બંનેનો સરવાળો તે આપણું માનવ જીવન. સરળ ભાષામાં કહેવું હોય તો કહી શકાય કે પાપ કર્મોથી દૂર રહી પુણ્ય કર્મ કરતાં રહી છેવટે એવી સ્થિતિમાં પહોંચીએ કે કર્મોનું બંધન જ છૂટી જાય. કર્મ ક્ષય થાય. પણ શરૂઆત તો પાપકર્મના ત્યાગથી અને પુણ્ય સેવનથી જ થઈ શકે. આજથી ૨૦૦ વર્ષ પહેલા મોતીશા શેઠે જીવનના અંતકાળે તમામ કરજદારોનું કરજ માફ કર્યું હતું. જગડુશાએ ૩-૩ વર્ષના દુકાળમાં વિના મૂલ્યે અનાજ વહેંચ્યું હતું. સાર એ જ કે પુણ્ય કર્મોને પાપ કર્મો સાથે લડાવી મારીને, પાપ કર્મોને ખતમ કરી નાખીને મુક્તિ પામીએ.

વીર પ્રભુના ૬ સંદેશ (મૂક ઉપદેશ), ૩ ઉપદેશ જાણ્યા પછી એક પ્રેરણાદાયી આદેશને સમજીએ. પ્રભુ કહે છે, 'હે પુણ્યાત્માઓ! તમારા હૃદયને સાવ સરળ રાખો. કદી દંભ ન કરવો.'

આ દુનિયાની સૌથી મોટી ટ્રેજેડી કઈ? એક મનોવિજ્ઞાની કહે છે કે માણસ જિંદગીભર પોતાને એવો જ ખરેખર તે પોતે હોતો નથી. મેકઅપ, શણગાર અને બાહ્ય ટાપટીપથી સ્ત્રી કે પુરુષ જે પોતે નથી એવા દેખાવા મથતા હોય છે. ઘણા કહેવાતા મોટા માણસો બહારથી સંસ્કારી મહોરુ પહેરીને ફરતાં હોય છે પણ ભીતર તો દંભ જ દંભ. નિખાલસતા, સરળતા, પારદર્શકતા જાણે ધર્મગ્રંથોમાં પડેલા શબ્દો બનીને રહી ગયા છે. આજનો માણસ જીવનને જાણે નાટક સમજીને અભિનય દ્વારા દંભ કરે છે. સાંસારિક સંબંધોમાં કે વિતરાગી સાધનામાં જો સરળતા નહીં હોય તો સહજતા નહીં આવે. જ્યાં સહજતા નથી ત્યાં સાધના પણ એક મથામણ બની રહે છે. નહીં કે સ્વયંસ્ફુરિત, સ્વયં પ્રકાશિત. નાનું બાળ એકદમ સરળ હોય છે, નિખાલસ હોય છે, નિર્દોષ અને પારદર્શક હોય છે. એટલે જ તેને ભગવાનનું સ્વરૂપ કહ્યું છે. પુખ્ત વ્યક્તિ વિશે આવું સચોટ કહી શકાય ખરું?

*પૂજ્યશ્રીના પુસ્તકમાંથી*

*પ્રેષક : ધર્મબોધિ વિ.*

**સૌજન્ય : શ્રી વડોદરા કચ્છી અચલગચ્છ જૈન સંઘ**

## અચલગચ્છની ઉન્નતિ માટે અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ. શ્રી ગુણસાગરસૂરીશ્વરજી મ.સા.નો

# શુભ સંદેશ

આજના વિષમ વાતાવરણમાં જ્યારે ગચ્છની ગરિમાને ચોતરફથી ફટકા લાગી રહ્યા છે ત્યારે પૂજ્યશ્રીના સ્વહસ્તે લખાયેલ 'અચલગચ્છની ઉન્નતિનું દિગ્દર્શન'માં ૧૫ મુદ્દાનો કાર્યક્રમ ઘણો સૂચક બની જાય છે. પૂજ્યશ્રીની પ્રતિકૃતિ સાથે સ્વહસ્તાક્ષરોથી પ્રગટ થયેલી પ્રિન્ટનું વાંચન કરી - ચિંતન કરી - મનન કરીને ગચ્છના વડીલો અને આગેવાનો સાથે મળીને નક્કર કાર્ય કરશે તો પ્રયત્ન સાર્થક થયેલો ગણાશે. પૂજ્યપાદશ્રી આ.ભ.શ્રીની ભાવના મુજબ અચલગચ્છ ચતુર્વિધ સંઘ એક થઈ ધર્મ-સંયમ - શુદ્ધિ અને વૃદ્ધિમાં જાગૃત બનીને પૂજ્યશ્રીના જન્મ શતાબ્દિ વર્ષને સાર્થક બનાવી જિનશાસનનો જયજયકાર કરીએ.

અચલગચ્છ એ અખિલ જૈન શાસન ભલે ન કહેવાય પરંતુ જૈન શાસનનું એક કિંમતી અંગ જરૂર છે જ. એટલે એ ગચ્છની ઉન્નતિ કરીએ, એ દ્વારા જૈન શાસનની ઉન્નતિ કરવામાં આપણે મોટો ફાળો આપીએ.

**એ ગચ્છની ઉન્નતિ કેમ થાય? એ ગચ્છના....**

(૧) સાધુ-સાધ્વીઓની ઐક્યતા થાય અને એ ટકી રહે એવી વ્યવસ્થા કરવાથી.

(૨) સાધુ-સાધ્વીઓની શક્ય સર્વે પ્રયત્નો કરી સંખ્યાની વૃદ્ધિ કરવાથી.

(૩) સાધુ-સાધ્વીઓ માટે કાયમી અભ્યાસની વ્યવસ્થા કરાવી એમને સમર્થ વિદ્વાન, વક્તા, લેખક, વિવેચક, સંશોધક, પ્રચારક બનાવવાથી અને એમના મારફત દરેક સ્થળે સતત ઉપદેશ થયા કરે એવી વ્યવસ્થા કરવાથી.

(૪) સાધુ-સાધ્વીઓનું દર વર્ષે એક વખત સંમેલન અને એમાં નિર્ણિત થયેલ પ્રવૃત્તિઓ કરવાથી.

(૫) પૂર્વાચાર્યાદિઓએ રચેલા ગ્રંથાદિ સાહિત્ય મેળવી પ્રકાશમાં લાવવાથી.

(૬) પૂર્વાચાર્યાદિના ઉપદેશથી થયેલ તીર્થ જિનાલય, જિનપ્રતિમા, ઉપાશ્રય, જ્ઞાનભંડાર, જ્ઞાનશાળાદિને પ્રકાશમાં લાવવાથી.

(૭) પ્રભાવશાળી પૂર્વજોના જીવન અને કર્તવ્યોને પ્રકાશમાં લાવવાથી.

(૮) શક્તિશાળી વ્યક્તિઓ હોંશથી ગચ્છની ઉન્નતિનું કાર્ય કર્યા કરે એવું પ્રોત્સાહન આપતા રહેવાથી.

(૯) સાધુ-સાધ્વીઓનો દરેક સ્થળે સત્કાર થતો રહે અને એમના સંસર્ગમાં બધા વિશેષ કરીને આવતા રહે એમ કરવાથી.

(૧૦) અબાલ-વૃદ્ધ-શ્રાવક-શ્રાવિકાઓ દરેક સ્થળોમાં ધાર્મિક જ્ઞાન મેળવતા રહે અને એ સંઘમાં પણ વિદ્વાનો - વક્તાઓ - સર્જકો - સંશોધકો - પ્રચારકો બનતા રહે એવી વ્યવસ્થા કરાવવી.

(૧૧) દરેક સ્થળોના શ્રાવક-શ્રાવિકાઓના સ્થળ સંખ્યાની નોંધણી કરી એ બધા સાથે સમાચાર સંપર્ક પણ રહ્યા કરે એવી વ્યવસ્થા કરવાથી.

(૧૨) સાધુ-સાધ્વીઓના ઉપદેશથી કે નિશ્રામાં થતા કે ગચ્છના અન્ય સ્થળોમાં થતા ધાર્મિક મહોત્સવાદિ કર્તવ્યોની ગચ્છના બધાને ખબર મળ્યા કરે એવી વ્યવસ્થા કરવાથી.

(૧૩) શ્રાવક-શ્રાવિકાઓ ગચ્છની ઉન્નતિના ફંડમાં દરરોજ માથા દીઠ કાંઈ આપતા રહે અને ગચ્છની ઉન્નતિ કરવામાં લક્ષ આપતા રહે એવી વ્યવસ્થા કરવાથી.

(૧૪) શક્તિશાળી વ્યક્તિઓની બનાવેલી સમિતિ મારફત ગચ્છની ઉન્નતિના એ બધા કાર્યો તરફ સતત લક્ષ આપી કાર્યો કરાતા રહેવાથી અને એ માટે મોટું ફંડ કરવાથી.

(૧૫) આવી વ્યવસ્થા ન હોય ત્યારે અથવા આવી વ્યવસ્થામાં ઢીલાશ આવી હોય ત્યારે તાત્કાલિક ગચ્છના ચતુર્વિધ સંઘનું એક જનરલ સંમેલન ભરી યોગ્ય નિર્ણયો લઈ આવી વ્યવસ્થા વ્યવસ્થિત રીતે ચાલુ કરી દેવાથી.

**એ ગચ્છની ઉન્નતિ થાય.**

અચલગચ્છના ચતુર્વિધ સંઘના દરેક સભ્યોએ સ્વગચ્છ ઉન્નતિ કરી શાસન સેવા કરવાની તીવ્ર ઈચ્છા હોય જ એટલે મારી ભલામણ છે કે બધા સ્વગચ્છની ઉન્નતિ કરવા ઉપરોક્ત કાર્યો કરવા તૈયાર થઈ જાય.

***લિ. આ. ગુણસાગરસૂરિના ધર્મલાભ.***

શ્રી સંઘો - મહાજનો - જૈન સંસ્થાઓ તથા વ્યક્તિગત શ્રાવક - શ્રાવિકાઓને વિનંતી કે પૂજ્યશ્રીના આ શુભ સંદેશ ઉપર વિચારણા - ચિંતન - મનન કરીને પૂજ્યશ્રીના જન્મ શતાબ્દિ વર્ષને ચેતનવંતુ બનાવીએ. જે માટે પૂજ્યશ્રીએ સ્થાપેલ શ્રી અખિલ ભારત અચલગચ્છ (વિધિપક્ષ) શ્વે. જૈન સંઘને શક્તિશાળી બનાવવાનું છે. જે માટે સંઘો - મહાજનો - સંસ્થાઓએ તથા વ્યક્તિગત વ્યવસ્થાપક સમિતિના કાયમી સભ્ય બની રૂા. ૧૦,૦૦૧/- અંકે રૂપિયા દસ હજાર એક ભરીને વધુમાં વધુ શ્રી સંઘના કાયમી સભ્ય બનાવી શ્રી અખિલ ભારત અચલગચ્છ સંઘનો પાયો મજબૂત કરીએ. અચલગચ્છની ગરીમાને અખંડ રાખવા કટીબદ્ધ બનીએ.

**સૌજન્ય : શ્રી વડોદરા કચ્છી અચલગચ્છ જૈન સંઘ**

# ભક્તિ, પવિત્રતા અને જીવ સેવાનું તીર્થ : પાવાપુરી

• નરેશ અંતાણી •

તાજેતરમાં મુંબઇ સ્થિત મહાવીર જૈન વિદ્યાલય અને રૂપ માણેક ભણસાલી ચેરિટેબલ ટ્રસ્ટના સૌજન્યથી રાજસ્થાનના પાવાપુરી તીર્થમાં ૨૧મા જૈન સાહિત્ય સમારોહમાં હાજરી આપવાનું બન્યું. દેશભરમાંથી જૈન સાહિત્ય પર સંશોધન કરતા ૨૨૫થી વધારે સાહિત્ય સર્જકો અને સાહિત્ય રસિકોની હાજરી અને તેમાં ૧૦૦ વિવિધ વિષયો પર શોધ નિબંધો રજૂ થયા. આ એક વિક્રમ ઘટનાના સાક્ષી બનવાનું નસીબ થયું. પાવાપુરી જૈન તીર્થ પણ એક સુંદર અને રમણીય તીર્થ સ્થાન છે.

દેશના ઉત્તર-પશ્ચિમ ભાગમાં રાજસ્થાનની અરવલ્લીની ગિરિકંદરાઓના શાંત અને સુંદર વાતાવરણની વચ્ચે શિરોહીની આસપાસ ૧૪ સુંદર જૈન મંદિરો આવેલા છે. પાવાપુરી તીર્થ પણ તે પૈકીનું એક છે. અહીં આવતા ભક્તોને પ્રેમ, શાંતિ અને આનંદની અનુભૂતિ થાય છે. આજ પરંપરાઓ નવી પેઢીમાં પણ જળવાય અને તેને પણ આંતરિક સુખ અને શાંતિ મળે એ હેતુથી કે.પી. સંઘવી ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા પાવાપુરી તીર્થ અને જીવમૈત્રી ધામનું નિર્માણ કરાયું છે.

આ તીર્થ આબુ રોડથી ૬૦ કિલોમીટર દૂર છે. રેલવે માર્ગે આબુરોડ ઉત્તરી ખાનગી તથા જાહેર પરિવહન દ્વારા કરોટી થઇને અહીં પહોંચાય છે, જ્યારે રોડ માર્ગે કંડલા-દિલ્હી વાયા ડીસા રાષ્ટ્રીય ધોરીમાર્ગ પર શિરોહી જિલ્લાના ક્રિષ્ણાગંજ ગામ પાસે આ તીર્થ આવ્યું છે.

તા. ૩૦મી મે, ૧૯૯૮ના ૫૦૦ વિઘા જમીનના વિસ્તારમાં વિશાળ સંકુલના નિર્માણનું કાર્ય હાથ ધરાયું. માત્ર અઢી વર્ષના ટૂંકા સમય ગાળામાં ૪૦૦થી વધારે શિલ્પકારો અને કારીગરોની ખૂબ જ મહેનત ખંતથી કાર્ય સંપન્ન કરાયું અને તા. ૭મી ફેબ્રુઆરી ૨૦૦૧ના મૂળ જિનાલયમાં શંખેશ્વર પાર્શ્વનાથની પ્રતિમાની પ્રાણ પ્રતિષ્ઠા કરવામાં આવી. સમગ્ર મંદિર સંકુલ ૩૧,૦૦,૦૦૦ ચોરસ ફૂટ વિસ્તારમાં ફેલાયેલું છે. જેમાં મંદિરો, અતિથિ ગૃહો, બાલવાટિકા, ઉપાશ્રય, આરાધના ભવન, સ્વાગત કક્ષ તથા મુખ્ય વહીવટી કચેરી આવેલી છે.

**શિલ્પ સ્થાપત્યથી પ્રચૂર સમગ્ર પાવાપુરી તીર્થ ભારતીય સંસ્કૃતિનું એક સુંદર પ્રતીક બની ગયું છે.** જે પવિત્રતા અને મૂલ્યબોધ કરાવે છે. સમગ્ર સંકુલ મન, શરીર અને આત્માને શાંતિ પહોંચાડે એટલું પવિત્ર છે. અહીંના મૂળ નાયક શંખેશ્વર પાર્શ્વનાથના મંદિરની વાત કરીએ તો રાજસ્થાનના સુંદર શ્વેત આરસ પહાણ અને પથ્થરથી શિલ્પાકૃત મંદિર ૬૮ ફૂટ લાંબુ અને ૪૭ ફૂટ ઊંચું છે જેમાં ૬૯ ફૂટ ઊંચી સુંદર અને મનોહર શંખેશ્વર પાર્શ્વનાથ ભગવાનની પ્રતિમા સ્થાપિત કરાઇ છે. મંદિરનું મુખ્ય પ્રવેશ દ્વાર પણ ખૂબ જ આકર્ષક છે. મંદિર સંકુલમાં વીર મણીભદ્રજી, નાકોડા ભૈરવજી, પદ્માવતી, ઓશવાલોના કુળદેવી સચ્ચિયા માતા તથા મા સરસ્વતીના મંદિરો પણ પ્રસ્થાપિત કરાયા છે. તો બાજુમાં જ આસપાસ જળરાશીથી ઘેરાયેલું સુંદર વિશાળ જળ મંદિર પણ નિર્માણ કરાયું છે. જેની પ્રતિષ્ઠા આચાર્ય હેમચંદ્રસૂરિશ્વરજીએ ૨૦૦૯માં કરી છે.

ઘટાટોપ વૃક્ષોથી આચ્છાદિત સમગ્ર પરિસરમાં વિશાળ ઉદ્યાન, સરોવર તૈયાર કરાયાં છે જે અહીંની પ્રકૃતિની શોભામાં વધારો કરે છે. અહીંની પાણીની જરૂરિયાત માટે ચેકડેમ તૈયાર કરાયો છે જેમાં વરસાદી પાણીનો સંગ્રહ કરવામાં આવે છે.

સંકુલની દરેક વ્યવસ્થા, આયોજન અહીં આવતા ભાવિકો અને પ્રવાસીઓને આરામદાયક રહે તેવી સુવિધાપૂર્ણ રીતે તૈયાર કરવામાં આવી છે. જેથી અહીં આવનાર પ્રત્યેક જણ માનસિક શાંતિ અને મધુર સંસ્મરણો સાથે લઇને જાય.

યાત્રિકોને રહેવા માટે જુદા જુદા વિશાળ અને દરેક આધુનિક સુવિધા સંપન્ન અતિથિ ગૃહો – યાત્રિક ભવન, શાંતિ વિશ્રામ ગૃહ, ગોયન્કા વિશ્રામ ગૃહ અને કનિમાં વિશ્રામગૃહ તૈયાર કરાયા છે. જેમાં કેટલાક ખંડો વાતાનુકૂલિત પણ છે. પ્રત્યેક ખંડ સ્વચ્છ પથારી, હવા ઉજાશવાળા છે અને એટલે સુધી કે દરેક ખંડના બાથરૂમમાં નેપકીન, સાબુ સહિતની સુવિધા અપાય છે. ગરમ પાણીની પણ સગવડ આપવામાં આવે છે. સુંદર અને સ્વચ્છ ભોજનશાળામાં જૈન સમાજના સિદ્ધાંતો પ્રમાણે સાત્વિક ભોજન પીરસવામાં આવે છે. આ ઉપરાંત અહીં પૌષધશાળા, આરાધના ભવન, સાધના કેન્દ્ર, વિહાર કરતા જૈન સાધુ-સાધ્વીઓ માટે ઉપાશ્રય વગેરે પણ સંકુલની શોભામાં વધારો કરે છે. બાળકો માટે બાલ વાટિકામાં રમત ગમતના સાધનોની પણ સગવડ છે. વૃદ્ધો અને અશક્તો માટે વ્હીલ ચેરની પણ સગવડ આપવામાં આવે છે. સમગ્ર સંકુલના પરિભ્રમણ માટે ઘોડા અને ઊંટ સવારી, વિક્ટોરિયા, ઑપન કાર અને બેટરી કાર જેવા સાધનો પણ યોગ્ય દરે ઉપલબ્ધ કરાવાય છે.

ભક્તિ અને આરાધનાની સાથે જીવદયાનું પણ સુંદર કાર્ય અહીં કરાય છે અને આ માટે ૭૧,૦૦,૦૦૦ ચોરસ ફૂટ જેટલા વિશાળ વિસ્તારમાં સુંદર જીવ સુરક્ષા કેન્દ્ર પણ ચલાવાય છે, **અહીંની વિશાળ ગૌશાળામાં બીમાર, વૃદ્ધ, અશક્ત, અપંગ, નિરાધાર ૬૦૦૦થી વધારે ગાયોની સેવા કરાય છે.** તેમાં કેટલાંય અનાથ વાછરડાંઓ પણ છે, જેને બોટલ વડે દૂધ પાઇ ઉછેરવામાં આવે છે. આ

**(અનુસંધાન : જુઓ પાના નં.-૨૫ ઉપર)**

*જ્યારે પોતે પોતાના દોષ જોશે ત્યારે બીજાના દોષ જોવાની નવરાશ નહિ રહે.*

# મંગળ અને મંગળદોષ વિશે કેટલીક ગેરમાન્યતાઓ

• મનોજ શુક્લ •

જેમના દીકરો કે દીકરી પરણવાલાયક ઉંમરે પહોંચ્યા હોય તેવાં મા-બાપની પહેલી ચિંતા પોતાની સુકન્યા કે પોતાના સુપુત્ર માટે યોગ્ય પાત્ર શોધવાની હોય છે. આ યાત્રામાં સૌથી મોટું વિઘ્ન જો કોઇ હોય, તો તે સંતાનની કુંડળીમાં પહેલા, ચોથા, સપ્તમ્, આઠમા કે દ્વાદશ ભાવમાં પડેલો 'મંગળ' હોય છે. આ ગ્રહનું નામ જ કેવું સરસ છે! મંગળ-એટલે કે મંગલ. **શુભ નામ અને શુભ તાકાત ધરાવતા આ ગ્રહ માટે ઘણી બધી ગેરસમજો પ્રવર્તે છે.** આ અંગે કર્મે ઇજનેર અને શોખથી ઊંડો અભ્યાસ કરીને જ્યોતિષાચાર્ય બનેલા કવિમિત્ર પરેશભાઇ પટેલ સાથે લાંબી ચર્ચા કરીને જે મેળવ્યું છે તે અહીં મૂકવું છે અને મંગળની ઉપરોક્ત ભાવમાં હાજરી માત્રથી થરથરી જતા સૌને ધરપત આપે તેવી કેટલીક આશ્વાસક વાતો પહોંચાડવી છે.

મંગળ ગ્રહની ઉત્પત્તિ પુરાણોમાં દર્શાવ્યા અનુસાર એવી છે કે ભગવાન ભોળાનાથ તારકાસુર નામના રાક્ષસ સાથે યુદ્ધ કરતા અને તેનો વધ કરતા ત્યારે તેના રક્તમાંથી અનેક રાક્ષસો ઉત્પન્ન થતા. ફરી શિવજી તે સૌનો સંહાર કરતા અને ફરી પાછી એ જ ઘટના બનતી. આ દરમિયાન ભગવાન શિવનો પ્રસ્વેદ (પરસેવો) પૃથ્વી ઉપર પડ્યો. અહીં ભુવનેશ્વરી એટલે કે ભૂમિમાતાના પ્રસ્વેદ સાથે તેનો સંયોગ થતાં તેમાંથી મંગળ દેવતા પ્રગટ થયા. આ મંગળ દેવતાએ રાક્ષસ તારકાસુરનું રક્ત પી જઇ તેના ત્રાસમાંથી સર્વને મુક્તિ અપાવી. આવા પ્રતાપી મંગળ માટે સ્કંધ પુરાણમાં પ્રાર્થના કરવામાં આવી છે કે -

*'ધરણી ગર્ભ સંભૂતમ્, વિધુત્ કાંતિ સમપ્રભમ્*
*કુમારમ્ શક્તિ હસ્તમ્ ચ,*
*મંગલમ્ પ્રણમ્યામ્ અહમ્.'*

અર્થાત્: ભૂમિપુત્ર, વિદ્યુત જેવી આભાવાળા, પરમકુમાર સ્વરૂપ, અદમ્ય શક્તિ ધારણ કરનાર એવા મંગલકર્તા મંગળદેવને મારા પ્રણામ. **જેમની વિશે આવી સુંદર સ્તુતિ થઇ છે એવા મંગળદેવ સ્વયં અમંગળના કર્તા છે તેવો કાલ્પનિક ભય જ્યોતિષશાસ્ત્રમાં શ્રદ્ધા ધરાવતા સર્વ લોકોમાં વ્યાપ્ત છે.** આવો ભય આશ્ચર્યકારક છે કારણ કે આપણા જ્યોતિષશાસ્ત્રના મહાગ્રંથો મહર્ષિશ્રી પરાશર રચિત 'માનસાગરી'માં અને મહર્ષિશ્રી ભૃગુની 'ભૃગુસંહિતા'માં તથા સત્તરમી સદીમાં થયેલા મેધાવી મહર્ષિશ્રી વારાહમિહિરજીના 'બૃહદ્ સંહિતા'માં ક્યાંય પણ મંગળદોષનો કોઇ જ ઉલ્લેખ છે જ નહીં. આમ, જ્યોતિષશાસ્ત્રના પૌરાણિક ગ્રંથોમાં કોઇ પણ જગ્યાએ કુંડળીમાં પાંચ સ્થાનોમાં પડેલ મંગળથી દોષ થાય તેવો કોઇ લેખિત આધાર નથી. તો પછી આ મંગળ દોષની ભ્રામક માન્યતા આવી ક્યાંથી? જવાબ એવો છે કે ભારતમાં સંયુક્ત કુટુંબની પ્રથા વ્યાપ્ત હતી અને આ વ્યવસ્થામાં પુરુષપ્રધાનતાની બોલબાલા હતી. જેમાં સંયુક્ત કુટુંબમાં વહુ થઇને આવનાર દીકરીને શરણાગતિ સ્વીકારનાર, સામો જવાબ ન આપનાર, કહ્યાગરી અને સર્વનું સહન કરનાર પાત્ર તરીકે જ સ્વીકારવામાં આવતી. તેથી એ યુગમાં સંભવિત વહુ થઇને આવનાર કોઇ કન્યાની કુંડળીમાં કહેવાતો મંગળદોષ હોય તો તેને નકારવામાં આવતી. તેનું કારણ એ કે જે કન્યાની કુંડળીમાં એક, ચાર, સાત, આઠ કે બારમા સ્થાનમાં મંગળ હોય તે વ્યક્તિને મંગળના સદ્‌ગુણો મળે. મંગળના સદ્‌ગુણો ક્યા? તો કહી શકાય કે **નીડરતા, સ્પષ્ટવક્તાપણું, ન્યાયપ્રિયતા, તલસ્પર્શી સૂઝ, કુશાગ્ર બુદ્ધિ અને બહાદુરી એ મંગળના ગુણો છે.** હવે આવી તાકાતવાળી કન્યા સંયુક્ત કુટુંબમાં સમાય? ના. એટલે આ મંગળનું તૂત ચલાવાયું હશે અને તે બહાના હેઠળ તેજસ્વી કન્યાને નકારવામાં આવતી હશે. મંગળવાળા દીકરા વિશે એવું છે કે આવા ગુણો ધરાવતા પુરુષને કન્યા ન આપવી કારણ કે તેની તેજસ્વિતાના ભાર હેઠળ સાદીસીધી કન્યા દબાઇ જાય. એટલે કે મા-બાપો સ્વાર્થી થઇને આવા મુરતિયાઓને જતા કરતા હશે.

**આ મંગળ ગ્રહથી ડરવાની બિલકુલ જરૂર નથી કારણ કે મંગળ સદૈવ મંગલકારક હોય છે.** મંગળ યુવક કે યુવતિની કુંડળીમાં સપ્તમ્ સ્થાન સંબંધિત હોય અને તેના સહોદરને શનિ-ગુરૂ જેવા ગ્રહ સપ્તમ્ સ્થાન સંબંધિત હોય તો સોનામાં સુગંધ જેવો શક્તિ અને બુદ્ધિનો સુભગ સંયોગ થાય. મંગળ સાથે ચંદ્ર હોય તો લક્ષ્મી યોગ બને. મંગળ સાથે શનિ હોય તો શક્તિ અને સંયમનો સરવાળો થાય અને જાતક સો ટકા પરફેક્ટ બને. મંગળ સાથે શુક્રના સંયોગથી નૃત્ય અને વિવિધ કળામાં પ્રવીણ બને. મંગળ અને બુધની યુતિના શુભ સંયોગથી જાતક સ્પષ્ટવક્તા અને વિચક્ષણ બને. મંગળ સાથે ગુરૂ સંયોગાય ત્યારે જાતક મેધાવી અને સ્થાવર મિલકતનું સુખ પ્રાપ્ત કરનાર તથા સ્થિર બુદ્ધિવાળો બને. મંગળ સાથે સૂર્યના યોગથી ખોટા અને અસત્યનો તત્કાલ નાશ કરવાવાળો જાતક બને છે. **અહીં ખાસ નોંધવાનું એ છે કે સમગ્ર કુંડળીનું કોઇ એક ગ્રહના આધારે મૂલ્યાંકન ન કરી શકાય.**

જો કોઇ જાતકની જન્મકુંડળીમાં મંગળનું બળ ઓછું હોય તો તેવા જાતક નીરસ, નિરુત્સાહી, કહ્યાગરા, ખોટું સહન કરનારા, અન્યાય સામે ઝૂકી જનાર અને શક્તિવિહીન હોય છે. જ્યારે જાતકની કુંડળીમાં પ્રબળ મંગળ ધરાવનાર જાતક શક્તિશાળી, ઉત્સાહી,

**(અનુસંધાન : જુઓ પાના નં.-૩૩ ઉપર)**

*આપણે સીધા થવાની જરૂર છે સાધુ થવાની જરૂર નથી.*

# શાળા પ્રવેશસ્ય પ્રથમ દિવસે...

• ભદ્રાયુ વછરાજાની •

શાળા-કૉલેજોમાં વેકેશન પડે ત્યારે જેટલો આનંદ વિદ્યાર્થીઓને થાય છે એટલો આનંદ વેકેશન પૂરું થાય અને ફરી એ જ શાળામાં જવું પડે ત્યારે થાય છે ખરો? પ્રશ્ન જરા ફેરવીને પૂછીએ : વેકેશન પૂરું થયા પછીનો પ્રથમ દિવસ એટલો બધો ક્રિએટિવ હોય છે ખરો કે બાળકને બીજા જ દિવસથી શાળામાં દોડી જવાનો ઉમળકો થાય?... સામાન્ય રીતે તો શાળા પ્રવેશસ્ય પ્રથમ દિવસે નવો યુનિફૉર્મ ઠઠાડી રૂપકડા થઇ સ્કૂલે જવાનું, કેટલાક નવા ને કેટલાક જૂના મિત્રોને મળવાનું, નહીં ચોપડા, નહીં મસમોટું દફતર, નહીં આજે ઝાઝું ભણવાની ઝંઝટ! ડાહી ડાહી વાતો પ્રાર્થનામાં થાય, ક્લાસમાં હજી ન ગોઠવાયેલો માહોલ અને ત્યાં તો અર્ધા દિવસે રિસેસ પડે ત્યાં લાંબો ઘંટ વાગે ને છૂ...ઇ...ટા... પહેલો દિ' પૂરો! દોડમદોડ ઘર ભેગા, કાલની વાત કાલે!... સામાન્ય શાળાઓનો આ જ તાસીરો હોય છે. વિદ્યાર્થીના માતા-પિતાને ખબર જ હોય કે આજે તો પહેલે દિવસે બધું ઉભડક ઉભડક, અર્ધા દિવસનું કામ! વર્ષની શરૂઆત જ ઉભડક ઉભડક? જેની શરૂઆત અધકચરી, તેની યાત્રા કેવી હોય?

**પરંતુ સાચુકલા શિક્ષણપ્રેમીઓ શાળાની હર પળને સર્જનાત્મક બનાવવા આજે પણ મથે છે.** દક્ષિણ ગુજરાતની એક શાળા ગ્રાન્ટેડ હોવા છતાં જાણે કે 'મસ્તી કી પાઠશાલા' છે. દર વર્ષે કશુંક નવું ન કરે તો તે શાળાના આચાર્ય અને શિક્ષકોને સોરવે નહીં. આ વર્ષે અગિયાર જૂને એ શાળાની સ્થાપનાને સત્તાવીસ વર્ષ થતાં હતાં, એટલે કંઇક 'હટકે' કરવાનો વિચાર સૌને આવ્યો. **શાળા પ્રવેશના પ્રથમ દિવસે વિદ્યાર્થીઓ અને શિક્ષકો સ્કૂલમાં ન આવે અને સમાજમાં સ્કૂલ દરવાજે દરવાજે જાય એવું કંઇ કરીએ તો?**

આ શાળાના સંચાલક વર્ષો પહેલાં સુરતની એક સુંદર બી.એડ્. કૉલેજના પ્રાધ્યાપક હતા. તેમાંથી રાજીનામું આપી સ્કૂલ સ્થાપી, વિકસાવી, બેનમૂન બનાવી. એ શાળાના વર્ષો સુધી આચાર્ય રહ્યા ને પછી નિવૃત્ત થઇ 'નડે કે કનડે નહીં' એવા પથદર્શક તરીકે આજે જીવે છે. શાળાના આચાર્ય જુવાન-ઉત્સાહી. વર્ષોથી આ જ શાળામાં શિક્ષક હતા. એમને સ્કૂલ પોતિકી લાગે. શિક્ષકો પણ હસમુખા, તરવરાટવાળા, હળવા ફૂલ, ક્રિએટિવ પાક્કા. આમ, ભાગ્યે જ જોવા મળે તેવી ત્રિવેણી શાળાને મસ્તી કી પાઠશાલા બનાવવામાં પ્રવૃત્ત. સૌ છેલ્લા દોઢ મહિનાથી કસરત કરવા લાગ્યા - શાળા પ્રવેશસ્ય પ્રથમ દિવસે નવું-રચનાત્મક-સર્જનાત્મક-લાગણીભર્યું શું કરીએ? કેટલાક શિક્ષકમિત્રોએ વિચાર આપ્યો કે, છેલ્લાં સત્તાવીસ વર્ષોથી આપણે ભરૂચમાં વસ્યા છીએ ને વિકસ્યા છીએ તો ભરૂચ શહેર પ્રત્યેનું ઋણ અદા કરીએ તો? માસ્તરોએ હોમવર્ક આદર્યું. ભરૂચની પાયાની સેવા સંસ્થાઓ, સમાજ સંસ્થાઓની યાદી બનાવી પૂછ્યું : **'અમે અને અમારા વિદ્યાર્થીઓ આપની સંસ્થામાં નાના જૂથમાં એક દિવસ ગાળીએ તો?** અમે તમારે ત્યાં શી મદદ કરી શકીએ?' જવાબો મળતા ગયા. જે સંસ્થાને પૂછ્યું તે સૌને આનંદ થયો. સરકારી દવાખાનામાંથી જવાબ મળ્યો : 'તમારા વિદ્યાર્થી કેસ કાઢવામાં, વ્યવસ્થા જાળવવામાં મદદ કરી શકે. **અરે! કેટલાક નાના વિદ્યાર્થીઓ અમારા વડીલ દર્દીઓને મળીને ખાલી વાતો કરે, તેઓને બહુ ગમશે!'** ભરૂચની જેલ, અપંગગૃહ, વૃદ્ધાશ્રમ, હોસ્પિટલો, રિમાન્ડ હોમ, જાહેર પુસ્તકાલયો વગેરે કેટલીય સંસ્થાઓમાં શાળા પ્રવેશસ્ય પ્રથમ દિવસ વીતાવવાનું પાકું આયોજન થયું.

વિદ્યાર્થીઓ પ્રથમ દિવસે નાના જૂથમાં એક એક વિદ્યાર્થી નેતા અને એક શિક્ષક સાથે ઊપડ્યા સમાજમાં. જઇને પ્રવેશ્યા સમાજ નામની શાળામાં અને હળીમળી ગયા ત્યાં હતા તે સૌની સાથે. સાફસૂફ કર્યું, ક્લેરિકલ કામમાં મદદે લાગ્યા, કેટલાય દર્દીઓ/લાભાર્થીઓ સાથે મીઠી વાતો કરી. કેમ છો, કેમ નહીં પૂછ્યું ત્યાં તો લાગણીનો દોર ચાલ્યો. એક ફ્રેક્ચર થયેલ ભાઇને આ શાળાના ટબુડિયાએ પૂછ્યું : 'તમને શું થઇ ગયું?' 'બેટા, હું પડી ગયો એટલે ખાટલે છું.' ફરી સવાલ : 'કેમ કરતાં પડ્યા?', 'બેટા, આંબા પરથી કેરી ઉતારતો' તો ત્યાં હાથ છટક્યો તે સીધો નીચે. હાડકાં ભાગ્યાં.' (હવેનો સંવાદ ધ્યાન દઇને વાંચજો, પ્લીઝ)

પેલો ટબુડિયો અચાનક મોટો થઇ ગયો! પેલા દર્દીને સમજાવવા લાગ્યો : 'ભાઇ, કેરી ઉતારવા ઝાડ પર થોડું ચઢાય? નીચેથી પથ્થર મારો એટલે કેરી હેઠી. કેરી ઝીલી લેવાની એમાં કઇ મોટી વાત?'... વાત સાંભળીને બહુ દર્દીમાં કણસતા પેલા દર્દીને ય હસવું આવ્યું, તે પથારીમાં બેઠા થઇ બાળરાજાને ભણાવવા લાગ્યા : 'બેટા, કેરી એમ પથરા મારે ન ઉતારાય, એના માટે તો આંબે ચડી એક પછી એક કેરીને એના ડીંટાં હાર્યે હાથેથી કાળજી લઇને વાડવી પડે, તૈંય કેરી પાકે...' હોસ્પિટલમાં એ પલંગની આસપાસ વિદ્યાર્થીઓનું ટોળું ગોળ ફરતું ગોઠવાઇ ગયું ને ત્યાં શરૂ થયો અનૌપચારિક ક્લાસરૂમ! શૈક્ષણિક નહીં, પણ અનુભવની લાયકાત ધરાવતા એક (અ) શિક્ષકે છોકરાઓને ઊલટથી બધું સમજાવ્યું. કેરીના આંબાવાડિયાથી લઇને આપણા હાથમાં કેરી ખાવા માટે આવે ત્યાં સુધીની યાત્રા કરાવી એ ખાટલામાં સૂતેલા દર્દીએ! **છોકરાઓ હોંશે હોંશે પૂછતા ગયા ને સમયપત્રક વગર**

*કુદરતનો ન્યાય એટલો છે કે જે લૂંટે છે, તે જ લૂંટાય છે.*

**ત્યાં વિજ્ઞાન, ભૂગોળ, રસાયણશાસ્ત્ર, પર્યાવરણ, અર્થશાસ્ત્ર, માર્કેટિંગ બધું ય શીખાતું ગયું!!...** એ લખવાની જરૂર છે ખરી કે આ વિદ્યાર્થીઓ અને શિક્ષકો પ્રથમ દિવસે જીવન જીવતાં શીખ્યા?... આ તો એક અનુભવ ટાંક્યો છે, આ પ્રયોગ વિષે તો નાનું પુસ્તક થઇ શકે!... કેટલાક વિદ્યાર્થીઓ વૃદ્ધ દાદા-દાદી સાથે વૃદ્ધાશ્રમમાં વાતોએ વળગ્યા તો બન્ને પક્ષે આંસુની ધારા વહી! પાંચમા ધોરણનો વિદ્યાર્થી બાળગૃહમાં જઇ નાનકડી ઢીંગલી જેવીને તેડીને ફરવા લાગે અને પોતાને બહેન નથી તે ભૂલી જાય... એવું ય બન્યું!... સાંજે સૌ લાગણી-પ્રેમ-હૂંફથી છલોછલ થઇ ઘરે ગયાં ત્યારે પ્રત્યેક ઘરમાં કલબલાટ અને કરુણાનું સામ્રાજ્ય હતું!!

આ શાળાને પચ્ચીસ વર્ષ થયાં ત્યારે તો અનેકાનેક આયામોને સ્પર્શતા કાર્યક્રમોની હારમાળા સર્જી હતી. હા, એ શાળા તે ભરૂચના દહેજ લિન્ક રોડ પર આવેલી એમિટી સ્કૂલ. તેના મુખ્ય સંવાહક શિક્ષણજીવ શ્રી રણછોડ શાહ. આ સંચાલક અને એમિટીના મૃદુ આચાર્ય પ્રકાશભાઇને હળવાશની પળોમાં જુઓ તો બન્ને જિગરી મિત્રો લાગે. શિક્ષકોની વચ્ચેથી પ્રકાશભાઇને શોધવા પડે! દૂધમાં સાકર ભળે તેમ હસતાં રમતાં એમિટી સ્કૂલ પરિવાર કેળવણીનું કામ કરે છે,.... ત્યારે તો વિદ્યાર્થીઓ માટે 'શાળા પ્રવેશસ્ય પ્રથમ દિવસ'નો અનુભવ કાલીદાસના 'આષાઢસ્ય પ્રથમ દિવસે'ની અનુભૂતિની લગોલગ ઊભો રહે છે! **શિક્ષક ક્રિએટિવ હોય તો શાળા પ્રવેશ જીવનભરનું ભાથું બની રહે... ફર્ક પડે છે, એક દિવસથી, એક નાના કાર્યથી, એક લાગણીભરી પહેલથી બાળકના જીવનમાં મોટો ફર્ક પડે છે, સાહેબ!**

પ્રવેશોત્સવના ઢોલ પીટવાને બદલે વિદ્યાર્થીના દિલને સ્પર્શી જાય એવું એકાદું પગલું, કાર્ય, કાર્યક્રમ દિલથી થાય તો? આદેશથી નહીં, સરકારી પરિપત્રથી નહીં... શિક્ષકની અંદર થતા ઉમળકાથી કોઇ શાળા સમાજમાં ભળી જાય, કોઇ વિદ્યાર્થી દર્દીના ખાટલે કે હોસ્પિટલના ઓ.પી.ડી.ની બારીએ કે રિમાન્ડ હોમનાં તરૂણોની વચ્ચે પહોંચી જાય.... તો તે પ્રવેશોત્સવ નથી શું? ઉત્સવમાં પણ નાવીન્ય જોઇએ. **હરપળ નવું નથી ઉમેરાતું તે સઘળું સડી જાય છે, પછી ભલેને તે શિક્ષક હોય કે જીવન!**

ઘૂઘવતા દરિયાનાં મોજાં સાથે કેટલીય સ્ટાર ફિશ કાંઠે ઠલવાતી હતી અને તરફડિયાં મારતી હતી. સ્ટાર ફિશના ઢગલા પાસે એક અલગારી ઊભો રહી એક એક તારા માછલીને જલદીથી દરિયામાં પાછી ફેંકી જીવન બક્ષતો હતો. તારા માછલીઓના ગંજ પાસે આ નાની કસરત કરનારને જોઇ કોઇ વિવેચકે કહ્યું : 'ભાઇ, આટલી બધી માછલીના ઢગલા વચ્ચે તમે એકને બચાવો એમાં શો ફરક પડે? તમે નકામી મહેનત કરો છો.' પેલા અલગારીએ જાણે કંઇ સાંભળ્યું જ નહીં. ફરી એક માછલી ઉપાડી તેણે દરિયામાં પાછી નાખી અને મનમાં ગણગણ્યો : **'તમને ન પડે તો કંઇ નહીં, પણ મને ફરક પડે છે અને આ એક માછલી અંદર ગઇને એને ય ફરક પડે છે...' શિક્ષણ એ વ્યવસાય નથી, સેવા છે.** યાદ રહે, આપણે સૌ અલગારી છીએ અને આપણાં ટચુકડાં પગલાંથી ફરક પડે છે...! એમિટી સ્કૂલને, રણછોડભાઇ શાહને, પ્રકાશભાઇને, શિક્ષકોને, નસીબદાર વિદ્યાર્થીઓને શુભેચ્છા પાઠવીએ કે કાયમ પેલા અલગારીની અદાથી નક્કર ફરક પાડ્યા કરજો...

*એકેડેમિક સ્ટાફ કોલેજ, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી*
*રાજકોટ-૩૬૦ ૦૦૫.*
*ફોન : (૦૨૮૧) ૨૫૭૭૬૭૯*
*(સૌજન્ય : ભૂમિપુત્ર, તા. ૧૬.૭.૨૦૧૨)*

# સંતત્વ

જેનું જીવન સાદું, જેનું મન પવિત્ર, જેની વાણી મધુરી અને જેનો વ્યવહાર પ્રેમમય તે સંત. જીવન વિકાસમાં મનની શક્તિનો સદુપયોગ તે મુખ્ય સાધન છે. મન બે જાતના છે : એક ઈશ્વરે બક્ષેલું ઊર્ધ્વગામી અને કોમળ. જે સહેજ પણ આંચકો, દબાણ કે અયોગ્ય વર્તનથી દુભાય છે. (Higher mind) બીજું, પતિત પરિણામી મન. જે વાંદરા જેવું ચંચળ છે અને આપણે તેને ખોટી રીતે કેળવેલું છે. (Lower mind) અહંકાર, મદ, લોભ, મત્સરથી ભરેલા બીજા મન દ્વારા વ્યક્તિ સ્વાર્થી, બનાવટી અને સ્વચ્છંદી બની પોતાની ઈચ્છા મુજબ જીવે છે અને ઈશ્વરે બક્ષેલા આત્મારૂપી ઉચ્ચ મનને સદાય દબાવી રાખે છે.

સાચા સંતો સદાય ઈશ્વરીય મનને અનુરૂપ જીવન જીવતા હોય છે. સાચો સંત પોતાને પીરસેલી થાળી ભૂખ્યાને આપી દેશે, ભક્તે ઓઢાડેલી શાલ ધ્રૂજતા ભિખારીને વીંટાળી દેશે અને ધનિકના દાનથી સદાવ્રત ચાલુ કરાવશે અથવા દવાખાના કે મંદિર આદિ નિર્માણ કરાવી પ્રજાના ધાર્મિક સંસ્કાર જાગૃત કરશે. સાચો સંત પોતાના સંપ્રદાયમાં, વાડામાં, મંદિર, મઠમાં કે શિષ્ય પરિવારમાં નહીં અટવાઈ જાય, કારણ તેને સર્વ પ્રાણીમાં પરમાત્માનું દર્શન થાય છે અને સમદૃષ્ટિને પ્રાપ્ત કરે છે. જે વ્યક્તિ સ્વાર્થી કે દંભી હોય, બે-ચાર ટુકડા અન્ન - વસ્ત્ર આપી કે નાનું-સૂનું દાન કરી પોતાના નામનો ધજાગરો કરશે. તેવી વ્યક્તિ સંત કેવી રીતે બની શકે?

સાચા સંત પોતે ભલે બહારમાં અજાણ અને ગુપ્ત જેવા લાગતા હોય, તો પણ તેમના અંતરંગ વ્યક્તિત્વની સુવાસ તેમના દ્વારા પ્રેરિત વિવિધલક્ષી સત્કાર્યો દ્વારા વહેલે કે મોડે પ્રસરતી જાય છે અને માણસને તેના જીવનમાં પ્રેમ, વિવેક, વાત્સલ્ય, સાહસ, સેવા - પરોપકાર, સંસ્કાર, નિષ્ઠા, ધીરજ, દાનશીલતા આદિ ઉચ્ચ સદ્‌ગુણોનો વિકાસ કરીને જીવને દિવ્ય બનાવવાની પ્રેરણા આપે છે.

*સાભાર : "જીવન મંજરી"*
*પ્રેષક : ચંદ્રકાંત દામજી શાહ (કે.ડી. શાહ) - અમદાવાદ*

*પોતાનો અહંકાર અને બુદ્ધિનો ડખો ખલાસ થઈ જાય ત્યારે માણસ પોતાનું કલ્યાણ કરે.*

# શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદનો ઇતિહાસ

## પ્રકરણ-૯

• સંકલન : પ્રતાપ નારાણજી દંડ •

## શાહીબાગ ખાતે શ્રી કચ્છી વિશ્રામ ગૃહનું ભૂમિ પૂજન અને ચેક અર્પણ વિધિ

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદનું ૩૬મું વાર્ષિક સ્નેહમિલન રવિવાર, તા. ૨૬-૯-૧૯૯૯ના રોજ યોજવામાં આવેલ હતું. સમારંભના અતિથિ વિશેષ તરીકે ક્રાઉન ટી.વી.વાળા શ્રી જગદીશભાઈ ઝવેરી તથા શ્રી બાબુભાઈ વેરશી નાગડા હતા. પધારેલા સૌ મહેમાનોના સ્વાગત બાદ શ્રી કચ્છી જૈન સેવા સમાજના તબીબી સારવાર કેન્દ્રની નવી નવ બ્રાંચોનું ઉદ્‌ઘાટન સમારંભના મુખ્ય અતિથિ વિશેષ શ્રી જગદીશભાઈ ઝવેરીએ મંગલ દીપ પ્રગટાવીને કરેલ હતું. યુરોલોજી, એન્ડોક્રાઈનોલોજી, ગેસ્ટ્રો એન્ટ્રોલોજી, કેન્સર, ન્યુરોફીઝિક્સ, મનોચિકિત્સા, કાર્ડિયોલોજી, પ્લાસ્ટિક સર્જરી વગેરે બ્રાંચોને જાહેર જનતા માટે ખુલ્લી મૂકવામાં આવી હતી.

સમાજના તેજસ્વી વિદ્યાર્થીઓને મહાનુભાવોના હસ્તે પુરસ્કાર તથા સન્માન પત્ર આપી સન્માનિત કરવામાં આવ્યા હતા. પર્યુષણ પર્વ દરમ્યાન આઠ ઉપવાસ કે તેથી વધારે તપસ્યા કરનાર તપસ્વીઓનું બહુમાન કરવામાં આવ્યું હતું. અંતે સ્વામિવાત્સલ્યના કાયમી દાતાઓ શ્રીમતી લક્ષ્મીબેન માવજી ધારશી ફુરિયા તથા શ્રીમતી સુશીલાબેન બાબુભાઈ નાગડાનાં સૌજન્યથી યોજેલ સ્વામિવાત્સલ્ય જમણનો લાભ સૌ આમંત્રિતોએ લીધો હતો.

શ્રી હીરાચંદ રતનશી માણેકજી છેડા કે જેઓ હીરા-રતન-માણેક તરીકે ઓળખાય છે, તેઓએ સૂર્ય ઊર્જા શક્તિ દ્વારા મનુષ્ય શક્તિ મેળવીને અનાજ વગર લાંબો સમય સુધી શારીરિક શક્તિ ટકાવી શકાય છે તેવું સંશોધન કરવાના હેતુથી ૪૧૧ ઉપવાસ કરવાની ભાવનાથી તા. ૧-૧-૨૦૦૦થી ઉપવાસ શ્રી કચ્છી જૈન ભવન - પાલડી ખાતે શરૂ કરેલ. તેઓએ અગાઉ તા. ૧૮-૬-૧૯૯૫થી તા. ૧૬-૧-૧૯૯૬ દરમ્યાન ૨૧૧ ઉપવાસની આરાધના કરેલ.

શાહીબાગ ખાતે જી.એમ.ડી.સી.ના સહયોગથી ખરીદ કરવામાં આવેલ પ્લોટ ઉપર શ્રી કચ્છી વિશ્રામ ગૃહનું નિર્માણ કરવા માટેનાં ચક્રો પૂરપાટ વેગે ગતિમાન કરી દેવામાં આવ્યા. પ્લોટ ઉપર વ્યવસ્થિત પ્લાન કરવા માટે આર્કિટેક્ટની નિમણૂક કરી દેવામાં આવી તથા બાંધકામ કરવા માટે કોન્ટ્રાક્ટરને પણ નક્કી કરી દેવામાં આવ્યા. બાંધકામ શરૂ કરતા અગાઉ ભૂમિપૂજન કરવા માટે તા. ૧૨મી ફેબ્રુઆરી તથા ૧૩મી ફેબ્રુઆરી, ૨૦૦૦નાં રોજ કરવું તેવું ટ્રસ્ટ મંડળમાં નક્કી થતાં તે અંગેની તૈયારી શરૂ કરી દેવામાં આવી. પ્લોટ ઉપર શ્રી કચ્છી વિશ્રામ ગૃહનાં વ્યવસ્થિત પ્લાન તૈયાર કરવામાં આવ્યા. ટ્રસ્ટ મંડળની મંજૂરી બાદ દાનની રકમ મેળવવા માટે નકરાઓ નક્કી કરવામાં આવ્યા.



*જી.એમ.ડી.સી. તરફથી શ્રી કચ્છી વિશ્રામ ગૃહ માટે ચેક અર્પણ વિધિ*

ભારતભરનાં વિવિધ શહેરોમાં વસતા જ્ઞાતિજનોને લગભગ ૪,૦૦૦ આમંત્રણ પત્રિકાઓ મોકલાઈ ગઈ. તદુપરાંત બહારગામના વિવિધ મહાનુભાવોને રૂબરૂ આમંત્રણ આપવા માટે સમાજના અગ્રણીઓની ટીમો ઠેર ઠેર ફરીને આમંત્રણો આપી આવી. તા. ૧૨-૨-૨૦૦૦ તથા તા. ૧૩-૨-૨૦૦૦ના યોજાનાર ભૂમિ પૂજનનાં કાર્યક્રમ માટેના અતિથિ વિશેષો નક્કી કરવામાં આવ્યા તથા બંને દિવસનો ભરચક કાર્યક્રમ નક્કી કરવામાં આવ્યો. સંસ્થાની પ્રણાલિકા મુજબ આ કાર્યક્રમ સફળતાપૂર્વક પાર પાડવા માટે વિવિધ સમિતિઓની રચના કરી દરેકને તેમની જવાબદારી સોંપી દેવામાં આવી.

આખરે ઇંતેજારની એ સોહામણી ઘડી આવી ગઈ. તા. ૧૨-૨-૨૦૦૦ના રોજ શ્રી કચ્છી જૈન ભવન - પાલડી ખાતે પ્રથમ જી.એમ.ડી.સી. તરફથી ચેક અર્પણની વિધિનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. આ તબક્કે ગુજરાત ખનિજ વિકાસ નિગમના ચેરમેન શ્રી મૂકેશભાઈ ઝવેરીએ પોતાના સહ ડાયરેક્ટરો સાથે નિગમ વતી શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના ટ્રસ્ટીઓ તથા પદાધિકારીઓને રૂપિયા એક કરોડનાં ચેકની અર્પણ વિધિ કરી હતી.

સમારંભના પ્રમુખ તરીકે શ્રી ધીરુભાઈ શાહ તથા મુખ્ય અતિથિ વિશેષ તરીકે શ્રી મૂકેશભાઈ ઝવેરી બિરાજમાન હતા. અન્ય અતિથિ વિશેષો તરીકે જી.એમ.ડી.સી.ના મેનેજિંગ ડિરેક્ટર શ્રી વી.આર.એસ. કૌલગી તેમજ ડાયરેક્ટરો શ્રી સુનિલભાઈ સીંગી તથા શ્રી જયંતભાઈ પટેલ હતા. મુખ્ય મહેમાન તરીકે શ્રી આર. આર. પટેલ (ભુજ),

શ્રી ધીરજલાલ ટોકરશી કાપડિયા, શ્રી તારાચંદભાઈ છેડા, શ્રી સુમતિભાઈ મહેતા, શ્રી ધીરજલાલ વેલજી કુબડિયા, શ્રી અમરચંદ રામજી ગાલા, શ્રી ચંદ્રકાંત વીરજી સંઘવી, શ્રી વિજયભાઈ છેડા, શ્રી રાજેશ કાંતિલાલ છેડા વગેરે બિરાજમાન હતા. સમારંભ શિરોમણિ શ્રી નાનજી પ્રેમજી ગાલાએ દીપ પ્રાગટ્ય કરીને કાર્યક્રમનું વિધિવત મંગલાચરણ કરાવેલ. શ્રી કચ્છી જૈન સેવા સમાજનાં માનદ્ મંત્રીએ મહેમાનોને આવકાર આપતું પ્રવચન કર્યું હતું.

સમાજનાં ટ્રસ્ટી શ્રી અશોકકુમાર સાકરચંદ મહેતાએ શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની પ્રવૃત્તિઓની રૂપરેખા આપી સંસ્થાનો ટૂંકમાં પરિચય આપ્યો હતો. તેમજ શ્રી કચ્છી વિશ્રામ ગૃહનું નિર્માણ કઈ રીતે થઈ રહેલ છે તેની પાર્શ્વભૂમિકાની વિગતો સમજાવેલ હતી.

હાજર રહેલા સૌ મહાનુભાવોએ પોતાનાં પ્રવચનોમાં આવા પ્રકારની પ્રવૃત્તિની તાતી જરૂરિયાત ઉપર ભાર મૂક્યો હતો તથા અમદાવાદના સમાજની પ્રવૃત્તિઓને બિરદાવી હતી. આ શુભ પ્રસંગે શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદનાં તબીબી સારવાર કેન્દ્રમાં (૧) હોમિયોપેથી વિભાગ, (૨) નેફ્રોલોજી વિભાગ, (૩) પીડિયાટ્રીક સર્જરી વિભાગોનું ઉદ્‌ઘાટન મુંબઈથી ખાસ પધારેલા આમંત્રિતોમાંથી શ્રી વિજયભાઈ છેડા, શ્રી અમરચંદભાઈ ગાલા અને શ્રી રાજેશ કાંતિલાલ મોતાનાં હસ્તે દીપ પ્રાગટ્ય કરીને કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે સમાજનાં પ્રમુખ તથા મે. ટ્રસ્ટી ડૉ. ચંદ્રકાંત કાનજી દેઢિયાએ અમેરિકાથી મોકલાવેલ શુભેચ્છા સંદેશનું વાંચન કરવામાં આવ્યું હતું. પાલડી ભવનનાં પ્રેરક તથા પાયાના પથ્થર એવા શ્રી માવજી ધારશી ફુરિયાની સેવાઓને બિરદાવવામાં આવી હતી. સહમંત્રીની આભારવિધિ સાથે આજનો સમારંભ પૂર્ણ થયો હતો.

આ શુભ પ્રસંગે રાત્રે ૮.૩૦ કલાકે ટાઉન હોલમાં સમાજના યુવાઓ તરફથી રંગારંગ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં નાટિકા, કૂચીપુડી નૃત્ય તથા મનોરંજન કાર્યક્રમો રજૂ કરવામાં આવ્યા હતા. ત્યારબાદ મંચ ઉપર અતિથિ વિશેષો શ્રી વિજયભાઈ છેડા, શ્રી કીર્તિભાઈ ખત્રી તથા શ્રી સુરેશભાઈ શાહનું બુકે દ્વારા સ્વાગત કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે પ્રાસંગિક પ્રવચનો થયા હતા. આ સમગ્ર કાર્યક્રમ સમાજના યુવાનોએ પાર પાડ્યો હતો. એટલે યુવાનોની જેટલી પ્રશંસા કરીએ તેટલી ઓછી છે.

બીજા દિવસે એટલે કે તા. ૧૩-૨-૨૦૦૦નાં દિવસે મંગળ કાર્યની શુભ શરૂઆત રૂપે સવારના ૭.૩૦ વાગે સમાજનાં કાર્યકર્તા શ્રી રમણિકલાલ કુંવરજી ગોસર, શ્રી ખુશાલ પોપટલાલ સંઘવી, શ્રી નીતિન ધનજી ગાલા, શ્રી કિશોર રતનશી, શ્રીમતી સુનીતાબેન નીતિનભાઈ, શ્રીમતી કોકિલાબેન ભોગીલાલ તથા શ્રીમતી દમયંતીબેન ચંદ્રકાંત મોતાએ વિધિવિધાન સહિત વિશ્રામ ગૃહનાં પ્લોટ ઉપર ભગવાનની પધરામણી કરી અષ્ટપ્રકારી સ્નાત્ર પૂજા ભણાવી, મંગલ કાર્યની શુભ શરૂઆત કરી હતી.

સવારના ૮.૦૦ વાગે ભૂમિપૂજન, ખનનવિધિ અને શિલા સ્થાપન વિધિમાં દસ દિક્‌પાલ પૂજન વિધિ શ્રી શાંતિલાલ સોમૈયા, શ્રી દામજીભાઈ એન્કરવાલા, શ્રી પ્રતાપ નારાણજી દંડ તથા શ્રી હીરજી પાસુભાઈ શાહે કરાવી હતી. નવગ્રહ પૂજન વિધિ શ્રી અમરચંદભાઈ ગાલા, શ્રી ચંદ્રકાંત વીરજી સંઘવી, શ્રી મુરજી નરશી લોડાયા અને શ્રી હસમુખ ઉગરચંદ ગઢેચાએ કરાવી હતી. તે જ રીતે અષ્ટમંગલ પૂજન વિધિ શ્રી જગશી જેઠાભાઈ છેડા, શ્રી અશોકકુમાર સાકરચંદ મહેતા તથા શ્રી નવીન નાનજી પોલડિયાએ કરાવેલ હતી. ખનનવિધિ શ્રી શાંતિલાલભાઈ સોમૈયા, શ્રી દામજીભાઈ એન્કરવાલા, શ્રી અમરચંદભાઈ ગાલા અને શ્રી ચંદ્રકાંત વીરજી સંઘવીના વરદ્ હસ્તે સંપન્ન થઈ હતી. ત્યારબાદ શિલા સ્થાપન વિધિમાં શ્રી ઉગરચંદ પોપટલાલ ગઢેચા, શ્રી આણંદજી વેલજી વીરા, શ્રી પ્રતાપ નારાણજી દંડ અને શ્રી શાંતિલાલ છગનલાલ શાહે ભાગ લીધેલ હતો. મજબૂત પાયાનો પથ્થર મૂકી શુભ કામનાઓ સાથે શાસ્ત્રોક્ત વિધિ અનુસાર શ્રી હીરાલાલ જાદવજી શાહે આ કાર્ય સંપૂર્ણ કરેલ હતું.

મુખ્ય સમારંભ સવારનાં ૧૦.૦૦ કલાકે શ્રી કચ્છી વિશ્રામ ગૃહનાં પ્લોટ ઉપર બાંધવામાં આવેલ શમિયાણામાં યોજવામાં આવ્યો હતો. સૌ મહેમાનોને મંચસ્થ કર્યા બાદ સમારંભના શિરોમણિ શ્રી ઉગરચંદ પોપટલાલ ગઢેચાનાં હસ્તે મંગલદીપ પ્રગટાવી વિધિવત સમારંભનો શુભારંભ કરવામાં આવ્યો હતો. શ્રી કચ્છી જૈન સેવા સમાજના માનદ્ મંત્રી શ્રી પ્રતાપ નારાણજી દંડે મહેમાનોને આવકારતું પ્રવચન કર્યું હતું. ત્યારબાદ મંચ ઉપર ઉપસ્થિત શ્રી ધીરુભાઈ શાહ, શ્રી ધીરજલાલ ટોકરશી કાપડિયા, શ્રી દામજી લાલજી શાહ (એન્કરવાલા), શ્રી અમરચંદભાઈ ગાલા, શ્રી ચંદ્રકાંત વીરજી સંઘવી, શ્રી જગશી જેઠાભાઈ છેડા, શ્રી સુનીલ સિંઘી, શ્રી આર.આર. પટેલ, શ્રી શાંતિલાલભાઈ સોમૈયા તથા શંકરભાઈ સચદે મુખ્ય હતા. બાંધકામ સમિતિનાં કન્વીનર શ્રી હસમુખ ઉગરચંદ ગઢેચાએ શ્રી કચ્છી વિશ્રામ ગૃહનાં પ્રોજેક્ટ અંગે વિસ્તૃત માહિતી આપી હતી.



*શ્રી કચ્છી વિશ્રામ ગૃહની ભૂમિપૂજન વિધિ*

આજના સમારંભમાં પધારેલા દાનવીરોએ મન મૂકીને દાનની વર્ષા કરી હતી. શ્રી ધીરજલાલ ટોકરશી કાપડિયા, શ્રી અમરચંદભાઈ ગાલા, શ્રી ઉગરચંદ પોપટલાલ ગઢેચા, શ્રી દામજી લાલજી શાહ (એન્કરવાલા), શ્રી છગનલાલ સાકરચંદ પરિવાર તથા માતુશ્રી મણિબાઈ પ્રેમજી નીસર (ચીકીવાલા) પરિવાર તરફથી માતબર દાનો જાહેર કરવામાં આવ્યા હતા.

શ્રી બુધ્ધિચંદભાઈ મારૂ, શ્રી કચ્છ મિત્ર મંડળ - હૈદ્રાબાદ, સ્વ. મણિલાલ લક્ષ્મીચંદ વોરા, શ્રી ધનસુખલાલ વીરજી સંઘવી ચેરિ. ટ્રસ્ટ (ઝરિયા), શ્રી બિદડા સર્વોદય ટ્રસ્ટ, માતુશ્રી પાનબાઈ ધારશી હધુ છેડા પરિવાર તથા શ્રીમતી મધુ વિજય છેડા (કુંદરોડી), શ્રી એ.ડી. મહેતા - ભુજ તથા ખાંડવાલા પરિવાર - અંજાર તરફથી પણ નોંધપાત્ર દાનો જાહેર કરવામાં આવ્યા હતા. તે ઉપરાંત નાનાં મોટાં અનેક દાનોની જાહેરાત થઈ હતી.

*(ક્રમશઃ)*

# વાનપ્રસ્થાશ્રમ

• ડૉ. કેશુભાઈ દેસાઈ •

શાંતાબહેનને ગાંધીનગરમાં અતડું અતડું લાગે છે. અહીં રહેવા નહોતાં આવ્યાં, ત્યાં સુધી અહીંનું જબરૂં આકર્ષણ હતું. ગુણવંત શાહ વારંવાર ગાંધીનગરને ગંદું શહેર કહીને ઉતારી પાડતા રહ્યા છે. મને ગંદકી તરફ નફરત જરૂર છે, પણ ગંદા માનવી પ્રત્યે એટલી જ અનુકંપા પણ છે. ગાંધીનગરની ગંદકી જરા જુદી ભાતની છે. એ કદાચ ક્યારેય દૂર ન થઇ શકે એવી હઠીલી ગંદકી છે. 'યુનિવર્સલ ફિનોમિના' છે - વિશ્વવ્યાપી પાપ છે. પણ આવા પાપીઓ પેદા કોણે કર્યાં? જરા ઊંડા ઊતરીને આ સવાલ આપણે આપણી જાતને પૂછવા જેવો ખરો. ગાંધીજી અને ગુણવંત શાહ સાથે શાંતાબહેનનું કયું સામ્ય છે? ગ.શ.સ. કુંભ રાશિના અક્ષર છે. એ ન્યાયે ગંદકી અને સ્વચ્છતા બેઉ એક જ રાશિના શબ્દો છે. શાંતાબહેનને જે ગંદકી ખટકી તે માનવીના હૈયે પડેલા દુકાળથી સરજાયેલી ગંદકી હતી. એમને તો એમનાં લોકો વચ્ચે ફાવે. મને માણસ કરતાં વૃક્ષોની વધારે માયા. એથીસ્તો ગાંધીનગરની બાકીની બધી જ કુરૂપતાને નજરઅંદાજ કરીને હું ગાંધીનગરને ચાહી શકું છું. એકસામટો આવડો મોટો લીલો વૈભવ મને બીજે ક્યાં સાંપડવાનો હતો? જંગલ ખાતું વગોવાઇ ગયેલું ખાતું છે. ગાંધીનગર એનાં બધાં પાપ ધોઇ નાખે છે. **ગુજરાત સરકારના જંગલ ખાતાને સૂકાભઠ્ઠ રાજકારણીઓના નેસડાનો હરિયાળા ઉપવનમાં પલટાવી નાખવા બદલ પર્યાવરણનું નોબેલ પ્રાઇઝ આપવું જોઇએ.** જંગલ અને વન સમાનાર્થી શબ્દો નથી. જંગલમાં જે જંગાલિયતનો ભાવ છે, જે ક્રૂરતાનો અહેસાસ છે, તે વનમાં નથી. વન તો તપોવન પણ હોઇ શકે. સીતાને વનવાસ મળ્યો હતો. એમને જંગલમાં રઝળતાં નહોતાં મુકાયાં. વાલ્મીકિના તપોવન પાસે ઉતારી દઇને લક્ષ્મણ પાછા વળ્યા હતા. એ વખતે એમને સીતાજીના યોગક્ષેમ વિશે ઝાઝી ચિંતા નહોતી. બલકે એમને પિયર વળાવી આવ્યા હોય એટલે ગર્ભિત ધરવ હતો. તપોવનમાં વળી શાની તકલીફ? રાજમહેલ જેવી સુવિધાઓ ભલે ન હોય, છતાં એનાથી પણ ચડિયાતો સંસ્કાર વૈભવ તો ખરો જ ને? પંચવટીમાં પતિના મનોરાજ્યનાં પટરાણી થઇને રહી શકેલાં સીતાજી માટે એ વાતાવરણ બહુ પારકું નહોતું. અશોક વાટિકાના ત્રાસની તુલનામાં આવો વનવાસ તો અત્યંત સ્પૃહણીય ગણાય. વાટિકા રાક્ષસના તાબા હેઠળ હતી. આશ્રમને ઋષિનાં રખોપાં હતાં.

ગાંધીનગરનો વનવાસ મને સદી ગયો છે. શાંતાબહેનને એમાં જંગલની બિહામણી બૂ આવતી હોવી જોઇએ. આજુબાજુ જ્યાં નજર પડે ત્યાં વૃક્ષો જ વૃક્ષો છે. સવારે અઢળક કળાયેલ મોર સહકુટુંબ બંગલાના બગીચામાં લટાર મારી જાય છે. માણસ જાત પર કેવો ભારે ભરોસો! ગાઢ જંગલની ઝાડીમાં રહેતા તિર્યંકનેય માણસની ગંધ આકર્ષે છે. વણનોતર્યા પરોણા જેવા કળાધર કુટુંબને ભાળીને શાંતાબહેનમાં યુગોથી સૂતેલી સીતા જાગી ઊઠી : આપણે ઘેર માણસ તો આવતાં બંધ થઇ ગયાં, પણ આ મોર વણબોલાવ્યા આવવા લાગ્યા છે. એકલો અટૂલો એકાદ મોર આવતો હોત તો હું એમ જ માની લેત કે સરસ્વતીનો સંદેશો લઇને આવ્યો હશે. પણ અહીં તો પાછળ ઢેલ અને બચ્ચાંની લંગાર છે. બાપડા જીવોને હજી માણસમાંથી વિશ્વાસ ઊઠી ગયો નથી.

અને વળતી સવારે ચણ નંખાવી શરૂ થઇ ગઇ. મોર વધારે ને વધારે સંખ્યામાં આવતા થયા. કબૂતર, ચકલાં, વૈયાં અને લેલાનાં ઝુંડ ઊતરી આવવા માંડ્યાં. સામેના બંગલામાં ચોકીદારની નોકરી કરતા બુલડૉગ અને ડોબરમેનથી એ સહન ન થયું. ઘુઘવાટા ચાલુ રહ્યા અને પંખી ચણતાં રહ્યાં. અલબત્ત, ઉફરા જીવે.

સામેના બંગલામાં વરિષ્ઠ પોલીસ અધિકારી રહે છે. દાહોદ બાજુના આદિવાસી છે. ક્યારેક તેઓ ગાંધીનગરના ડીએસપી હતા. પછી તો સત્તર જગાઓ જોઇ આવ્યા. પણ અહીં એવું ગોઠી ગયું કે બંગલો ખાલી કરવાનું નામ જ નથી લેતા. હમણાં લાંચરુશવત વિરોધી બ્યુરોના ડેપ્યુટી ડાયરેક્ટર છે. ઑફિસ તો મારી જેમ એમની પણ અમદાવાદ ખાતે જ છે. અહીં ફાવી ગયું છે, એટલે અહીં જ રહે છે અને 'ડીએસપી'ના હુલામણા નામે જ ઓળખાય છે. વર્ષોથી રહેતા હોઇ ઈન્કવાયરીવાળા એમનાથી જરા વિશેષ પરિચિત બની ગયા છે. કૂતરાં રાખતા હોઇ એમના બંગલાની ખાસ ઇજ્જત કરાય છે. એક દિવસ ફરતા ફરતા આવી ચડ્યા ત્યારે સાથે ઠસ્સાદાર ગુડ્ડી પણ હતી. શરૂ શરૂમાં આંખ મળતાં જ ઘુરકિયાં કરવા લાગતી ગુડ્ડી થોડા જ દિવસમાં મારી એવી તો હેવાઇ બની ગઇ કે મને જોતાંની સાથે દોટ મૂકે. હું ન હોઉં ત્યારે ઝૂર્યા કરે. એક દિવસ ડીએસપીએ અણચિંતવ્યું કહેણ મોકલાવ્યું : 'ગુડ્ડીને તમારી માયા લાગી ગઇ છે. રાખી લેવી છે?'

પણ એ માગું હું સ્વીકારૂં એ પહેલાં તો ગુડ્ડી દાહોદ પહોંચી ગઇ. ડીએસપીના એક ભાઇબંધ આવેલા તે એમની ગાડીમાં બેસાડીને લઇ ગયા! 'ગુડ્ડી ક...મ્!' કહ્યું, ને ગુડ્ડી પુંછડી હલાવતી ગાડીમાં ચડી ગઇ. ડીએસપી ખુશ થઇ ગયા : લઇ જવી છે? લઇ જવી હોય તો લઇ જાવ. પણ જુઓ છો ને? પ્રેગ્નન્ટ છે. લઇ જઇને સુવાવડ કરવી પડશે!

ગુડ્ડી એવી પ્રેમાળ કૂતરી હતી કે એની

*માંગવા જેવી ત્રણ વસ્તુ છે : સદ્‌બુદ્ધિ, સદ્‌વાણી અને સદ્‌વર્તન.*

સુવાવડ કરવી પડે તોય લઈ જવી ગમે. આગંતુક પાછા ડૉક્ટર હતા. લઇ ગયા!

ગુડ્ડીના જવાથી સરજાયેલો ખાલીપો હજી સુધી ભરી શકાયો નથી. ડોબર મેન ટૉની રિસાયો હતો. બે દિવસના નકોરડા ઉપવાસ ખેંચ્યા. પછી પિતૃવત્સલ ડીએસપીની શિખામણ માનીને થોડું થોડું ખાવા લાગ્યો. અલબત્ત, એનો ચહેરો પડી ગયો છે. એને ગુડ્ડી વગરનો બંગલો ખાવા ધાય છે. નીચી મૂંડીએ નોકરી કરે જાય છે. ખાસ ભસતો નથી. ક્યારેક ભસે છે ત્યારે પણ એ ખૂંખાર કરતાં વધુ તો દયામણો લાગે છે. મોર નિર્ભય થઇને ફરે છે. ટૉની કેટલા પાણીમાં છે, એનું માપ નીકળી ગયું છે.

શાંતાબહેને એક દિવસ રડમસ અવાજે મનની વાત જણાવી દીધી : 'આપણે પાછાં જઈએ તો કેવું? મને અહીં નહિ ફાવે. મથામણ કરું છું, પણ જીવને ઉછાટ ને ઉચાટ રહે છે.'

'હું શો જવાબ આપું?'

ગાંધીનગરમાં તો ભાઈ, જેને ફાવે તેને ફાવે. મને ફાવે, કારણ કે હું તો જંગલનો જીવ છું. **અધરાતે મધરાતે સાબરનાં કોતરોમાં રઝળતાં શિયાળવાં દિવસ ઊગતાંની સાથે નેતા કે અમલદારના લેબાસમાં ફરવા લાગે છે.** રાતે શિયાળવાંની લાળી સંભળાય છે, દિવસે પ્રધાનોની લબૂકઝબૂક લાડીઓ જેવી ઠસ્સાદાર ગાડીઓની ચિચિયારીઓ. લીલછોયા પાટનગરમાં બધું જ મળે, એક માણસ સિવાય!

શાંતાબહેનને થોડીક ધરપત પેલી ગુડ્ડીના નામની હતી. એય ચાલી ગઇ એટલે એમને તો કોઇનો બોલાશ જ ન રહ્યો ને! મોર ને પારેવાં તો સવારે ઊડતી મુલાકાતે આવે. એમને ગુડ્ડીની માફક ઘરમાં થોડાં બોલાવી શકાશે?

'એમ કરીએ. આપણે અડધાંપડધાં ઘેર રહીએ ને અડધાંપડધાં અહીં...'

એમનો પ્રસ્તાવ સ્વીકાર્યે જ છૂટકો હતો, કારણ કે ઘર આખરે ઘર છે અને ગાંધીનગર એ ગાંધીનગર. ગાંધીનગર ક્યારેય ઘરનો ઉંબર નહિ ઓળંગી શકે. એનું કારણ છે. ગાંધીનગર વસાવવા માટે કંઇ કેટલાંય ઘર ઉજાડવાં પડ્યાં છે - ઉખાડવાં પડ્યાં છે. એમના નિસાસા આ બંગલાઓના રહેનારાઓને અજાણતાંય નડતા જ રહેવાના. એમ ન હોત તો અહીં વસનારાઓને ઊંઘની ગોળીઓ શું કામ ગળવી પડત? આવા પ્રાણવાયુમય વાતાવરણ વચ્ચે વસનારને એન્જિયોપ્લાસ્ટી શું કામ કરાવવી પડત? **ઋષિમુનિઓને પણ દુર્લભ એવી વનરાજી વચ્ચે અને પવિત્રસલિલા સાભ્રમતીના કાંઠે વસનારા રાજકારણીઓ અને અમલદારો નસીબદાર તો ખરા. પણ એ પૂર્વનાં સંચિત પુણ્યો ભોગવવાથી વધારે કશું જ કરતા હોય એમ નથી લાગતું.** એ 'વીઆઈપી'ના કોચલામાં પુરાઈ જઇ ખુદ પોતાની જાતથી અળગા થઇ જાય છે. આ અળગાપણું ગાંધીનગરની ઓળખ બની ગયું છે. વરસને વચલે દહાડે પાસે પાસેના બંગલાવાળા એકમેકનું મોઢું જુએ તો જુએ. બાકી રામ તારી માયા! પ્રાકૃત પરિવારમાં પાંગરેલા શાંતાબહેન જેવા સાત્ત્વિક જીવાત્માને અહીં ન ફાવે એમાં શી નવાઈ?

એટલે એક દિવસ મારી ગેરહાજરીમાં જ ટેમ્પો ભાડે કરીને એ એમનું 'ઘર' ઉપાડી ઘર ભેગાં થઇ ગયાં ને હું સાચા અર્થમાં 'વાનપ્રસ્થ' બની રહ્યો. ગૃહિણી જ ન રહ્યાં પછી હું 'ગૃહસ્થ' શાનો? યોગાનુયોગ મને એકાવનમું ચાલે છે!

*૧૩, ઐશ્વર્ય-૧, પ્લોટ-૧૩૨, સેક્ટર-૧૯, ગાંધીનગર.*

# સ્મૃતિ અને વિસ્મૃતિ

જીવનને સાચી અને સારી રીતે જીવવા માટે અમુક બાબતો ભૂલતા શીખવું જોઈએ. અન્ય કળાઓની માફક ભૂલવું એ પણ એક કળા છે. જીવનમાં યાદ રાખવું જેટલું જરૂરી છે, એટલું જરૂરી છે ભૂલતા શીખવાનું.

ફ્રાન્સના એક તત્ત્વવેત્તાએ તો એવું પણ કહ્યું હતું કે, મગજનું મુખ્ય કામ યાદ રાખવાનું નહીં પણ ભૂલવાનું અને ભૂલવામાં મદદ કરવાનું છે.

સ્મૃતિ બે પ્રકારની છે : એક સુખદ અને બીજી દુઃખદ. ભૂલવા જેવી વસ્તુઓ આપણે યાદ રાખીએ છીએ અને યાદ રાખવા જેવી વસ્તુઓ આપણે વહેલા ભૂલી જઈએ છીએ. પણ ભૂલવા યોગ્ય બાબતો આપણે ભૂલતા નથી. સતત યાદ રાખવાનું અને સતત ભૂલી જવાનું બહુ કઠિન છે. સ્મૃતિ અને વિસ્મૃતિની વચ્ચે માણસ લટકતો રહે છે. સ્મૃતિ તેનો કેડો છોડતી નથી અને વિસ્મૃતિ તેને સતાવ્યા કરે છે.

કોઈએ આપણા માટે કાંઈ કર્યું હોય તો તે જલદી ભુલાઈ જવાય છે. આપણે કોઈક માટે કશું સહેજ અમથું પણ કર્યું હોય તો તે ભુલાતું નથી. વર્ષો પહેલાં કોઈએ કટુ વચનો કહ્યા હોય, દુઃખ આપ્યું હોય તો તેની કડવી યાદો જિંદગીભર ભુલાતી નથી. જ્યાં સુધી આપણે આ બધું ભૂલીશું નહીં અને બદલો લેવાની ભાવના રાખીશું ત્યાં સુધી આપણને ચેન નહીં પડે.

યાદ કરવા કરતાં ભૂલવું અતિ દુષ્કર છે. જે વિચારની સામે આપણે લડીએ છીએ તે વિચારમાં જ આપણું મન કેન્દ્રિત થઈ જાય છે. જે વિચારથી આપણે દૂર જવા માગીએ છીએ તે વિચાર જ ચિત્તને ઘેરી વળે છે. જો કે દુઃખદ બનાવોને ભૂલવાનું કામ આપણે ધારીએ છીએ એટલું સહેલું નથી, તો સાવ અશક્ય પણ નથી. વારંવારના પ્રયત્નથી આ શક્ય બની શકે. જ્યારે જ્યારે દુઃખદ સ્મૃતિ તમારા મનનો કબજો લેવા માંડે ત્યારે એકદમ સજાગ થઈ જવું અને દુઃખદ સ્મૃતિને મનમાંથી હાંકી એને સ્થાને જીવનમાં બનેલા સુખદ બનાવોને યાદ કરવા. આમ કરવાથી મનમાં સુખદ અનુભવોની સુવાસ પ્રસરશે અને સુખની લાગણી અનુભવાશે.

*ગુલાબચંદ ધારશી રાંભિયા - અમદાવાદ*

*જ્યાં શંકા ઊભી થાય ત્યાં સંતાપ ઊભો થાય જ.*

# કોણ શ્રવણકુમારની જેમ વડીલોની કાળજી રાખશે?

• ભવાનજી શીવજી નાગલપુરવાલા •

થોડા દિવસ પહેલાં 'ફાધર્સ ડે' ઉજવવામાં આવ્યો. જૂના જમાના તરફ નજર કરીએ તો આપણા એ સમયના વડીલો, પેન્શનરો, વિધવા બહેનો માટે ગામડાંઓમાં રહેતા ખેડૂતો પોતાના ઘરની કોઠીમાં રૂપિયા રાખતા હતા. ત્યારબાદ વ્યાજનો જમાનો આવ્યો ત્યારે પોસ્ટલ સેવિંગ ઉપરાંત ભારત સરકાર દ્વારા છ વરસમાં નાણાં બમણાં થાય એવા બચત સર્ટિફિકેટો બહાર પાડવામાં આવ્યા.

વર્ષ ૧૯૯૧માં આર્થિક સુધારા પછી ભારતમાં મૂડી બજારનો વિકાસ થયો. એટલે જેમને ઝડપથી શ્રીમંત થવું હોય તો પોતાના નાણાંનું રોકાણ કંપનીના શૅરોમાં કરવા લાગ્યા. બીજી તરફ ભારત સરકારે જનતા માટે પોસ્ટલ સેવિંગ્સ બચતપત્રો જેવી યોજનાઓ પર અપાતા વ્યાજના ધરમાં ઘટાડો કર્યો હતો. પ્રોવિડન્ટ પેન્શન યોજના પણ જે અત્યારે આર્થિક વમળમાં અટવાઇ ગયેલ છે. આ કારણે નિવૃત્ત અથવા સિનિયર સિટીઝનો માટે પોતાનું જીવન નિભાવવા માટે સમસ્યાઓ ઊભી થયેલ છે.

બીજી તરફ વિચારીએ તો ભારત દેશ સ્વતંત્ર થયા બાદ સરેરાશ આયુષ્યમાં વધારો થવાના કારણે વડીલોની સંખ્યામાં વધારો થયેલ છે. **ભારતની વરસો જૂની સંયુક્ત કુટુંબની પ્રથા ધીરે ધીરે તૂટી રહી છે. એને કારણે આ સમસ્યા માત્ર આર્થિક નહીં પરંતુ સામાજિક અને આર્થિક બન્ને પ્રકારની બની ગયેલ છે.**

વસતિમાં વૃધ્ધ વર્ગનું પ્રમાણ સમગ્ર વિશ્વભરમાં વધ્યું છે. પરંતુ ચીન અને ભારત જેવા બે સૌથી મોટી વસતિ ધરાવતા દેશો માટે આ વધારો ખાસ નોંધપાત્ર છે. લાંબી ગણતરી માંડીએ તો ભારતમાં વૃધ્ધોની સંખ્યા વર્ષ ૨૦૦૧માં ૭.૧ કરોડ હતી તે આજે વધીને ૧૭.૯૦ કરોડ થયેલ છે અને વર્ષ ૨૦૫૦ સુધીમાં ૩૦.૧ કરોડ થશે. આ વધારા માટે વસતિ વધારો ઉપરાંત એક કારણ એ પણ છે કે ભારતનું સરેરાશ આયુષ્ય ૧૯૫૧-૧૯૬૦ ના દસકામાં ૪૨ વરસ હતું તે ૧૯૮૬-૧૯૯૦ ના ગાળામાં ૫૮ વરસ પર પહોંચી આવેલ છે અને ૨૦૧૧-૨૦૧૭ સુધીમાં ૬૭ વરસ થશે એવી નિષ્ણાતોની ગણતરી છે. આ રીતે વધતી સંખ્યા ભારત જેવા દેશ માટે વધારે ગંભીર એટલા માટે છે કે વિશ્વના સમૃધ્ધ દેશોની સરખામણીમાં ભારત સહિતના એશિયાના કેટલાય દેશોમાં ગરીબીનું પ્રમાણ સારી એવી માત્રામાં વધી ગયેલ છે. સંગઠિત ઉદ્યોગોના મજૂરો, સરકારી નોકરો કે બીજા એવા અનેકને બાદ કરતાં ગરીબ દેશનાં વૃધ્ધ વડીલોની શૂન્ય કે નહિંવત અથવા બહુ જ ઓછી આવક હોય છે. આ કારણસર શરીર ટકી રહે ત્યાં સુધી આ ગરીબ વૃધ્ધ વડીલોને નાનું મોટું કામ કરતાં રહેવું પડે છે.

આ વધતી જતી સિનિયર સિટીઝનની સંખ્યામાં વડીલ વૃધ્ધોની વાસ્તવિક સંખ્યા કેટલી દયાજનક છે - એમનું બિહામણું ચિત્ર ઉત્તર પ્રદેશમાં શહેરી વિસ્તારોનાં વૃધ્ધ વડીલોના એક સર્વેક્ષણથી અશક્તિ ભોગ બનેલા હોય એવું દેખાય છે. ૬૦ ટકા જેટલા એકલતાના ભોગ બનેલા હોય છે. ૪૮ ટકા જેટલા વડીલો એકલા જેમ તેમ જીવન જીવે છે. ૪૬ ટકા આર્થિક મુશ્કેલીમાં હોય છે. ૪૦ ટકાને એમના સંતાનો પોતાના વડીલને રાખવા જ તૈયાર નથી, ૫૧ ટકા વડીલોને રાંધીને ભોજન આપનાર કોઇ નથી.

**ટુંકમાં વિચારીએ તો ભારત માટે વડીલોના નિભાવનો સવાલ ગંભીરપણે વિચારવાની ખાસ જરૂરત છે.** પરંતુ આ બાબતમાં હજી સુધી કોઇએ પણ ગંભીરતાથી વિચારેલ નથી. એક સર્વેક્ષણ મુજબ ૫૧થી ૬૦ વરસના આયુષ્યવાળા લગભગ ૫ કરોડ જે કોઇપણ પ્રકારનું ઉપાર્જન કરે છે એ પૈકી હવેના આવતા ૧૦ વરસમાં ૮૦ ટકા જેટલા વડીલોને કોઇજ આધાર નહીં હોય - એટલે ૩.૬૭ કરોડને બિલકુલ કોઇપણ પ્રકારનો આધાર મળશે જ નહીં ફક્ત ૭૦ ટકા વડીલો એવા છે કે જે પોતાના હાલના ખર્ચને ૫૦ ટકા જેટલો ઘટાડો કરે તો માંડ માંડ પોતાનું જીવન જીવી શકે - પરંતુ આજની વધતી જતી મોંઘવારીમાં શક્ય છે? જો એ વડીલો ખર્ચ ઘટાડે તો એમનું જીવન કેવું યાતનામય હશે?

**તૂટતી જતી સંયુક્ત કુટુંબ પ્રથા, વધતી જતી સરેરાશ વય, સામાજિક સુધારાનો અભાવ, છોકરાઓ મા-બાપને સાથે રાખવા તૈયાર નથી.** વડીલો માટે હવે કાળજીપૂર્વક વિચારવાની ઘડી આવી પહોંચી છે. પણ ગંભીરતાથી વિચારશે કોણ? નહીં વિચારવામાં આવે તો વડીલો જશે ક્યાં?

*સી/૨, ચંદન મહાલ,*
*સાંતાક્રુઝ (ઈસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૫૫.*

DEEP JYOT
STATIONERY MART
MFG. OF : EXERCISE & ACCOUNT BOOKS & ALL TYPES OF OFFICE FILES
JAYESH S. PAREKH
M. : 98241 06623
FACTORY : Plot No. 4601, G.I.D.C., Ankleshwar-393 002.
Ph. : 253137

# કડવા ફળ છે ક્રોધના

• ભાનુ જયંતીલાલ શાહ •

ધડ... ધડ... ધડ... ધડ... જેનો પ્રવાહ શરીરના અંગેઅંગમાંથી ધમધમાટ કરતો ધસમસતો આવ્યા કરે, જેને રોક્યો રોકાય નહીં તેનું નામ ક્રોધ. જ્યારે ક્રોધની એન્ટ્રી થાય ત્યારે શાણામાં શાણો માણસ પણ પોતાના શાન - ભાન ભૂલી જાય છે અને ન કરવાનું કરી બેસે છે. ક્રોધનો પ્રવેશ થતા જ માણસની બુદ્ધિ બહેર મારી જાય છે. તે ન બોલવાનું બોલી નાખે છે. લોહીના અતૂટ સંબંધો પણ ક્ષણમાત્રમાં તૂટી જાય છે. તેમની વચ્ચે બોલવાનો વહેવાર પણ રહેતો નથી.

ક્રોધ તો આખે આખા કુટુંબને છિન્ન ભિન્ન કરી નાખે છે. ઘણીવાર ક્ષણિક આવેશને કારણે પતિ-પત્નીના સંબંધોમાં એવી તિરાડ પડી જાય છે, જે લાંબાગાળા સુધી સંધાતી નથી. **તેની સૌથી વધુ અસર બાળકો પર થાય છે.**

ક્રોધના આવેશમાં મોઢામાંથી જે શબ્દો સરી પડે છે તે પાછા થોડા લઈ શકાય છે? આ બધું સમજીએ છીએ તો પણ ગુસ્સાની સવારી આવે ત્યારે સારાસારના વિવેકને, સમજણને તાળું લાગી જાય છે. તેથી જ તો ન બોલવાનું બોલાઈ જાય છે, ન કરવાનું થઈ જાય છે. પાછળથી તે વ્યક્તિને પણ ઘણો પસ્તાવો થાય છે.

ક્રોધ તો આપણા શરીરના અંતસ્રાવો (હોર્મોન)માં પણ ફેરફાર કરી નાખે છે. જેને લીધે બ્લડપ્રેશર, ડાયાબિટીસ, થાઈરોઈડ, હાઈપર ટેન્શન, અરે એથી આગળ સ્ટ્રોક અને હાર્ટ ઍટેક જેવી મોટી મોટી બીમારી પણ થઈ જાય છે. આટઆટલી શારીરિકની સાથે કેટલીય માનસિક બીમારીઓ પણ આપતો જાય છે.

ક્રોધથી પ્રેમનો નાશ થાય છે. પોતાના સ્વભાવ દોષને કારણે વ્યક્તિ એકલી અટૂલી પડી જાય છે. તેથી તે મનમાં મૂંઝાયા કરે, ગુંગળાયા કરે છે. આ બધાને કારણે તે ધીરે ધીરે હતાશામાં ચાલ્યો જાય છે. વધુ પડતી હતાશા તેને ડિપ્રેશનમાં લઈ જાય છે. આવી સ્થિતિમાં ક્યારેક તે આત્મહત્યા, ખૂન, હિંસા જેવું અઘટિત કૃત્ય પણ કરી બેસે છે.

જેલના કેદીઓ પાસેથી તેમની આપવીતી સાંભળીએ ત્યારે ખ્યાલ આવે કે કેટલાય સજ્જન માણસો ક્રોધના આવેશમાં ભયંકર ભૂલો કરી બેસતા હોય છે અને તેના પરિણામે તેઓ ગુનાની સજા ભોગવતા હોય છે.

**આવા ભયંકર ઝેરીલા ક્રોધને કાબૂમાં રાખી શકીએ તો જ જીવનમાં સુખ - શાંતિ પ્રાપ્ત થાય.** ઘણીવાર આપણે એવા ભ્રમમાં જીવીએ છીએ કે ક્રોધ મારા કાબૂમાં છે પણ વાસ્તવિક્તા કંઈક અલગ જ હોય છે. નાનું સરખું નિમિત્ત મળતા જ આપણો ક્રોધ ભભૂકી ઊઠે છે.

ઉદાહરણ : ઘરમાં દૂધ ઢોળાઈ જાય અથવા નોકરથી કપ-રકાબી તૂટી જાય તો? તરત જ આપણો પારો સાતમા આસમાને પહોંચી જાય છે.

ક્રોધનો પ્રકોપ વ્યક્તિએ - વ્યક્તિએ ભિન્ન હોય છે. નિમિત્તે - નિમિત્તે ભિન્ન હોય છે અને પરિસ્થિતિએ - પરિસ્થિતિએ બદલાયા કરતો હોય છે.

નોકરની જગ્યાએ આપણા જમાઈથી એ જ કપ-રકાબી તૂટી જાય તો? આપણે ગુસ્સે નહીં થઈએ. આપણે તેમને હસી હસીને કહીશું 'કંઈ વાંધો નહીં.'

એવી જ રીતે ઓફિસમાં આપણા બોસ આપણા પર ગરમ થાય, આપણને તતડાવી નાખે, વઢી નાખે તો પણ આપણે ગરમ થતા નથી. આપણે તેમની વાત ચૂપચાપ સાંભળી લઈએ છીએ. તેમણે સોંપેલ કાર્ય પણ પૂર્ણ કરી નાખીએ છીએ.

અણગમો ક્રોધની જનની છે. મનમાં રહેલા રાગદ્વેષ જ ક્રોધને જન્મ આપે છે. કોઈ પણ ઘટનાના મૂળમાં જઈને વિચારીશું તો ખ્યાલ આવશે કે આમાં ગુસ્સે થવા જેવું કશું છે જ નહીં. **જો પોઝિટીવલી વિચારીશું તો મોટી ભૂલ પણ નાની અને ક્ષમ્ય લાગશે.** તો જ ક્રોધ ધીરે ધીરે ઘટતો જશે અને અનર્થમાંથી બચી શકીશું.

ક્રોધ એટલે ગુસ્સો + અહંકાર. ગુસ્સો ક્ષણિક હોય છે. તે બહુ નુકસાન નથી કરતો. પણ જ્યારે તેમાં અહંકાર ભળે ત્યારે તે દીર્ઘજીવી બની જાય છે. ક્રોધ આત્માના ગુણોનો ઘાત કરે છે. ક્રોધ, માન, માયા, લોભ એ બધા આત્માના શત્રુઓ છે. માન સાથે અહંકાર ભળે ત્યારે ક્રોધ જન્મે છે.

ભવની ભવાટવીમાં ન અટવાવું હોય તથા આપણે આપણા આત્મા સાથે જોડાણ કરવું હોય તો ક્રોધને કાબૂમાં રાખવો પડશે. ક્રોધ આત્માના પરમ તેજને રોકે છે તથા તેમાં વિકૃતિ પેદા કરે છે. **આત્માનો મૂળ સ્વભાવ તો ક્ષમાનો છે.**

ક્રોધને કાબૂમાં રાખવાનો સહેલો ઉપાય છે વિલંબ. કોઈ વ્યક્તિ આપણા પર ગુસ્સો કરે ત્યારે તેની પર તત્કાલ ગુસ્સો ન કરતાં આવતીકાલ પર રાખો.

મારા ક્ષમાભાવરૂપ આત્માને ભૂલીને ક્રોધ જેવા ભાડૂતી ભાવને મારે જગ્યા ન આપવી જોઈએ. આવા અનેક વિચારોની શૃંખલા આપણા ક્રોધને આપોઆપ કાબૂમાં લઈ લેશે અને આપણે ક્રોધની જાળમાંથી મુક્ત થઈ જઈશું.

*બી/૬૦૩, સીમંધર ટાવર,*
*જજીસ બંગલો રોડ,*
*આઈ.ઓ.સી. પેટ્રોલ પંપ પાસે,*
*બોડકદેવ, અમદાવાદ.*

*આ દુનિયામાં મોટામાં મોટો મૂરખ કોણ? જે દુનિયાને છેતરે છે તે.*

# વારંવાર હાથ ધોવા - (૧)

• ડૉ. (પ્રો.) મણિલાલ ગડા, ડૉ. દીપ્તિ એસ. શાહ (ગડા) •

## • કેસ સ્ટડી :

૩૬ વર્ષની સુષ્માને (નામ બદલ્યું છે) છેલ્લાં ચારેક વર્ષથી વારંવાર હાથ ધોવાની કુટેવ (બીમારી) પડી હતી. નાનું મોટું કામ કરે કે તરત જ હાથ સાબુથી ધોઇ નાખે. જ્યાં સુધી હાથ સાબુથી ન ધુએ ત્યાં સુધી સુષ્માને મનથી ચેન ન પડે. ધીમે ધીમે હાથ ધોવાની પ્રક્રિયા વધતી જતી હતી. સુષ્મા હાથ ધોવામાં વધારે ને વધારે સમય વીતાવતી આથી. કામ પૂર્ણ કરવામાં સમય વધારે લાગે, તથા યોગ્ય સમયે કામ પૂરું ન થતું.

બેએક વર્ષથી હાથ ધોવાનું પ્રમાણ ખૂબ જ વધી ગયું હતું. દરેક કામ કર્યા બાદ સુષ્મા ત્રણ વખત સાબુથી હાથ ધોતી. આ દરમ્યાન જો મનમાં શંકા આવે કે સાબુથી હાથ ત્રણ વખત ધોયા નથી તો ફરીથી બીજા ત્રણ વખત સાબુથી હાથ ધોતી. આ પ્રક્રિયાને લીધે

(૧) સમય વધારે જતો. જેને લીધે સમયસર કામ પૂરું ન થતું. જેને લીધે ઘરની અન્ય વ્યક્તિઓને તકલીફ થતી.

(૨) હથેળીની ચામડી પર નકારાત્મક અસર થતા ચામડીની સારવાર ચાલુ હતી.

(૩) સાબુનો વપરાશ તથા ખર્ચ વધી ગયેલ.

નાહવા માટે પણ સમય વધારે લાગતો હતો. એકથી દોઢ કલાક તો સહેજે નાહવામાં લાગતો હતો. ઘણી વખત બે કલાકથી વધારે સમય લાગતો. સુષ્માને લાગતું કે નાહતી વખતે શરીર બરોબર સાફ થયેલ નથી. આથી ત્રણ વાર સાબુ લગાડીને નાહતી હતી. આ બધાને લીધે પાણીનો વપરાશ ખૂબ જ વધી ગયો હતો. સુષ્મા નાહવા માટે ૧૦થી ૧૫ બાલદી પાણી વાપરતી હતી. ઘણીવાર ઘરમાં પાણી ખલાસ થઇ જતું.

ટોઇલેટમાં પણ સુષ્માને સમય વધારે લાગતો હતો. એકાદ કલાક જેવું થઇ જતું. બાથરૂમ તથા ટોઇલેટમાં સુષ્માને વધારે સમય લાગવાથી ઘરની અન્ય વ્યક્તિઓને તકલીફ થતી. પતિ તથા બાળકોને તૈયાર થવામાં અડચણો ઊભી થતી હતી.

આ બધાને લીધે રોજિંદુ કામ ઘણું જ મોડું થતું. બપોરનું જમવાનું જે પહેલા ૧.૦૦ વાગે તૈયાર થઇ જતું હતું તે હવે સાંજના પાંચેક વાગે તૈયાર થતું. બાળકોને તથા પતિને સાંજે પાંચ વાગે જમવા મળતું. રાતનું જમવાનું ૯.૦૦ વાગે તૈયાર મળતું તે હવે રાતના ૧૧.૩૦ - ૧૨.૦૦ વાગે મળતું.

સુષ્મા પહેલા દરરોજ શાક, ફ્રૂટ લેવા માર્કેટમાં જતી હતી. બે-એક વર્ષથી શાક લઇને આવે કે તરત જ પહેરેલ કપડાં ધોવા નાખતી કારણકે એને થતું કે કપડાં ગંદા થઇ ગયા છે કપડાં પર જીવજંતુ લાગ્યા છે. જો એ કપડાં પહેરી રાખશે તો બીમાર પડશે. આજ શંકા તથા ભયને લીધે બાળકો પણ શાળાએથી આવે કે એમના યુનિફોર્મ ધોવા નાખતી.

ઘરથી બહાર નીકળતી વખતે સુષ્મા પાંચ વખત અંદર-બહાર થતી તથા છેવટે પાંચમી વખત ઉંબરો ઓળંગ્યા બાદ જ ઘરથી બહાર જઇ શકતી. કાર્યક્રમમાં પહોંચવા માટે મોડું પણ થતું હોય તો પણ આ પ્રક્રિયામાં સુષ્મા ફેરફાર કરી શકતી ન હતી. દરવાજો બંધ કર્યા પછી પણ દરવાજો તથા લોક પાંચ વખત ચકાસતી કે દરવાજો બંધ છે કે નહીં. પતિ ઘણી વખત સમજાવતો કે દરવાજો બરોબર બંધ છે. પરંતુ પાંચ વખત ચકાસ્યા બાદ જ સુષ્માને સંતોષ થતો. તેવી જ રીતે ગેસનો ચુલો પણ પાંચ વખત ચકાસે ત્યારે જ સુષ્માને સંતોષ થતો કે ગેસનો ચુલો બંધ છે.

સુષ્માને ઇશ્વર/ભગવાન પર ખૂબ જ શ્રધ્ધા હતી. **મંત્રોચાર નિયમિતપણે પહેલા કરતી હતી. પરંતુ ત્રણેક વર્ષથી મંત્રની દરેક લાઇન પાંચ વખત બોલતી હતી. એમાં પણ જો શંકા આવે તો એ લાઇન બીજા પાંચ વખત બોલતી.**

બારેક મહિનાથી ઇશ્વર વિરૂધ્ધના વિચારો આવતા હતા. ઇશ્વર જોડે જાતીયતાના (Sex) વિચારો આવતા હતા. આ વિચારોથી સુષ્મા ખૂબ જ અસ્વસ્થ થઇ જતી. પોતાની જાતને અપરાધી માનતી હતી. પાપી માનતી કે હું આવા વિચારો કરું છું, હું નર્કમાં જઇશ, આના કરતાં મરણ સારું વગેરે.

સુષ્માની ઉપરોક્ત વર્તણૂક, વિચારો, વ્યવહારને લીધે પતિ તથા બાળકો તંગ આવી ગયા હતા. પતિએ સહાનુભૂતિપૂર્વક ઘણી વખત સમજાવવાની કોશિશ કરી હતી કે આ વિચારો છોડી દે. વર્તણૂંક બદલાવ, આત્મવિશ્વાસથી કામ લે, બધું પહેલાની જેમ નોરમલ થઇ જશે. સુષ્માની મમ્મી તથા ભાઇએ પણ સમજાવવાની કોશિશ કરી. પરિણામ શૂન્ય આવ્યું.

આ દરમ્યાન બહેનના દીકરાના લગ્ન પ્રસંગે સુષ્માને બહારગામ જવું પડ્યું. આ પંદર દિવસ દરમ્યાન સુષ્માની વર્તણૂક બહારગામ એકદમ નોરમલ હતી. વારંવાર હાથ ધોવાનું, કામમાં સમય વધારે લાગવો, નાહવામાં, ટોઇલેટમાં સમય વધારે લાગવો, વારંવાર ચેક કરવું વગેરે કાઇ તકલીફ ન હતી.

મુંબઇ પાછા આવતા ધીમે ધીમે ઉપરોક્ત તકલીફ પાછી થઇ આવી.

સુષ્માને કુળદેવીના સ્થાનકે જઇ દેશમાં પગે લગાડી આવ્યા. જ્યોતિષ પાસે કહેલ વિધિ કરાવી. ધર્મગુરૂ પાસે લઇ ગયા. વિચારો તથા કાર્ય, વ્યવહારમાં ફરક ન પડ્યો. તકલીફ વધતી ગઇ.

એક હિતેચ્છુની સલાહથી છેલ્લાં ઉપાય તરીકે લેખકને કન્સલ્ટ કર્યા.

*આ સંસાર એ તો બધો હિસાબ ચૂકવવાનું કારખાનું છે.*

સુષ્માએ રડતાં રડતાં કાઉન્સેલિંગના સેશન્સમાં જણાવ્યું કે :

(૧) હું જે કરી રહી છું (વારંવાર હાથ ધોવાના, ફરી ફરીથી ચેક કરવું, બાથરૂમ ટોઇલેટમાં વધારે સમય લાગવો, વગેરે) તે યોગ્ય નથી. મારે આ પ્રમાણે ન કરવું જોઇએ.

(૨) પરંતુ આ વિચારો તથા વર્તણૂક, વ્યવહાર, કામ કરવાની પધ્ધતિ મારા કાબૂમાં નથી. આ પ્રમાણે ન કરું તો મન બેચેન થઇ જાય છે.

(૩) **મારા મનમાં હંમેશાં ડર તથા ભય રહે છે કે જો હું ત્રણ કે પાંચ વખત એ કાર્ય નહીં કરું તો કાંઇક નુકસાન થશે, કાંઇક અશુભ થશે.** મારી મમ્મીને જીવલેણ બીમારી થશે કે મારી દીકરીનું કોઇ અપહરણ કરી એના પર બળાત્કાર કરશે. આવા નકારાત્મક પ્રસંગો ન બને તે માટે આવી વર્તણૂક કરું છું.

- **સુષ્માના કેસમા બીમારી તરફ લઇ જનારા પરિબળો (predisposing factors) :**

૧. *વ્યક્તિત્વ :* સુષ્માનું વ્યક્તિત્વ વધારે પડતી ચોકસાઇવાળું હતું. વધારે પડતી સાફ સફાઇ જોઇતી હતી અને પોતે જાતે કરતી હતી. ઘણી વખત આ સાફ સફાઇમાં શારીરિક રીતે થાકી પણ જતી પરંતુ જ્યાં સુધી ધાર્યા પ્રમાણે સાફસફાઇ ન થાય ત્યાં સુધી શાંતિથી જંપીને બેસતી નહીં. ઘરમાં વસ્તુઓ વ્યવસ્થિતપણે ગોઠવેલી હોવી જોઇએ (perfection-ism) વસ્તુઓ એજ પ્રમાણે એ જ ક્રમમાં, જરાપણ આગળ પાછળ નહીં એવી રીતે ગોઠવેલી હોવી જોઇએ. ઘરમાં કપડાં, વાસણ, વર્તમાનપત્રો, મેગેઝીન, ભણવાના પુસ્તકો, જોડાં વગેરે બધું જ વ્યવસ્થિતપણે ગોઠવેલું હંમેશાં હોવું જોઇએ. બીજા કોઇએ વસ્તુઓ આડી-અવળી મૂકી દીધી હોય તો સુષ્મા એ વસ્તુઓ ગોઠવતી. ઘણી વખત આમાં સુષ્માનો સમય, શક્તિ વેડફાઇ જતાં તથા અન્ય કામનું ટેન્શન વધી જતું.

સમય માટે પણ વધુ પડતી ચોકસાઇ રાખતી. કાર્યક્રમમાં સમયની પહેલા પહોંચી જવાનો આગ્રહ રાખતી. જેથી ઘણી વખત સ્ટ્રેસ લેતી.

**પોતાની વાણી, વર્તણૂક, વ્યવહારને લીધે બીજાની લાગણી ન દુભાય એનો ખ્યાલ રાખતી. આ માટે પોતે જાતે નકારાત્મક લાગણીઓ દબાવી દેતી. એ નકારાત્મક લાગણીઓ વ્યક્ત ન કરતી.**

આમ સુષ્મા પોતાના સ્વભાવ તથા વ્યક્તિત્વ તથા અભિગમને લીધે સ્ટ્રેસ, ટેન્શનમાં જીવતી હતી. બધું વ્યવસ્થિત હોવા છતાં જિંદગી માણી શકતી ન હતી.

૨) *ભાઇને ફ્રેક્ચર થયેલ :* તકલીફ શરૂ થઇ એના લગભગ છ એક મહિના પહેલા નાના ભાઇને સ્લીપ થવાથી પગમાં ફ્રેક્ચર થયેલ. ઓપરેશન કરાવવું પડેલ. સારવાર બાદ એકદમ નોરમલ થઇ ગયેલ. પરંતુ આ છ મહિના સુષ્મા સ્ટ્રેસમાં જીવતી હતી. ભવિષ્યની ખોટી ચિંતા ભાઇ માટે કરતી હતી. ભાઇ સાજો નહીં થાય, ખોડ રહી જશે વગેરે વગેરે.

૩) *ભાણેજની નોકરી છૂટી જવી :* અમેરિકામાં રહેતા બહેનના દીકરાની નોકરી છૂટી ગયેલ. બેએક મહિના ભાણેજ નોકરી વગરનો હતો. પણ પછી નોકરી મળી ગયેલ તથા એને કોઇ તકલીફ નથી. ફોન પર એ ભાણેજ માસીને આશ્વાસન આપતો કે માસી મારી ચિંતા નહીં કરો. મને નોકરી મળી જશે. મારી પાસે એક વર્ષ ચાલે એટલી બચત છે. છતાં સુષ્માનું મન ન માનતું. અને સ્ટ્રેસમાં જીવતી હતી.

- **નિદાન :**

સુષ્માનો કેસ ઓ.સી.ડી. (O.C.D. - Obsessive Compulsive Disorder) નો છે. જેમાં મુખ્યત્વે અનિચ્છિત દબાણપૂર્વકના કાર્યો - Compulsive Behaviour (વારંવાર હાથ ધોવા, વારંવાર ચેક કરવું, વધારે પડતી સાફ સફાઇ, વધારે પડતી ચોકસાઇ વગેરે) સુષ્મા કરતી હતી. જેને લીધે રોજિંદા કાર્યોમાં તથા વ્યવહારમાં તકલીફ અને મુશ્કેલી સર્જાતી હતી.

- **સારવાર :**

**(૧)** ઓ.સી.ડી.ની બીમારીમાં મનના અવયવો-લિમ્બિક સીસ્ટમમાં ન્યુરોટ્રાન્સમીટર સીરોટોનિનની માત્રા ઓછી થાય છે. જેને લીધે બીમારીના લક્ષણો (વિચાર, કાર્ય, વ્યવહારમાં) જોવા મળે છે.

જેમ ડાયાબિટીસની બીમારીમાં બહારથી ઇનસ્યુલીન આપવાથી બીમારીના લક્ષણો પર કાબૂ મેળવાય છે તેમ ઓ.સી.ડી.ની બીમારીમાં દવાઓ જે સીરોટોનિનની માત્રા મગજમાં મનના અવયવોમાં વધારે છે જેથી બીમારીના લક્ષણો પર કાબૂ મેળવાય છે. આ ઊંઘની દવાઓ નથી.

યોગ્ય માત્રામાં એસ.એસ.આર.આઇ. (SSRI) દવાઓ આપવાથી ધીમે ધીમે બીમારી પર કાબૂ મેળવાય છે. લક્ષણો ઓછા થાય છે. સુષ્માના કેસમાં છ અઠવાડિયા દવાઓની સારવારથી ફરક જણાયો.

**(૨) કોગ્નીટીવ બિહેવિયર થેરાપી :** દવાઓ સાથે કોગ્નીટીવ બિહેવિયર થેરાપી (C.B.T.) ચાલુ કરી. સી.બી.ટી.ની રીસ્પોન્સ પ્રિવેન્શન (Response Prevention)ની ટેકનિક શરૂ કરી. **અયોગ્ય પ્રતિક્રિયા તથા વર્તણૂકને થતી અટકાવાય છે. કુટુંબીજનોનો સાથ સહકાર જરૂરી છે.** શરૂઆતમાં સુષ્માના કેસમાં હાથ એક જ વખત ધોવા આપવામાં આવતા. એનાથી વધારે વખત સુષ્મા હાથ ધોવા જતી ત્યારે મક્કમતાથી કુટુંબીજનો એને અટકાવતા. ઘણી વખત શારીરિક બળ વાપરીને સુષ્માને હાથ ધોવા ન આપતા. એ જ રીતે બાથરૂમમાં નાહવા માટે નિર્ધારિત સમયથી વધારે સમય આપવામાં ન આવતો. વધારે વખત હાથ ન ધોવાથી કાંઇ અશુભ થતું નથી એ પરિણામ પરથી સુષ્માને સમજાયું (શબ્દોથી સમજાવટને બદલે પ્રેક્ટિકલમાં સમજાયું) આને લીધે લક્ષણો પર જલદી કાબૂ મેળવ્યો.

**(અનુસંધાન : જુઓ પાના નં.-૮૧ ઉપર)**


*તમે સામાને ટેકો ના આપી શકો તો કાંઇ નહિ, પણ ટીકા તો ના કરો.*

# શ્રી કોમલ સાવલા — એક અનેરા કચ્છી



**શ્રી કોમલભાઈ મૂળજીભાઈ સાવલા**

**બિદડા ખાતે માતૃવંદના - વયસ્કો માટે અને તે સાથે નિર્માણ થતું અનાથ બાળકોના નિવાસ સ્થાનનું નૂતન સંકુલ**




કચ્છનો ઇતિહાસ આત્મ બલિદાન, આત્મત્યાગ, શૌર્ય અને સાહસથી સભર અને સમૃદ્ધ છે. કચ્છમાં અનેક સંતો, કવિઓ, સતીઓ અને શૂરાઓ અમર જીવન જીવી ગયા. આજે પણ આ ધરતીમાં આત્મત્યાગીઓ અને શૂરાઓ પોતાનું કર્તવ્ય સભાનપણે બજાવી રહ્યા છે. આજે આપણે એક આવા જ આત્મભાગી અને સમાજ માટે પોતાનું સર્વસ્વ ન્યોચ્છાવર કરી દેનાર એક વીર નરની કથનીનું અવલોકન કરીશું.

આપણે સહુએ અનાથાશ્રમો વિશે સાંભળ્યું હશે અને જોયા પણ હશે. એ જ રીતે આપણે અનેક 'ઘરડા ઘર' વિશે સાંભળ્યું હશે અને એ પણ જોયા હશે. પરંતુ આ બંને એકબીજાના પર્યાય છે તેવો વિચાર આપણને ભાગ્યે જ આવેલ હશે.

વયસ્કો કે જે સિનિયર સિટીઝન હોમમાં રહેતા હોય તેઓ બાળકો માટે કદાચ ઝુરતા હશે. બાળકો કે જે અનાથાશ્રમોમાં રહેતા હશે તેઓને વડીલો મળે તો તેમની અનાથ તરીકેની ખોટ પૂરાઈ શકે. **તો પછી બંનેને એક જ સંકુલમાં કેમ ન રાખવા? આ વિચાર કોઈને ઉદ્‌ભવેલ જ નથી અને ઉદ્‌ભવેલ હોય તો તેને અમલમાં મૂકેલ નથી.** જ્યાં લગી સમજ છે ત્યાં લગી આ પ્રકારનું સંકુલ કદાચ ભારતભરમાં નહીં હોય!

પરંતુ કચ્છ અને કચ્છી માડુ! આત્મભાગી અને શૂરા! કોઈ એક કચ્છી માડુના મગજમાં આ વિચાર ઝબક્યો અને તરત જ તેને અમલમાં મૂક્યો. એક સંકુલ રચનાની શરૂઆત કરી.

*જ્યાં સુધી પૈસાનો કેફ ચઢે નહિ ત્યાં સુધી પૈસો વધે ને કેફ ચઢે તો પૈસો ઘટે.*

આ સંકુલ એટલે કચ્છ માંડવી તાલુકાના બિદડા ગામમાં આકાર લઈ રહેલ "માતૃવંદના — માવતરનો માળો". તે બિદડા સર્વોદય હોસ્પિટલની પાછળના ભાગમાં લગભગ અઢી એકર જમીનમાં ફેલાઈ રહેલ છે. તેની સ્થાપના એકલહાથે જ કરી રહેલ છે તે મૂળ બિદડાના કચ્છી માડુ શ્રી કોમલ મૂળજી સાવલા. આ એકલવીર સ્વમૂડીથી સંકુલના પ્રથમ ફેસ સુધીનું નિર્માણ લગભગ રૂા. ૩ કરોડના ખર્ચથી કરવા ધારે છે. અહીં ચેનલ આકારનું એટલે કે 'સી' (C) શેઈપનું ભોંયતળિયા તથા એક માળનું બિલ્ડિંગ બની રહેલ છે. તેમાં ડબલ બેડના સેલ્ફ કન્ટેઈન્ડ ૫૦ રૂમોનું નિર્માણ થઈ રહેલ છે. દરેક રૂમમાં બે વયસ્કોને રહેવા માટેનું જરૂરી ફર્નિચર મૂકાઈ રહેલ છે. બે રૂમ વચ્ચે એક અભ્યાસ રૂમ હશે કે જેમાં એકસાથે ચાર વયસ્કો વાંચન - લેખનની પ્રવૃત્તિ કરી શકે. **અહીં રહેનાર દરેક વયસ્કને તેમની રૂચિ અનુસાર શૈક્ષણિક, તબીબી, આધ્યાત્મિક, ગ્રામવિકાસ, હુન્નર ઉદ્યોગ કે અન્ય જરૂરી પ્રવૃત્તિઓમાં કાર્યરત રાખવામાં આવશે.**

આ સંકુલનો પ્રથમ ફેસ એટલે માતૃવંદના - વયસ્કોનું નિવાસ સ્થાન અને તેનું કીચન - ડાઈનિંગ હશે કે જેનો અંદાજિત ખર્ચ સંકુલની જમીન સહિત રૂા. ૩.૦૦ કરોડ જેટલો થવા જશે. આ સંકુલનું દ્વિતીય ફેસ એટલે ૫૦ અનાથ બાળકો (બે વર્ષ કે તેથી મોટી ઉંમરના)નું નિવાસ સ્થાન, ઓડિટોરિયમ, એમ્ફી થિયેટર, શિખરબંધી જિનાલય તથા ઉપાશ્રય કે જેનો અંદાજિત ખર્ચ રૂા. ૨ કરોડ જેટલો થવા જશે.

આ સંકુલમાં ૧૦૦ વયસ્કો અને ૫૦ બાળકોને રાખવાની ગણના રાખવામાં આવેલ છે. **અહીં દાખલ થનાર બાળકને ભણાવીને દરેક રીતે તે પારંગત બને તેવા પ્રયાસ કરવામાં આવશે.** જ્યારે આ સંકુલ સંપૂર્ણપણે કાર્યરત થઈ જશે ત્યારે તે એક યુનિક રચના હશે, અજોડ અને બેનમૂન કૃતિ હશે.

આ સંકુલના સ્વપ્નદ્રષ્ટા એટલે કચ્છના માંડવી તાલુકાના, બિદડા ગામના, ૫૭ વર્ષની ઉંમરના શ્રી કોમલભાઈ મૂળજીભાઈ સાવલા. તેઓના માતા-પિતાશ્રી વર્ષોથી બેલગામમાં રહે. તેમના પિતાશ્રીની બેલગામમાં ટુથફુલ ગારમેન્ટ કંપનીની ફ્રેન્ચાઈઝી હતી. શ્રી કોમલભાઈનો જન્મ બેલગામમાં ૧૯૫૬માં થયો. બી.એસસી. સુધીનો અભ્યાસ કરી તેઓએ બેલગામમાં જ હોઝિયરી બનાવતી કંપનીની સ્થાપના કરી. તે એક નાની ફેક્ટરી હતી.

શ્રી કોમલભાઈની મહેચ્છા પ્રમાણે તેમને બેલગામ નાનું પડવા લાગ્યું. લગભગ ૨૪ વર્ષની ઉંમરે તેઓ મુંબઈમાં સ્થાયી થવા આવ્યા. શરૂમાં દાદરના જોગીણી ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટમાં "યોગી વર્લ્ડવેર" નામની ફોર્મર વેયર બનાવતી ગારમેન્ટ કંપનીની સ્થાપના કરી. એ સમયે તેમના શર્ટસની રેન્જ એક નંગના રૂા. ૩૫૦/-થી રૂા. ૮,૦૦૦/- સુધીની રહેતી. અમદાવાદની અરવિંદ મિલનું રૂા. ૫,૦૦૦/- થી રૂા. ૫,૫૦૦/- પ્રતિ મીટરવાળા કાપડના પણ તેઓ શર્ટસ બનાવતા. ધીરે ધીરે તેઓનું કામકાજ વધતું ગયું. તેઓની બનાવટના શર્ટસ ભારતભરના દરેક મોટા શહેરમાં 'શોફ્ટ કોટન' અને 'ગ્રીન ઓરેન્જ'ના બ્રાન્ડથી વેચાવા લાગ્યા. ત્યારબાદ તેઓશ્રી લંડન, મલેશિયા, સિંગાપોર, કુવૈત, દુબઈ વગેરે દેશોમાં કન્ટેઈનરો ભરીને માલ એક્ષપોર્ટ કરવા લાગ્યા.

**તેઓશ્રીને વાંચનનો જબ્બર શોખ હતો. કોઈપણ પ્રકારનું પુસ્તક વાંચી લીધા પછી તેઓ મનન કરતા અને પુસ્તકમાંની ઉત્તમ વસ્તુઓને પોતાના જીવનમાં ઉતારવા અથાગ પ્રયાસ કરતા.** સુધા મૂર્તિ તેમના પ્રિય લેખક. સુધા મૂર્તિનો ઉછેર હુબલીમાં થયેલ છે કે જે બેલગામથી નજીક જ થાય. સુધા મૂર્તિના વિચારો પર તે ખૂબ જ રટણ કરતા. આ પુસ્તકોએ તેમના જીવન પર જબરી અસર કરી. તદુપરાંત શ્રી લીલાધર ગડા લિખિત "પગમેં ભમરી"ના બંને ભાગ તેઓએ વાંચેલ હતા. આ પુસ્તકની પણ તેમના જીવન પર ખૂબ જ અસર પડી. તેઓને તેનાથી પ્રેરણા મળી. **મનમાં નક્કી કર્યું કે મારે પણ સમાજસેવા માટે કંઈક કરવું જોઈએ.** તે દરમ્યાન તેમના માતુશ્રી દેવકાબેનનું અવસાન થયું. એ સમયે "માતૃવંદના" — વયસ્કો માટેનું એક આદર્શ સ્થાન - સેવન સ્ટાર ટાઈપનું પ્રકલ્પ બનાવવાનું મનથી નક્કી કરી લીધું. આ વિચાર મનમાં ને મનમાં ઘૂંટાતો રહ્યો. વિચારના અમલીકરણ માટે અન્યોને વાત કરી. કોઈ જવાબદારી સ્વીકારવા તૈયાર ના થઈ શક્યું. છેવટે જાતે, માતુશ્રીના અવસાનના બે વર્ષ પછી એટલે કે લગભગ ૨૦૧૧ના મધ્ય ભાગમાં પોતાના ધંધામાંથી ૫૫-૫૬ વર્ષની વયે નિવૃત્તિ લઈ, બિદડા આવી, પલાઠી વાળી બેસી ગયા. જરૂરી જમીન સંપાદિત કરી અને જુલાઈ-૨૦૧૧માં 'માતૃ વંદના'ના બાંધકામની શરૂઆત કરી દીધી. એ સમયે તેમને વિચાર આવ્યો કે વયસ્કોની સાથે સાથે જો નાના બાળકોને રાખવામાં આવે તો અનાથ બાળકોને વડીલોની છત્રછાયા મળી રહે અને વડીલોને ઊતરતી ઉંમરે બાળકો વચ્ચે રહીને આનંદિત રીતે સમય પસાર કરવાનો મોકો મળી જાય અને પોતાની ઘરની કમી જે વડીલો મહેસૂસ કરતા હોય તે દૂર થઈ શકે. આ યોજનાને પણ અમલમાં મૂકવાનો ત્વરિત નિર્ણય લીધો. વયસ્કોના રહેઠાણની સાથે સાથે અનાથ નાના બાળકોના રહેઠાણના પણ પ્લાનિંગ વિચારાયા અને તેમના અમલના આયોજનો પણ નક્કી કર્યા.

ધંધામાંથી નિવૃત્તિ લઈ, પોતે બંને — **કોમલભાઈ** અને **મંદાકિનીબેન** - બિદડા આવ્યા તે અગાઉ પોતાના અંગત જીવનનું પ્લાનિંગ બરાબર વિચારી લીધું. જે કંઈ મૂડી દીકરા **નીરલ** તથા દીકરી **પીંકી**ને આપવાની હતી તેનું પ્લાનિંગ કર્યું. તેમનો દીકરો હાલે મુંબઈમાં જ 'કેઝ્યુઅલ વેર' બનાવવાના ગારમેન્ટ કાર્યમાં કાર્યરત છે. દીકરી પીંકીના લગ્ન હૈદ્રાબાદમાં થયેલ છે અને તે ત્યાં પોતાના શ્વસુરના પરિવાર સાથે આનંદ સહિત જીવન ગુજારી રહેલ છે. જો કે બંને સંતાનો કોમલભાઈના માતૃવંદના ટ્રસ્ટમાં ટ્રસ્ટી તરીકે જરૂરી સેવા તો આપે જ છે.

*સંસારમાં સ્વાર્થ છોડાવે તે સત્સંગ અને સંસારમાં સ્પર્ધા વધારે તે કુસંગ કહેવાય.*

વયસ્કોના રહેઠાણમાં ૧૦૦ વ્યક્તિ અને બાળકોના રહેઠાણમાં ૫૦ બાળકો એમ ટોટલ મળીને આ સંકુલનો એક જ સમયે ૧૫૦ વ્યક્તિ લાભ લઈ શકશે. હાલે વયસ્કોના નિવાસ સ્થાનનું મકાન તૈયાર થઈ રહેલ છે. તેની ફિનિશિંગ આઈટમોનું કામકાજ ચાલુ છે. કીચન - ડાઈનિંગ હોલના મકાનનું કામકાજ પૂરઝડપે આગળ વધી રહેલ છે. પ્રથમ ફેસના આ કાર્યો આવતા ચારેક મહિનામાં પૂરા કરી, તેના લોકાર્પણના આયોજનો વિચારાઈ રહેલ છે.

તેમના કાર્યોમાં તેઓશ્રીને **શ્રી ચંદ્રકાંતભાઈ ગોગરી (નાના ભાડિયા), શ્રી લહેરીભાઈ મગનલાલ દેઢિયા (ટુંડા), શ્રી નાનજી વેલજી છેડા (બિદડા), શ્રી નાનાલાલભાઈ અજાણી (બિદડા) તથા શ્રી ખુશાલભાઈ વીરા (બિદડા)** તથા અન્યોનો સંપૂર્ણ સહકાર સાંપડી રહેલ છે. જેથી તેમની નૈતિક હિંમતમાં અનેરો વધારો થયેલ છે.

તેમના ટ્રસ્ટમાં તેમના કુટુંબીઓ ઉપરાંત શ્રી ચંદ્રકાંતભાઈ ગોગરી, શ્રી સુંદરજીભાઈ શાહ, શ્રી નાનજી વેલજી છેડા, ડૉ. મયૂર ખોના વગેરે નામાંકિત વ્યક્તિઓ સામેલ છે અને શ્રી કોમલભાઈ છેડાને તેઓ અવારનવાર માર્ગદર્શન આપતા રહે છે.

જે રીતે પોતાના હમસફર વતનની તરક્કી અને ભલાઈઓ માટે શ્રી કાંતિસેન શ્રોફ (ભુજોડી), શ્રીમતી ચંદાબેન શ્રોફ (ભુજોડી), શ્રી બચુભાઈ રાંભિયા (બિદડા), શ્રી લીલાધર ગડા (ભોજાય), શ્રી લાલ રાંભિયા (ભુજ), શ્રી હરીશ નાગડા (ભુજ), શ્રીમતી સુષ્મા આયંગર (ભુજ) વગેરે અનેક સમાજસેવકો અને દૂરંદેશીઓ અન્યત્રથી આવીને કચ્છમાં ધૂણી ધખાવીને બેસી ગયેલ છે, એજ રીતે એક અનેરા કચ્છી – શ્રી કોમલ સાવલા પણ એ જ લાઈન પર આગળ વધી રહ્યા છે. **કચ્છ એ આત્મત્યાગી અને શૂરાઓની ભૂમિ છે એ કથનીને આ મહાનુભાવો મૂકપણે સાબિત કરી રહેલ છે.**

અને છેલ્લે – પણ અગત્યનું....

શ્રી કોમલ સાવલાએ મનથી નિશ્ચય કરેલ છે કે જે ધન તેમણે સ્વપ્રયત્નથી ઉપાર્જન કરેલ છે તે સંપૂર્ણ મિલકત સત્કર્મમાં વાપરી, પોતાનું બેલેન્સ ઝીરો કરીને જ આ જગતની વિદાય લેવી.

ધન્ય હો, ધન્ય કચ્છ ધરણી!

*૨૦૩, સવિતા એન્કલેવ, સમર્પણ બંગલોઝની બાજુમાં, જજીસ બંગલો ચાર રસ્તા પાસે, બોડકદેવ, અમદાવાદ-૩૮૦ ૦૧૫.*
*મો. ૯૮૨૫૩ ૨૨૬૮૯ / ૯૪૨૮૦ ૪૦૨૬૧*

## કચ્છડો કરે પોકાર....

(રાગ : કાફી)

કચ્છડો કરે પોકાર,
વસદે ધણી તું દાતાર ...કચ્છડો
અધ્ધ ચોમાસો પતણ આયો,
તય વઠા ન અંઈ તલભાર ....કચ્છડો
ગાયું મેયું ખીર છડે વૈયું,
માડુ કરીંયે તાં વિચાર. ....કચ્છડો
પન્ન ખુટ્ટા ને અન્ન ખુટ્ટા,
ખુટ્ટા ઈ જલ આધાર. ....કચ્છડો
હાણે હિંમત હટી વિનેતી,
સામે આયો કાળ. ....કચ્છડો
હાણે સીમા ન રૈ મોંઘારતજી,
'વસ'ડે તું દાતાર. ....કચ્છડો
મોત હલી આયો 'રશ્મિન' ચેં,
ઈશ્વર તું તા ઉગાર. ....કચ્છડો

*'રશ્મિનજો રણકાર : ભાગ-૨' માંથી સાભાર*

"સંગમ મસાલા"
હંસરાજ લાલજી મસાલાવાલા
૮, કેશવજી નાયક રોડ, ભાત બજાર, મુંબઈ-૪૦૦ ૦૦૯.
ફોન : ૨૩૭૭૪૨૧૧, ૨૩૭૭૮૪૨૬

## ધરમ....!

ધરમ-ધરમ કુરો કયોંતા, લૅખ જિતરોં આય ધરમ!
મનકે સાફ રખીને રો મક્કમ, રશ્મિન્ ચેં ઇજ આય ધરમ.

## ક્ષમાપના જો અવસર....

આયો ક્ષમાપના જો અવસર, છોડેલા કરે વેરજી ગંઢ;
અખિંયું મિચિ હુંભસેં વિજજા બખ્ખ, ત પિંઢઈ છૂટી વેંધી વેરજી ગંઢ.

*"રશ્મિન જો રણકાર : ભાગ-૩"માંથી સાભાર*


બુટીક જ્વેલર્સ
સેમી કલ્ચર મોતી, રાઈસ મોતી, રીયલ મોતી,
કલ્ચર મોતી, શુદ્ધ ચાંદીના દાગીના,
કુંદનના સેટ (જડતર) અને ૧૮ કેરેટ સોના
અને ચાંદીમાં અમેરિકન ડાયમંડ જ્વેલરી
૧ ગ્રામ સોનાના દાગીના મળશે.
(પેરોણીગર રોજ બેસે છે.)
૨, હરિ ભુવન, ઝવેર રોડ, મુલુંડ (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૮૦.
ફોન : (૦૨૨) ૨૫૬૧ ૯૫૪૧
પ્રો. : જવેર બી. ખોના

# પૃથ્વી પરનું સ્વર્ગ અલાસ્કા

● કમલબેન શાંતિલાલ શાહ ●

અલાસ્કા એટલે પૃથ્વી પરનું સ્વર્ગ. સ્કૂલમાં ભણતા ત્યારે અલાસ્કાને ટુન્દ્ર પ્રદેશ તરીકે ઓળખતા. ફિલ્મોમાં શંકુદ્રુમ જંગલો અને બર્ફિલા પ્રદેશો જોઈને અલાસ્કાની કલ્પના કરી હતી. પરંતુ એનો સાક્ષાત્કાર તો અમેરિકાનાં સૌથી વિશાળ રાજ્ય અલાસ્કાની ધરતી પર પગ મૂકતા જ થયો. સૂસવાટા મારતા પવનો, બર્ફિલા પહાડો, દૂર દૂરની ક્ષિતિજો સુધી ફેલાયેલી બરફની ચાદરો, સ્નો ફૉલથી ઢંકાયેલા ઊંચા ઊંચા ઝાડવાઓ, તેમાંથી ક્યારેક ડોકાતા સૂર્યનાં કિરણો વડે સોનેરી લાગતું વાતાવરણ સ્વર્ગનો અહેસાસ કરાવે છે. આ બધાં સ્થળોની સાચા અર્થમાં મજા માણવી હોય તો લોકલ બસ, ટ્રેન કે ટ્રામમાં ફરીએ તેમજ પગે ચાલીને સ્થાનિકે લોકોનાં પરિચયમાં આવીએ તો કોઈ પણ સ્થળ પોતીકું લાગે. અહીં ફરવા માટે અમેરિકા અને કેનેડાનાં વિઝા જરૂરી છે. તા. ૬ મે, ૨૦૦૯ના ટોરેન્ટો - કેનેડાથી ફ્લાઈટ વેસ્ટ જેટ એરલાઈનમાં બપોરે ૧.૪૦ વાગે ઉપડ્યા. ટોરેન્ટોથી વેનકુંવર છ કલાકની મુસાફરી છે. વેનકુંવરના સમય પ્રમાણે ૪.૧૫ વાગ્યા હતા. એરપોર્ટથી નીકળતા જ સ્કાય ટ્રેન મળી ગઈ. ત્યાંથી ડે પાસ લઈ લઈએ એટલે આખો દિવસ ટ્રેન અથવા બસમાં મુસાફરી કરી શકાય. ક્રુઝ ડાઉનટાઉનથી ઉપડે છે. એટલે અમે ડાઉન ટાઉનમાં હોટલ 'ડે-ઈન'માં ઉતર્યા. એક દિવસનાં ૧૭૮ ડોલર. તૈયાર થઈને સ્ટેન-લે પાર્ક ગયા. સ્ટેન-લે પાર્ક વેનકુંવરનું ખૂબ જ જાણીતું અને મનમોહક સ્થળ છે. અહીં સેંકડો વર્ષ જૂનાં વૃક્ષો છે, રોઝ ગાર્ડન્સ છે. પરંતુ અહીં કડકડતી ઠંડી હોવાથી ટૂરિસ્ટની આછી પાતળી હાજરી પણ ન હતી. તા. ૭ના હોટલ 'બોમ્બે મસાલા'માં જમ્યા. આપણા સાઉથ ઈન્ડિયન ભાઈઓ દ્વારા સંચાલિત હોટલ બોમ્બે મસાલા શુદ્ધ શાકાહારી ભોજનાલય છે. જમીને અમે એરપોર્ટ ઉપર ગયા કે જ્યાંથી અમારી ક્રુઝ ઉપડતી હતી. પોર્ટ ઉપર અમે દાખલ થયા કે તરત જ અમારો લગેજ ગણીને લઈ લીધો. પછી બધા જ પેસેન્જરને એક મોટા એ.સી. હોલમાં બેસાડ્યા. કુલ ૨૧૦૦ પેસેન્જર હતા. કોઈ અવાજ કે ઘોંઘાટ નહીં. બધા શાંતિથી બેઠા હતા. સાંજે ૪ વાગે ફિંગર પ્રિન્ટ, ફોટો વગેરે લઈ પાસપોર્ટ ચેક કરી ક્રુઝમાં જવાની પરમિશન મળી. બધા એક પછી એક શાંતિથી જતા હતા. પ્લેનમાં જે રીતે ઈન્ફોર્મેશન આપે, તે રીતે ઈન્ફોર્મેશન આપી. ધારો કે ક્રુઝને કાંઈ થાય તો શું કરવું તેની માહિતી આપી. પછી દરેક જણ પોતપોતાની કેબિનમાં ગયા. ત્યાં અમારો સામાન આવી ગયો હતો. બધી સગવડતા ધરાવતો રૂમ નાનો પણ સુંદર હતો. કેબિન સજાવેલી હતી. તેર માળની, આધુનિક ટેકનોલોજીથી સજ્જ આ સારામાં સારી સ્ટીમર છે. ૭૫૦ માણસોનો સ્ટાફ અહીં સહેલાણીઓની સેવામાં હાજર હોય છે. મેડિકલ સ્ટાફ ચોવીસ કલાક સેવામાં હાજર હોય છે. ઈમર્જન્સીમાં ૯૧૧ની સર્વિસ ઉપલબ્ધ હોય છે. ક્રુઝમાં વિશાળ રેસ્ટોરન્ટ છે. તેમાં ગુજરાતી જૈન ફુડ, પંજાબી, ચાઈનીઝ, થાઈફુડ વગેરે અલગ અલગ કાઉન્ટર હોય છે. અહીં બ્રેકફાસ્ટ, લંચ કે ડીનર પહેલાં સેનીટાઈઝરથી હાથ ક્લીન કરવાની ખાસ વ્યવસ્થા હોય છે. આનાથી કોઈપણ બીમારીથી બચી શકાય.





તેમાં ત્રણ સ્વિમિંગ પુલ છે. સ્ટીમ બાથ, સોના બાથ, જાકુઝી ખૂબ જ લક્ઝુરિયસ છે. ડે-કેર સ્કૂલ છે. તેમાં તમે નાનાં બાળકોને મૂકી શકો છો. પાંચથી દસ વર્ષનાં બાળકો માટે ડાન્સિંગ, ડ્રોઈંગ, ફેઈસ-પેઈન્ટિંગ વગેરે પ્રવૃત્તિઓ ચાલતી હોય છે. તેમાં બાળકોને તેમનું સર્કલ મળી રહે છે. એક આખા ગામ જેવી તેર માળની સ્ટીમરનો પરિચય મેળવવામાં સમય પંખીની જેમ ફડફડાટ કરતો ઊડી ગયો.


સાંજે ૭ વાગે સ્ટીમ ઉપડી. પેસિફિક મહાસાગરનાં ખોળે સાત

*શંકા એ જ અપશુકન. જે કામમાં શંકા પડી, તે કામ બગડ્યું જ.*

દિવસ રહેવાનો ઉત્સાહ અનેરો હતો. પ્રથમ તો ફોટોગ્રાફીનું સેશન આવ્યું. વેનકુંવરને દિલ ભરીને માણ્યા બાદ અમે આગળ નીકળ્યા. સ્ટીમર ધીમી ગતિએ આગળ વધી રહી હતી. અમે બધા ડેક ઉપર બેસીને ચા-કોફી પીતા પીતા સમુદ્રની મહારાણી ''રોયલ કેરેબિયન''નો વૈભવ માણવામાં મસ્ત હતા. સાંજે સાડા આઠ વાગે જમીને સંગીતનો પ્રોગ્રામ માણ્યો. ડાન્સિંગ ડેક ઉપર શોખીન સહેલાણીઓ ડાન્સ કરી રહ્યા હતા. ડેક ઉપર બેસીને મોડે સુધી પ્રોગ્રામ માણ્યો. તા. ૮ શનિવારે અમારે ક્રુઝમાં જ રહેવાનું હોવાથી આરામથી ઉઠ્યા. તૈયાર થઈને દૂર દૂરથી દેખાતા અલાસ્કાના રળિયામણા ડુંગરાઓને મન ભરીને માણ્યા. પછી બાથનો આનંદ માણ્યો. અહીં નવ મહિના શિયાળો અને બાકીનાં ત્રણ મહિના ઉનાળો હોય છે. વરસાદને ગમે ત્યારે વરસવાની છૂટ. અમે સૌ દરિયાનો વૈભવ માણવામાં વ્યસ્ત હતા, ત્યાં તો દરિયામાંથી કાળી ડિબાંગ વ્હેલ માછલીનો સમૂહ એની અનોખી અદાથી પાણીમાંથી બહાર નીકળ્યો અને ક્ષણવારમાં પાણીમાં ગરકાવ થઈ ગયો. અલાસ્કાનાં દરિયામાં વ્હેલને હૂંફ મળે છે કારણકે આપણી બ્રહ્મપુત્રા નદીની જેમ અહીંના પાણીમાં પણ અન્ડર કરન્ટ હોય છે. વ્હેલ માછલીત ૪૦થી ૫૦ ફૂટ લાંબી હોય છે. તેનું વજન ૮૦થી ૯૦ હજાર પાઉન્ડ જેટલું હોય છે. વ્હેલનું બચ્ચું એક વર્ષ સુધી તેની મા સાથે રહે છે. વ્હેલ માછલીને અમુક નિશ્ચિત જગ્યા ગમે છે અને આઠ-દસનાં ટોળામાં સાથે ફરવા નીકળી પડે છે. વ્હેલ માછલીનું આયુષ્ય ૪૫થી ૯૦ વર્ષનું હોય છે. અન્ય જીવોની જેમ વ્હેલ માછલીની વસ્તી પણ ચિંતાજનક રીતે ઘટતી જાય છે. પહેલાં અહીં ૧૫થી ૨૦ હજાર વ્હેલ માછલી રહેતી હતી. આજે તેની સંખ્યા આશરે ૧૮૦૦થી ૨૦૦૦ જેટલી છે. અહીં ઘણીવાર ડોલ્ફિન પણ દેખાય છે.




તા. ૯ રવિવારે અમે અલાસ્કાના કેપીટલ 'જૂનો' આવી પહોંચ્યા. તેની ટૂક ટિકિટ લેવાની હતી. તમે ક્રુઝ પરથી ટિકિટ લો એના કરતાં બહારથી લો તો એક ફાયદો એ થાય કે તમે શહેરમાં બારગેઈન કરી શકો. ઈ.સ. ૧૮૬૭માં અમેરિકાએ રશિયા પાસેથી અલાસ્કા ખરીદેલું. ઈ.સ. ૧૯૦૬થી 'જૂનો' અલાસ્કાની રાજધાની છે. ૧૮૮૦માં અમેરિકામાં ગોલ્ડ રશની આંધી ઉઠેલી. પોતાના ભાગ્યને અજમાવવા સેંકડોની સંખ્યામાં લોકો અલાસ્કામાં ઉતરી આવેલા. 'જો-જૂનો' નામના સુવર્ણ શોધકનાં નામ પરથી આ ગામનું નામ ''Juneau'' પડ્યું. કેનેડાનાં બ્રિટિશ કોલંબિયાનાં ભાગોળ સાથે જોડાયેલું 'જૂનો' કુદરતી સૌંદર્યથી લદાયેલું છે. એ જ એનું સાચું સોનું છે. જૂનોમાં ગ્લેશિયર્સ, હાઈકિંગ, રેઈન ફોરેસ્ટ અને હેલિકોપ્ટરની રાઈડ પ્રવાસીઓનાં આકર્ષણનું કેન્દ્ર છે. અમે સીટી ટૂર અને હેલિકોપ્ટરની રાઈડ લીધી હતી. શહેરમાં ઍમ્બેસી, ફેડરલ હાઉસ અને મ્યુનિસિપલ ઓફિસનાં મકાનો બહારથી જોયા. અહીં જ્વેલરીનાં મોટા મોટા શો રૂમ છે જે વર્ષમાં ત્રણ મહિના જ ખુલ્લા હોય છે. 'જૂનો'માં આખો દિવસ પસાર કરવાનો હતો. અહીં ટૂર કંપનીઓ ઘણી બધી છે. અહીં ગોલ્ડ માઈનની ટૂર પણ આ કંપનીઓ કરાવે છે. હાઈસ્પીડ બોટમાં મે ફ્લાવર આઈલેન્ડ અને સ્યુસાઈડ પોઈન્ટ જવાય છે. પછી ત્યાંથી ટૂર કંપનીઓ ટ્રેકિંગ માટે જંગલમાં લઈ જાય છે. ગાઈડ સાથે હોવો જરૂરી છે. બધા ઈક્વીપમેન્ટથી સજ્જ કરી જીપમાં બેસાડીને આ ટૂર કંપનીઓ ફોરેસ્ટમાં લઈ જાય છે અને ૨૦૦ ફૂટ ઉપર ઝાડની ટોચ ઉપર કેબલ બાંધેલા હોય તેને પકડીને કેબલ ગ્લાઈડિંગ કરાવે છે. અહીં હેલિકોપ્ટરની રાઈડ પણ છે. સાત હજાર ફૂટની ઊંચાઈ પર લઈ જઈ ત્યાં બરફમાં ઉતારે છે. કેમેરા, બાઈનોક્યુલર તથા સનગ્લાસ સાથે રાખવા બહુ જ જરૂરી છે. આવી સીનેરી ક્યાંય જોવા નહીં મળે. વન્ડરલેન્ડ, ગ્લેશિયર કિંગ, ડેવીલ પૉ (રાક્ષસનો પંજો) બધું બરફમાં આવેલું છે. પરંતુ આ બધી જગ્યાએ વાતાવરણ અનુકૂળ હોય તો જ જઈ શકાય છે. જિંદગીમાં યાદગાર બની જાય તેવા વિસ્તાર છે. અલાસ્કાના કેપિટલ 'જૂનો'ને મનભરીને માણ્યા બાદ અમે શીપમાં આવી ગયા.



તા. ૧૦ મે, સોમવારે સવારે ૭ વાગે અમે સ્કેગ-વે ના દરિયા કિનારે પહોંચ્યા. સ્કેગ-વે નાં દરિયા કિનારે ચાલવું, મહાલવું અને ટહેલવું એક અદ્ભુત અનુભવ છે. ક્રુઝમાંથી કિનારે જતી વખતે Sea Pass Card અને ફોટોગ્રાફ સાથે લઈ લીધા. ઉપરાંત કેમેરા, બાઈનોક્યુલર, ગરમ કપડાં અને ગોગલ્સ તો ભુલાય જ નહીં. બહાર ફરવા જતી વખતે ટિકિટ પર ટાઈમ અને લોકેશન જોઈ લેવું. નહીં તો ટૂરિસ્ટો ત્યાં જ અટવાયા કરશે.

ઈ.સ. ૧૮૯૭માં સુવર્ણછેલા વિલિયમ

*અહિંસા તો તેને કહેવાય કે પૂરી શક્તિ હોવા છતાં કંઈ જ પ્રતિકાર ના કરે તે.*

મૂરે એ સ્કેગ-વે ને શોધી કાઢ્યો. અહીંથી કેનેડાની સરહદ ચાલીને જવાય એટલી નજીક છે. અહીંના ક્લોન્ડાઈ પ્રદેશમાંથી સોનું નીકળ્યું હતું. ઐતિહાસિક એવા આ શહેરમાં તે સમયની ઈમારતો હજુ મોજૂદ છે. સ્કેગ-વે એટલે પાણીની ઉપર રૂના પોલ જેવો બરફ તરતો હોય. અહીં પવન ખૂબ જ વાય છે. આ જગ્યાએ બરફથી છવાયેલા ઊંચા ઊંચા વૃક્ષો ઉપર ઝુલતા ઈગલના માળામાં અમેરિકાનાં રાષ્ટ્રીય પક્ષી પાંખો ફફડાવ્યા વિના શાંત અને સ્થિર બેઠાં હતા.

યુકુન રેલ રોડ અને વ્હાઈટ પાસ ટ્રેન જ્યાં ક્રુઝ ઊભી રહે છે ત્યાંથી જ ઉપડે છે. વર્લ્ડની સૌથી Scenic Railway છે. ઇ.સ. ૧૮૯૮થી આ ટ્રેન સહેલાણીઓને અલાસ્કાના અદ્‌ભુત સૌંદર્યના દર્શન કરાવે છે. આ નેરોગેજ ટ્રેન ત્રણ ફૂટ પહોળી છે અને ૩૦૦૦ ફૂટ ઊંચા માઉન્ટેન પર લઈ જાય છે. અલાસ્કાનાં હિમાચ્છાદિત ડુંગરાઓની વચ્ચે ટનલમાંથી પસાર થઈને બ્રિજ ઉપરથી જ્યારે આ ટ્રેન પસાર થાય છે ત્યારે નિસર્ગની આ સુંદરતાને મનભરીને માણી લેવાનું મન થાય છે.

તા. ૧૧મે, ૨૦૦૯નાં રોજ અમારે શીપમાં રહીને જ અદ્‌ભુત સૌંદર્ય માણવાનું હતું. મળસ્કે ૫.૩૦ વાગે અમારી શીપ યકુરાટ-બે માં પ્રવેશી. આ જગ્યાએ પ્રવેશતી વખતે ડેક ઉપર કોઈ જાહેરાત નહીં. કારણકે અવાજથી વાઈલ્ડ લાઈફ પર કોઈ નેગેટીવ ઈફેક્ટ પડે અને વ્હેલ જેવી કોઈ મહાકાય માછલીનો સમૂહ સ્ટીમરને સપાટામાં લઈ લે એટલે અંદરની બાજુ પબ્લિક એરિયામાં જાહેરાત કરવામાં આવી અને બધા ડેક ઉપર બેસીને આ સુંદર સવાર માણવા દોડ્યા.



તા. ૧૨ મે ના રોજ કેચીકન જવાનું હતું. સવારે ૭ વાગે કેચીકન પહોંચ્યા. સવારે ૭ થી સાંજે ૫.૩૦ સુધી અમારું રોકાણ કેચીકનમાં હતું. અહીં ઈગલ સેન્ટ અને સિટી ટૂર કરવા જેવી છે. અલાસ્કામાં માનવ સર્જિત કશું જ નથી. કુદરતી સૌંદર્યને મનભરીને માણતાં જ રહેવાનું. સિટી ટૂર કર્યા બાદ અમે ફ્લોટર પ્લેનમાં બેઠા. ૬ સીટર્સ આ નાના નાના પ્લેન રન વે પર દોડતા નથી પણ સીધા પાણીમાંથી ઊડે છે અને અવકાશમાંથી ગ્લેસિયર્સ, વોટર ફોલ્સ, ખીણોની અજબગજબની દુનિયા બતાવી ફોટોગ્રાફી માટે એક પોર્ટ પર ઉતારે છે. પાણીમાંથી ઊડતા અને પાણીમાં જ લેન્ડ થતા આ નાના નાના પ્લેન ખૂબ જ સુંદર લાગે છે. ફ્લોટર પ્લેનની આ દિલધડક ઉડાન ધબકાર ચૂકી જવાય એવી છે. ફ્લોટર પ્લેનની મજા માણ્યા બાદ અમે ક્રુઝમાં પાછા ફર્યા.

ત્યાર પછીનો દિવસ અલાસ્કામાં અમારો છેલ્લો દિવસ હતો. એટલે કુદરતનાં આ સૌંદર્યને મનભરીને માણવાનું હતું. દુનિયાભરનાં અનેક સહેલાણીઓનો અહીં પરિચય થયો.

તા. ૧૩ મે, ૨૦૦૯. આજે સૂર્ય મહારાજ ચાર વાગે ફરજ પર હાજર થઈ ગયા હતા અને રાત્રે ૧૨ વાગ્યા સુધી ફરજ પર હાજર રહેવાના હતા. અમે પણ સૂર્યાસ્ત થાય ત્યાં સુધી દરિયાને મન ભરીને માણવાના મૂડમાં હતા. ત્યાં તો અચાનક એક વિશાળકાય ગ્લેસિયર નજરે પડ્યો. સર્જન અને વિસર્જનના નિયમ અનુસાર નવો બરફ બને અને જૂનો બરફ મોટી ગર્જના સાથે તૂટીને મહાસાગરમાં સમાઈ જાય. આ મોટી મોટી હિમશિલાઓ જ્યારે પાણીમાં પડે ત્યારે સાગરમાંથી પાણીની છોળો છેક ઊંચે સુધી ઊડે અને પછી એ બરફ તરતા તરતા આગળ વધે. આ દૃશ્ય જીવનમાં ભાગ્યે જ જોવા મળે છે.

આઈસબર્ગ એટલે સપાટી ઉપર બરફનો એક ભાગ દેખાતો હોય અને નવ ભાગ પાણીની સપાટીની નીચે હોય. નાની નાની સ્ટીમરોનું તો અહીં કામ જ નહીં. આવા આઈસબર્ગ સાથે અથડાય તો જળસમાધિ જ લઈ લે. આ બરફનો જથ્થો સમય જતા ઓગળે એટલે સમુદ્રમાં ભળી જાય.

અલાસ્કાના પ્રવાસનો છેલ્લો દિવસ ક્યાં પસાર થઈ ગયો ખબર જ ન પડી. આપ સૌને એક વિનંતી કે અલાસ્કાના પ્રવાસનો ક્યારેય પણ મોકો મળે તો સમય ચોરી ચોરીને વાપરજો. મતલબ કે એક એક પળને માણજો. એક અઠવાડિયું ઝડપથી પસાર ન થઈ જાય. ત્યાંના આ બરફથી છવાયેલા શ્વેત રંગને હૃદયમાં ઉતારી ક્રુઝ પરની છેલ્લી રાતને યાદગાર બનાવી.

તા. ૧૩નાં સવારે અમે 'સીઆટેલ' અમેરિકા પહોંચ્યા. અહીં અમારી અલાસ્કાના ટૂરની પૂર્ણાહૂતિ થઈ. સીઆટેલ અમેરિકાનું એક ઔદ્યોગિક શહેર છે. જ્યાં બોઈંગ વિમાન ૭૦૭ બનાવવાનું કારખાનું છે. આ કારખાનામાં ઘણાં ભારતીયો કામ કરે છે. તેમાં કામ કરતા ઘણા ભારતીયોને મળી ખૂબ આનંદ થયો. અહીંથી અમારે ટોરેન્ટો કેનેડા જવાનું હતું. અમારી ફ્લાઈટ રાત્રે ૧૦ વાગે હતી. એટલે આખો દિવસ એરપોર્ટ પર બેસી અલાસ્કાની યાદગાર પળોને વાગોળવામાં પસાર કરી. સવારે ૪ વાગે કેનેડા પહોંચ્યા. ત્યાંના સમય પ્રમાણે સવારના ૭.૩૦ થયા હતા. ઘેર પહોંચ્યા ત્યારે સવારે ૯ વાગ્યા હતા. બરફથી છવાયેલા ડુંગરાઓ, ધોધનો કર્ણપ્રિય અવાજ આકાશમાંથી દેખાતો ધરતીનો નઝારો, વાતાવરણ એટલું સુંદર કે એનું વર્ણન કરવામાં આપણે ઊણા ઉતરીએ. એ યાદગાર પળોનો ડેટા મગજમાં ફિક્સ કરી અમે અલાસ્કાનો પ્રવાસ પૂર્ણ કર્યો.

*"શાંતિ નિકેતન", ૭૧, યુગાન્ડા સોસાયટી,*
*સુભાષ ચોક પાસે, મેમનગર, અમદાવાદ-૩૮૦ ૦૫૨.*
*ફોન : ૦૭૯-૨૭૪૭૪૯૬૫*

*ત્યાગમાં અહંકાર હોય, સંયમમાં અહંકાર ના હોય.*

# ફ્લેશ ચેનલ

• સંકલન : દિનેશ આર. મહેતા •

## ૪૦૦૦થી વધુ એન.જી.ઓ.ની નોંધણી રદ

પોતાના નક્કી કરેલા હેતુ સિવાયના હેતુઓને સિદ્ધ કરવાના ઉદ્દેશથી ચાલતી ચાર હજારથી વધુ બિનસરકારી સંસ્થાઓની નોંધણી રદ કરવામાં આવી છે. જ્યારે ૩૨ સંસ્થાઓના બેંક ખાતા સીલ કરી દેવાયા છે. જ્યારે ૭૨ સંસ્થાઓને વિદેશી ધન લેવા પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે.

કેન્દ્ર સરકારના રાજ્ય કક્ષાના ગૃહમંત્રીએ તાજેતરમાં રાજ્યસભામાં આ વિગત જણાવેલ હતી.

★

## મોટી કરતાં નાની ચલણી નોટોનું પ્રિન્ટિંગ વધુ ખર્ચાળ!

ટકાવારીની દૃષ્ટિએ જોઈએ તો રીઝર્વ બેંકને મોટી રકમની ચલણી નોટના પ્રિન્ટિંગ ખર્ચ કરતાં નાની રકમની ચલણનો પ્રિન્ટિંગ ખર્ચ ઊંચો આવે છે. રીઝર્વ બેંક દ્વારા પૂરી પડાયેલી એક માહિતીમાં જણાયું છે કે રૂપિયા ૧૦ની ચલણી નોટના પ્રિન્ટિંગ પાછળ ૦.૯૬ પૈસા ખર્ચ થાય છે જ્યારે રૂપિયા ૫૦૦ની ચલણી નોટ પાછળ રૂપિયા ૩.૫૮ અને રૂપિયા ૧૦૦૦ની ચલણી નોટ પાછળ રૂપિયા ૪.૦૬નો ખર્ચ આવે છે.

આમ ટકાવારીની દૃષ્ટિએ જોવા જઈએ તો રૂપિયા ૧૦ની ચલણી નોટ પાછળ નોટની કિંમતના એક ટકા આસપાસ ખર્ચ થાય છે. જ્યારે રૂપિયા ૫૦૦ની નોટ પાછલ પોણો ટકો અને રૂપિયા ૧૦૦૦ની નોટ પાછળ તેની કિંમતના અડધા ટકાથી પણ ઓછો ખર્ચ આવે છે. એક આર.ટી.આઈ. અરજીના આપેલા જવાબમાં આ માહિતી બહાર આવી છે. ચલણી નોટો સરેરાશ કેટલા વર્ષો ટકે છે એવા પૂછાયેલા પ્રશ્નનો જવાબ આપતાં રિઝર્વ બેંકે જણાવ્યું હતું કે આ સંદર્ભમાં જો કે ખાસ અભ્યાસ કરાયો નથી. આમ છતાં ઓછી કિંમતની નોટ્સનું આયુષ્ય જેમ કે રૂપિયા પાંચ કે ૧૦ની નોટ વધુ કિંમતની નોટ એટલે કે રૂપિયા ૫૦૦ કે ૧૦૦૦ કરતાં ઓછું હોય છે એવું સામાન્ય રીતે જોવા મળ્યું છે. ૧૯૬૭થી ચલણી નોટના કદમાં કોઈ ફેરફાર કરાયો નથી. ચલણી નોટોની આયુ વધારવા અને ઉત્પાદન ખર્ચ ઘટાડવા બેંકે પ્લાસ્ટિક તથા પોલીમર આધારિત નોટ્સનો અખતરો કર્યો છે.

મૈસુર, કોચી, જયપુર, સિમલા અને ભુવનેશ્વર ખાતે હાલમાં આ નોટોનો અખતરો થઈ રહ્યો છે અને અહીં શું પરિણામ આવે છે તેના આધારે તે દાખલ કરવા અંગે નિર્ણય લેવાશે એમ પણ રિઝર્વ બેંકે જણાવ્યું હતું.

## ચીન ખાતેથી રેડીમેડ ગારમેન્ટ અને શુઝની ડ્યુટી ફ્રી આયાતની છૂટ

સ્પેશિયલ પાસીસ ધરાવતા ટ્રેડરો સરહદના ત્રણ મથકો મારફત ચીન ખાતેથી રેડીમેડ ગારમેન્ટ્સ અને શુઝની ડ્યુટી ફ્રી આયાત કરી શકે છે. આમ જમીન માર્ગે આયાત કરાતી આઈટેમ્સની સંખ્યા હવે વધીને ૨૦ થઈ ગઈ છે. ધ ડાયરેક્ટોરેટ - જનરલ ઑફ ફોરેન ટ્રેડ (ડી.જી.એફ.ટી.) જમીન માર્ગે ડ્યુટી ફ્રી આયાત અને નિકાસ કરાતી ચીજવસ્તુઓની યાદીમાં સંબંધિત ફેરફાર કર્યા છે. આજની તારીખમાં જમીન માર્ગની સરહદ પરના ત્રણ કસ્ટમ્સ મથકો નાથુ લા (સિક્કીમ), ગુંજી (ઉત્તરાખંડ) અને નામગિયા સિપકિલા (હિમાચલ પ્રદેશ) ખાતેથી આ ચીજવસ્તુઓની આયાત કરી શકાય છે એમ ડી.જી.એફ.ટી.ના સૂત્રોએ જણાવ્યું હતું.

આ સંદર્ભે જારી કરાયેલી પબ્લિક નોટિસમાં સલામતીની દૃષ્ટિએ કોઈ ઉલ્લેખ કરાયો નથી જેને કારણે ભારતીય બજારોમાં ખાસ કરીને આ મથકોની નજીક આવેલા રાજ્યો પંજાબ, ઉત્તર પ્રદેશ અને પશ્ચિમ બંગાળમાં ચીનના સસ્તા માલનું ડમ્પિંગ થશે એવો ટ્રેડરોમાં ભય ઊભો થયો છે. સ્પેશિયલ પાસ ખાસ કરીને સરહદી જિલ્લાના નાગરિકોને જારી કરવામાં આવે છે, જેને આધારે તેઓ મુક્તપણે માલની આયાત-નિકાસ કરી શકે છે. જો કે ભારત અને ચીન વચ્ચેનો ૯૦ ટકા વેપાર દરિયાઈ માર્ગે થાય છે.

★

## મંગળ પર નાસાના સ્પેસ ક્રાફ્ટનું સફળ ઉતરાણ

મંગળ ગ્રહ પર જીવન શક્ય છે કે નહીં અને ભવિષ્યમાં પણ આ અંગે કોઈ શક્યતા છે કે નહીં તેની તપાસ કરવા માટે નાસાનાં અત્યંત આધુનિક સ્પેસક્રાફ્ટ 'ક્યુરિઓસિટી'એ તાજેતરમાં સફળતાપૂર્વક મંગળ ગ્રહ પર ઉતરાણ કર્યું હતું. આ સ્પેસક્રાફ્ટ બે વર્ષ સુધી મંગળ ગ્રહની વિવિધ માહિતી એકત્ર કરશે. ૨.૫ અબજ ડૉલરનાં ખર્ચે આ એર ક્રાફ્ટ તૌર કરવામાં આવ્યો છે. નાસાનાં જણાવ્યા અનુસાર મંગળ ગ્રહ પર પહોંચતાની સાથે જ આ એરક્રાફ્ટે મંગળ ગ્રહનો બ્લેક એન્ડ વ્હાઈટ ફોટો મોકલ્યો હતો. ત્યારબાદ તરત જ લેબોરેટરીમાં સ્ક્રીન પર મંગળ ગ્રહની મોટી ઈમેજ ઉપલબ્ધ બની હતી. અન્ય ગ્રહ પર અત્યાર સુધી મોકલવામાં આવેલા એરક્રાફ્ટ પૈકી આ એરક્રાફ્ટ સૌથી મોટો અને અતિ આધુનિક છે. આ કારણે તે મંગળ ગ્રહ પરથી વિવિધ

*ભગવાનના માર્ગમાં સમજની જરૂર છે, બુદ્ધિની નહિ.*

માહિતી એકત્ર કરશે. આ માહિતી પરથી એ નક્કી થશે કે ભવિષ્યમાં મંગળ ગ્રહ પર જીવન શક્ય છે કે નહીં. વધુમાં, આ એરક્રાફ્ટ દ્વારા મંગળ ગ્રહની માટી પૃથ્વી પર લાવવા માટેના પ્રયત્નો કરવામાં આવશે. જેથી આ માટીનું વધુ પૃથક્કરણ કરી શકાય. આ એરક્રાફ્ટમાં દસ વૈજ્ઞાનિક ઉપકરણો છે. અમેરિકામાં ફ્લોરીડાના કેપ કેનેવરલે ખાતેથી ૨૬ નવેમ્બર, ૨૦૧૧ના રોજ આ સ્પેસ ક્રાફ્ટ ઉપડ્યું હતું.

આ અવકાશયાને મંગળની ધરતી પર સફળ ઉતરાણ કર્યા બાદ ભારતના ઈસરોના પૂર્વ ચેરમેન કે. કસ્તુરીરંગને આ મિશનને રોમાંચક અને અદ્ભુત ગણાવી નાસાની સિદ્ધિને બિરદાવી હતી. આ સિદ્ધિ મેળવનાર ટીમના દરેક વિજ્ઞાની યશના ભાગીદાર છે. ઘણા ભારતીય વિજ્ઞાનીઓ પણ આ ટીમમાં હોવાનું ગૌરવ છે તેમ તેમણે જણાવ્યું હતું.

★

## ફાર્મા કંપનીઓએ આપેલી ભેટની કિંમત ડૉક્ટરની આવક ગણાશે

ફાર્મા કંપનીઓ દ્વારા તેમની દવાઓના વેચાણ વધારવા માટે ડૉક્ટરોને મફતમાં આપવામાં આવતી ગીફ્ટનો ખર્ચ ફાર્મા કંપનીઓને ખર્ચ તરીકે બાદ ન આપવાનો અને ડૉક્ટરોને આ રીતે આપવામાં આવતી ભેટની કિંમતને ડૉક્ટરની આવકમાં ઉમેરીને તેના પર વેરો લેવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. સેન્ટ્રલ બોર્ડ ઑફ ડાયરેક્ટ ટેક્સિસે પહેલી ઓગસ્ટે આ અંગે એક પરિપત્ર બહાર પાડીને તેના નિર્ણયની જાહેરાત કરી હતી.

સી.બી.ડી.ટી.ના પરિપત્રમાં જણાવવામાં આવ્યું છે કે કંપનીઓ દ્વારા ડૉક્ટરોને આપવામાં આવતી ભેટ સોગાદો અને તેમને કરાવવામાં આવતા વિદેશ પ્રવાસોને અન્ય સ્રોતમાંથી આવક તરીકે ઓળખાવીને આવકવેરાના નિયમ પ્રમાણે તેના પર વેરાની રકમ વસુલ કરવામાં આવશે.

★

## ખાસ જાતની ખજૂર આઠ હજાર રૂપિયે કિલો

રમઝાન માસમાં નાગપુરની મોમીનપુરા બજારમાં સાઉદી અરેબિયા, ઈરાન, અફઘાનિસ્તાન, દુબઈ અને મક્કાથી મંગાવવામાં આવેલી ઊંચી કિસમની ખજૂર આઠ હજાર રૂપિયા કિલો વેચાય છે.

૧૪૮૬ વર્ષ પહગેલાં નબીએ રોપેલા ખજૂરના ઝાડ પરથી ઊતરતી ખજૂર અજવા ખજૂર તરીકે ઓળખાય છે. આ ખજૂર ખૂબ જ પવિત્ર મનાય છે.

નાગપુરની બજારમાં ૫૦ રૂપિયાથી લઈને ૧૨ લાખ રૂપિયાની કિંમતનું અત્તર વેચાય છે. ગરમ મસાલામાંથી તૈયાર કરવામાં આવેલા શમામા અત્તરની ખૂબ માગ છે.

★

## ચેક ક્લિયરન્સના વિલંબ બદલ ગ્રાહકોને વળતર ચૂકવવામાં આવશે

રીઝર્વ બેંકે દરેક બેંકને સ્થાનિક ચેકના ક્લિયરન્સ માટેની સમય મર્યાદા નક્કી કરવા અને ચેક કલેક્શન પોલિસીના નિયમોમાં ફેરફાર કરવા તાજેતરમાં જણાવ્યું હતું. રીઝર્વ બેંકની સૂચના મુજબ સ્થાનિક ચેકના ક્લિયરન્સમાં વિલંબ બદલ ગ્રાહકોને સેવિંગ્સ બેંક જેટલું વ્યાજ ચૂકવાશે.

બહારગામના ચેકો ૧૪ દિવસમાં મેળવી લેવાના હોય છે. જેમાં વિલંબ થાય તો ફિક્સ ડિપોઝીટના વ્યાજ દર પ્રમાણે વળતર ચૂકવવા રીઝર્વ બેંકે જણાવ્યું હતું.

★

## 'ઓલિમ્પિક - ૨૦૧૨'

આ વખતે લંડન ખાતે 'ઓલિમ્પિક'માં ભારતના ખેલાડીઓએ સારો દેખાવ કરીને ચાર કાંસ્ય અને બે રૌપ્ય — એમ છ ચંદ્રકો મેળવ્યા હતા. ઓલિમ્પિક રમતોત્સવમાં ભારત અત્યાર સુધી કદી છ ચંદ્રક જીત્યું નથી. જોકે તેમાં એક પણ સુવર્ણચંદ્રક ન હતો. વર્ષ ૨૦૦૮ની બેજિંગ ઓલિમ્પિકમાં વ્યક્તિગત સ્પર્ધામાં ભારત વતી પહેલવહેલો સુવર્ણ ચંદ્રક જીતનાર નિશાનેબાજ અભિનવ બિન્દ્રા આ વખતે કશો ચમકારો બતાવ્યા વિના સ્પર્ધામાંથી ફેંકાઈ ગયા હતા.

*(વર્તમાનપત્રો પર આધારિત)*

**કચ્છજો માડુ...**

કચ્છજો માડુ ભુખ્ખ સૈંયેં ડુખ્ખ સૈંયેં, પણ કઢીયેં ન પિંઢજો કંધ;
માડુ મીળે હેંમથ વારા, તડેં રશ્મિન્ પુજેતાં પિંઢજે પંધ.

*– રશ્મિન્ ખોના (મુંબઈ)*

❀

**MAYUR PEER**

**NATIONAL ENTERPRISES**

**CLEARING, FORWARDING**
**SHIPPING & TRANSPORT AGENT**

277, Sahid Bhagat Singh Road, 1st Floor,
Suite No. 16, Hansraj Damodar Trust Building,
Fort, Mumbai-400 038.
**Tel. : 2266 3096 / 97, 3254 7879**
**Fax : 4347 0219**
**E-mail : mayurpeermumbai@yahoo.in**
**Website : www.burleighintl.com**

આયોજક શ્રી મહારાષ્ટ્ર એકમ
યુવા મેળાવડા માટેની માર્ગદર્શિકા

- આજના બદલાયેલા યુગમાં સગપણે એક સમસ્યાનું રૂપ ધારણ કર્યું છે. વરસોથી ચાલી આવતી પરંપરાઓ બદલાઈ છે. મધ્યસ્થીઓની ઘટતી જતી સંખ્યા પણ આ સમસ્યાનું કારણ હોઈ શકે.
- આ સમસ્યાના નિવારણ માટે આજથી લગભગ ૧૪ વર્ષ પૂર્વે શ્રી મહારાષ્ટ્ર એકમે આવા સગપણ સંમેલનની શરૂઆત કરી અને આ વખતે અગીયારમા ભવ્ય સગપણ સંમેલનનું આયોજન કર્યું છે.
- આજના આ સ્પર્ધાત્મક યુગમાં ફક્ત સંમેલન નહીં, પણ નવીનતાથી ભરપૂર કાંઈક કરવાનો હરહંમેશ પ્રયાસ કર્યો છે અને છેલ્લો પ્રયોગ ખૂબ જ સફળ નીવડ્યો.
- હોટલ ડ્રીમલેન્ડ મહાબળેશ્વરના રમણીય વાતાવરણમાં અગીયારમાં સગપણ સંમેલનની જાહેરાત કરતાં અમને હર્ષની અનુભૂતિ થાય છે. દર વખતની જેમ આ વખતે પણ કંઈક નવું લઈ અમારી સવારી ફરીથી આવી પહોંચી છે. આ સંમેલન ફક્ત યંત્રવત ન રાખતા આને વર્તમાન પરિસ્થિતિ, કાવ્ય કૌશલ્ય, સુયોગ્ય પાત્ર પસંદગી માટે અપનાવવાના માપદંડ તથા સગપણથી સંબંધિત મુંઝવણો વિવિધ પાસાઓને સ્પર્શતા પ્રશ્નોની નિખાલસ છણાવટ તથા માર્ગદર્શન.
- આ સંમેલન કોઈપણ ક્ષેત્રીય મર્યાદા વિના દેશના કોઈપણ રાજ્યમાં વસતા આપણા જ્ઞાતિબંધુઓ માટે તેમના સંતાનોની સગપણ સમસ્યાના નિવારણ માટે છે.
- ૨૧થી ૪૦ ઉંમરના અપરણિત, છુટાછેડા, વિધવા, વિધુરને પણ આ સંમેલનમાં ઉપસ્થિત રહેવા આમંત્રણ આપીએ છીએ.

ખાસ નોંધ : બહારગામથી વાયા પૂણે થઈને આવનાર માટે સૂચના. પૂણેથી અઢી કલાકના રસ્તા ઉપર મહાબળેશ્વર આવેલ છે. પૂણે સ્ટેશનથી અને સ્વારગેટથી પણ એસ.ટી. બસની અડધા અડધા કલાકે વ્યવસ્થા છે. મુંબઈથી પૂણે માટે મોડી રાત્રે સ્લીપર પેસેન્જર ટ્રેન છે. જે સવારે ૫ વાગે પૂણે પહોંચે છે.

સાતારાથી દોઢ કલાકના રસ્તા ઉપર મહાબળેશ્વર આવેલ છે. એસ.ટી. ડેપોથી દરેક અડધા કલાકે બસોની વ્યવસ્થા છે. સાતારા સંપર્ક માટે પ્રમુખ શ્રી હરખચંદ દેવજી મામણિયા (મો. ૦૯૮ ૨૨ ૪૩ ૩૨ ૨૫)

નિયમ : • રહેઠાણ વ્યવસ્થા નિવાસ કમિટીને સોંપવામાં આવેલ હોવાથી અનુકૂળતા પ્રમાણે રૂમોમાં જે સંખ્યા ફાળવવામાં આવશે તે સ્વીકારવાની રહેશે.

ફાળવાયેલી રૂમો હોટલના ચેક આઉટ પ્રમાણે ખાલી કરવાની રહેશે. સામાન રાખવાની વ્યવસ્થા કરી આપવામાં આવશે.

ઉમેદવાર સિવાય ફક્ત વાલીઓને એન્ટ્રી આપવામાં આવશે નહીં અને ફોર્મ સાથે રજિસ્ટ્રેશન માટે મોકલાવેલ રકમ પાછી આપવામાં આવશે નહીં.

અનિવાર્ય સંજોગોમાં કાર્યક્રમમાં ફેરફાર કરવાનો અધિકાર શ્રી મહારાષ્ટ્ર એકમના અધિકારીઓને રહેશે.

ફોર્મ સાથે જેમણે રકમ મોકલાવેલ હશે તેમનું જ ફોર્મ સ્વીકારવામાં આવશે. • ફોટા વગરના ફોર્મ સ્વીકારવામાં આવશે નહીં.

• ઉમેદવાર સાથે રજિસ્ટ્રેશન માટે યુવા મેળાવડાના દિવસે સવારના ૯ થી ૧૦ સુધી મહાબળેશ્વર હોટલ ડ્રિમલેન્ડમાં હાજર રહેવું.

કાર્યક્રમની સંપૂર્ણ માહિતી ૧૫ દિવસ પહેલા આપના ઈ-મેઈલ / અથવા ટપાલથી મોકલવામાં આવશે.

ફોર્મ ભર્યા પછી ઝેરોક્સ કરાવી મેળાવડા વખતે સાથે રાખવા વિનંતી.

ફોર્મ સાથે રકમ મોકલવાનું સરનામું અને સંમેલન સંબંધી માહિતી માટે સંપર્ક

મંત્રી શ્રી દામજી કાનજી છેડા,
C/o. Meena Dresses, 4/B, Mahadwar Road,
Kolhapur - 416 012.
09890128879, 07588619315
E-mail : damjichheda@yahoo.co.in

ઉમેદવારની સહી

વાલીની સહી

આ ફોર્મની ઝેરોક્સ આપની આજુબાજુના કચ્છી જૈન પરિવારોને, મુંબઈ તથા બહારગામ વસતા પરિવારોને મોકલાવી, જાણ કરવા વિનંતી.

આયોજક શ્રી મહારાષ્ટ્ર એકમ
યુવા મેળાવડા માટેની માર્ગદર્શિકા

- આજના બદલાયેલા યુગમાં સગપણે એક સમસ્યાનું રૂપ ધારણ કર્યું છે. વરસોથી ચાલી આવતી પરંપરાઓ બદલાઈ છે. મધ્યસ્થીઓની ઘટતી જતી સંખ્યા પણ આ સમસ્યાનું કારણ હોઈ શકે.
- આ સમસ્યાના નિવારણ માટે આજથી લગભગ ૧૪ વર્ષ પૂર્વે શ્રી મહારાષ્ટ્ર એકમે આવા સગપણ સંમેલનની શરૂઆત કરી અને આ વખતે અગીયારમા ભવ્ય સગપણ સંમેલનનું આયોજન કર્યું છે.
- આજના આ સ્પર્ધાત્મક યુગમાં ફક્ત સંમેલન નહીં, પણ નવીનતાથી ભરપૂર કાંઈક કરવાનો હરહંમેશ પ્રયાસ કર્યો છે અને છેલ્લો પ્રયોગ ખૂબ જ સફળ નીવડ્યો.
- હોટલ ડ્રીમલેન્ડ મહાબળેશ્વરના રમણીય વાતાવરણમાં અગીયારમાં સગપણ સંમેલનની જાહેરાત કરતાં અમને હર્ષની અનુભૂતિ થાય છે. દર વખતની જેમ આ વખતે પણ કંઈક નવું લઈ અમારી સવારી ફરીથી આવી પહોંચી છે. આ સંમેલન ફક્ત યંત્રવત ન રાખતા આને વર્તમાન પરિસ્થિતિ, કાવ્ય કૌશલ્ય, સુયોગ્ય પાત્ર પસંદગી માટે અપનાવવાના માપદંડ તથા સગપણથી સંબંધિત મુંઝવણો વિવિધ પાસાઓને સ્પર્શતા પ્રશ્નોની નિખાલસ છણાવટ તથા માર્ગદર્શન.
- આ સંમેલન કોઈપણ ક્ષેત્રીય મર્યાદા વિના દેશના કોઈપણ રાજ્યમાં વસતા આપણા જ્ઞાતિબંધુઓ માટે તેમના સંતાનોની સગપણ સમસ્યાના નિવારણ માટે છે.
- ૨૧થી ૪૦ ઉંમરના અપરણિત, છુટાછેડા, વિધવા, વિધુરને પણ આ સંમેલનમાં ઉપસ્થિત રહેવા આમંત્રણ આપીએ છીએ.

ખાસ નોંધ : બહારગામથી વાયા પૂણે થઈને આવનાર માટે સૂચના. પૂણેથી અઢી કલાકના રસ્તા ઉપર મહાબળેશ્વર આવેલ છે. પૂણે સ્ટેશનથી અને સ્વારગેટથી પણ એસ.ટી. બસની અડધા અડધા કલાકે વ્યવસ્થા છે. મુંબઈથી પૂણે માટે મોડી રાત્રે સ્લીપર પેસેન્જર ટ્રેન છે. જે સવારે ૫ વાગે પૂણે પહોંચે છે.

સાતારાથી દોઢ કલાકના રસ્તા ઉપર મહાબળેશ્વર આવેલ છે. એસ.ટી. ડેપોથી દરેક અડધા કલાકે બસોની વ્યવસ્થા છે. સાતારા સંપર્ક માટે પ્રમુખ શ્રી હરખચંદ દેવજી મામણિયા (મો. ૦૯૮ ૨૨ ૪૩ ૩૨ ૨૫)

નિયમ : • રહેઠાણ વ્યવસ્થા નિવાસ કમિટીને સોંપવામાં આવેલ હોવાથી અનુકૂળતા પ્રમાણે રૂમોમાં જે સંખ્યા ફાળવવામાં આવશે તે સ્વીકારવાની રહેશે.

ફાળવાયેલી રૂમો હોટલના ચેક આઉટ પ્રમાણે ખાલી કરવાની રહેશે. સામાન રાખવાની વ્યવસ્થા કરી આપવામાં આવશે.

ઉમેદવાર સિવાય ફક્ત વાલીઓને એન્ટ્રી આપવામાં આવશે નહીં અને ફોર્મ સાથે રજિસ્ટ્રેશન માટે મોકલાવેલ રકમ પાછી આપવામાં આવશે નહીં.

અનિવાર્ય સંજોગોમાં કાર્યક્રમમાં ફેરફાર કરવાનો અધિકાર શ્રી મહારાષ્ટ્ર એકમના અધિકારીઓને રહેશે.

ફોર્મ સાથે જેમણે રકમ મોકલાવેલ હશે તેમનું જ ફોર્મ સ્વીકારવામાં આવશે. • ફોટા વગરના ફોર્મ સ્વીકારવામાં આવશે નહીં.

• ઉમેદવાર સાથે રજિસ્ટ્રેશન માટે યુવા મેળાવડાના દિવસે સવારના ૯ થી ૧૦ સુધી મહાબળેશ્વર હોટલ ડ્રિમલેન્ડમાં હાજર રહેવું.

કાર્યક્રમની સંપૂર્ણ માહિતી ૧૫ દિવસ પહેલા આપના ઈ-મેઈલ / અથવા ટપાલથી મોકલવામાં આવશે.

ફોર્મ ભર્યા પછી ઝેરોક્સ કરાવી મેળાવડા વખતે સાથે રાખવા વિનંતી.

ફોર્મ સાથે રકમ મોકલવાનું સરનામું અને સંમેલન સંબંધી માહિતી માટે સંપર્ક

મંત્રી શ્રી દામજી કાનજી છેડા,
C/o. Meena Dresses, 4/B, Mahadwar Road,
Kolhapur - 416 012.
09890128879, 07588619315
E-mail : damjichheda@yahoo.co.in

ઉમેદવારની સહી

વાલીની સહી

આ ફોર્મની ઝેરોક્સ આપની આજુબાજુના કચ્છી જૈન પરિવારોને, મુંબઈ તથા બહારગામ વસતા પરિવારોને મોકલાવી, જાણ કરવા વિનંતી.

## બચુડો

અધા : પુત્તર બચુડા?

બચુડો : કો અધા કુરો કમ આય?

અધા : પુત્તર બચુડા, પાંજી બાજુમેં કાકા રેંતે સા ચાર કલાકથી ગૂગલ ખોલે ને વઠા આંઈ... સે એડો ત કુરો ગોતીયેંતા સે કડુણોં મેડ જ નતો પે. જરા તપાસ કર.... ને મદદજી જરૂર વે ત મદદ કર.

બચુડો : તપાસ કે ને ચેં ક અનીંજે કોક સગેજો છોરો ખોવાજે વ્યો વો ને મડે શોધે શોધે ને થકે ર્યા પણ લભો ન. અતરે કોક ચે ગૂગલ મેં સર્ચ કયો, અનમેંજા મડે મલધો... સે ઉ માડુ કાકાકે લેપટોપમેં ગૂગલ મેં છોકરો શોધે જો ચ્યાં પણ ચાર કલાક મહેનત કે પુઆ પણ છોકરેજો પત્તો લગો ન.

## ખિલજા મ ભલા

અમરીશ : (વેપારીને) શું અહીં લગ્ન પ્રસંગ માટેનો તમામ સામાન મળે છે?

વેપારી : હા.. હા... બોલો, શું શું જોઈએ છે?

અમરીશ : બીજું બધું તો છે, એક કન્યા પેક કરી આપો.

☺ ☺ ☺ ☺ ☺

ચીન્ટુ : આકાશ ફાટી પડે તો તું શું કરે?

મોન્ટુ : સૂરજ, ચાંદો, તારાઓ બધું સસ્તા ભાવે વેચી મારું.

ચીન્ટુ : એ બધું તો વેચાતું હશે?

મોન્ટુ : તો પછી આકાશ પણ ફાટતું હશે?

☺ ☺ ☺ ☺ ☺

ચેનલવાળો : (તરલિકાબેનને) આપણે ત્યાં ચેનલનું ભાડું ૩૦૦ રૂા. ચાલે છે. ને તમે તો મને ૧૦૦ રૂા. જ આપ્યા.

તરલીકાબેન : હા, બરોબર છે. આ વખતે મૂકેલી બધી ફિલ્મોમાંથી મોટાભાગની ફિલ્મો કરમુક્ત હતી.

☺ ☺ ☺ ☺ ☺

જેલર : (કેદીને) તારી સજા પૂરી થાય છે. હવે તું શું કરીશ?

કેદી : ઝવેરાતની દુકાન ખોલવાનો પ્લાન છે.

જેલર : એટલા બધા રૂપિયા છે તારી પાસે?

કેદી : દુકાન ખોલવા માટે તો એક હથોડી અને છીણી જ કાફી છે.

☺ ☺ ☺ ☺ ☺

રીતુ : બોલ મનિયા, એવું કહ્યું કામ છે જે ચકલી કરી શકે છે પણ હું નથી કરી શકતી?

મનીયો : બેન, તમે કુંડીમાં નાહી ન શકો.

☺ ☺ ☺ ☺ ☺

ગોટીયો : મમ્મી... મમ્મી.... હું જ્યારે પણ બાથરૂમ કરવા જાઉં છું ત્યારે દરવાજો ખોલતા જ લાઈટ થઈ જાય છે.

મમ્મી : હે ભગવાન આ છોકરાને મારે શું કહેવું? ઈડિયટ, એ બાથરૂમ નથી ફ્રીજ છે.

☺ ☺ ☺ ☺ ☺

અસલમ : ડૉક્ટર સાહેબ, મારા હાથમાં ધ્રુજારી બહુ આવે છે.

ડૉક્ટર : દારૂ બહુ પીતા હશો.

અસલમ : બહુ તો ક્યાંથી પી શકું? ધ્રુજારીને કારણે ૯૦% તો ઢોળાઈ જાય છે.

☺ ☺ ☺ ☺ ☺

વર્ગશિક્ષક : (ટીનુના પિતાને) તમારો છોકરો હું વર્ગમાં ભણાવતો હોઉં ત્યારે કાયમ વાતો કરતો હોય છે.

જેઠાલાલ : એ વાતો નથી કરતો પણ જ્યારથી એને ભણવા મૂક્યો છે ત્યારથી ઊંઘમાં બબડવાની ટેવ પડી ગઈ છે.

☺ ☺ ☺ ☺ ☺




**સંકલન : ગુલાબચંદ ધારશી રાંભિયા**

કૂતરાનો વેપારી : તમારે વફાદાર કૂતરો જોઈતો હોય તો આ કૂતરો લઈ જાવ.

સંતોષકુમાર : એમ તમે કઈ રીતે કહી શકો?

કૂતરાનો વેપારી : આજ સુધી મેં એને ૨૦ વખત વેચ્યો છે. ને બધી વખત મારી પાસે પાછો આવી ગયો છે.

☺ ☺ ☺ ☺ ☺

શિક્ષક : અશોક ધ ગ્રેટ અને જર્મનીના હિટલર ધ ગ્રેટ વચ્ચે સામ્ય શું?

શ્રેય : બંનેના પિતાનું નામ એક જ હતું.

*૮/૨૬, ગંગામણિ ફ્લેટ્સ, વસંત નગર સોસાયટી, ગોપાલચોક, મણિનગર, અમદાવાદ-૩૮૦ ૦૦૮. ફોન : ૨૫૪૬૮૧૬૦*

*લક્ષ્મી છૂટા હાથે વાપરશો તો ચાલશે, પણ વાણી છૂટા હાથે ના વાપરશો.*

**"પ્રભુજીને પુષ્પો"**

'મંગલ મંદિર' માસ ઓગસ્ટના અંકમાં ભાઈશ્રી નીતિનભાઈ સંઘવીનો સરસ પ્રતિભાવ વાંચ્યો. ધર્મ ઉપરાંત બીજા 'શુભ' પ્રસંગોએ ફૂલોની, તેમણે લખ્યું છે તેમ આપણે દયા ખાતા નથી. બેરહેમ થઈને હિંસા આચરીએ છીએ. ફટાકડાનો ઉપદ્રવ પણ આવો જ છે. સમય પ્રમાણે આ બધું અટકવું જોઈએ, તેમાં બે મત ન હોય. તેમની વાત ખરેખર સ્તુત્ય છે. **કેટલીક સંસ્થાઓ સ્વાગતમાં ફૂલોને બદલે પુસ્તિકાના સેટ આપે છે, આ વાત નોંધવા જેવી છે.**

સુંદર શાસ્ત્રીય ભાષામાં પ્રતિભાવ આપવા માટે નીતિનભાઈએ શ્રી પન્નાલાલભાઈને અભિનંદન આપ્યાં છે. પરંતુ ભાઈ છેડાની, ફૂલો કેમ વીણવા અને કેમ સાચવીને પ્રભુને ચરણે ધરવા એવી શાસ્ત્રીય વાતને તેમણે સાવ નજરઅંદાજ કરી તે નવાઈ પમાડે તેવું છે. તેમ છતાં, તેમના પત્રનું છેલ્લું વાક્ય, જેની નીચે તંત્રીશ્રીએ લીટી દોરી આપી છે તે, જરૂર છે માત્ર શ્રદ્ધા અને અંતરના શુભ ભાવોની આ આખી વાતનો સોના જેવો નિચોડ છે. ખુલ્લા મને પોતાની વાત રજૂ કરી તે માટે તેમને ધન્યવાદ.

બીજું મારા વિચારોને પૂરા સમર્થનને પાત્ર ગણ્યા તે માટે **મુ. શ્રી શાંતિભાઇ સંઘવી**નો આભારી છું.

★

'ગંગા બચાવો - જીવદયા કરો' એવા **સુશ્રી અલકાબેન સંઘવી**નો પત્ર પણ ઉલ્લેખનીય છે. અબોલ-મૂંગા પ્રાણીઓ માટેની તેમની ઊંડી ચિંતા વાજબી છે. કુરિવાજો, અંધશ્રદ્ધા અને અજ્ઞાનને લીધે આખી પ્રજા તેમના સાધુસંતોને અનુસરીને પુણ્ય કમાવવા માટે પવિત્ર નદીને અત્યંત ગંદી બનાવે છે. આ બાબતે લેખકબહેને આક્રોશ વ્યક્ત કરતાં જૈન મુનિ મહારાજો તરફ પણ આંગળી ચીંધી છે. આપણા ધર્મને નામે ઉજવાતા ભવ્યાતિભવ્ય ઉત્સવ - ઉજવણાં, સામૈયા કે શોભાયાત્રા વગેરેમાં આપણે જૈનો પણ ઊંટ, ઘોડા અને હાથી જેવા પ્રાણીઓને અતિશય કષ્ટ આપીએ છીએ. આવા પ્રસંગોને ઠઠારાથી ઉજવવાને બદલે સાદાઈથી ઉજવવા મુનિ મહારાજોએ શ્રાવકોને સમજાવવું જોઈએ પણ કમનસીબે થાય છે ઊંધું જ! આ જ કોલમોમાં કોઈ જીવદયા પ્રેમીએ સૂચન કરેલું કે ગાડી-ગાડાં, અને રથો — પ્રાણીઓને બદલે શ્રાવક-શ્રાવિકાઓ ખેંચે. કેટલાક સંપ્રદાયો અસલ આવું કરે જ છે. એ સંપ્રદાયના ભક્તો માઈલો સુધી જાતે-પંડે દોરડા વડે ભગવાનના રથો ખેંચે છે.

બીજું, શીખધર્મીઓ, નાના મોટા સૌ, મુખ્યમંત્રી સહિત, **કરસેવા (કાર સેવા નહિ) કરીને કષ્ટમય જાત મહેનતના કામો પંડે કરે છે. આપણે આવું કરીએ તો પ્રભુ રાજીના રેડ થઇ જાય.**


બાકી, સમય સંજોગો પ્રમાણે બિનઉપયોગી પ્રવૃત્તિઓ, ભલે તે ધાર્મિક હોય, તેને પડતી મૂકવી જોઈએ. સમય સમયે સુધારો થતો રહેવો જોઈએ. આજે દેરાસરો તો ઘણા છે, ક્યાંક ૭૨-૭૨ નાં ઝુમખામાં છે! આને નહિ અટકાવીએ તો બધે દેરાસરો દેરાસરો જ થઇ જશે. આવા બાંધકામો અને મહોત્સવોની આજે જરાય જરૂર નથી. આ અઢળક ધનનો ધર્મને નામે થતો વેડફાટ છે. ધર્મ તો નથી જ. **આજના કપરાકાળમાં દેરાસરો નહિ, રહેઠાણો, શાળાઓ, હુન્નર ઉદ્યોગના કેન્દ્રો અને માંદગીમાં કિફાયત અથવા મફત સારવાર કેન્દ્રોની જરૂર છે.** ટૂંકમાં ધર્મની વ્યાખ્યા આમ કરીએ તો કેવું?

**દુ:ખી માણસને સુખી માણસ સહાય કરે તે ધર્મ.** ટૂંકુ ને ટચ. આવી બાબતે આપણો પોતીકો શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ અવ્વલ નંબરે છે, અને હજી સમાજને વધુ ઉપયોગી થવા મથી રહ્યો છે એ જોઈને ખુશ ખુશ થઇ જવાય છે.

બે વાતો વધુ લખવાનો મોકો ઉપલબ્ધ કરાવવા માટે બહેન અલકાબેનનો આભાર

*શાંતિલાલ વ. શાહ - અમદાવાદ*

● ● ● ● ●




**"ચર્ચાપત્ર નઝરાણા સમાન"**

'મંગલ મંદિર' નિયમિત વાચું છું. બાહ્ય ક્લેવર તો ઉત્તમ હોય જ છે, ભીતરી સાહિત્ય પણ રોચક અને પ્રેરક હોય છે. **તંત્રીઓને તથા શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદને અભિનંદન.**

અંક હાથમાં આવે કે સર્વપ્રથમ ચર્ચાપત્રો વાંચી જાઉં છું. વિચારની નવી દિશા ઉઘાડતા ચર્ચાપત્રો મારા જેવા જિજ્ઞાસુઓ માટે નઝરાણા સમાન છે.

**પરંતુ ચર્ચા જ્યારે 'અંતિમ' સુધી ખેંચાય કે 'આ જ સત્ય છે' આગળ વધે ત્યારે વાત વણસે છે.** વ્યક્તિનું પણ પોતીકું - આગવું સત્ય હોવાનું. તેનો સ્વીકાર ન થાય ત્યારે નવો સંપ્રદાય - વાડો જન્મે છે અને ધર્મ સંસ્થા ટુકડામાં વહેંચાય છે. ચોમાસામાં નદીમાં પૂર આવે તે કોને ન ગમે? છતાં 'આજે નદીમાં પાણી ઓછું હોય તો સારું' કહેનારનું પોતાનું સત્ય છે. કારણકે તે સ્વજનને લઈને જે એમ્બ્યુલન્સમાં જઇ રહ્યા છે તેણે તે નદી ક્રોસ કરવાની છે. 'સત્યને માપવા મારો ગજ ટૂંકો પડજો' કહેનાર મહાત્મા ગાંધી અહીં યાદ આવે. કવિ બાલાશંકર કંથારિયા પણ સ્મરણે ચડે.

ભગવાનની મૂર્તિ પર આંગી કે ફૂલોના શણગારની જરૂર નથી એમ કહેનારની વાત સાચી હોઇ શકે અહિંસાના સૂક્ષ્મ સંદર્ભમાં, પરંતુ પોતાના આરાધ્યને ફૂલોથી શણગારેલા નિહાળવામાં આનંદ પ્રાપ્ત

*ઘરનાં આપણી સાથે આનંદમાં રહે તો જાણવું કે આપણું વર્તન બરોબર છે.*

કરનારની ભાવનાનું શું? **સામાન્ય કપડામાં પણ સંતાન મા-બાપને વહાલું લાગે. તેમ છતાં દરેક માબાપને પોતાના સંતાનને સુંદર પોશાકમાં નિહાળવાનું ગમે છે.** એના જેવું છે. હા, દેખાડા માટે થતું ડેકોરેશન નિષેધ છે.

**વળી, ઇશ્વર સર્વત્ર છે. સર્વના હૃદયમાં રહેલો છે એ વાત કહેવી કે સાંભળવી જેટલી સરળ છે એટલી આચરવી સરળ નથી.** હા, જ્ઞાની પુરુષનું એ અંતિમ સોપાન હોઇ શકે, પરંતુ પ્રારંભના પગથિયાંઓનું શું? સામાન્ય જન પૂજાપાઠ, મંદિર, શ્રવણ-કીર્તન વગેરે પગથિયાં ચઢતાં-ચઢતાં આગળ વધતા હોય છે. હવા સર્વત્ર છે. પરંતુ પંખા નીચે તેનો વિશેષ અનુભવ થાય છે. તીર્થ સ્થળોનું પણ એવું છે. અન્યથા મુનિઓ અરણ્યોમાં કે પર્વતોના શિખરો સુધી તપશ્ચર્યા કરવા શા માટે દોડી જાય?

આવું જ 'અહિંસાની આગેકૂચ'માં બિચારા રામ અને કૃષ્ણ અડફેટમાં આવી ગયા. 'રામાયણ' અને 'મહાભારત' કાજમાં થયેલા યુધ્ધો માટે ઉપરોક્ત વિભૂતિઓ જવાબદાર હતા. આવો કંઇક વિચાર ચર્ચા પત્રના લેખકે વાચકો પાસે મૂક્યો છે.

મૂળ ગ્રંથોના ઊંડાણ પૂર્વકના અભ્યાસ વિના માત્ર ટી.વી. સિરિયલોના આધારે રામ કે કૃષ્ણ જેવી વિભૂતિઓનું મૂલ્યાંકન એ હાસ્યાસ્પદ છે. વર્તમાન યુગમાં જેને 'અહિંસાના પૂજારી'ની ઓળખ આપી શકાય એવા મહાત્મા ગાંધી પોતાની નિત્ય પ્રાર્થનામાં પતિત-પાવન રાજા રામની ધૂન બોલાવતા. વળી અર્જુનને યુધ્ધ કરવાની પ્રેરણા આપતી 'શ્રીમદ્ ભગવદ્‌ગીતા'નો નિત્યપાઠ થતો. પણ ગીતાના ઉદ્‌ગાતા સ્વયં શ્રીકૃષ્ણ હતા! આપણે એ ન ભૂલીએ કે આ બંને 'રાજાઓ' હતા અને તેમનો ધર્મ અધર્મથી પૃથ્વીને બચાવવાનો હતો. દેશનો રાજા કશું કહે કે કરે નહિ ત્યારે શું સ્થિતિ સર્જાય તે આજે આપણે અનુભવી રહ્યા છીએ. પત્ર લેખક છેલ્લે લખે છે : 'વાલ્મીકિ કે વેદ વ્યાસ કોઇ પ્રકારે આપણી પાસે આવી શકે તો આ બધા પ્રશ્નો સરસ રીતે ઉકેલી શકાય પણ એ શક્ય નથી. જો કે આવા પ્રશ્નોના ઉત્તર મેળવવા અગત્યના નથી અને જરૂરી પણ નથી.'

**શું સમજવું?! જે ભૂતકાળ બની ચૂક્યું છે તે અશક્ય અને બિનજરૂરી છે. તેના પિષ્ટ-પેષણથી શો ફાયદો?** ચંદ્રકાંત બક્ષીએ કરેલું 'ઇતિહાસ એ કબર છે. જેને ખોલવાથી દુર્ગંધ સિવાય કશું નથી મળતું.'

ક્યાંય હિંસાની અનુમોદના થઇ ગઇ હોય તો ક્ષમા યાચના.

*રવિ પેથાણી 'તિમિર' - અમદાવાદ*

• • • • •

## 'FIRST AID' આપતી આપણી એક ટીમ બનાવીએ

આજ સુધી આપણા સમાજે અનેક ઉપયોગી પ્રોજેક્ટ સુપેરે પાર પાડ્યાં છે, જેથી હર્ષ થાય છે. આ માટે સમાજમાં કાર્યરત રહેલાં સૌ નાના-મોટાને અભિનંદન.

સમાજોપયોગી પ્રાથમિક સારવાર (First Aid)ની તાલીમ અંગે એક નમ્ર સૂચન કરવાની રજા લઉં છું. આ પાર્ટટાઇમ તાલીમનો સમયગાળો ૮/૧૦ અઠવાડિયા જેટલો ટૂંકો છે. બીજું ખાસ, તેની ફી મામૂલી છે. એકવાર શીખી લીધા પછી, આ તાલીમી આવડતનો ઉપયોગ ગમે ત્યારે, ગમે ત્યાં થઇ શકે. પરિવારમાં, પાડોશમાં કે કોઇપણ ઈજાગ્રસ્ત માણસનો તમે તાત્કાલિક ઉપચાર કરી શકો. ક્યારેક આ પધ્ધતિસર અને સમયસરનો ઉપચાર અત્યંત ઉપકારક બની શકે. મેડિકલ ભાષામાં આને 'Golden Hour'ની સહાય કહે છે. આવી મદદ કોઇનો જીવ પણ બચાવી લે. **પાર્ટટાઇમ, ટૂંકા ગાળાની, સસ્તી અને સુલભ આ તાલીમ દરેક યુવક-યુવતીએ લેવી જોઇએ.**

આજે ફટાકડાથી કે રસોઇ કરતાં દાઝી જવાના, ઘરમાં જ પડી જઇને અસ્થિભંગ થવાના, હૃદયના એકાએક આવેલા હુમલાના, વાહનોના નાના મોટા અકસ્માતોથી નજીવી કે ગંભીર ઈજાઓ થવાના વગેરે બનાવો રોજબરોજની વાત બની ગઇ છે. આવા પ્રસંગે શું કરવું કે શું ન કરવું એની તાલીમ તે આ ફર્સ્ટ એઇડની તાલીમ.

**આ સુલભ અને સસ્તી તાલીમ સમાજના યુવક યુવતીઓને મળી રહે એવો પ્રોજેક્ટ સમાજે તૈયાર કરવો જોઇએ.**

તાલીમ યોજના અંગે આ વિકલ્પો વિચારી શકાય : (૧) રેડક્રોસ જેવી કોઇ સંસ્થા સાથે ગોઠવણ મુજબ આપણા ઇચ્છુક યુવાનો ગ્રૂપમાં તેમને ત્યાં જાય અથવા (૨) સૌને સમય સંજોગો અનુકૂળ ન હોય એટલે, આપણા ચુનંદા ફક્ત ચાર-છ યુવકોને મોકલી શકાય. સઘન તાલીમ લઇ આવ્યા પછી એ ટુકડી અનુકૂળતાએ બીજા મોટા ગ્રૂપને તૈયાર કરે. અથવા (૩) **આ વિષયના ૨/૩ નિષ્ણાતોને આપણે ત્યાં આમંત્રીને તાલીમી વર્ગો શરૂ કરી શકાય.** તેઓ કુશળ તાલીમાર્થી તૈયાર કરે. અને આમ તૈયાર થયેલા યુવક-યુવતીઓમાંથી આપણે આપણી સ્વયંસેવકોની ટીમ બનાવી શકીએ. આ આખી પ્રક્રિયામાં આપણું મેડિકલ સેન્ટર પણ મદદરૂપ થઇ શકે.

આગ લાગવાના, મકાન ધરાશયી થવાના, ધરતીકંપ કે બોમ્બ ફૂટવાના કે આવા કોઇપણ ગંભીર સંજોગોમાં આપણા સ્વયંસેવકોની કામગીરી ઘણી ઉપયોગી થઇ શકે, અને ત્યારે સમાજનું ફલક - વ્યાપ વધ્યાનો સંતોષ પણ લઇ શકીએ.

છેલ્લે, કાયમી હાથવગી રહેતી અને જરૂરત ટાણે ઉપયોગી થઇ પડે તેવી આ તાલીમ લેવા સમાજના યુવકો-યુવતીઓને પ્રોત્સાહિત કરવા જોઇએ. આ વિષય અંગે વાચકમિત્રો પ્રતિભાવ આપશે એવી આશા છે. આભાર.

*શાંતિલાલ વ. શાહ - અમદાવાદ*

• • • • •

સ્થાપના : ૧૯૮૪
કે.કે.
સ્ટીલ ઈન્ડસ્ટ્રીઝ

હરખચંદ ગડા (મો. ૯૩૨૮૪ ૪૦૦૪૦) ★ નીલેશ ગડા ★ રીતેશ ગડા

લગ્નપદ, ઘરવપરાશ, લ્હાણી તથા હોટલ કેન્ટીન વાડી ફરાસખાના માટેના મોટા વાસણોના હોલસેલ વેપારી

એલ/૧૦૪૦/૭, વિજય ટ્રાન્સપોર્ટ પાસે, જી.આઇ.ડી.સી., અંકલેશ્વર. ફોન : ૦૨૬૪૬-૩૨૯૩૦૩, ૨૨૦૯૪૨

E-mail : kaykay_industries@yahoo.com

## એક પત્ર - સમાજના સહુ સભ્યોને નામ

શું આપશ્રી શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના સભ્ય છો? જો નથી અને અમદાવાદથી ગાંધીનગરમાં રહેતા જૈન હો, આપનું મૂળ કચ્છમાં હોય તો સત્વરે સભ્યપદ પ્રાપ્ત કરો. ભારત તથા બહાર, ઘણા સ્થળોએ કચ્છી જૈન ફેલાયેલા છે. સ્થાનિક સ્તરે સંગઠિત થઇ તેઓ સામાજિક-ધાર્મિક પ્રવૃત્તિઓમાં પણ સક્રિય છે. **પણ અમદાવાદ શ્રી કચ્છી જૈન સેવા સમાજની વાત નિરાળી છે. તેના સભ્ય થવું એ સ્વયંના, પરિવારના, સમાજના અને સમગ્ર કચ્છના વિકાસ તરફ મંડાયેલું જરૂરી કદમ છે.**

જો આપ ક.જૈ.સે.સ.ના સભ્ય છો તો આજે આત્મમંથન કરવાનું છે. આપણો સમાજ શું શું પ્રવૃત્તિઓ કરે છે તેનાથી વાકેફ છો? તેની જાણકારી મેળવી પોતાને અને પરિવારને ઉપયોગી યોજનાઓનો લાભ લેવો જોઇએ. **આપણે સમાજનો હિસ્સો છીએ અને સમાજ આપણા માટે જ પ્રવૃત્તિઓ કરે છે. સાથે-સાથે એ પણ ચિંતન કરવાનું છે કે સમાજની વર્તમાન પ્રવૃત્તિઓમાં હું ક્યાં ક્યાં સહયોગી અને સહભાગી બની શકું છું?** સમય આપીને, કાર્યકર્તાઓને નૈતિક પ્રોત્સાહન આપીને, જરૂર જણાય ત્યાં સલાહ-સૂચન આપીને, પોતાની કમાણીનો અમુક હિસ્સો સમાજને અર્પણ કરીને, વગેરે રીતે સમાજ સાથે પોતાની જાત જોડવાની છે.

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદે મુખ્ય ચાર સોપાનો સિદ્ધ કર્યા છે. અમદાવાદમાં પ્રથમ-એસ.ટી. બસ સ્ટેશન પાસેનું અતિથિ ભવન, બીજું પાલડીનું વિવિધલક્ષી પ્રવૃત્તિઓ સાથેનું અતિથિ ભવન, ત્રીજું શાહીબાગ સ્થિત ભવન અને ચોથું-આપણા જરૂરતમંદ ભાઇઓને બહેરામપુરામાં ટોકન કિંમતે ઉપલબ્ધ કરાયેલ આવાસો. મારા ખ્યાલ મુજબ આપશ્રી આ હકીકતોથી માહિતગાર છો. આ ચારેય સ્થાયી સોપાનો ખૂબ જ ઉપયોગનાં છે. આની સાથે-સાથે સમાજે સમયે-સમયે ઘણાં ઉપયોગી કાર્યો કર્યા છે, પછી તે ભૂકંપ સમયની સહાય-સેવા હોય કે સુરત-મુંબઇમાં પૂર સમયની રાહત હોય. સુનામી વખતે દેશ-બાંધવોને ફાળો પહોંચાડવાનો હોય કે કચ્છના વિશાળ હિતમાં અલગ-અલગ પ્રકારના સેમિનારોનું આયોજન હોય. વિભિન્ન ચિકિત્સા સુવિધાઓની પ્રાપ્તિ કરાવવાની હોય કે વિદ્યાર્થીઓને કારકિર્દી ઘડતરના માર્ગદર્શનનું આયોજન, આવી અનેક જાતની પ્રવૃત્તિઓનું સંચાલન સમાજ કરતો રહ્યો છે.

*પ્રિય આત્મન!*

હવે તારે આત્મા સાથે સંવાદ સાધવાનો છે. ઉપરોક્ત સતત અલ્પકાલીન પ્રવૃત્તિઓની હારમાળા સાથેના સમાજના મુખ્ય ચાર સોપાનમાં મારી શું ભૂમિકા રહી છે? **સમાજના આ પુનિત કાર્યોમાં મેં શું યોગદાન આપ્યું છે? કેટલો શ્રમ, કેટલો સમય, મારી બૌદ્ધિક યોગ્યતા અને આર્થિક ક્ષમતાનો કેટલો હિસ્સો આ માત્ર અને માત્ર સાત્વિક પ્રવૃત્તિઓ માટે ફાળવ્યો છે?** જે મેં ધન દાન કર્યું છે તે શું અંતરની ઊર્મિથી કે હાર્દિક ઉત્સાહથી કર્યું છે કે કોઇની શેહ-શરમ અથવા આગ્રહથી. કોઇ ઔપચારિકતા નિભાવવા ખાતર ફાળો આપ્યો છે કે સમૂહમાં વટ પાડવા અને અહમ વિકસિત કરવા.

બંધુવર! ક્ષમતા ઓછી હોવી કે ન હોવી એ મૂળ વાત નથી. મુખ્ય વાત છે - **સમાજની સાથે સ્વના જોડાણની. હોશિયારી કે બુદ્ધિ કૌશલ્ય હોય તે સારી વાત છે - મોટી વાત નથી.** પૈસો હોવો તે સારી વાત છે, મોટી વાત નથી. હોશિયારી અને પૈસો (કે પૈસો અથવા હોશિયારી) હોવા અને સમાજ માટે ઉપયોગ કરવો. એ સારી વાત છે - મોટી વાત નથી. હા, મારા મિત્ર! મોટી વાત છે - સમાજ અને સમાજની પ્રવૃત્તિઓ સાથે આત્મીયભાવથી જોડાવું. આપણા કાર્યથી અન્યોને તે માટે પ્રેરિત કરવાની.

**સમાજની વર્તમાન પ્રવૃત્તિઓમાં હું શું યોગદાન આપી શકું છું એ અંગે જરૂરથી વિચાર કરવો જોઇએ.** તારામાં ઘણી ક્ષમતા અને યોગ્યતા છે. એ પણ બની શકે કે સમાજની હાલની યોજનાઓ સિવાય પણ તારા મગજમાં કોઇ નવા વિચારો કે નવી કલ્પનાઓ છે. એ પણ હોઇ શકે કે વર્તમાન પ્રવૃત્તિઓ અંગે તારું ચિંતન 'જરા હટીને' હોઇ શકે. **તું મૂંઝાતો નહીં. તારી કલ્પનાઓને મૂર્ત સ્વરૂપ આપવા સમાજ તને યોગ્ય મંચ પૂરો પાડશે.**

**જે કાર્યમાં દિલ રેડાય છે ત્યાં ચમત્કાર થાય છે.** પથ્થર તૂટી શિલ્પ સર્જાય છે. સ્વપ્ન હકીકત બને છે. શ્રમ સેવા બને છે. દાન ઊગી નીકળે છે. અન્યથા સેવા અથવા દાન અહંકાર નિર્માણનું કારખાનું બની જાય છે. જેનાથી સંસ્થાનનો બાહરી વિકાસ દેખાય છે પરંતુ પ્રેમ અને લાગણીનો શૂન્યાવકાશ હોય છે.

ભારતીય તત્ત્વજ્ઞાનમાં 'સ્વ'ના વિલય અને 'સ્વ'ના વિકાસ બંનેની વિસ્તારથી વાતો છે. 'સ્વ' આપણને પ્રિય છે તેનો વિલય શા માટે કરવો? હું તેનો વિસ્તાર કરવાની વાત કરૂં છું. હાલ પૂરતું પોતાના 'સ્વ'ને સમાજના સ્તર સુધી વિસ્તારીએ તો સમાજ નિશ્ચિતરૂપે પૂર્ણ-રૂપેણ સ્વસ્થ્ય, પ્રસન્ન અને વિકસિત સ્વરૂપ હાંસલ કરી શકશે.

*રસિકભાઇ ખીમજીભાઇ મહેતા*

*તા.ક. :* આ પત્ર માત્ર લખ્યો જ નથી, જાતને પણ સંબોધેલ છે.

• • • • •

## વૃક્ષારોપણ

વૃક્ષારોપણ પરનો આપનો પત્ર મળ્યો. ખૂબ ખૂબ આનંદ થયો.

આ વિષયે ખૂબ મોટા પાયા પર કામ કરવાની જરૂર છે જ.

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ આમાં અગ્રિમ ભાગ ભજવે એ જરૂરી છે. છેલ્લા ૧૦ વર્ષથી અમે એમાં સરસ કામ કરી શક્યા છીએ અને ખર્ચ ખૂબ જ ઓછો આવે છે. વૃક્ષો સાથે પાણીના તળાવો પણ બનાવ્યા છે.

તમારા નેતૃત્વ નીચે આ કામ થાય એ ખૂબ જ જરૂરી છે.

બીજો સરસ અનુભવ રોડસાઈડ પ્લાન્ટેશન, પણ ટ્રી ગાર્ડ નહિ. વાયર ફેન્સિંગ કરીને કર્યું હોય તો વધારે સરસ અને અસરકારક થઈ શકે. અમારી ફેક્ટરી પર કરેલ કામની સી.ડી. પણ બનાવેલ છે. એ જોયા પછી પણ આગળ વધી શકાય.

*કાંતિસેન શ્રોફ - ભુજોડી, કચ્છ*

• • • • •

*આ જગતમાં જાણીને અજાણ રહેવું, એ મોટામાં મોટો પુરુષાર્થ છે.*

### "કચ્છને નંદનવન બનાવીએ"

ઓગસ્ટ માસના 'મંગલ મંદિર'માં તમે ખૂબ સરસ વિચાર સમાજ સમક્ષ મૂક્યો છે — "વૃક્ષારોપણ."

એના અનુસંધાનમાં થોડાક વિચારો રજૂ કરું છું.

**કચ્છની વનસ્પતિઓ અને વૃક્ષારોપણ સંબંધી સૌથી વધારે અને સમગ્રતયા વિચારો શ્રી જયક્રિષ્ણ ઈન્દ્રજીએ કર્યા હતા.** એમના અનુભવોનો નિચોડ એટલે તેમનું પુસ્તક "કચ્છ સ્વસ્થાનની વનસ્પતિઓ અને તેની ઉપયોગીતા" દરેક પ્રકારના માર્ગદર્શનોથી ભરપૂર છે.

૫૦ વર્ષ પહેલા શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદે સેવાના કામો શરૂ કર્યા અને અહીં સુધી પહોંચ્યા. તો આવતા ૫૦ વર્ષમાં આપણે કચ્છના શ્રી જયક્રિષ્ણ ઈન્દ્રજીના પુસ્તકમાંથી માર્ગદર્શન લઈ એમણે વિચારેલું કચ્છ બનાવી બતાવીએ.

એમને પગલે ચાલી શકે તેવા સરસ સાથીઓ કચ્છમાં હજી બેઠા છે.

આ સદી માટે મોટામાં મોટું કામ છે આપણે સૌ ભેગા મળી તે કામ કરી બતાવીએ.

અમે બધા તમારી સાથે જ છીએ.

***કાંતિસેન શ્રોફ - ભુજોડી, કચ્છ***

• • • • •

### "જીવમાત્ર માટે વૃક્ષોની આવશ્યક્તા છે"

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદને વૃક્ષારોપણ પ્રવૃત્તિ હાથ ધરવા બદલ લાખ લાખ અભિનંદન. વૃક્ષ, એ જીવદયા પ્રવૃત્તિનો પ્રતીક છે, જેના થકી સમગ્ર જીવસૃષ્ટિ ટકી રહી છે. એની મહત્વતા સમજીને સમાજે પ્રવૃત્તિ શરૂ કરી છે, તે ખરેખર બિરદાવવાને લાયક છે.

જીવમાત્રને "શ્વાસ" લેવા પ્રાણવાયુ આપી જીવાડનાર વૃક્ષ છે. જેના પર અસંખ્ય જીવો, પશુ - પક્ષીઓ આશરો લે છે. મનુષ્ય માત્રને પ્રાણવાયુ ઉપરાંત જીવનની ઘણી બધી જરૂરિયાતો પૂરી પાડનાર 'વૃક્ષ' એ ખરેખર સંત છે.

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદે આ પ્રવૃત્તિ શરૂ કરીને અન્ય મહાજનોને એક પ્રેરણાદાયક દૃષ્ટાંત પૂરું પાડ્યું છે.

ઘણાં મહાજનો પાસે દેવદ્રવ્ય તેમજ જીવદયાને નામે અઢળક નાણું પડ્યું છે. તેઓ જીવદયાના આ રીતના કાર્યમાં અગર તે નાણાંનો ઉપયોગ કરે તો સમાજને અનેકગણો લાભ થશે.

એક પુખ્ત વયનું વૃક્ષ સમાજને વિવિધ રીતે રૂા. ૨૩/-નો ફાયદો આપે છે.

આજે જ્યારે ગ્લોબલ વોર્મિંગ નામનો રાક્ષસ સમગ્ર વિશ્વનો નાશ કરવા મોં ફાડીને ઊભો છે ત્યારે આ વૃક્ષ જ એમાંથી બચાવી શકશે. અમદાવાદ કચ્છી જૈન સેવા સમાજને આ કાર્યમાં સફળતા મળે એવી પ્રાર્થના.

***એલ.ડી. શાહ - બિદડા, કચ્છ***

• • • • •

### "એક પ્રતિભાવ"

ઓગસ્ટ માસના 'મંગલ મંદિર' અંકમાં શ્રી શાંતિલાલભાઈ સંઘવીનાં લેખ "ઈશ્વરનિષ્ઠ - ધર્મનિષ્ઠ" બદલ લેખકને અને આપને અભિનંદન.

ધર્મને નામે સર્વત્ર શું ચાલી રહ્યું છે, એનો સાચો ચિતાર એમણે લેખમાં આપ્યો છે. દરેક સાચા ધર્મપ્રેમીઓએ મનન કરવા યોગ્ય આ લેખ છે.

આપણા બધા સાંપ્રદાયિક સંગઠનોએ ધર્મને નામે સામાન્ય પ્રજાને ક્રિયાકાંડોમાં જોતરીને ધર્મને વ્યવસાય બનાવી દીધો છે.

*શ્રીમદ્ રાજચંદ્રે આત્મસિદ્ધિમાં લખ્યું છે કે :*

***આત્મજ્ઞાન ત્યાં મુનિપણું***
***તે સાચા ગુરૂ હોય,***
***બાકી કુળગુરૂ કલ્પના***
***આત્માર્થી નહિ જોય....***

આજકાલ સાધુઓની દશા આપણે જોઈ રહ્યા છીએ. ઘણાખરા સામાન્ય માનવીથી પણ ઉતરતી કક્ષાનાં હોય છે. તેઓ આપણને શું જ્ઞાન આપી શકે? **સાચા ગુરુ સંપ્રદાયમાં માનતા નથી. જે સંપ્રદાયથી પર થયો હોય તે જ સાચો ગુરુ હોઈ શકે.**

લોકો ધર્મના નામે પોતાનો સમય અને ધન આ અજ્ઞાનતાની પાછળ વેડફી દેતા હોય છે. તેમને ખરેખર જાગવાની જરૂરત છે.

સુંદર લેખ લખવા બદલ શ્રી શાંતિલાલ સંઘવીને અભિનંદન.

***એલ.ડી. શાહ - બિદડા***

• • • • •

### શ્રી મયૂરભાઈના લેખ માટે પ્રતિભાવ

'મંગલ મંદિર'નો ઓગસ્ટ માસનો અંક હાથમાં આવતાં, ટેવ મુજબ કોના કોના લેખ છે એ માટે અનુક્રમણિકા જોતાં વાચ્યું "માંસાહારી જૈનોનો દેશ" એ પણ પ્રવાસ વિભાગમાં! આવો કોઈ દેશ વળી ક્યાં હોઈ શકે? સામે લેખક શ્રી મયૂર દેઢિયા! એટલે કંઈક

Sathwara Construction
Engineers & Contractors
C/174, Ambica Krupa Society,
Nr. Someshwar Tenament, Ranip,
Ahmedabad.
Ph. : (079) 27525366
Mobile : 98985 76892

નવતર તો હશે જ એમ સમજી, એ લખાણ સૌ પહેલાં વાંચી કાઢ્યું.

સૌપ્રથમ તો આવા લોકોનું અસ્તિત્વ હજુ સુધી ટકી રહ્યું છે એ જ નવાઈની વાત છે. લગભગ આવું જીવન જીવતા ઉત્તર અને દક્ષિણ અમેરિકા તેમજ ઓસ્ટ્રેલિયાના મૂળ નિવાસીઓને યુરોપિયનોએ લગભગ નામશેષ કરી નાખ્યા છે.

"માંસાહારી એ પાપી અને શાકાહારી એ જ ધર્મિષ્ઠ" એ માન્યતાને બાજુએ મૂકીને વિચારવું જોઈએ.

તેમના સવાલોના ક્રમસર જવાબ, મારી દૃષ્ટિએ.....

*(૧) શું આ લોકોને શિક્ષિત કરવા જોઈએ?*

માત્ર 'હા' કે 'ના'માં જવાબ ન આપી શકાય. તેઓનો મુખિયા સારું અંગ્રેજી જાણતો હતો. એટલે તેઓ બહારના સંપર્કમાં આવીને ભાષા શીખ્યા હશે. કેવું શિક્ષણ લેવું એ તેઓને જ નક્કી કરવા દેવાય. પશ્ચિમનું ભોગવાદી શિક્ષણ, કે કહેવાતું ધાર્મિક શિક્ષણ તેઓના માથે હરગીઝ થોપવું ન જોઈએ.

સાથે અક્ષરજ્ઞાન કે માહિતીઓના સંગ્રહને જ શિક્ષણ ગણીએ તો આપણા કેટલાય સંતો - કબીર, સુરદાસ, સિવાય ઘરઆંગણે જલારામ બાપા, કાગ બાપુ (દુલા ભાયા કાગ), ગંગાસતિ વગેરે અશિક્ષિત કે અલ્પ શિક્ષિત જ ગણાય.

આજનો શિક્ષિત સમાજ એટલે અમર્યાદ ધનસંગ્રહ - અમર્યાદ સાધનોનો સંગ્રહ અને દુરૂપયોગ, અમર્યાદ ભોગવૃત્તિ. શું આ જ સભ્ય સમાજ? આના કરતાં તેઓની સમાજ વ્યવસ્થા સારી કહી શકાય.

*(૨) આ લોકો ગરીબીમાં જીવે છે. તેમને સુધારવા જોઈએ?*

અહીં ફરી એ વિચારવું પડે કે ગરીબી તથા અમીરીની વ્યાખ્યા શું? તે માટે હેનરી ડેવેડ, થોરો, ગાંધીજી તથા વિનોબાને યાદ કરવા પડે. "જે લોકો પોતાની જરૂરિયાતો માટે અન્યો ઉપર કે વિવિધ સાધનો ઉપર જ આધાર રાખતા હોય એ ગરીબ અને જેની જરૂરિયાતો ઓછામાં ઓછી હોય એ અમીર."

આ આપણી સંસ્કૃતિની વ્યાખ્યા મુજબ તેઓ ગરીબ નથી. પશ્ચિમની વ્યાખ્યા મુજબ વધારેમાં વધારે કુદરતી સાધનોનો પોતાની સગવડ માટે ઉપયોગ કરવાના બુરા પરિણામો દેખાઈ રહ્યા છે.

જેને કોઈ લોભ નથી, અનેક જાતની ચિંતા અને ટેન્શનો નથી, જેઓ બીજાઓ ઉપર આધારિત નથી, સાધનોના ગુલામ નથી તેઓ ગરીબ કે અમીર?

તેની સાથે એવો સવાલ પણ થાય છે કે આધુનિક સાધનો સગવડોના આક્રમણથી તેઓ કેટલો વખત બચી શકશે?

અહીં થોડું વિષયાંતર કરીને આપણા જ આદિવાસીઓના કેટલાક રિવાજો 'ભૂમિપુત્ર'માં પ્રકાશિત થયેલ માહિતીના આધારે જોઈએ...

૧. સર્વોદય પરિવાર ટ્રસ્ટ વલસાડ અને ડાંગ જિલ્લાઓમાં આદિવાસીઓની સેવા શિક્ષણનું કામ કરે છે. લગ્ન પ્રસંગે લેતીદેતીના રિવાજ અહીં પણ હશે. આ સંસ્થાએ ગયા વરસે પહેલીવાર વગર લેતીદેતીએ સમૂહ લગ્નનું આયોજન કર્યું. તેઓના આશ્ચર્ય વચ્ચે તેમાં ૨-૩ બાળકોવાળા યુગલો લગ્ન માટે આવ્યા! પૂછપરછ કરતાં જાણવા મળ્યું કે લગ્ન માટે જરૂરી સગવડ ન હોય તો પણ સાથે રહેવાની એમના સમાજમાં કોઈ મનાઈ નથી! જ્યારે સગવડ થાય ત્યારે વિધિવત્ લગ્ન કરી શકાય.

૨. ગયા વરસે જ્યારે વસતિ ગણતરીના આંકડા બહાર આવ્યા ત્યારે જાણવા મળ્યું કે કહેવાતા સુસંસ્કૃત વિસ્તારના જિલ્લાઓ — ખેડા, આણંદ, નડિયાદ, મહેસાણા વગેરેમાં પુરુષોના પ્રમાણમાં સ્ત્રીઓનું પ્રમાણ ભયજનક રીતે નીચું હતું. જ્યારે આદિવાસી જિલ્લાઓમાં તે પ્રમાણ લગભગ સમાન હતું. કારણ? આદિવાસીઓમાં સ્ત્રી ભ્રૂણહત્યા થતી નથી તેમજ દહેજ માટે આપઘાત (કે ખૂન) પણ ત્યાં થતા નથી.

*આધુનિક અને સુસંસ્કૃત હોવાનો આપણો દાવો ક્યાં ટકી શકે?*

આદિવાસીઓમાં બધું જ બરાબર છે એવું પણ નથી. તે લોકોમાં વહેમ, અજ્ઞાનતા, ગરીબી છે જ. ઘણી સંસ્થાઓ આ માટે તે વિસ્તારમાં સારું કાર્ય કરી રહી છે અને તેનાં સરસ પરિણામો પણ દેખાઈ રહ્યા છે.

મૂળ વાત ઉપર આવીએ તો શ્રી મયૂરભાઈનો ત્રીજો સવાલ એ છે કે "તેમના લેખના લોકો આજીવન જૈન છે એ તમે માનસિક રીતે સ્વીકારો કે નહિ?"

જવાબમાં માંસાહાર માટેનો પૂર્વગ્રહ બાજુએ મૂકીએ તો જવાબ 'હા' માં આપી શકાય. માંસાહાર ઘણીવાર મજબૂરી પણ હોય છે. દા.ત. યુરોપ, રશિયા તથા કેનેડાના ઉત્તર ભાગમાં વસતા ઈનુઈત અને એસ્કીમો જાતિ, જ્યાં ઘાસનું તણખલું પણ ઉગતું નથી. આ લોકોને પાપી કહી શકાય?

પ્રાચીનકાળના જૈનોમાં માંસાહારની વાત કરીએ તો મહાવીર સ્વામી પહેલાં પાર્શ્વનાથના તાપસ મુનિઓને અને મહાવીર સ્વામીના નિર્વાણ બાદ પણ સાધુઓ સુદ્ધાંને અચેત અવસ્થામાં 'મત્સ્ય' (માછલી)નો આહાર કલ્પતો હોવાનો સ્પષ્ટ ઉલ્લેખ આપણા આચારાંગ સૂત્રમાં મળે છે.

તીર્થંકર ક્ષત્રિય કૂળમાં જ જન્મે અને ક્ષત્રિયો અનાદિકાળથી માંસાહારી હતા જ. તેનો પુરાવો બાવીસમા તીર્થંકર અરિષ્ટનેમિની

તીર્થ પટ
હરીભાઈ ભીખાભાઈ પેઈન્ટર
જૈન ધર્મના કેન્વાસ પેઈન્ટીંગ, તીર્થપટ, માર્બલ કાર્વિંગ તીર્થપટ - તીર્થ રચના બનાવનાર
★ તળાવ એરીયા, પ્રાઈમરી સ્કુલ સામે, પાલીતાણા-૩૬૪ ૨૭૦. ★ ૧૩, બાલમંદિર શોપીંગ સેન્ટર, તળેટી રોડ, પાલીતાણા.
Tel. : (02848) 252454 • Mo. 94262 46176, 99240 36761

નેમ-રાજુલની કથામાં સ્પષ્ટપણે મળે છે.

સંભવતઃ મહાવીર સ્વામી અને પાર્શ્વનાથના સમયમાં માંસાહાર અને હિંસા એટલા વ્યાપક હશે કે એક ઝાટકે એને બંધ કરવાનું શક્ય નહિ બન્યું હોય. એટલે થોડી છૂટ અનિવાર્યપણે આપવી પડી હશે. સમય જતાં જૈનો એને સંપૂર્ણપણે છોડી શક્યા, જ્યારે બૌદ્ધોમાં હજુ પણ ચાલુ છે. જૈનો એટલું ગૌરવ લઈ શકે!

હિંદુ શબ્દ વિદેશી છે. મૂળમાં વૈદિક વિચારધારા જ હતી. જેમાં પેસી ગયેલા દૂષણો સામે મહાવીર અને બુદ્ધે નવી વિચારધારા આપી. તેઓએ પોતાના નામે કોઈ ધર્મ પ્રવર્તન કર્યું નથી. પાછળથી તેને ધર્મનું નામ આપી સાંપ્રદાયિક સ્વરૂપ અપાયું એ એકંદરે તો ખોટું જ થયું છે.

છેલ્લે પોતાના પ્રવાસમાંથી આવી વિશિષ્ટ અને વિચારપ્રેરક સામગ્રી આપવા બદલ શ્રી મયૂરભાઈને ધન્યવાદ.

*મગનલાલ સંઘવી - અમદાવાદ*

• • • • •

★ **ધર્મ : સિનેમાની ટિકિટનું અડધિયું**
★ **રાજવંશ અને રાજઅંશ**
★ **પત્ર : ગંગા બચાવો - જીવદયા કરો**
★ **'માંસાહારી જૈનોનો દેશ'**

## વિસ્તૃત છણાવટ

'મંગલ મંદિર'ના ઓગસ્ટ માસના અંકમાં સૌપ્રથમ તો કણાદ મુનિના વૈશેષિક દર્શનનો સવિસ્તૃત પરિચય કરાવવા બદલ તંત્રીશ્રીને ધન્યવાદ. વૃક્ષારોપણની પ્રવૃત્તિને પ્રોત્સાહન આપવાની વાત પણ ઘણી જ આવકાર્ય છે અને આશા છે, સૌ તરફથી તેને સારો આવકાર મળી રહેશે.

**ભાઈશ્રી દિનેશ પંચાલ**નો લેખ અક્ષરે અક્ષર વાંચી ગયો. સો એ સો ટકા સંમત. ધન્યવાદ દિનેશભાઈ. લખતા રહો, લખતા રહો. એક વાત કહું? માણસને ડગલે ને પગલે ભગવાન ગમતો જ નથી. આપણને ભગવાન ગમે છે એવો ઢોંગ માત્ર કરીએ છીએ. ભગવાન હોય જ નહિ તો આપણે ખૂબ રાજી થઈએ! પેલા મશહૂર શાયર 'શયદા'નો શેર સૌને યાદ હશે :

*'મને એ જોઈને હસવું હજારો વાર આવે છે,*
*કે તારા બનાવેલા તે તને આજે બનાવે છે.'*

**શ્રી મુરજીભાઈ ગડા**એ રાજાશાહી અને એક રાજાને ઘણી રાણીઓ હોવાની વાત લખી છે. વાત તો બરાબર છે પણ એક વાત જરા જાણવા જેવી છે કે જૈન સૂત્રગ્રંથોમાં જણાવ્યા મુજબ ચક્રવર્તી રાજાને એક લાખ અને વીસ હજાર રાણીઓ હોય છે. (એક પણ ઓછી કે એક પણ વધારે નહીં) શ્રી કુમારપાળ દેસાઈ ટકોર કરે છે 'સારું છે કે આવા કોઈ ચક્રવર્તી આજ દિવસ સુધી થયો નથી.' મુરજીભાઈ! લ્યો, કેલ્ક્યુલેટર અને માંડો આંકડા! એક લાખ વીસ હજાર રાણીઓના ધણીના સસરા કેટલા? સાસુ, સાળા, સાળીઓ, સાઢુઓ, દીકરા-દીકરીઓ, પોતરા-પોતરીઓ, દોહિત્ર-દોહિત્રીઓ, બનેવીઓ કેટલા? અને આ બધાએ કયું કામ કરવાનું?

વેદમાં ઋતુગામીને બ્રહ્મચારી કહેવામાં આવેલ છે. પંડિત સાતવડેકરજી જણાવે છે કે મનુષ્ય સિવાયની સમગ્ર સૃષ્ટિ ઋતુગામી છે. ઋતુગામી એટલે તેમના માટે કુદરતે નિર્માણ કરેલ સંવનન કાળે તેઓ નર-માદા જાતીય સમાગમ કરે છે. નિયત કાળ સિવાય તેઓ સમાગમ કરતા નથી. એટલે તેઓ બધા જ વેદની વ્યાખ્યા મુજબ બ્રહ્મચારી છે. ફક્ત એક મનુષ્ય જ ઋતુગામી નથી. **ઋતુગામી હોવાને કારણે જ તમામ પશુ - પ્રાણી - પક્ષી - જીવજંતુ, વનસ્પતિ વગેરે કોઈની પ્રજાતિ પ્રદૂષિત થઈ નથી. તેઓ બધા આજે પણ કુદરત નિર્મિત જીવન જીવે છે.** વૈદિક સાહિત્યમાં ક્યાંય પણ કામેચ્છાની નિંદા કરવામાં આવી નથી. અલબત્ત 'કામવાસના', 'કામ લાલસા' તથા 'કામ લોલુપતા'ની નિંદા થઈ છે.

ગીતામાં કૃષ્ણના મુખે વ્યાસજી બોલાવે છે કે : 'ધમઃ અવિરુદ્ધ કામઃ અસ્મિ' એટલે કે ધર્મથી અવિરુદ્ધ હોય એવો કામ હું છું. આ ધર્મ સંમત કામ એટલે સ્વપતિરતિ અને સ્વપત્નીરતિ. આ દંપતીઓ બ્રહ્મચારી જ ગણાય. એમાં ક્યાંય કશો જ દોષભાવ નથી.

આપણા વિદ્વાન તત્ત્વજ્ઞ પ્રોફેસર માવજી કે. સાવલા લખે છેઃ 'મારું એક અનુમાન એવું છે કે આપણી વૈદિક પરંપરામાં ઘરસંસાર છોડવાની વાત હતી જ નહીં. આપણા અવતાર પુરુષો શ્રીરામ, કૃષ્ણ, શિવજી વગેરે તથા ઈસ્લામના પયગંબર એ સૌ ગૃહસ્થાશ્રમી જ હતા. શ્રમણ પરંપરાના જૈન તેમજ બુદ્ધ એ આવીને યુવાન વયના લોકોને સંન્યાસ અને દીક્ષા તથા બ્રહ્મચર્યાશ્રમનો વધુ પડતો મહિમા કર્યો અને એની હરીફાઈ કરવા જતાં વૈદિક પરંપરાને પણ એ બધું પોતાનામાં સામેલ કરવું પડ્યું. એનાથી સમાજને ભારે હાનિ થયેલી હું જોઉં છું.'

વર્ધમાન મહાવીરનો ઉપદેશ રસવિરોધી છે એમ માનવામાં આવે છે. સાધુ સાધ્વીઓ આમ જ જણાવે છે. પણ એ વાત પૂરી સાચી નથી. જૈન સાહિત્યમાં ભંભાસાર શ્રેણિકના પુત્ર મેઘકુમારને આપેલા ઉપદેશમાં એક શબ્દ છે 'સહજ આનંદ.' આ સહજ આનંદ વિષય પર એક ખાસ અધ્યાય છે (જુઓ : અધ્યાય-૪, શ્લોક-૨૩)માં મહાવીરે "સહજ આનંદ સ્ફુરણા" જેવો સુંદર શબ્દપ્રયોગ કરેલો છે. ટૂંકમાં જૈન દર્શન પણ સાવે સાવ આનંદ વિરોધી છે એ માન્યતા પણ પૂરી સાચી નથી. જો કે પાછળના આચાર્યોએ જીવનમાંથી સહજ આનંદની સાવે સાવ બાદબાકી જ કરી નાખી છે.

મહાભારતમાં ગાંધારી પરણીને આવી ત્યારે પોતાની સાથે પિયરથી 'સુખદા' નામની દાસીને પણ સાથે લાવેલી. આ સુખદા અને ધૃતરાષ્ટ્રના સંબંધથી 'યુયુત્સુ' નામના પુત્રનો જન્મ થયેલો અને આ યુયુત્સુએ મહાભારતના યુદ્ધમાં પાંડવોને સાથ આપેલો એમ વ્યાસજી લખે છે. પરંતુ આ આખાય પ્રસંગમાં ધૃતરાષ્ટ્રની કે સુખદાની નિંદા થઈ હોય કે સામાજિક બદનામી થઈ હોય એવો એક પણ શબ્દ મહાભારતમાં નથી.

*ચારિત્રરૂપી ધન સિવાય બીજી કોઈ પણ ચીજ ભવોભવ સાથે આવતી નથી.*

ઋષિ વિશ્વામિત્ર અને મેનકા અપ્સરાના સંબંધથી શકુંતલાનો જન્મ થયો એવી કથા છે પણ તેમાં કોઈની પણ નિંદા થઈ હોય કે બદનામી થઈ હોય એવો કોઈ શબ્દ કે પ્રસંગ નોંધાયો નથી. અનેક દેવી - દેવતાઓ આજની વ્યાખ્યા મુજબ શિથિલ ચારિત્ર્યના હતા પણ ક્યાંય તેમની પ્રતિષ્ઠા કે પ્રતિભાને કલંક લાગ્યાનું જાણવા મળતું નથી.

પત્ર વિભાગમાં **બહેન અલકા સંઘવી**એ લખેલ વાત એટલે કે સામૈયા વગેરેમાં પણ પ્રાણીઓનો ઉપયોગ ન થવો જોઈએ એ વાત બિલકુલ યોગ્ય છે. ફૂલોનો ઉપયોગ પણ ન થવો જોઈએ. છોડ ઉપરથી ખીલેલા ફૂલોને ચૂંટવા એ એક ભૂલ જ છે. **જે માણસને ફૂલો સાથે મૌન વાત કરતાં આવડતી હશે તે કદી ફૂલને ચૂંટશે જ નહીં. ફૂલો આપણને કાંઈક કહેતા હોય છે - સાંભળતા આવડવું જોઈએ.**

‘અન્ય સંસ્થાઓના સમાચાર’ વિભાગમાં પણ ઘણી જ ઉપયોગી માહિતી રજૂ કરવામાં આવી છે તે બદલ પણ સૌ મિત્રોને ધન્યવાદ.

છેલ્લે, **આ અંકનો સર્વોત્તમ - શિરમોર લેખ એટલે શ્રી મયૂર દેઢિયાનો “માંસાહારી જૈનોનો દેશ.”** સૌપ્રથમ તો લેખનું મથાળું પણ ભાઈ મયૂરને જ સૂઝે. પહેલાં વિચાર આવ્યો કે ભાઈ મયૂરને સીધો જ પત્ર લખું જેથી લંબાઈની મર્યાદા ન નડે. પછી થયું કે મારી લાગણી એકલા ભાઈ મયૂર સુધી પહોંચે તે કરતાં ‘મંગલ મંદિર’ના હજારો વાચકો સુધી પહોંચે એ જ સારું. મયૂરભાઈ, ત**મારા લખાણમાં વ્યક્ત થયેલા ભાવ - લાગણી - જિજ્ઞાસા વગેરેની પ્રશંસા કરવા માટે મારી ભાષા ટૂંકી પડે છે. મને યોગ્ય શબ્દો મળતા નથી.**

તમે એક પ્રશ્ન કરવાનું કદાચ ભૂલી ગયા છો. જો તમે એ બધા માંસાહારી (નિષ્પાપ - નિર્દોષ) જૈનોને એવો સવાલ જો પૂછ્યો હોત કે ‘તમારા સમાજમાં સ્ત્રી પર બળાત્કાર થાય છે?’ તો એ લોકોને ‘બળાત્કાર’ શબ્દનો અર્થ સમજાવવામાં તમે નિષ્ફળ નીવડ્યા હોત!

આ લોકોને ‘પાપ’ લાગે એ વાત હું કબૂલ કરતો નથી. **કુદરતે સર્જેલ જીવનશૈલી પ્રમાણે જીવતા કોઈ જીવને પાપ લાગે નહીં.** અગર કદી દુનિયાનો નાશ થશે (એક દિવસ તો થશે જ) તો તે સુધરેલા લોકો દ્વારા જ થશે. **તમારા લખાણના એક એક પેરેગ્રાફ પર એક એક અલગ લેખ બની શકે એવું છે. અંતરના ધન્યવાદ.**

અનેક લોકો દેશમાં અને વિદેશોમાં પ્રવાસે જાય છે. ખાણીપીમી અને મોજમજા કરી પૈસા ઉડાડીને પાછા આવે છે. પણ તે - તે જગ્યાના લોકો, ત્યાંનું લોકજીવન વિશે જાણવા - સમજવાની ઈચ્છાવાળા કેટલા? જે તે પ્રદેશના અંતરિયાળ વિસ્તારમાં જઈને લોકોની સાથે ભળીને ત્યાંની સ્થાનિક ગરીબ કે પછાત ગણાતી જાતિઓ વિશે જાણવા - સમજવાની ઈચ્છા કરવાવાળા અને એ માટે ખાસ તો સમય ફાળવવાવાળા કેટલા? પરદેશની વાત તો છોડો, પણ આપણા પોતાના દેશના કરોડો આદિવાસી લોકોની જીવનશૈલી - રીતરિવાજ - સુખ દુઃખ વિશે આપણે શું જાણીએ છીએ? આવા સાવ છેવાડાના લોકોની સાથે ૫-૧૦ દિવસ તેમની સાથે, તેમના ઘેર, તેમની રહેણીકરણી મુજબ જીવવાનો અનુભવ છે આપણી પાસે? છાંયડે બેસીને ધરમની વાતો કરવાથી ધરમ થઈ નથી જતો.

ઘણા શ્રદ્ધાળુઓ સમેત શિખરજીની યાત્રાએ જાય છે અને ઝપાટાબંધ ‘ધરમ’ કરીને પાછા આવે છે પણ શિખરજીની બહાર વસતી ગરીબ અને કંગાળ ત્યાંની પ્રજા વિશે એક નજર સરખી કરવાનું પણ કોઈને યાદ આવતું નથી.

***શાંતિલાલ સંઘવી - અમદાવાદ***

• • • • •

## ઉત્તમ કક્ષાનો તંત્રીલેખ

આપના ‘મંગલ મંદિર’ના અંકો મને નિયમિત મળે છે. તેમાંની લેખનસામગ્રી વિવિધ પ્રકારની આપવામાં આવે છે પરંતુ તે ખરેખર ઉપયોગી થાય તેવી પણ હોય છે અને **આવી સામગ્રીનું સ્ટાન્ડર્ડ પણ બીજા સામયિકોની સરખામણીમાં ખૂબ સરસ અને ઉત્તમ હોય છે.** પરંતુ આ પત્ર લખવાની મને ઈચ્છા થઈ છે તે એટલા માટે કે ઓગસ્ટ-૨૦૧૨ના અંકમાં આપે જે તંત્રી લેખ **“બ્રહ્માંડની રચના માટેનું મૂળભુત સૂક્ષ્મ કણ” લખેલ છે તે માટે આપને ઘણા ઘણાં અભિનંદન** કારણકે આવા લેખથી વાચકોને જાણકારી પ્રાપ્ત થાય છે. સાથે સાથે તેઓની ઉત્કંઠા પણ વધે અને જેમને આવા વિષયમાં રસ હોય તે બધાને વધુ ઊંડાણમાં તેની માહિતી મળી શકે. ગોડ પાર્ટીકલની બાબતે તથા મહર્ષિ કણાદ - સૃષ્ટિની ઉત્ક્રાંતિ વિશે ઘણું બધું લખ્યું છે અને આ રીતે આપણી અમૂલ્ય સંસ્કૃતિમાં આધ્યાત્મિક વિષયે પણ આ લેખમાં ઘણું ઘણું જાણવા જેવું છે.

આવા ઉત્તમ કક્ષાના તંત્રી લેખ માટે આપને અભિનંદન.

*પુષ્પદાન ગઢવી - ભુજ, કચ્છ (પૂર્વ સાંસદ, કચ્છ)*

## તૃષ્ટિકરણ

**તૃષ્ટિકરણ કરતા પૃષ્ટિકરણ કરવું વધુ અઘરું કાર્ય છે. મન રાજી કરવાથી કાંઇ ભલીવાર આવતો નથી પણ પૃષ્ટિકરણના પરિણામો તો તન-મન અને જીવનને તાજગીસભર બનાવે છે. પૃષ્ટિકરણ એટલે માળખાનું સશક્તિકરણ. માળખું રચતા તો રચી દેવાય છે પણ સમયાનુસાર તેને પૃષ્ટ કરવામાં ન આવે તો મજબૂત રચાયેલું માળખું પણ નબળું અને દુબળું બને.**

ઘેઘૂર વૃક્ષને પણ જો સમયસર ખાતર પાણી ન મળે તો આગળ જતાં એને ઠુંઠું બનતા વાર ન લાગે. જન્મેલા નાના બાળકની પણ યોગ્ય માવજત લેવામાં આવે તો તે આગળ જતા મજબૂત યુવાન બને છે. **માળખાના દરેક સાંધા એકબીજા સાથે ફક્ત જોડાયેલ જ નહીં એકબીજા સાથે સખત જકડાયેલા હોય તો માળખું સંઘર્ષ સામે પણ અડીખમ ઊભું રહી શકે.** માળખાની દરેક જરૂરિયાતો વિચારવી પડે, સમજવી પડે સ્વીકારવી પડે ને સમયસર પૂરી પણ પાડવી પડે તે જ પૃષ્ટિકરણ.

કોઈપણ સમાજ-સંગઠન સંસ્થા માટે પણ આ બાબત એટલી જ અગત્યની અને મહત્ત્વની છે.

***ગુલાબચંદ ધારશી રાંભિયા***

# અન્ય સંસ્થાઓના સમાચાર

## અમેરિકામાં "પાંજો રંગીલો કચ્છ"

અમેરિકા સ્થિત કો-જૈના સંસ્થા દ્વારા કચ્છી જૈનોનું સાતમું સંમેલન શિકાગોમાં તાજેતરમાં પરિપૂર્ણ થયું. શ્રી નવીન દેઢિયાના પ્રમુખપદે અને શ્રી મયૂર ગંગરના કન્વીનરપદે ત્રણ દિવસવાળા આ સંમેલનની થીમ હતી "પાંજો રંગીલો કચ્છ."

અમેરિક સ્થિત કચ્છીઓ, ખાસ કરીને નવી પેઢી કચ્છની સંસ્કૃતિથી માહિતગાર થાય તે હેતુને સિદ્ધ કરવાની જવાબદારી શ્રી લાલ રાંભિયાને સોંપવામાં આવી હતી. ભારતનું પ્રતિનિધિત્વ કરવા શ્રી ચંદ્રકાંતભાઈ ગોગરી, શ્રી લીલાધર ગડા, શ્રી હરેશ છેડા, શ્રી રાજેન્દ્ર ગોગરી વગેરે આ પ્રસંગે ખાસ ઉપસ્થિત હતા.

સંમેલન દરમ્યાન ફક્ત કચ્છી ભાષામાં વાર્તાલાપ કરવામાં આવેલ તેમજ ભોજનમાં પણ કચ્છી વ્યંજન પીરસવામાં આવ્યા હતા.

કચ્છી હસ્તકળા અને સંસ્કૃતિને જીવંત કરતી મોટા કદની તસવીરો, ફિલ્મ શો, હસ્તકળાના નમૂનાથી ઑપતા "કચ્છ ઉત્સવ"નું ઉદ્‌ઘાટન આરતી ગ્રૂપના શ્રી રાજેન્દ્ર ગોગરીએ કર્યું હતું.

સંમેલનનું મુખ્ય અંગ હતું "ડાયરો." 'મિઠા રે પાં કચ્છજા માડુ' અને 'ઈ પાંજે કચ્છડે જો પાણી' દુહા - છંદ વગેરેએ કાર્યક્રમમાં રંગત જમાવેલ હતા. હસ્તકળાના નમૂના, પોસ્ટર્સના વેચાણની આવકને શિક્ષણ ક્ષેત્રે વાપરવાની ઘોષણા કરવામાં આવી હતી. ભોજાય સર્વોદય ટ્રસ્ટના શ્રી લીલાધર ગડાને એમની સંસ્થાની બહુવિધ સેવાઓની નોંધરૂપે કો-જૈન લાઈફ ટાઈમ એચિવમેન્ટ ઍવોર્ડ આપવામાં આવ્યો હતો. શ્રી ચંદ્રકાંતભાઈ ગોગરીએ કચ્છી જૈન ફાઉન્ડેશન આવાસ યોજનાની વિસ્તૃત માહિતી આપી હતી, જેની દરેકે પ્રશંસા કરી હતી.

★

## ધર્મ અને વિજ્ઞાન એલ.ડી. ઈન્ડોલોજીમાં પ્રવચન

વિશ્વમાં હિગ્સ બોઝોન આજકાલ ચર્ચાનો વિષય બન્યો છે. અમદાવાદમાં પણ એલ.ડી. ઈન્ડોલોજીમાં 'વોટ ઈન ધ નેમ ઑફ ગોડ ઈઝ ધ હિગ્સ બોઝોન' પર તાજેતરમાં એક વ્યાખ્યાન રાખવામાં આવ્યું હતું. જેમાં પી.આર.એલ.ના શ્રી શુભેન્દ્ર મોહંતી અને શ્રી નરેન્દ્ર ભંડારીએ જૈન સાધુજીઓની ઉપસ્થિતિમાં તે વિષયે રસપ્રદ ગોષ્ઠી થઈ હતી. વિજ્ઞાનના આધારે સૃષ્ટિની શરૂઆતના દરેક કણ માસ રહિત હોય છે. તેમાંના કેટલાક કણોની પ્રાપ્તિ કઈ રીતે થાય છે તે માટે હિગ્ઝ બોઝોનનો એક વિચારમાત્ર કરવામાં આવ્યો છે અને તે ક્ષેત્રમાં પ્રસરેલા કણો જેનાથી તેનું સર્જન થયું તેને હિગ્ઝ બોઝોન પાર્ટીકલ કહે છે, તેમ પ્રોફેસર શ્રી મોહંતીએ જણાવ્યું હતું. જોકે, હિગ્સ બોઝોન એ એક કણમાંથી બનેલા અન્ય કણનું જ એક રૂપ છે. વિજ્ઞાન અને અમુક લોકો તેને ધ ગોડ પાર્ટીકલ તરીકે પણ ઓળખાવે છે.

વિજ્ઞાન અને ધર્મ વચ્ચે ઘણા સમયથી મતમતાંતર પ્રવર્તે છે. અગર આ બંને એકબીજાના પૂરક થઈને કામ કરે તો વિશ્વમાં ઘણી નવી શોધો થઈ શકે. આ કાર્યક્રમમાં હાજર રહેલા આચાર્ય વિજય નંદિઘોષ સૂરીશ્વરજી મહારાજ સાહેબનું કહેવું હતું કે, હિગ્સ બોઝોન નવા સ્વરૂપે છે, એ પહેલાં ઈશ્વર તરીકે ઓળખાતી હતી. આવી ઘણી પ્રેરણા જૈન ફિલોસોફીમાંથી મળી હતી, તેમ પ્રો. બોઝ એ જણાવ્યું હતું.

એલ.ડી. ઈન્ડોલોજીના આમંત્રણને માન આપીને ઉપરોક્ત વ્યાખ્યાનમાં શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના મેનેજિંગ ટ્રસ્ટી અને પ્રમુખ શ્રી અશોકકુમાર મહેતા તેમજ ટ્રસ્ટી શ્રી હીરજી પાસુભાઈ શાહે ખાસ હાજરી આપી હતી.

*દિનેશ મહેતા*

## આજની જરૂરિયાત

એક અતિ ધનાઢ્ય વ્યક્તિને પોતાના ધનનો સદુપયોગ કરવાનો વિચાર આવ્યો. મનોમંથન અને પોતાના અનુભવોને આધારે તેણે એવું નક્કી કર્યું કે :

★ મારી સંપત્તિમાંથી હું એક મંદિરનું નિર્માણ કરાવું જે લોકોને પુણ્ય કમાવવાનું સાધન બની રહે

★ બેકારો માટે આર્થિક સહાય આપવાનું શરૂ કરું જેથી તેઓને પગભર કરી શકું.

★ એક સદાવ્રત શરૂ કરું જ્યાંથી ભૂખ્યાને ભોજન મળી શકે.

અને પુણ્ય ઉપાર્જનની પ્રવૃત્તિનો શુભારંભ કરવા માટે એક મહાત્માને મળી પોતાની યોજના જણાવી... યોજના સાંભળી મહાત્મા ખુશ ન થયા, પણ થોડા ગંભીર થઇ ગયા. શ્રેષ્ઠીએ કારણ પૂછતાં મહાત્માએ કહ્યું ભાઇ ધનનો સદુપયોગ કરવાની ભાવના ઘણી ઉત્તમ છે પણ **આજના સમયમાં લોકો શિક્ષિત બની સારું નરસું સમજી શકે એવી શિક્ષણ સંસ્થાની વધુ જરૂરિયાત છે.** ઉદ્યોગશાળા દ્વારા લોકોને સ્વાવલંબી બનાવવામાં ખર્ચાનારું ધન વધુ ફાયદાકારક બનશે અને સ્વસ્થ અને તંદુરસ્ત સમાજના નિર્માણ માટે સાધન સંપન્ન ચિકિત્સાલય વધુ જરૂરી બને... અર્થાત લોકોને પરાવલંબી બનાવવાના બદલે સ્વાવલંબી અને સ્વાભિમાની બનાવે એવા માર્ગે ધન ખર્ચાય, દાન અપાય એજ આજની જરૂરિયાત છે.

*– ગુલાબચંદ ધારશી રાંભિયા*

*કોઈને સુખ આપે તો પુણ્ય બંધાય, કોઈને દુઃખ આપે તો પાપ બંધાય.*

## "મંગલ મંદિર" – પ્રાપ્ત થયેલાં લવાજમ

**ઓગસ્ટ – ૨૦૧૨ દરમ્યાન નીચે મુજબ લવાજમ પ્રાપ્ત થયેલ છે.**

### રિન્યૂ થયેલ લવાજમો

#### ૧ વર્ષનું લવાજમ

- કીર્તિચંદ્ર શાહ — મલાડ (ઈસ્ટ), મુંબઈ
- લક્ષ્મીચંદ વી. ધરમશી — બીજાપુર, કર્ણાટક
- સોમચંદ ધરમશી — તલવાણા, માંડવી
- જયસુખ ધનજી પારેખ — ભુજ, કચ્છ
- રતિલાલ વી. શાહ — માટુંગા, મુંબઈ
- જયેન્દ્ર સંઘવી — ભુજ, કચ્છ
- કિશોરચંદ્ર જગજીવન શાહ — ભુજ, કચ્છ

#### ૫ વર્ષનું લવાજમ

- દીપક નાનજી વિસરિયા — અંકલેશ્વર
- દિનેશ વી. મોતા — વિક્રોલી, મુંબઈ

#### આજીવન લવાજમ

- અમૃતલાલ ડી. ગાલા — ચેન્નાઈ

### નવાં પ્રાપ્ત થયેલ લવાજમો

#### ૧ વર્ષનું લવાજમ

- સમીર સંઘવી — બેંગ્લોર
- ઉષા ધનજીભાઈ સંજોર — બિદડા, કચ્છ
- કેશવજી દેવરાજ દેઢિયા — માહીમ (વેસ્ટ), મુંબઈ
- જયંતીલાલ ડુંગરશી સાવલા — સોલાપુર
- હેમંત પદમશી લોડાયા — વડોદરા
- પ્રીતમ આર. મહેતા — ભુજ, કચ્છ
- મિલન વિનોદ શાહ — ભુજ, કચ્છ
- સમીર સંઘવી — બેંગ્લોર
- ડુંગરશી ધનજી દેઢિયા — મુલુંડ (વેસ્ટ), મુંબઈ
- વીરેન્દ્ર ગોરધનભાઈ વોરા — સુરત
- મહેશ એલ. મહેતા — ગાંધીધામ, કચ્છ
- છોટાલાલ આર. મહેતા — ભુજપુર, કચ્છ
- ભરત કેશવલાલ શાહ — ભુજ, કચ્છ
- અનિલ શાંતિલાલ વોરા — ભુજ, કચ્છ

#### ૫ વર્ષનું લવાજમ

- હીરાબાઈ નરશી દંડ — હૈદ્રાબાદ

#### આજીવન

- નરેન્દ્ર કાનજી સંઘવી — ગાંધીધામ, કચ્છ
- રાજેશભાઈ શાહ (ટિકીટાર ઈન્ડ.) — વડોદરા

## 'મંગલ મંદિર'ના પૂરા થતાં લવાજમની વિગત

**સપ્ટેમ્બર-૨૦૧૨ દરમ્યાન પૂરાં થઈ રહેલ લવાજમના ગ્રાહકોની યાદી**

- ચંદુલાલ દલીચંદ મહેતા — ભુજ, કચ્છ
- કીર્તિ કાંતિલાલ ઝવેરી — ભુજ, કચ્છ
- રમીલાબેન પ્રફુલ્લ શાહ — ભુજ, કચ્છ
- કાંતિલાલ હંસરાજ મોતા — આદિપુર, કચ્છ
- શરદ એમ. ઝાલા — આદિપુર, કચ્છ
- શંકરલાલ જીવાજી મારવાડી — ગાંધીધામ, કચ્છ
- અમિત રમણકાંત શાહ — મુંદ્રા, કચ્છ
- એ. બી. જેઠવા — માંડવી, કચ્છ
- સૂઈસા જયેન્દ્ર શાહ — માંડવી, કચ્છ
- રાજ કિશોરભાઈ ભીંડે — માંડવી, કચ્છ
- દિનેશ મણિશંકર જોશી — માંડવી, કચ્છ
- કરણ સુધીર ભટનાગર — સોલા, અમદાવાદ
- મહેન્દ્ર શાંતિલાલ મસાલિયા — વીરમગામ
- ઈન્દુબેન લક્ષ્મીચંદ ગાલા — મીરા રોડ, મુંબઈ
- નરેન્દ્ર ભાણજી ગાલા — દાદર, મુંબઈ
- આણંદજી માણેક ગડા — દાદર, મુંબઈ
- પ્રીતેશ જાદવજી દેઢિયા — સાયન, મુંબઈ
- જ્યોતિબેન જયેન્દ્ર સંઘવી — દાદર (વેસ્ટ), મુંબઈ
- તલકશી કાનજી સાવલા — મલાડ (વેસ્ટ), મુંબઈ
- દિનેશ માણેકજી લોડાયા — મુલુંડ (વેસ્ટ), મુંબઈ
- લલિતાબેન એ. શાહ — મુલુંડ (વેસ્ટ), મુંબઈ
- મૂલચંદ ડી. શાહ — મુલુંડ (વેસ્ટ), મુંબઈ
- ચંદ્રકાંત કે. લાલન — બોરીવલી (વેસ્ટ), મુંબઈ
- લક્ષ્મીચંદ સાવલા — બોરીવલી (વેસ્ટ), મુંબઈ
- મહેન્દ્ર વીરજી ગડા — ડોંબીવલી (ઈસ્ટ), મુંબઈ
- ચતુર લાલજી ખોના — ડોંબીવલી (વેસ્ટ), મુંબઈ

### વારંવાર હાથ ધોવા – (૧)

**(અનુસંધાન : પાના નં.-૬૧ ઉપરથી ચાલુ)**

ચાર-પાંચ મહિનાની ઉપરોક્ત સારવાર (દવા તથા સી.બી.ટી.થી) ઘણો જ ફરક પડ્યો. સુષ્મા પૂર્વવત દરેક કામ સમયસર પૂરું કરવા લાગી. વારંવાર હાથ ધોવાનું બંધ થયું. જમવાનું પતિ તથા બાળકોને સમયસર મળવા લાગ્યું. સુષ્મા દરવાજો બંધ એક જ વખતમાં કરતી.

ઓ.સી.ડી.નો ઉપરોક્ત અનિચ્છિત દબાણપૂર્વકના કાર્યો (compulsive behaviour)નો છે. હવે પછીના લેખમાં અનિચ્છિત દબાણપૂર્વકના વિચારો (obsessive thoughts) વિશે ચર્ચા કરીશું.

*(ક્રમશઃ)*

*નૈતિકતા વગર ધર્મ જ નથી. ધર્મનો પાયો જ નૈતિકતા છે.*

# સાર સમાચાર

*સંકલનકર્તા : શાંતિલાલ સંઘવી*

(૧) આંધ્ર પ્રદેશની ઉર્દુ ટેક્ષ્ટ બુકમાં જણાવેલ છે કે નરસિંહરાવ આજે ભારતના વડાપ્રધાન છે અને અન્ય એક બુકમાં જણાવેલ છે કે વિવેકાનંદ મહાન હતા કારણકે તેઓ હેન્ડસમ હતા! ***(સંદેશ, તા. ૨૭-૬-૧૨)***

(૨) જે દિવસે અભિનેતા દેવાનંદનું અવસાન થયું તે દિવસે દેશમાં ૪૭ ખેડૂતોએ આત્મહત્યા કરી હતી. પરંતુ સંચાર માધ્યમોએ આ વાતની નોંધ લીધા વગર માત્ર દેવાનંદના સમાચારો જ વહેતા મૂક્યા હતા. ***('વિવેકપંથી', જૂન ૨૦૧૨)***

(૩) ઉત્તર પ્રદેશના માયાવતીએ પોતાના ખાનગી બંગલાની સજાવટ માટે સરકારી ખજાનામાંથી લગભગ રૂા. ૧૦૦ કરોડ ખર્ચ્યા છે અને વધારામાં બંગલા નજીક કમિશનરની ઓફિસનું મકાન તોડીને તે સરકારી જમીન પણ પોતાના બંગલામાં ભેળવી દીધી છે. ***('વિવેકપંથી', જૂન ૨૦૧૨)***

(૪) મુંબઈ એરપોર્ટ સ્લમ ક્લિયરન્સ પ્રોજેક્ટ અમલમાં છે. આ પ્રોજેક્ટ હેઠળ હજુ સુધી એક પણ ઝૂંપડું હટાવાયું નથી છતાં ડેવલપર HDIL કંપનીએ રૂા. ૨૦૦૦ કરોડ એમાંથી કમાઈ લીધા છે. ***('વિવેકપંથી', જૂન ૨૦૧૨)***

(૫) ઉત્તર પ્રદેશમાં બસ્તીમાં હફફુલ નામનો યુવાન સાપ પકડવામાં નિષ્ણાત છે. તેથી સરકારે તેને જમીનનો એક ટુકડો આપેલ છે. પરંતુ દસ્તાવેજ માટે સ્થાનિક ઓફિસરો લાંચ માગે છે અને ધક્કા ખવડાવે છે. આથી તેણે ડઝનબંધ સાપોને સરકારી ઓફિસોમાં છોડી મૂક્યા છે. ***('વિવેકપંથી', જૂન ૨૦૧૨)***

(૬) યુ.પી.ના મુખ્યમંત્રી અખિલેશ યાદવે મુસ્લિમ કન્યાઓના લગ્ન માટે રૂા. ૧૦૦ કરોડ અને મુસ્લિમ કબ્રસ્તાનની જાળવણી તથા સમારકામ માટે રૂા. ૨૦૦ કરોડની જોગવાઈ કર્યાની જાહેરાત કરી છે. ***(સાધના, તા. ૩૦-૬-૧૨)***

(૭) મહારાષ્ટ્ર સરકારે રાજ્યની તમામ પોલીટેકનિક શિક્ષણ સંસ્થાઓમાં સેકન્ડ શીફ્ટમાં ૭૦% બેઠકો લઘુમતી માટે અનામત રાખવાની જોગવાઈ કરી છે. ***(સાધના, તા. ૩૦-૬-૧૨)***

(૮) દેશમાં આજે લગભગ સવાર કરોડ ટન આયાતી અનાજ ખુલ્લામાં પડી રહ્યું છે જે સડીને નાશ પામવાની શક્યતા ધરાવે છે. ***(સાધના, તા. ૩૦-૬-૧૨)***

(૯) સુપ્રસિદ્ધ ફાર્મા કંપની ગ્લેક્સો સ્મિથને કેટલીક ખાસ દવાઓને ગેરકાયદે પ્રોત્સાહન આપવા માટે દોષિત ઠરાવીને અમેરિકામાં તેને ત્રણસો કરોડ ડોલરનો દંડ કરવામાં આવેલ છે. ***('દિવ્ય ભાસ્કર', તા. ૩-૭-૧૨)***

(૧૦) બ્રિટનની સેન્ટ મેથ્યુસ ચર્ચ પ્રાઈમરી શાળામાં વિદ્યાર્થીઓ દુનિયાની ૪૪ ભાષાઓ બોલે છે. શાળાના ૧૭૮ વિદ્યાર્થીઓની માતૃભાષા અંગ્રેજી નથી. બધાની માતૃભાષા અલગ અલગ છે. અહીં દરેકને પોતાની માતૃભાષા લખવા - બોલવા - શીખવાની છૂટ છે. શાળા જ આ પ્રકારની સગવડ કરી આપે છે. ***(સાંવરી, તા. ૧-૯-૧૧)***

(૧૧) માત્ર ૧૪ વર્ષની કિશોરી સિન્ધુ રાજારમ્ 'સિપ્પન' નામની ચેન્નાઈમાં આવેલી એનિમેશન કંપનીની ચીફ એક્ઝિક્યુટિવ ઓફિસર (સી.ઈ.ઓ.) બની છે. તે એનિમેશન ટેકનિકની માસ્ટર છે. ગીનેસ બુકમાં તેનું નામ નોંધાઈ ચૂક્યું છે. ***(સાંવરી, તા. ૧-૯-૧૧)***

(૧૨) કચ્છ ભુજ તાલુકાના મમુઆરા ગામની પાંચમા ધોરણમાં ભણતી - ૧૧ વર્ષની કન્યા હેલી પ્રજાપતિ ૧૯૦૧થી ૨૧૦૦ સુધીના ૨૦૦ વર્ષનું કેલેન્ડર પોતાના મગજમાં સેટ કરેલ છે. ૨૦૦ વર્ષના કોઈપણ તારીખે કયો વાર અથવા અમુક વારે કઈ તારીખ હશે તે ૧૦-૧૫ સેકન્ડમાં કહી બતાવે છે. ***(સાંવરી, તા. ૧-૯-૧૧)***

(૧૩) રાજસ્થાનમાં એક રાષ્ટ્રીય ઉદ્યાન બનાવવાની સરકારી યોજના છે. એમાં રાજસમંદ જિલ્લાના ૬૪ ગામ, ઉદયપુર જિલ્લાના ૨૩ અને પાલી જિલ્લાના ૪૧ એમ કુલ્લે ૧૨૮ ગામ આખાને આખા ખાલી કરાવાશે. ***(લોક સ્વરાજ, જુલાઈ-૨૦૧૨)***

(૧૪) ગુજરાતમાં ગૌચર જમીન હતી ત્યારે ૩૨ લાખ હેક્ટર હતું હવે માત્ર નવ લાખ હેક્ટર ગૌચર બચવા પામ્યું છે. છેલ્લા દસ વર્ષમાં સરકારે ઉદ્યોગોને જમીન ફાળવી તેમાં ગૌચરો પણ ફાળવી દીધા. ***(લોક સ્વરાજ, જુલાઈ-૨૦૧૨)***

(૧૫) કેટલાક ભારતીય અને બ્રિટીશ નિષ્ણાતોએ મળીને કરેલા અભ્યાસમાં જણાવ્યું છે કે અણુ ઊર્જા જે રાસાયણિક, જૈવિક તથા રેડિયોલોજિકલ સામગ્રીની જરૂર પડતી હોય છે તેવી સામગ્રીની ચોરી થાય છે. મધ્ય પ્રદેશમાં રાખેલા ૧૪,૦૦૦ ટન રસાયણો ગાયબ થઈ ગયા છે! ***(લોક સ્વરાજ, જુલાઈ-૨૦૧૨)***

(૧૬) ભારતના બંધારણના પાંચમા શીડ્યુલમાં સ્પષ્ટ આદેશ છે કે જ્યારે પણ આદિવાસીઓના વિસ્તારનો વિકાસ થાય કે ત્યાં ઉદ્યોગો સ્થપાય તો એમાંથી જે કાંઈ નફો થાય તે આદિવાસીઓમાં વહેંચી દેવો અને ત્યાં આદિવાસીઓને નોકરી આપવી. પણ કોઈ સરકાર આ આદેશનો અમલ કરતી નથી. ***(હિત રક્ષક, જૂન-૨૦૧૨)***

(૧૭) ભારતમાં સર્વે નાગરિકો માટે શૌચાલયો બનાવવાનું કામ ૨૦૧૨ સુધીમાં પૂરું થઈ જશે એમ કેન્દ્રીય મંત્રી જણાવે છે. પરંતુ યુનિસેફનો એક રિપોર્ટ બતાવે છે કે આ કામ પૂરું કરતાં ૮૦થી પણ વધુ વર્ષ લાગી શકે છે. ***(લોક સ્વરાજ, જુલાઈ-૨૦૧૨)***

(૧૮) તમારા કોમ્પ્યુટરના તાર સાથે ઈન્ટરનેટની સેવા આપનારી કંપનીઓના કાન સદા જોડાયેલા હોય છે. બીજાની ખાનગી વાતો જાણીને તેની માહિતી ભેગી કરીને પોતાનો કારોબાર વધારવા ઉપયોગ કરે છે. આપણી બેંક, એફ.ડી., રોકાણ વગેરેની વાતો જાણીને આ કંપનીઓ જેનો ધંધો બીજાના રૂપિયા આમતેમ કરવાના હોય તેને આ સંસ્થા જાણકારી આપતી હોય છે. ટૂંકમાં તમારી એક પણ વાત ખાનગી નથી. ***(નિરીક્ષક, તા. ૧-૭-૧૨)***

(૧૯) પાકિસ્તાની આતંકવાદી અજમલ કસાબને જેલમાં રાખવા માટેની અલગ ઓરડી રૂા. આઠ કરોડ (રીપીટ રૂા. આઠ કરોડ)ના ખર્ચે એક કોટડી બનાવવામાં આવી છે. (એને ઓરડી કહેવાય કે મહેલ?) *(રીડર્સ ડાઈજેસ્ટ, જાન્યુ.-૨૦૧૨)*

(૨૦) ઈન્ડિયા હ્યુમન ડેવલપમેન્ટ રિપોર્ટ - ૨૦૧૧ મુજબ એક વર્ષની ઉંમર સુધીના બાળકોમાં બાળમૃત્યુના પ્રમાણમાં ગુજરાત છેક ૧૪મા સ્થાને છે અને પાંચ વર્ષ સુધીના બાળકોમાં ૧૩મા નંબરે છે. સામાજિક ક્ષેત્રે રાજ્ય દ્વારા થતા ખર્ચમાં દેશના ૧૮ મોટા રાજ્યોમાં ગુજરાત ૧૭મા નંબરે છે. *(નયા માર્ગ, તા. ૧-૭-૧૨)*

(૨૧) એન્યુઅલ સ્ટેટ્સ ઓફ એજ્યુકેશન રિપોર્ટ (ASER) ૨૦૧૧માં જણાવ્યા મુજબ ગુજરાતમાં ત્રણથી પાંચ ધોરણમાં ભણતા ૩૬ ટકા બાળકો પહેલા ધોરણનું પાઠ્ય પુસ્તક વાંચી શકતા નથી અને ૫૬ ટકા બાળકો સાદી બાદબાકી કરી શકતા નથી. *(નયા માર્ગ, તા. ૧-૭-૧૨)*

(૨૨) એન્વાયરન્મેન્ટલ સસ્ટેઈનીબિલીટી ઈન્ડેક્ષમાં જણાવ્યા મુજબ ભારતના રાજ્યોમાં ગુજરાતનો નંબર સૌથી છેલ્લો એટલે કે ૨૮મો છે. *(નયા માર્ગ, તા. ૧-૭-૧૨)*

(૨૩) ઉત્તર પ્રદેશમાં ખેડૂતો પાસેથી અનાજ ખરીદતી વખતે સરકારી ત્રાજવામાં છેતરપિંડી થવાની ફરિયાદ મળતાં મુખ્યમંત્રી અખિલેશ યાદવ પોતે જ વજનકાંટા પર ઊભા રહ્યા અને વજનકાંટાએ વજન બતાવ્યું ૨૦ કિલોગ્રામ!!

*(સાધના, તા. ૧૪-૭-૧૨)*

(૨૪) નેશનલ ક્રાઈમ રેકોર્ડ્સ બ્યૂરોએ જાહેર કરેલા આંકડા પ્રમાણે ગયા વર્ષે આપણા દેશમાં દરરોજના ૬૬ બળાત્કારો નોંધાયા છે. *(દિવ્ય ભાસ્કર, તા. ૧૮-૭-૧૨)*

(૨૫) પાકિસ્તાનના ગૃહમંત્રી રહેમાન મલીક પોતે પાકિસ્તાનના નાગરિક નથી એ કારણસર પાકિસ્તાનની સુપ્રીમ કોર્ટે તેમને ગેરલાયક ઠરાવ્યા છે. તેઓ બ્રિટીશ નાગરિક છે.

*(સાધના, તા. ૨૧-૭-૧૨)*

(૨૬) સૌરાષ્ટ્રના ધ્રોળ ગામે ૧૯૨૮માં જન્મેલા અને ગાંધીજીની ગુજરાત વિદ્યાપીઠમાં ભણેલા ફખરુદ્દીન જી. ઈબ્રાહીમની પાકિસ્તાનના ચૂંટણી કમિશનર તરીકે નિમણૂક થઈ છે.

*(સાધના, તા. ૨૧-૭-૧૨)*

(૨૭) ભીવંડીમાં ચાતુર્માસ કરી રહેલા જૈન મુનિ વિમલસાગરજી મહારાજના પ્રવચનો સાંભળી સુરજીતસિંહ નામના શીખ પરિવારે પોતાની ૫૦ વર્ષ જૂની ત્રણ માળની માંસાહારી હોટલ બંધ કરેલ છે. હવે ત્યાં માત્ર શાકાહારી વાનગીઓ જ પીરસવામાં આવે છે. *(નયા માર્ગ, તા. ૧-૭-૧૨)*

(૨૮) નિવૃત્ત થતા રાષ્ટ્રપ્રમુખ પ્રતિભા પાટીલનો વિદેશ પ્રવાસ ખર્ચ ૨૦૫ કરોડ રૂપિયા થયો છે અને સોનિયા ગાંધીનો છેલ્લા ત્રણ વર્ષનો વિદેશ પ્રવાસ ખર્ચ રૂા. ૧૮૮૦ કરોડનો થયો છે. *(સાધના, તા. ૨૧-૭-૧૨)*


**આ જગમાં થોડા મલે!**

**જાણે ભાષાને ભાવ, અંતરના ઊંડાણથી**
**પ્રગટાવે પુણ્ય પ્રકાશ, આ જગમાં થોડા મલે!**
**લખે લહિયા અનેક, ટેવના પરિણામથી**
**મર્મ માણી જે લખે, આ જગમાં થોડા મલે!**

*– રશ્મિનનો રણકાર, ભાગ-૨માંથી સાભાર*

**Viketa**
**Electronics**
**An ISO 9001-2000 COMPANY**
**MANUFACTURERS OF ELECTRICAL PANEL BOARDS**
4759, GIDC Industrial Estate,
Ankleshwar-393 002. Dist. Bharuch.
**Phone : 02646-226257 Fax : +91-2646-252759**
**Mobile : 9824101111, 9824762141**
**E-mail : viketa53@rediffmail.com**


## મીંયણા....! અદ્‌લ ન કેં ઈન્સાફ

**(રાગ : કાફી)**

*અદલ ન કેં ઈન્સાફ, મીંયણા અદ્‌લ ન કેં ઈન્સાફ*
*બ-બ મેણા કોરા વ્યા, ડિને કચ્છ કે થાપ... ટેક*
*ધરતીજા ઉન્નાણ સુકીવ્યા, તરા તરાયું સર સુકીવ્યા*
*નાંય કુવેમેં પણ માલ, મીંયણા અદ્‌લ ન કેં ઈન્સાફ*
*ચોપેંલાંત ચરો પણ નાંય, માડુએલા અન્નોદક નાંય*
*આય ગરીબ કે માર, મીંયણા અદ્‌લ ન કેં ઈન્સાફ.*
*ઘરમેં ઘર ધાગીનું નાંય, રોકડ નાંણું હથમેં નાંય*
*મિલેન હટતા માલ, મીંયણા અદ્‌લ ન કેં ઈન્સાફ.*
*મોંઘવારી ત માઝા છડેં, કયાંથી ભેરેં ટાંટીયા?*
*માડુએંજા થ્યા બે હાલ, મીંયણા અદ્‌લ ન કેં ઈન્સાફ*
*ભ્રષ્ટાચાર વધી વ્યો, સરકારજા ત પગ ધ્રુબીવ્યા*
*'રાક્ષસ' થ્યો ડુકાર, મીંયણા અદ્‌લ ન કેં ઈન્સાફ*
*જગડુશાજા કોલજ તોળે, ડુકાર આયો મોંકે મોળે*
*'રશ્મિન' કેર તાં કંધો વહાર!*
*મીંયણા અદ્‌લ ન કેં ઈન્સાફ.*

*'રશ્મિનજો રણકાર : ભાગ-૨' માંથી સાભાર*


**શુભેચ્છા સહ : બચુભાઈ રાંભિયા**
**મે. જવાહર ડિસ્ટ્રીબ્યુટર્સ**
**કેશવજી નાયક રોડ, મુંબઈ-૪૦૦ ૦૦૯.**

# જાણવા જેવું

*સંકલન : રજનીકાંત પારેખ*

## ઓલિમ્પિક સ્પેશિયલ – ૧

- **ઇતિહાસ :** આશરે ૨૭૦૦ વર્ષ પહેલાં (ઇ.સ. પૂર્વે ૭૭૬માં) ગ્રીક દેશના સાઉથ વેસ્ટમાં આવેલા ઓલિમ્પિયા નામના શહેરમાં આ રમતોત્સવની શરૂઆત ધાર્મિક તહેવારના એક ભાગરૂપે કરવામાં આવી. આધુનિક ઓલિમ્પિકની શરૂઆત ઇ.સ. ૧૮૯૬માં દેવોના રાજા ઝ્યુસના માનમાં થઈ. જે પછી દર ચાર વરસે યોજવામાં આવે છે.
- **આધુનિક ઓલિમ્પિક :** આ રમતોત્સવના જન્મદાતા ફ્રાન્સના એક ફિલોસોફર અને રમતપ્રેમી - પિયરી દ કુર્બિતનના અથાક પ્રયત્નોથી ૧૮૯૬માં આ રમતોત્સવ શરૂ થયો.
- **પ્રથમ ઓલિમ્પિક (૩૧૧ માત્ર પુરુષ ખેલાડી) :** આ રમતના શ્રીગણેશ ૬ઠ્ઠી એપ્રિલ, ૧૮૯૬ના રોજ ગ્રીસના શહેર એથેન્સમાં થયો હતો. પ્રથમ ઓલિમ્પિક રમતોત્સવમાં ૧૩ દેશોના કુલ ૩૧૧ ખેલાડીઓએ ભાગ લીધો હતો. તે બધા પુરુષ ખેલાડીઓ જ હતા.
- **પ્રથમ સુવર્ણ ચંદ્રક - અમેરિકાને :** ૧૮૯૬ના રમતોત્સવમાં પ્રથમ સુવર્ણ ચંદ્રક વિજેતા થવાનું બહુમાન અમેરિકાનો એથ્લેટ જેમ્સ કોનોલી ધરાવે છે. જેમણે ટ્રીપલ જમ્પમાં આ યશસ્વી સિદ્ધિ મેળવી હતી.
- **દ્વિતીય ઓલિમ્પિક (મહિલા ખેલાડીઓ સહિત અને ભારતનો પ્રવેશ) :** ઇ.સ. ૧૯૦૦માં ફ્રાન્સમાં પેરિસ ખાતે યોજાયો હતો. આ ઓલિમ્પિકની મહત્ત્વની ઘટના એ હતી કે તેમાં મહિલા ખેલાડીઓએ ભાગ લીધો હતો. આ મહિલા ખેલાડીઓની સંખ્યા ૧૨ જ હતી. મહિલાઓમાં સૌપ્રથમ સુવર્ણ ચંદ્રક મેળવવાનું સૌભાગ્ય બ્રિટનની મહિલા કુ. ચાલોટી કૂપર ધરાવે છે. જેમણે ટેનિસમાં આ સિદ્ધિ પ્રાપ્ત કરી હતી.
- **ભારતનો ઓલિમ્પિકમાં પ્રવેશ :** ઇ.સ. ૧૯૦૦માં પેરિસ ખાતે યોજાયેલ દ્વિતીય ઓલિમ્પિકમાં ભારતે પ્રવેશ કર્યો હતો અને પ્રવેશતાની સાથે જ ભારતે બે રજત ચંદ્રકો એંગ્લો ઇન્ડિયન ખેલાડી દ્વારા મેળવ્યા હતા. કલકત્તાના એ સિદ્ધિવંત ખેલાડી નોર્મન પિટયાર્ડ એ ૨૦૦ મીટર દોડ તથા ૨૦૦ મીટર વિઘ્ન દોડમાં રજત ચંદ્રકો મેળવ્યા હતા.
- **પ્રથમવાર ચાર ચાર સુવર્ણ ચંદ્રકો અમેરિકાના ખેલાડીને :** દ્વિતીય ઓલિમ્પિકમાં અમેરિકાના ખેલાડી અલ્વિન કેન્ઝલિને સૌપ્રથમવાર ચાર ચાર સુવર્ણ ચંદ્રકો ૧૦૦ મીટર વિઘ્ન દોડ, ૨૦૦ મીટર વિઘ્ન દોડ, ૬૦ મીટર દોડ તથા લાંબા કૂદકામાં મેળવ્યા હતા.
- **તૃતીય ઓલિમ્પિક (જેમાં ૮૫ ટકા અમેરિકન ખેલાડીઓ) :** અમેરિકાના સેન્ટ લૂઈ ખાતે ઇ.સ. ૧૯૦૪માં યોજાયેલ રમતોત્સવ માત્ર અમેરિકાના ખેલાડીઓ માટેનો ઉત્સવ બની રહ્યો હતો. તેમાં ૮૫% ખેલાડીઓ અમેરિકાના હતા. સૌથી વધુ ૭૦ સુવર્ણ ચંદ્રકો પણ અમેરિકાએ મેળવ્યા હતા. બીજા ક્રમે આવનાર ક્યુબાને માત્ર પાંચ જ સુવર્ણ ચંદ્રક મળ્યા હતા.
- **ચતુર્થ ઓલિમ્પિક (જેમાં ૨૨ દેશોના ખેલાડીઓ અને અમેરિકાના તમામ ખેલાડીઓનો વોક આઉટ) :** ઇ.સ. ૧૯૦૮માં લંડન ખાતે યોજાયેલ આ રમતોત્સવમાં સૌપ્રથમવાર ૨૨ દેશોના ૨૦૫૯ ખેલાડીઓએ ભાગ લીધો હતો. ૪૦૦ મીટરની દોડની ફાઈનલમાં અમેરિકન તમામ ખેલાડીઓને વાંકુ પડતાં 'વોક ઑવર' જાહેર કર્યો હતો અને યજમાન દેશનો એથ્લેટ લીટ વિડહેમએ સુવર્ણ ચંદ્રક મેળવ્યો હતો.
- **પાંચમો ઓલિમ્પિક (પેન્ટેપ્લોન - નવી રમત તેમજ દોડમાં ખેલાડીનું મૃત્યુ) :** ઇ.સ. ૧૯૧૨માં સ્ટોકહોમ ખાતે યોજાયો હતો. આ રમતોત્સવમાં મોડર્ન પેન્ટેથ્લોન નામની નવી રમત શરૂ થઈ હતી. તેના અમેરિકન ખેલાડી જીમ થોર્પે આ નવી રમતમાં સુવર્ણ ચંદ્રક મેળવીને વિશ્વના મહાન ખેલાડી તરીકેનું બિરૂદ મેળવ્યું હતું. મેરેથોન દોડમાં પોર્ટુગલનો ખેલાડી લેઝર દોડતા દોડતા જ મૃત્યુ પામ્યો હતો.
- **છઠ્ઠો ઓલિમ્પિક (પ્રથમ વિશ્વયુદ્ધના કારણે બંધ) :** આ રમતોત્સવ ૧૯૧૬માં બર્લિન ખાતે યોજવામાં આવ્યો હતો. પરંતુ પ્રથમ વિશ્વયુદ્ધના કારણે તે રમતોત્સવ યોજી શકાયો ન હતો જે પ્રથમ ઘટના હતી કે રમતોત્સવ બંધ રહ્યો હોય.
- **સાતમો ઓલિમ્પિક (એથ્લેટીક્સમાં અમેરિકાની ઈજારાશાહી અટકી) :** આ રમતોત્સવ ૧૯૨૦માં એન્ટવર્પ ખાતે યોજાયો હતો. એથ્લેટીક્સમાં અમેરિકનોની ઈજારાશાહી સામે સૌપ્રથમવાર ફિના લેન્ડે પડકાર ફેંક્યો હતો.
- **આઠમો ઓલિમ્પિક (એકસોથી વધુ મહિલા ખેલાડીઓ) :** ૧૯૨૪માં ફરીથી પેરિસમાં આ રમતોત્સવ યોજાયો હતો. તેમાં ૧૦૦થી વધુ મહિલાઓએ ભાગ લીધો હતો. તરણ કળામાં અમેરિકાનો જોની વેસમૂલરે ફ્રી સ્ટાઈલમાં ત્રણ સુવર્ણ ચંદ્રકો મેળવ્યા હતા જે પાછળથી હોલીવુડ ફિલ્મ જગતનો મશહૂર હીરો 'ટારઝન' બન્યો હતો.
- **નવો ઓલિમ્પિક (જ્યોત વિશે વિચારણા અને ભારતને હોકીમાં પ્રથમ સુવર્ણ ચંદ્રક) :** ૧૯૨૮માં એમ્ટર્ડસ ખાતે ઉજવાયો હતો. આ ઓલિમ્પિકમાં જ્યોત વિશે વિચારવામાં આવ્યું હતું. ભારત તરફથી ઓલિમ્પિકમાં પ્રથમવાર જ માન્યતા પામેલી ટુકડી રમતો રમવા આવી. ભારેત પ્રથમવાર જ હોકીમાં સુવર્ણ ચંદ્રક મેળવ્યો હતો. તે વખતે હોકીના કેપ્ટન રાજા જયપાલસિંહ હતા. ભારતે ચાર મેચમાં કુલ ૨૭ ગોલ નોંધાવ્યા હતા. જ્યારે પ્રતિસ્પર્ધી ટીમ કોઈ જ ગોલ ભારત સામે નોંધાવી શકી ન હતી.
- **દસમો ઓલિમ્પિક (તરણ સ્પર્ધામાં ભારતનો પ્રથમ વખત પ્રવેશ અને હોકીમાં સુવર્ણ ચંદ્રક) :** દસમા ઓલિમ્પિક રમતોત્સવ ૧૯૩૨માં લોસ એન્જલસ ખાતે યોજાયો હતો. ભારતે તરણ સ્પર્ધામાં ભાગ લીધો. એન.સી. મલીક ઓલિમ્પિક સ્પર્ધામાં ભાગ લેનાર પ્રથમ ભારતીય તરવૈયા હતા. ભારતે હોકીમાં સુવર્ણ ચંદ્રક મેળવ્યો હતો.

*(ક્રમશઃ)*

*આ 'વર્લ્ડ'માં કોઈ તમારો ઉપરી જ નથી, તમારી ભૂલો, એ જ તમારો ઉપરી છે.*

## શબ્દ રમત-૭૪

*સંકલન : રજનીકાંત પારેખ*

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | | ૨ | ૩ | | ૪ | | ૫ | | ૬ | ૭ | |
| | | ૮ | | ૯ | | | ૧૦ | ૧૧ | | ૧૨ | ૧૩ |
| | ૧૪ | | ૧૫ | | | ૧૬ | | | | ૧૭ | |
| ૧૮ | | ૧૯ | | ૨૦ | ૨૧ | | | | | | |
| | | ૨૨ | ૨૩ | | ૨૪ | | | ૨૫ | | ૨૬ | |
| ૨૭ | ૨૮ | | ૨૯ | ૩૦ | | | ૩૧ | | | | |
| | ૩૨ | | | | | ૩૩ | | | | ૩૪ | ૩૫ |
| ૩૬ | | | | | ૩૭ | | | ૩૮ | ૩૯ | | |
| | | ૪૦ | | ૪૧ | | ૪૨ | ૪૩ | | ૪૪ | ૪૫ | |
| ૪૬ | ૪૭ | | ૪૮ | | | | ૪૯ | ૫૦ | | | |
| ૫૧ | | | ૫૨ | | | ૫૩ | | | ૫૪ | | ૫૫ |
| | ૫૬ | | | ૫૭ | | | | ૫૮ | | | |

શબ્દ રમત ભરનારનું નામ : ______________________

સરનામું : ______________________

______________________

*આપશ્રીના જવાબો શ્રી કચ્છી જૈન ભવન - પાલડીના સરનામે મોકલવા વિનંતી. (શબ્દ રમતનો જવાબ મોકલવાની અંતિમ તારીખ : ૨૦-૯-૨૦૧૨*

### આડી ચાવીઓ

૧. ગણપતિ (૪)
૨. બી સાથેનું રૂ (૩)
૬. અતિશય તરસ, ગળે પડતી સૂક (૨)
૮. તીરનો ભાથો (૪)
૧૦. એક દિવસની મજૂરી (૨)
૧૨. એક જાતની મોટરગાડી (૨)
૧૫. હાથ, વેરો (૨)
૧૬. આવવું જવું તે (૬)
૧૮. રાજા (૩)
૨૦. અભિપ્રાય (૨)
૨૨. મરણ પછી વ્યક્ત કરાતો લોકાચાર (૨)
૨૪. અર્જુન (૨)
૨૬. સૈન્ય (૨)
૨૭. સમાન, કસમ (૨)
૨૯. સારું, ઉત્તમ (૩)
૩૧. ગરક, મશગુલ (૪)
૩૨. વારસ વગરનું (૪)
૩૩. ગુનાસર દંડરૂપે સરકારે કબજે કરેલું (૩)
૩૪. ઓછું ખરાબ (૨)
૩૬. .... ચંગા તો કથરોટ મેં ગંગા (૨)
૩૮. શરીરની ઊંચાઈ કે જાડાઈ (૨)
૪૨. શ્લેષ્મ, ખાંસી (૨)
૪૪. રામની પરમ ભક્ત (૩)
૪૬. સુરક્ષિત (૬)
૪૯. કીડો, જંતુ (૨)
૫૧. કિંમત, ભાવ (૨)
૫૨. દૂધની મલાઈ (૨)
૫૩. આ બાજુથી પેલી બાજુ, સોંસરું (૪)
૫૬. વાંદરો (૨)
૫૭. પ્રભાત (૩)
૫૮. પ્રવાહીથી ભરપૂર લચકા જેવું (૪)

### ઊભી ચાવીઓ

૧. માછલાં પકડવાનો આંકડો (૨)
૨. નમેલું (૨)
૩. દોજખ (૩)
૪. કસોટી પરથી નક્કી કરેલો સોના ચાંદીનો ભાવ (૨)
૫. મોટું તળાવ (૪)
૭. જીવવાળું (૩)
૯. કર્મ, કર્તવ્ય (૩)
૧૧. નાણું, સોનું (૨)
૧૩. પતંગિયું (૪)
૧૪. પાણીનો કુંડ (૨)
૧૭. સ્થળ, ઠેકાણું (૨)
૧૮. દાનવ (૩)
૧૯. કેફી ચીજથી ચડતો કેફ (૨)
૨૧. તપાસવું તે (૩)
૨૩. વ્યાયામ (૪)
૨૫. વિક્રમ સંવતનો પહેલો મહિનો (૪)
૨૬. નોકર (૩)
૨૮. ચિંતન, તર્ક વિતર્ક (૩)
૩૦. જીભથી માલૂમ પડતો સ્વાદ (૩)
૩૧. ઊડતી વાત, અફવા (૨)
૩૩. સહેજ, થોડુંક (૩)
૩૫. મગરની માતા (૩)
૩૬. મુરાદ, ધારણા (૪)
૩૯. એક સંખ્યા (૨)
૪૦. ખભે રાખવાનું વસ્ત્ર (૨)
૪૧. એક સરખા રસવાળું (૪)
૪૩. ત્યાગી, વૈરાગી (૩)
૪૫. બ્રહ્મદેશ (૨)
૪૭. હીરો (૩)
૪૮. પગેથી મારવું તે (૨)
૫૦. ડાક, પોસ્ટ (૩)
૫૩. કાંજી (૨)
૫૪. નકામું, બાતલ કરેલું (૨)
૫૫. અવાજ, બૂમ (૨)

*હાથમાં લીધેલું કાર્ય તો ત્યારે જ ખીલી ઊઠે છે કે જ્યારે માણસની વાણી મર્યાદિત બને છે અને શક્તિઓ બધી કામે લાગે છે. માણસ પોતે પોતાના કાર્ય વિશે બોલે એના કરતાં કાર્ય પોતે જ બોલી ઊઠે છે એમાં જ એની સિદ્ધિના દર્શન થાય છે.*

*આ જગત એ તો પ્રતિઘોષ છે. એટલે તમે જે આપશો તે પાછું મળશે.*

# અબડાસા ગૌશાળા ટ્રસ્ટ

ગામ : રાપરગઢવાળી, અબડાસા (કચ્છ)

## એક આદર્શ ગૌસંવર્ધન શાળા



ગીર ગાય



દેશી ગાય



થરપારકર ગાય



કાંકરેજ ગાય

**વિપુલ લોડાયા : મો. ૦૯૯૭૯૫ ૨૩૯૯૭**

**• ટ્રસ્ટીશ્રીઓ •**

**મોહનભાઈ રાંભિયા (વિંઝાણ)**

**વસંતભાઈ શાહ (લાયજા)**

**હિતેશભાઈ મોતા (રાપરગઢ)**

## જુલાઈ-૨૦૧૨ના અંકમાં છપાયેલ સુડોકુ-૧૦૨૮નો સાચો ઉકેલ મોકલનારની પાછળથી મળેલ નામાવલિ

૨૫. નવીન એલ. રાંભિયા - મુંબઈ
૨૬. નયના નવીન રાંભિયા - મુંબઈ

## ઓગસ્ટ-૨૦૧૨ના અંકમાં છપાયેલ સુડોકુ-૧૦૨૯નો સાચો ઉકેલ મોકલનારની નામાવલિ

૧. ઝરણા હેમાંગ પારેખ - અમદાવાદ
૨. પ્રતાપ નારણજી દંડ - અમદાવાદ
૩. અવનિ દર્શન મહેતા - અમદાવાદ
૪. અનુબેન બાબુભાઈ મહેતા - અમદાવાદ
૫. આરતી લક્ષ્મીચંદ મૈશેરી - અમદાવાદ
૬. ભાવિક જિતેન્દ્ર મહેતા - અમદાવાદ
૭. ઉષ્મા વિશાલ શાહ - અમદાવાદ
૮. સ્મિતા વિશાલ શાહ - અમદાવાદ
૯. રૂપલ કેયૂર લોડાયા - વડોદરા
૧૦. પ્રભા મહેન્દ્ર શેઠિયા - વલસાડ
૧૧. નીના અશોક ગોરજી - અમદાવાદ
૧૨. જૈનેશ કાંતિલાલ ફોફરિયા - કોઈમ્બતુર
૧૩. કલ્પના નીતિન પાલાણી - અમદાવાદ
૧૪. અરવિંદ જે. ભટ્ટ - અમદાવાદ
૧૫. હેતલ નિકુંજ મહેતા - અમદાવાદ
૧૬. તારાચંદ ભવાનજી હેણિયા - હૈદ્રાબાદ
૧૭. કામિની પરેશ ગાલા - વડોદરા
૧૮. ચંદ્રિકા અશોક શાહ - રૂરકેલા
૨૦. અવંતી દેવેશ દંડ - અમદાવાદ (૧ ભૂલ)

પરહિત કાજે ખરચેલી એક પાઈની કિંમત, અંગત સ્વાર્થ અને વિલાસ માટે ખર્ચેલા લાખ્ખો રૂપિયા કરતાં વધુ છે. કારણકે એકનો હિસાબ સ્વર્ગના ચોપડે જમા થાય છે જ્યારે બીજાનો તો સીધો જ ધૂમાડો થઈ જાય છે. લાખ રૂપિયાના વ્યાજ કરતાં પણ આવી રીતે ખર્ચેલી પાઈનું વ્યાજ વધારે આવે છે.

# સુડોકુ

રજનીકાંત પારેખ (૯૮૯૮૦ ૫૩૫૨૧)

સુડોકુ ક્રમાંક-૧૦૩૦ અત્રે રજૂ કરવામાં આવેલ છે. તેના ચારે ભાગ ભરીને 'મંગલ મંદિર' કાર્યાલય પર તા. ૨૦-૯-૨૦૧૨ સુધીમાં મોકલી આપવા વિનંતી. તદ્દન ખરા જવાબો મોકલનારનાં નામ ઓક્ટોબર-૨૦૧૨ના અંકમાં પ્રસારિત કરવામાં આવશે.

**શરતો :** ૧. ૧થી ૯ના આંકડા ઊભી-આડી લાઈનમાં ફક્ત એક જ વખત હોવા જોઈએ.
૨. ૧થી ૯ના આંકડા 3 X 3ના ચોકઠામાં પણ એક જ વખત હોવા જોઈએ.

સુડોકુ ભરનારનું નામ : ______________________

સરનામું : ______________________

## ક્રમાંક - ૧૦૩૦

**A**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | | ૮ | | | | ૬ | |
| ૮ | ૫ | ૨ | ૬ | | | ૩ | | |
| ૧ | | | | | | | ૭ | ૫ |
| ૯ | | ૧ | | ૮ | | | ૫ | |
| | ૮ | ૭ | | ૫ | | ૬ | ૯ | |
| | ૨ | | | ૭ | | ૧ | | ૮ |
| ૫ | ૧ | | ૩ | | | | | ૪ |
| | | ૬ | | | ૪ | ૯ | ૮ | ૧ |
| | ૪ | | | | ૧ | | | |

**B**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | ૯ | ૮ | | | | ૫ | |
| | | | ૯ | ૫ | | ૨ | ૭ | |
| ૮ | ૫ | | ૧ | | | | ૯ | ૩ |
| | | | ૪ | ૮ | | ૬ | ૧ | |
| ૨ | | ૫ | | | | ૯ | | ૪ |
| | ૮ | ૪ | | ૬ | ૯ | | | |
| ૬ | ૯ | | | | ૮ | | ૪ | ૭ |
| | ૪ | ૩ | | ૯ | ૭ | | | |
| | ૨ | | | | ૧ | ૫ | | |

**C**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | ૧ | ૨ | ૫ | | | ૬ | ૮ |
| | ૮ | ૬ | | ૯ | | | ૪ | |
| | | | | | ૬ | | ૨ | ૧ |
| | ૨ | ૯ | ૩ | | | ૪ | | |
| | | | ૪ | ૧ | ૭ | | | |
| | | ૪ | | | ૨ | ૫ | ૮ | |
| ૪ | ૯ | | ૧ | | | | | |
| | ૭ | | | ૩ | | ૧ | ૯ | |
| ૧ | ૫ | | | ૨ | ૯ | ૮ | | |

**D**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | ૨ | | ૧ | | ૫ | | ૪ |
| ૧ | | | ૭ | | | | ૬ | |
| | | ૩ | ૯ | | ૫ | | | ૭ |
| | ૩ | ૮ | ૨ | | | | ૪ | |
| ૨ | | | | ૫ | | | | ૬ |
| | ૧ | | | | ૯ | ૭ | ૨ | |
| ૬ | | | ૮ | | ૭ | ૨ | | |
| | ૮ | | | | ૨ | | | ૯ |
| ૭ | | ૧ | | ૯ | | ૬ | | |

## ઉકેલ : ક્રમાંક - ૧૦૨૯

**A**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૭ | ૩ | ૨ | ૧ | ૬ | ૫ | ૪ | ૮ | ૯ |
| ૧ | ૬ | ૪ | ૮ | ૩ | ૯ | ૨ | ૫ | ૭ |
| ૯ | ૮ | ૫ | ૨ | ૭ | ૪ | ૧ | ૩ | ૬ |
| ૨ | ૧ | ૮ | ૪ | ૯ | ૬ | ૩ | ૭ | ૫ |
| ૪ | ૭ | ૯ | ૩ | ૫ | ૧ | ૬ | ૨ | ૮ |
| ૬ | ૫ | ૩ | ૭ | ૮ | ૨ | ૯ | ૪ | ૧ |
| ૮ | ૯ | ૭ | ૬ | ૨ | ૩ | ૫ | ૧ | ૪ |
| ૫ | ૨ | ૧ | ૯ | ૪ | ૮ | ૭ | ૬ | ૩ |
| ૩ | ૪ | ૬ | ૫ | ૧ | ૭ | ૮ | ૯ | ૨ |

**B**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૮ | ૯ | ૫ | ૨ | ૪ | ૬ | ૩ | ૭ | ૧ |
| ૬ | ૩ | ૧ | ૮ | ૭ | ૯ | ૨ | ૪ | ૫ |
| ૪ | ૨ | ૭ | ૧ | ૩ | ૫ | ૬ | ૮ | ૯ |
| ૧ | ૬ | ૯ | ૪ | ૨ | ૭ | ૮ | ૫ | ૩ |
| ૨ | ૪ | ૮ | ૩ | ૫ | ૧ | ૯ | ૬ | ૭ |
| ૫ | ૭ | ૩ | ૯ | ૬ | ૮ | ૧ | ૨ | ૪ |
| ૩ | ૫ | ૪ | ૬ | ૯ | ૨ | ૭ | ૧ | ૮ |
| ૯ | ૮ | ૨ | ૭ | ૧ | ૪ | ૫ | ૩ | ૬ |
| ૭ | ૧ | ૬ | ૫ | ૮ | ૩ | ૪ | ૯ | ૨ |

**C**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૯ | ૫ | ૩ | ૮ | ૪ | ૬ | ૭ | ૧ | ૨ |
| ૪ | ૧ | ૨ | ૩ | ૫ | ૭ | ૮ | ૬ | ૯ |
| ૬ | ૭ | ૮ | ૨ | ૯ | ૧ | ૩ | ૫ | ૪ |
| ૧ | ૩ | ૬ | ૯ | ૮ | ૪ | ૨ | ૭ | ૫ |
| ૨ | ૮ | ૯ | ૫ | ૭ | ૩ | ૬ | ૪ | ૧ |
| ૫ | ૪ | ૭ | ૧ | ૬ | ૨ | ૯ | ૩ | ૮ |
| ૩ | ૯ | ૫ | ૬ | ૧ | ૮ | ૪ | ૨ | ૭ |
| ૮ | ૬ | ૪ | ૭ | ૨ | ૫ | ૧ | ૯ | ૩ |
| ૭ | ૨ | ૧ | ૪ | ૩ | ૯ | ૫ | ૮ | ૬ |

**D**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૭ | ૨ | ૫ | ૯ | ૮ | ૩ | ૬ | ૪ | ૧ |
| ૪ | ૬ | ૮ | ૨ | ૧ | ૫ | ૭ | ૩ | ૯ |
| ૯ | ૩ | ૧ | ૭ | ૪ | ૬ | ૨ | ૮ | ૫ |
| ૩ | ૫ | ૨ | ૬ | ૯ | ૮ | ૧ | ૭ | ૪ |
| ૬ | ૪ | ૯ | ૧ | ૫ | ૭ | ૮ | ૨ | ૩ |
| ૮ | ૧ | ૭ | ૪ | ૩ | ૨ | ૫ | ૯ | ૬ |
| ૧ | ૭ | ૩ | ૮ | ૬ | ૯ | ૪ | ૫ | ૨ |
| ૫ | ૮ | ૪ | ૩ | ૨ | ૧ | ૯ | ૬ | ૭ |
| ૨ | ૯ | ૬ | ૫ | ૭ | ૪ | ૩ | ૧ | ૮ |

સંસારમાં સુખ જોઈતું હોય તો અણહક્કનું ભોગવશો નહિ.

★ **ભુજિયાની ગોદમાં મેમોરિયલ પાર્ક :** કચ્છના ધરતીકંપના બનાવને યાદ કરતાં એક અનોખા મેમોરિયલ પાર્ક જેવું સ્મૃતિપાર્ક ભુજમાં ભુજિયા ડુંગરની ગોદમાં નિર્માણ પામનાર છે ત્યારે તાજેતરમાં ચીનમાં આવેલા ભૂકંપ બાદ તેના નિરીક્ષણ માટે કચ્છમાંથી ગયેલા જિલ્લા વિકાસ અધિકારી તથા તેમની ટીમે ચીનનો અભ્યાસ કરીને મેળવેલો અનુભવ ભુજમાં કામે લગાડવામાં આવશે. કચ્છની ટીમે ભૂકંપ બાદ શું કરવું જોઈએ તેની ઝીણી ઝીણી તમામ માહિતી ચીનમાં મેળવેલ છે. ધરતીકંપ વખતે કેવી રીતે બચી શકાય, રેસ્ક્યુ ઑપરેશન કેવી રીતે થાય તેની તમામ પ્રકારની વિસ્તૃત જાણકારી ઉપરોક્ત સ્મૃતિ વનમાં ઉપલબ્ધ કરાશે. તે સિવાય, કચ્છની સંસ્કૃતિને ત્યાં ઉજાગર કરવામાં આવશે.

★ **અમદાવાદ - કંડલા વિમાની સેવા :** ખાનગી હવાઈ કંપની એર ડેક્કનને અમદાવાદ, સુરત તથા ભાવનગરને જોડતી નવ સીટવાળી બે હવાઈ સેવા રૂટને જરૂરી મંજૂરી અપાઈ ગઈ છે. આ હવાઈ સેવા અમદાવાદથી સવારે ૭ વાગે ઉપડી ૮.૨૦ વાગે કંડલા પહોંચશે અને વળતાં ૮.૫૦ વાગે ઉપડી ૧૦.૧૦ કલાકે અમદાવાદ પહોંચશે. જ્યારે બીજું વિમાન અમદાવાદથી બપોરે ૩.૦૦ વાગે ઉપડી ૪.૨૦ કલાકે કંડલા પહોંચશે. ત્યાંથી વળતા ૪.૪૦ કલાકે ઉપડી સાંજે ૬.૦૦ વાગે અમદાવાદ પહોંચશે તેમ કચ્છના સાંસદની યાદીમાં જણાવાયું છે.



સંકલન : દિનેશ આર. મહેતા

★ **સી.પી.ટી.ની પ્રવેશ પરીક્ષામાં પ્રથમ :** સી.એ.ના અભ્યાસ પૂર્વે લેવાતી સી.પી.ટી.ની પ્રવેશ પરીક્ષામાં ભુજના ભગીરથ શાંતિલાલ જૈને ૨૦૦માંથી ૧૭૪ ગુણાંક મેળવીને એ-વન રેન્ક પ્રાપ્ત કરી ધોરણ-૧૨માં ૯૯.૯૯ ટકા પર્સન્ટાઈલ રેન્ક મેળવનાર ભગીરથ ફરી એકવાર સી.પી.ટી.ની પરીક્ષામાં પણ સૌરાષ્ટ્ર - કચ્છમાં પ્રથમ રહ્યા છે. જાણીતા દાનવીર શ્રેષ્ઠીઓ શ્રી દામજીભાઈ એન્કરવાલા અને શ્રી જાદવજીભાઈ એન્કરવાલાએ, ભગીરથ જૈનની આર્થિક પરિસ્થિતિમાં સહાયભૂત બનીને મુંબઈની શ્રેષ્ઠત્તમ નરશી મોનજી કૉલેજમાં પ્રવેશ અપાવ્યો છે. સી.એ. પૂર્ણ કર્યા બાદ ભગીરથ સનદી સેવા યુ.પી.એસ.સી.માં પોતાની કારકિર્દી ઘડવા માગે છે.

★ **ઘાસચારાનું બિયારણ :** કચ્છ જિલ્લામાં વરસાદ ખેંચાતાં પશુધન માટે ઘાસચારાની તંગી ઊભી થતાં આગામી દિવસોમાં પરિસ્થિતિ વધુ વણસે નહીં તે માટે ભુજના સર્વ સેવા સંઘ તથા કચ્છ જિલ્લા પાંજરાપોળ ગૌશાળા સંગઠન દ્વારા ખેડૂતોને અડધા ભાવે ઘાસચારા માટે મકાઈના બિયારણનું વિતરણ કરવામાં આવશે તેમ બંને સંસ્થાઓના અધ્યક્ષશ્રીઓએ તાજેતરમાં જણાવ્યું હતું.

★ **જૈન સમાજનું એકપણ ઘર નથી એવા ભીમાસર ગામમાં જૈન સંતના ચાતુર્માસ :** જે ગામમાં જૈન સમાજનું એક પણ ઘર નથી એવા ભીમાસરમાં ચાલુ વર્ષે લીમડી સંપ્રદાયના બે મહાસતીજીઓના ચાતુર્માસ દરમ્યાન આજુબાજુના વિસ્તારોના આહીર, સોની, રબારી, બ્રાહ્મણ વગેરે સમાજના ભાઈઓ - બહેનો વ્યાખ્યાનનો લાભ લઈ રહ્યા છે. સાથે સાથે દરરોજ રાત્રે વિશાળ સંખ્યામાં બહેનો નવકાર મંત્રના જાપ કરે છે અને ૨૫થી ૩૦ બાળકો શિબિરમાં સામયિક શીખી રહ્યા છે.

★ **કંડલા બંદરે ફ્લોટિંગ ક્રેન :** કંડલા મહાબંદરે તાજેતરમાં જર્મનીથી આયાત થયેલી બે ફ્લોટિંગ ક્રેન કાર્યરત થતાં મહાબંદરોમાં આ પ્રકારની સુવિધા ધરાવતું તે પ્રથમ બંદર બની ગયું છે. હવે પેના મેક્સ પ્રકારના વિશાળ જહાજો પણ જેટીએ લાવ્યા વિના હેન્ડલ થઈ શકશે.

★ **વિકલાંગોની નોંધણીનો કેમ્પ :** ભુજ ખાતે એક ખાસ કાર્યક્રમમાં કચ્છ જિલ્લાના ૨૫૧ વિકલાંગોને તપાસીને તાજેતરમાં તેમની નોંધણી કરવામાં આવી છે. કેન્દ્ર સરકારના સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રાલયના તાબા હેઠળની અમદાવાદ સ્થિત સંસ્થા ક્ષેત્રીય વિકલાંગ પુનર્વાસ કેન્દ્રની તાંત્રિક ટીમે ભુજ ખાતે વિકલાંગોની નોંધ તપાસીને સાધન સામગ્રી આપવાનું કાર્ય કર્યું હતું.

★ **ગુસ્સાને કાબૂમાં રાખવા વર્કશોપ :** ગાંધીધામની રોટરી ક્લબ, આઈ.એ.પી. અને આઈ.એમ.એ.ના સંયુક્ત ઉપક્રમે મેનેજમેન્ટ વર્કશોપ અંગેનું આયોજન તાજેતરમાં ગાંધીધામ ખાતે કરાયું હતું. સેમિનારમાં અમદાવાદના વક્તા ડૉ. ભાવેશ પટેલે ગુસ્સાને કેવી રીતે કાબૂમાં રાખવો તે અંગે ઉદાહરણ સાથે વિસ્તૃત સમજ તેમજ ક્રોધથી થતાં નુકસાન અંગે જાણકારી આપી હતી.

★ **ગુજરાત ચેમ્બરમાં કચ્છનું પ્રતિનિધિત્વ :** તાજેતરમાં ગુજરાત ચેમ્બર ઑફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીઝની અમદાવાદ ખાતે યોજાયેલી વિવિધ કેટેગરીઓની ચૂંટણીમાં ગાંધીધામના અગ્રણી શ્રી નરસિંગ આત્મારામભાઈ અગ્રવાલ માનદ્ મંત્રી તરીકે ચૂંટાઈ આવ્યા છે. તેઓ છેલ્લા ૧૫ વર્ષથી ગુજરાતમાં ચૂંટાઈને કચ્છનું પ્રતિનિધિત્વ કરતાં આવ્યા છે. ચેમ્બરના માધ્યમથી કચ્છના તથા વેપારીઓને મૂંઝવતા પ્રશ્નોની સચોટ રજૂઆત કરીને સુખદ ઉકેલ પણ લાવ્યા છે. કચ્છના તેમજ વેપારીઓનાં પ્રશ્નો તેમની પ્રાથમિકતા રહેશે, તેમ એમણે જણાવ્યું હતું.

*ખરી રીતે દુનિયા જીતવાની નથી, ઘર જીતવાનું છે.*

★ **કચ્છમાં પ્રથમ ફાઈવસ્ટાર હોટલ :** વિશ્વપ્રસિદ્ધ કાર્લસન રેઝીડોર ગ્રુપે રેડિશનનો તાજેતરમાં પ્રારંભ કર્યો છે. ઉત્તમ પ્રકારની તમામ આધુનિક સગવડો ધરાવતી હોટલ, ગાંધીધામ રેલવે સ્ટેશન તથા એરપોર્ટથી તેમજ કંડલા ફ્રી ટ્રેડ ઝોનથી નજીક મુખ્ય માર્ગ પર આ હોટલ આકર્ષણનું કેન્દ્ર બની છે. જેનો ટોલ ફ્રી નંબર ૧૮૦૦ ૧૮૦૦ ૩૩૩ છે.

★ **વૃક્ષોનું વાવેતર :** કચ્છ જિલ્લા કક્ષાના ૬૩મા વન મહોત્સવનો તાજેતરમાં ભચાઉ ખાતે પ્રારંભ થયો હતો. જિલ્લામાં ૪૬ લાખ વૃક્ષોનું વાવેતર કરાશે તેમજ કચ્છમાં અત્યારે ૨૭ કરોડ વૃક્ષો છે તે સંખ્યા ૩૫ કરોડ સુધી લઈ જવાશે, તેવી માહિતી આ વન મહોત્સવ ટાંકણે આપવામાં આવી હતી. કચ્છના પ્રભારી મંત્રીશ્રીએ આ પ્રસંગે જણાવ્યું હતું કે, દેશના ઋષિ મુનિઓએ વૃક્ષોને ધાર્મિક મહત્ત્વ આપ્યું છે તેની પાછળ વૃક્ષોનું જતન મુખ્ય ઉદ્દેશ છે અને આજે પણ ધર્મ અને વિજ્ઞાન વૃક્ષોને કાપવાના કાર્યને પાપ ગણે છે કારણકે વૃક્ષોના અનેકગણાં ઉપકાર માનવજાત પર છે.

★ **પાલિતાણા જૈન તીર્થમાં યાત્રાળુઓ માટે નવો ડ્રેસ કોડ :** જૈનોના પવિત્ર ધાર્મિક તીર્થના જૈન મંદિરોની વ્યવસ્થા સંભાળતા ટ્રસ્ટ મંદિરોના દર્શને આવતા યાત્રાળુઓ માટે વસ્ત્ર પરિધાનની કડક આચાર સંહિતાનો નવેમ્બર માસથી અમલ કરવાનો નિર્ણય લીધો છે. તેમના નિર્ણય મુજબ યાત્રાળુઓ જીન્સ, શોર્ટસ, સ્કર્ટ તેમજ વ્યવસ્થાપકોની દૃષ્ટિએ જે પણ પહેરવેશ અનુચિત હશે તે પહેરીને ગર્ભગૃહમાં પ્રવેશી શકશે નહિ. અયોગ્ય કે અનુચિત વસ્ત્રો પહેરીને આવનારા યાત્રાળુઓ માટે ટ્રસ્ટ વસ્ત્રો પૂરા પાડશે. પુરુષ યાત્રાળુઓને લેંઘો અને કફની તેમજ મહિલા યાત્રાળુઓને સલવાર કમીઝ પૂરા પાડવામાં આવશે. ધાર્મિક શિષ્ટાચાર અને પવિત્રતા જળવાઈ રહે તે દૃષ્ટિએ આ નિર્ણય કરવામાં આવ્યો છે.

★ **કચ્છી ખારેક ૫૦૦ રૂા. કિલો! :** કચ્છની જાતવાન દેશી ખારેકને દિલ્હીમાં જબ્બર પ્રતિસાદ મળ્યો છે અને પ્રતિ કિલોના રૂા. ૫૦૦ના ભાવે છૂટક વેચાણ તાજેતરમાં થયું છે. દિલ્હીના પ્રગતિ મેદાન ખાતે યોજાયેલા આઠમા આંતરરાષ્ટ્રીય ખેતી અને બાગાયત નિદર્શન - પ્રદર્શનની મુલાકાતે આવેલા લોકોએ પ્રથમ તો ખારેકને કુતૂહલથી જોયા બાદ ટેસ્ટ કરતાંની સાથે ખરીદી શરૂ કરી હતી.

★ **અછતગ્રસ્ત ઘોષિત :** કચ્છ સહિત રાજ્યભરમાં મેઘરાજાની મહેર નહીં થતાં સરકારે અછત જાહેર કર્યા પછી કચ્છના દસે-દસ તાલુકાને પણ તાજેતરમાં અછતગ્રસ્ત ઘોષિત કરી દેવાયા છે. દુષ્કાળના આવનારા દિવસોમાં પીવાનાં પાણી, લોકોને રોજગારી અને પશુધન માટે ઘાસચારાની સમસ્યા સર્જાય નહીં તે માટે કચ્છના વહીવટીતંત્રે કવાયત શરૂ કરી દીધી છે. વ્યક્તિગત ધોરણે જે પશુઓ રાખે છે તેઓને ઘાસ આપવા માટે કચ્છમાં ૧૨૦ ઘાસ ડેપો શરૂ કરવાના આદેશ આપવામાં આવ્યા છે તેમજ ૧૫ લાખ કિલો ઘાસનો જથ્થો મંગાવવામાં આવ્યો છે તેમ જિલ્લા કલેક્ટરે જણાવ્યું હતું.

★ **અભિનેત્રી તનિષ્કાએ કચ્છી ભાષા શીખી :** કચ્છની ભૂમિ પર કંડારવામાં આવેલી 'જલ' ફિલ્મ માટે અભિનેત્રી તનિષ્કા ચેટરજીએ કચ્છી ભાષા શીખી હતી. આ ફિલ્મ બે-ત્રણ મહિનામાં રજૂ થવાની સંભાવના છે.

★ **ઈન્સ્પાયર કેમ્પ :** કચ્છ યુનિવર્સિટીના અર્થ એન્ડ એન્વાયર્નમેન્ટ સાયન્સ વિભાગમાં વર્ષ ૨૦૧૨ના બીજા ઈન્સ્પાયર કેમ્પનું તાજેતરમાં આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ૧૪ જેટલા વૈજ્ઞાનિકો અને પ્રોફેસરોએ ગુજરાતની વિવિધ શાળાઓના ૧૪૫ જેટલા સાયન્સ વિદ્યાર્થીઓ જોડે પ્રત્યક્ષ વાર્તાલાપ કર્યો હતો. આ કેમ્પ દરમ્યાન ભૌતિક વિજ્ઞાનના સિદ્ધાંતો, કચ્છની ઉત્પત્તિ તથા રણના ઇતિહાસની સમજ, હિમાલયની ઉત્પત્તિ જેવા વિષયો પર માહિતી આપવામાં આવી હતી.

★ **કચ્છમાં ગુજરાતી સમાજ :** કચ્છ ભુજમાં ગુજરાતી સમાજનું ભવન ઊભું કરવાની દિશામાં સક્રિય પ્રયાસો કરવાની સાથે રાજ્ય સરકાર પાસે ભવન માટે જમીનની માગણી મૂકાશે તેવી મહત્ત્વની જાહેરાત અખિલ ભારત ગુજરાતી સમાજના મોવડીઓએ તાજેતરમાં ભુજ ખાતે કરી હતી. ■

## શબ્દ રમત-૭૩નો ઉકેલ

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| બા | જ | | અ | ર | જ | | લા | ઈ | લા | જ | |
| ર | સ | દ | | જ | મા | ત | | | ખ | ત | મ |
| | ત | મ | સ | | લ | લ | કા | ર | | ના | જ |
| રિ | | ન | મા | જ | | | ન | ગ | દ | | હ |
| બે | લ | | સ | રી | ગ | ત | | ત | ર | | બ |
| ટ | સ | ર | | કા | | પ | દ | | વા | મ | |
| | ત | જ | | મ | ગ | | ર | | જો | જ | ન |
| સ | | પૂ | ર | | પ | ર | વા | ના | | લ | વ |
| ત્યા | | ત | ણ | ખો | | | મ | મ | ન | | લ |
| ના | મ | | કો | ટ | વા | લ | | ના | ર | દ | |
| શ | લ | ભ | | | ર | વા | ના | | ક | સ | ર |
| | મ | ગ | દૂ | ર | | દ | શ | મ | | કો | મ |

*ઓગસ્ટ-૨૦૧૨ના અંકમાં છપાયેલ શબ્દ રમત-૭૩ના ઉકેલ મોકલાવનારના નામ*

| | | | |
|---|---|---|---|
| ૧. | ચંદ્રા મહેન્દ્ર શાહ | - અમદાવાદ | બધા સાચા |
| ૨. | પ્રતાપ નારાણજી દંડ | - અમદાવાદ | બધા સાચા |
| ૩. | પ્રભા મહેન્દ્ર શેઠિયા | - વલસાડ | બધા સાચા |
| ૪. | અરવિંદ જયંતીલાલ ભટ્ટ | - અમદાવાદ | બધા સાચા |
| ૫. | દક્ષા રવીન્દ્ર શાહ | - અમદાવાદ | બધા સાચા |
| ૬. | કિશોર જે. શાહ | - ભુજ | બધા સાચા |

*આ સંસારમાં જક્કે ચઢીને કોઈને ય સુધારવા પ્રયત્ન ના કરશો.*

# લગ્નોત્સુક ઉમેદવારોની માહિતી

| | | | |
|---|---|---|---|
| |  |  |  |
| (૧) ઉમેદવારનું નામ : | **જય** | **પ્રજ્ઞેશ** | **જીનેશ** |
| (૨) પિતાશ્રીનું નામ : | તારાચંદ તલકશી | કાંતિલાલ હીરજી | રાજેન હરિલાલ |
| (3) માતાશ્રીનું નામ : | સૂર્યાબેન | જયાબેન | જ્યોત્સ્ના |
| (૪) અટક : | પાસડ | છેડા | શાહ |
| (૫) જ્ઞાતિ : | કચ્છી વીસા ઓસવાળ | કચ્છી વીસા ઓસવાળ | કચ્છી ગુર્જર |
| (૬) સંપ્રદાય : | દેરાવાસી | દેરાવાસી | સ્થાનકવાસી |
| (૭) મૂળ વતન : | શેરડી | મોટા આસંબિયા | મુંદ્રા |
| (૮) જન્મ તારીખ : | ૭-૧૧-૧૯૮૬ | ૨૩-૦૯-૧૯૭૬ | ૦૪-૧૨-૧૯૮૬ |
| (૯) ઉંમર વર્ષ : | ૨૮ | ૩૬ | ૨૬ |
| (૧૦) ઊંચાઈ : | ૫'૯" | ૫'૬" | ૫'૮" |
| (૧૧) વજન : | ૬૬ કિ.ગ્રા. | ૬૨ કિ.ગ્રા. | ૬૫ કિ.ગ્રા. |
| (૧૨) દેખાવ : | – | એક આંખમાં ખોડ | – |
| (૧૩) અભ્યાસ : | B.Com. (Computer)<br>MBA (Correspondence) | B.Com. | B.Com., C.A. |
| (૧૪) નોકરી ધંધો (પોતાનો) : | ઈન્ટીરીયર ડેકોરેશના સામાનના વેપારી | સ્વતંત્ર ધંધો | કાર એસેસરીઝ, સી.એ. પ્રોફેશનલ |
| (૧૫) ઉમેદવારની વાર્ષિક આવક : | – | – | |
| (૧૬) નોકરી ધંધો (પિતાજીનો) : | ઉપર મુજબ | – | કાર એસેસરીઝની દુકાન |
| (૧૭) સરનામું : | દેવકા નિવાસ,<br>૫-૮-૨૯૯ મહેશ નગર કોલોની<br>આબીદ<br>હૈદ્રાબાદ-૧. | ૨૦૪, પ્લાઝા એપાર્ટમેન્ટ,<br>તીથલ રોડ,<br>વલસાડ. | કલકત્તા મોટર,<br>૩, કિરણ ચેમ્બર,<br>રીંગ રોડ,<br>સુરત-૨. |
| (૧૮) ફોન નંબર : | ૦૪૦-૬૬૮૩૬૦૯૬ | ૦૨૫૩૨-૨૪૮૩૭૫ | ૦૨૬૧-૨૭૦૭૦૯૭ |
| (૧૯) મોબાઈલ નંબર : | ૯૩૯૪૫ ૪૨૫૧૧ | ૯૯૧૩૮ ૨૬૭૫૯ | ૯૩૭૪૭ ૧૨૪૨૬ |
| (૨૦) ભાઈ – બહેન : | ૦ – ૧ | ૧ – ૦ | – |
| (૨૧) કુંડળીમાં માનો છો? : | – | – | – |

Upendrabhai (M) 098241 91393 (O) 02646-226292, 222399, 226044 (R) 226506 Amitbhai (M) 098331 92294

PRIYANKA ROADLINES PRAVIN ROADLINES

15, Matangi Estate,
N.H. No.-8, G.I.D.C., Ankleshwar-393 002.

109, Vardhman Chamber, Kalyan St.
Dana Bunder, Mumbai-400 009.

## લગ્નોત્સુક ઉમેદવારોની માહિતી

| | | | | |
|---|---|---|---|---|
| |  |  |  |  |
| (૧) | **મિતેશ** | **ફેનીલ** | **ભાવિની** | **ચિરાગ** |
| (૨) | જયંતીલાલ કાનજીભાઈ | યશવંત કેશવલાલ | યશવંતભાઈ કેશવલાલ | રમેશભાઈ |
| (૩) | પ્રભાબેન | સુનીતાબેન | સુનીતાબેન | તરલાબેન |
| (૪) | દેઢિયા | શાહ | શાહ | વોરા |
| (૫) | કચ્છી વીસા ઓસવાળ | કચ્છી ગૂર્જર | કચ્છી ગૂર્જર | દશા શ્રીમાળી |
| (૬) | | સ્થાનકવાસી | સ્થાનકવાસી | સૌરાષ્ટ્રવાસી જૈન શ્વેતાંબર |
| (૭) | મોખા | ભુજ | ભુજ | અમરપુર (જસદણ) |
| (૮) | ૦૩-૧૧-૧૯૮૮ | ૧-૫-૧૯૮૩ | ૧૯-૭-૧૯૮૬ | ૧૬-૦૮-૧૯૮૨ |
| (૯) | ૨૩ | ૨૯ | ૨૬ | ૩૦ |
| (૧૦) | ૫'૮" | ૫'૬" | ૫'૦" | ૫'૮" |
| (૧૧) | ૭૦ કિ.ગ્રા. | ૬૦ કિ.ગ્રા. | ૪૦ કિ.ગ્રા. | ૭૦ કિ.ગ્રા. |
| (૧૨) | | ગોરો | ગોરો | |
| (૧૩) | M.Com., C.A. | B.E. (Electronics) | B.Sc. (Comp. Sc.) | Automobile Engineer |
| (૧૪) | જી.કે. ચોક્સી ફર્મમાં સર્વિસ | સર્વિસ | – | ધંધો |
| (૧૫) | | | | |
| (૧૬) | – | સ્વતંત્ર ધંધો | સ્વતંત્ર ધંધો | |
| (૧૭) | સી-૨, કદમ ફલેટ, જેઠાભાઈ પાર્ક પાછળ, પાલડી, અમદાવાદ. | ન્યુ ૮૯/૪૫, ગંગુ રેડી રોડ, ઈગ્મોર, ચેન્નાઈ-૬૦૦ ૦૦૮. | ન્યુ ૮૯/૪૫, ગંગુ રેડી રોડ, ઈગ્મોર, ચેન્નાઈ-૬૦૦ ૦૦૮. | બી-૪, સૈની સોસાયટી, પાર્ટ-૧, સુભાનપુરા, વડોદરા-૭. |
| (૧૮) | ૦૭૯-૨૬૬૦૮૯૦૮ | | | ૦૨૬૫-૨૨૯૧૧૩૧ |
| (૧૯) | ૯૦૧૬૭૩૧૩૮૭ | ૦૯૮૭૯૯ ૮૩૮૨૧ | ૦૯૮૭૯૯ ૮૩૮૨૧ | ૯૮૯૮૭ ૦૩૬૯૫ |
| (૨૦) | ૦ – ૨ | ૦ – ૧ | ૧ – ૦ | ૧ – ૦ |
| (૨૧) | | મંગળ છે. | ના. | – |

॥ ક્ષમા વીરસ્ય ભૂષણમ્ ॥
**રાયચંદ કાનજી ધુલ્લા પરિવાર - સુથરી**
"ધુલ્લા વિલા", બંગલા નં.-૨૦, ડ્રીમલેન્ડ સોસાયટી, જયશાસ્ત્રી નગર, એન.આર. હાઈલેન્ડ પાર્ક, મુલુંડ (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૮૨.
ફોન : ૨૫૯૨૪૪૪૬, ૨૫૬૨૪૫૪૪, ૨૫૯૧૪૫૪૪, ૬૬૩૪૩૫૭૭

# લગ્નોત્સુક ઉમેદવારોની માહિતી

| | | | |
|---|---|---|---|
| |  |  |  |
| (૧) ઉમેદવારનું નામ : | **દિપાલી** | **જીજ્ઞા** | **દ્યુતિ** |
| (૨) પિતાશ્રીનું નામ : | કાંતિલાલ વીરચંદ | કાંતિલાલ વીરચંદ | પ્રકાશભાઈ ચંદુલાલ |
| (3) માતાશ્રીનું નામ : | હર્ષાબેન | હર્ષાબેન | શ્રેયાબેન |
| (૪) અટક : | ફડિયા | ફડિયા | દોશી |
| (૫) જ્ઞાતિ : | વીસા શ્રીમાળી | વીસા શ્રીમાળી | વીસા શ્રીમાળી |
| (૬) સંપ્રદાય : | દેરાવાસી | દેરાવાસી | દેરાવાસી |
| (૭) મૂળ વતન : | | | માંડલ (વીરમગામ) |
| (૮) જન્મ તારીખ : | ૨૯-૫-૧૯૭૩ | ૨૬-૯-૧૯૭૪ | ૨૧-૭-૧૯૮૩ |
| (૯) ઉંમર વર્ષ : | ૩૯ | ૩૮ | ૨૯ |
| (૧૦) ઊંચાઈ : | ૫'૩" | ૫'૨" | ૫'૩" |
| (૧૧) વજન : | ૬૩ કિ.ગ્રા. | ૫૨ કિ.ગ્રા. | ૫૫ કિ.ગ્રા. |
| (૧૨) દેખાવ : | ફેર | ઘઉંવર્ણ | ઘઉંવર્ણ |
| (૧૩) અભ્યાસ : | B.Com., D.C.A. | B.Sc. (Comp. Application) | B.Com. |
| (૧૪) નોકરી ધંધો (પોતાનો) : | બેંકમાં નોકરી | MNCમાં એક્ઝીક્યુટીવ પોસ્ટ | |
| (૧૫) ઉમેદવારની વાર્ષિક આવક : | – | | |
| (૧૬) નોકરી ધંધો (પિતાજીનો) : | રીટાયર્ડ બેંક ઓફિસર | રીટાયર્ડ બેંક ઓફિસર | વ્યવસાય |
| (૧૭) સરનામું : | ૨૦૪, આત્મન સોસાયટી, પંકજ સોસાયટી, ફતેહનગર, પાલડી, અમદાવાદ-૩૮૦ ૦૦૭. | ૨૦૪, આત્મન સોસાયટી, પંકજ સોસાયટી, ફતેહનગર, પાલડી, અમદાવાદ-૩૮૦ ૦૦૭. | એફ-૧, એકતા એવન્યુ ટાવર, વાસણા, અમદાવાદ. |
| (૧૮) ફોન નંબર : | ૦૭૯-૨૬૬૪૧૯૩૫ | ૦૭૯-૨૬૬૪૧૯૩૫ | ૦૭૯-૨૬૬૦૩૦૮૭ |
| (૧૯) મોબાઈલ નંબર : | ૯૮૯૮૯ ૪૦૮૯૪ | ૯૮૯૮૯ ૪૦૮૯૪ | |
| (૨૦) ભાઈ – બહેન : | ૧ – ૧ | – | ૦ – ૧ |
| (૨૧) કુંડળીમાં માનો છો? : | – | – | હા. |

MILAN® MASALA

K. K. MASALAWALA
31, K.N. ROAD, MASJID (W), MUMBAI-400 009.
TEL. : 2377 4209 2375 7674
TELEFAX : 2379 0883

MILAN® MASALA

# સમાજ દર્પણ

## સરનામા ફેરફાર

- **શ્રીમતી ઉષાબેન પ્રકાશ વોરા**
  સી-૩, ક્લાઉડ રેસીડન્સી, ૧૬, મોતીનગર સોસાયટી,
  મહાલક્ષ્મી, અમદાવાદ-૩૮૦ ૦૦૭.
- **ભોગીલાલ દલસુખલાલ વોરા**
  ૩૦૪-એ, સાગર સમ્રાટ,
  જલારામ રેલવે ક્રોસીંગ પાસે, જૂના શારદા મંદિરની બાજુમાં,
  પાલડી, અમદાવાદ-૩૮૦ ૦૦૬.

## સગપણ

- **તા. ૨૯-૭-૨૦૧૨**
  **ધ્વનિ ખુશાલ ખેરાજ ગાલા (દેવપુર - અમદાવાદ)**
  **અમિત મણિલાલ વેલજી હરિયા (દેવપુર - મુંબઈ)**
  *અભિનંદન!*
- **તા. ૩-૮-૨૦૧૨**
  **સંકેત મહેશભાઈ ખત્રી (અમદાવાદ)**
  **માતુશ્રી : લક્ષ્મીબહેન (ટોકરશી રતનશી લોડાયા - વારાપધ્ધર)**
  **બિંદી કિશોરભાઈ મેઘાણી (અમદાવાદ)**
  **માતુશ્રી : કૈલાસબહેન**
  *અભિનંદન!*

## પુત્ર જન્મ

- **તા. ૨૫-૪-૨૦૧૨**
  **'વીર' ખુશ્બૂ બ્રિજેશ લક્ષ્મીચંદ ધુલ્લા (બાંઢિયા - અમદાવાદ)**
  *અભિનંદન!*

## પુત્રી જન્મ

- **તા. ૨૫-૭-૨૦૧૨**
  **'પ્રાચી' નિશાંત દિલીપભાઈ મૈશેરી (માંડવી - અમદાવાદ)**
  **માતુશ્રી : કાજલબહેન મૈશેરી**
  *અભિનંદન!*

## અભિનંદન



**સી.એ. શ્રી ધવલ સંઘવી**

શ્રીમતી ભાવના તથા શૈલેષ ધારશીભાઈ સંઘવી (સાંતલપુર - - અમદાવાદ)ના સુપુત્ર ચિ. ધવલે તાજેતરમાં સી.એ. ફાઈનલ પરીક્ષા ઉત્તીર્ણ કરીને ચાર્ટર્ડ એકાઉન્ટન્ટની ડિગ્રી પ્રાપ્ત કરી છે.

ચિ. ધવલે આ અગાઉ સ્કૂલ ઑફ બિઝનેસ મેનેજમેન્ટમાંથી એમ.બી.એ. (ફાઈનાન્સ) પૂર્ણ કર્યું છે.

આપશ્રી પ્રગતિના શિખરો ઉત્તરોત્તર સર કરો એવી શુભેચ્છા.



**સી.એ. શ્રી અર્પિત શાહ**

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ સંચાલિત સેવા ભવન, એસ.ટી. સ્ટેન્ડ ખાતેના સ્ટાફ સભ્ય શ્રી પરેશ રમેશભાઈ શાહના સુપુત્ર ચિ. અર્પિત એ તાજેતરમાં સી.એ.ની ફાઈનલ પરીક્ષામાં જ્વલંત સફળતા મેળવીને ચાર્ટર્ડ એકાઉન્ટન્ટની ડિગ્રી પ્રાપ્ત કરી છે.

પર્યુષણ પર્વની આરાધના કરાવવાના ઉદ્દેશથી ટૂંક સમયમાં તેઓ લંડન જવાના છે અને આ કારણે અગાઉ પણ લંડન અને આફ્રિકા જઈ આવેલ છે. ■

## સાભાર સ્વીકાર

★ શ્રી દિલીપભાઈ પુનશી મૈશેરી તરફથી તેમની પૌત્રીની જન્મની ખુશાલીમાં 'મંગલ મંદિર'ને રૂા. ૫૦૦/-ની ભેટ મળેલ છે.

ખૂબ ખૂબ આભાર.

### શ્રી જલારામ અન્નક્ષેત્ર

*દાન આપનાર દાતાશ્રીઓના નામ*

૧. શ્રીમતી લક્ષ્મીબહેન મહેશભાઈ ખત્રી - અમદાવાદ : રૂા. ૧,૦૦૦/-
૨. શ્રીમતી શાંતાબેન ભવાનજી દેઢિયા - અમદાવાદ. : રૂા. ૧,૧૦૦/-

*જ્યાં આગ્રહ ત્યાં પકડ, ને પકડ ત્યાં વ્યથા.*

# નવરાત્રી કાર્યક્રમ

## રવિવાર, તા. ૨૧-૧૦-૨૦૧૨ – છઠ્ઠું નવરાત્ર (આસો સુદ સાતમ)

## સપ્તક પાર્ટી પ્લોટ – ૧૩૨ ફૂટ રીંગ રોડ

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના સુવર્ણ જયંતી મહોત્સવના વિવિધ કાર્યક્રમોમાંનાં નવરાત્રી કાર્યક્રમની વિગતો સંપૂર્ણપણે તૈયાર કરી લેવામાં આવેલ છે. આ કાર્યક્રમમાં અમદાવાદ સ્થિત દરેક કચ્છી ઘટક સમાજનો સહકાર મેળવવાનું નક્કી કરવામાં આવેલ છે. અમને જણાવતા આનંદ થાય છે કે શ્રી કચ્છી સમાજ - અમદાવાદ તથા દરેક કચ્છી ઘટક સમાજોએ તેમનો સહકાર આપવા પૂરેપૂરી તૈયારી દાખવેલ છે. કાર્યક્રમની નીચે મુજબની વિગતોને પણ અંતિમ સ્વરૂપ આપી દેવામાં આવેલ છે.

★ **નવરાત્રી કાર્યક્રમ** : • રવિવાર, તા. ૨૧-૧૦-૨૦૧૨

★ **સ્થળ** : • **સપ્તક પાર્ટી પ્લોટ,** રિલાયન્સ પેટ્રોલ પંપની બાજુમાં, ટોરેન્ટ ઓફિસની બાજુમાં, ૧૩૨ ફૂટ રીંગ રોડ, નારાણપુરા, અમદાવાદ.

★ **સમય** : • સાંજના ૭.૦૦થી રાત્રિના ૧૧.૦૦ સુધી.

★ **ઑરકેસ્ટ્રા** : • સૂરીલી સરગમ (સલિલ મહેતા તથા તેમનું ગ્રુપ)

★ **ગાયક** : • દિવ્યાંગ અંજારિયા, કલ્યાણીબેન કોઠાડકર તથા કોરસ.

★ **એન્ટ્રી પાસ** :
- દરેક વ્યક્તિ દીઠ રૂા. ૨૫/-ની કિંમતનો એક એન્ટ્રી પાસ.
- પાસ સાથે રૂા. ૨૫/-ની કિંમતની ખાણીપીણીની કૂપનો વિના મૂલ્યે આપવામાં આવશે.
- પાંચ વર્ષથી નીચેની ઉંમરના બાળકની એન્ટ્રી ફ્રી રહેશે.
  પાંચ વર્ષથી ઉપરની ઉંમરના બાળક માટે એન્ટ્રી પાસ ફરજિયાત છે.
- **તા. ૨૦-૯-૨૦૧૨ પછી દરેક સહયોગી સમાજની ઓફિસેથી પાસ મળી શકશે.**

★ **કાર્યક્રમના સ્પોન્સરર** : • રૂા. ૧,૫૧,૦૦૦/- **(દાવડા ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રા. લિ.)**

★ **કાર્યક્રમના સહ-સ્પોન્સરર** : • રૂા. ૫૧,૦૦૦/- દરેકના (વધુમાં વધુ ૩ સહ-સ્પોન્સરર લેવામાં આવશે.)

★ **બેનર (૬' x ૨' સાઈઝ)** :
- રૂા. ૨,૫૦૦/- દરેકના.
- દરેક બેનર ગરબા પ્લોટમાં યોગ્ય જગ્યાએ લટકાવવામાં આવશે.
- બેનરમાં ભાગ લેનાર દરેકે શક્ય હોય ત્યાં સુધી પોતાના બેનર તૈયાર કરીને આપવાના રહેશે.

★ **બુકલેટ ટાઈપ ટિકિટ** :
- દરેક ટિકિટ બુકલેટના ફોર્મમાં હશે.
- બુકલેટ પર દરેક સહયોગી સમાજના નામ છાપવામાં આવશે.
- બુકલેટ પરની જાહેરાતના દરો નીચે મુજબના રહેશે.

| | |
|---|---|
| કવર પેઈજ નં.-૪ | રૂા. ૧૫,૦૦૦/- |
| કવર પેઈજ નં.-૩ | રૂા. ૧૦,૦૦૦/- |
| અંદરનું આખુ પાનું | રૂા. ૮,૦૦૦/- |
| અંદરનું અડધું પાનું | રૂા. ૪,૦૦૦/- |
| પાસની પાછળની બાજુ (બે જાહેરાત) દરેકના | રૂા. ૫,૦૦૦/- |
| નાસ્તા કૂપનની પાછળની બાજુ (ત્રણ જાહેરાત) દરેકના | રૂા. ૩,૦૦૦/- |

★ **ખાણી-પીણીના સ્ટોલો (૮' x ૮' સાઈઝ)** :
- દરેક સ્ટોલ દીઠ રૂા. ૧,૦૦૦/- લેવામાં આવશે.
- સ્ટોલ રાખનારે તા. ૩૦-૯-૨૦૧૨ સુધીમાં શ્રી કચ્છી જૈન ભવન - પાલડી પર પોતાના સ્ટોલ બુક કરાવી લેવાના રહેશે.

*વ્યવહાર એટલે આપીને લ્યો ને લઈને આપો.*

- એક જ પ્રકારના બે સ્ટોલ ના થાય તે માટે દરેકે પોતાના સ્ટોલની વિગત નોંધાવવાની રહેશે.
- દરેક સ્ટોલ સાથે એક ટેબલ તેમજ બે ખુરશી આપવામાં આવશે.

★ **ટ્રેડિશનલ ડ્રેસ** : ● રમનાર દરેક વ્યક્તિએ ટ્રેડિશનલ ડ્રેસમાં આવવાનું રહેશે.

★ **દાંડિયા** : ● રાસ રમનારે દાંડિયાની જોડી પોતાની લાવવાની રહેશે.

★ **ગરબા** : ● ગરબા લેનારે શરૂમાં શિસ્તબદ્ધ રીતે એક રાઉન્ડમાં જ ગરબા લેવાના રહેશે.

★ **લક્કી ડ્રો** : ● ગ્રાઉન્ડમાં પ્રથમ ૩૦૦ એન્ટ્રી વચ્ચે લક્કી ડ્રો યોજવામાં આવશે. આ માટે ૫ આકર્ષક ઈનામો રાખવામાં આવશે.

★ **બેસ્ટ પરફોર્મન્સ** : ● ગરબા, દાંડિયા, ડ્રેસ વગેરેમાં બેસ્ટ પરફોર્મન્સ આપનારને વિવિધ ઈનામોથી નવાજવામાં આવશે.

★ **જજીસ** : ● બેસ્ટ પરફોર્મરને પસંદ કરવા માટે ગરબા-રાસ વગેરેમાં માહેર હોય તેવી જજોની એક સ્વતંત્ર ટીમ નીમવામાં આવશે.

★ **સહયોગી સંસ્થાઓ** :
- શ્રી કચ્છી સમાજ - અમદાવાદ
- અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર - અમદાવાદ ઝોન તથા અન્ય ૨૪ કચ્છી ઘટક સમાજો.

★ **એન્ટ્રી પાસ મેળવવાનું સ્થળ:** શ્રી કચ્છી જૈન ભવન - પાલડી તથા નીચે મુજબની સહયોગી સંસ્થાઓની ઓફિસ.

(૧) શ્રી કચ્છી સમાજ - અમદાવાદ
(૨) અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજ - અમદાવાદ ઝોન
(૩) શ્રી કચ્છી લોહાણા સમાજ - અમદાવાદ
(૪) શ્રી કચ્છ વાગડ લોહાણા સમાજ - અમદાવાદ
(૫) શ્રી કચ્છી ભાનુશાળી સમાજ - અમદાવાદ
(૬) શ્રી કચ્છી વડનગરા નાગર સમાજ - અમદાવાદ
(૭) શ્રી કચ્છી મારૂ કંસારા સોની જ્ઞાતિ મહાજન - અમદાવાદ
(૮) શ્રી કચ્છી હાલાઈ કંઠી ભાટિયા સમાજ - અમદાવાદ
(૯) શ્રી કચ્છી લોહાર જ્ઞાતિ મંડળ - અમદાવાદ
(૧૦) શ્રી કચ્છી ગુર્જર ક્ષત્રિય સમાજ - અમદાવાદ
(૧૧) શ્રી કચ્છી ગઢવી સમાજ - અમદાવાદ
(૧૨) શ્રી કચ્છી સઈ-સુથાર જ્ઞાતિ સમાજ - અમદાવાદ
(૧૩) શ્રી કચ્છ મિત્ર મંડળ - ગાંધીનગર
(૧૪) શ્રી કચ્છી સોમપુરા જ્ઞાતિ સમાજ - અમદાવાદ
(૧૫) શ્રી કચ્છી બ્રાહ્મણ સમાજ - અમદાવાદ
(૧૬) શ્રી કચ્છી લેઉઆ પાટીદાર સમાજ - અમદાવાદ
(૧૭) શ્રી કચ્છ કડવા પાટીદાર સમાજ - ગીતા મંદિર
(૧૮) શ્રી કચ્છ કડવા પાટીદાર સમાજ - પશ્ચિમ એકમ - અમદાવાદ
(૧૯) શ્રી કચ્છ કડવા પટેલ સમાજ - નરોડા
(૨૦) શ્રી કચ્છ કડવા પાટીદાર સમાજ - ઓઢવ
(૨૧) શ્રી કચ્છ કડવા પટેલ સમાજ - સીંગરવા
(૨૨) શ્રી કચ્છ કડવા પટેલ સમાજ - કુંજાડ
(૨૩) શ્રી કચ્છ કડવા પટેલ સમાજ - જશોદાનગર

*દુઃખ ઘટાડે તેનું નામ સમજણ કહેવાય.*

(૨૪) શ્રી કચ્છ કડવા પાટીદાર સમાજ - ગાંધીનગર
(૨૫) શ્રી કચ્છ કડવા પટેલ સમાજ - જી.આઈ.ડી.સી.
(૨૬) શ્રી કચ્છ કડવા પટેલ સમાજ - પેથાપુર

★ **વધુ માહિતી** : ઉપરોક્ત માહિતી સિવાય જે કોઈને અન્ય માહિતી જોઈતી હોય, તેઓ નીચેની વ્યક્તિઓનો સંપર્ક સાધી શકશે.

- સંદીપ મહેતા : ૯૮૯૮૯ ૩૩૦૦૦
- પ્રદીપ મહેતા : ૯૮૨૫૦ ૬૧૧૬૦
- દિલીપ પટવા : ૯૩૭૬૧ ૨૧૪૦૩
- રોહિત સંઘવી : ૯૮૨૪૦ ૦૬૬૪૮

★ કો-સ્પોન્સરર, બૅનર તથા બુકલેટ પરની જાહેરાત માટે સહયોગ આપવા આથી સહુને અપીલ કરવામાં આવે છે.
★ નજદીકના સંબંધીને ગેસ્ટ તરીકે આમંત્રિત કરી શકાશે. ગેસ્ટ એન્ટ્રી પાસના ચાર્જિસ પણ સમાન ધોરણે જ રાખવામાં આવેલ છે.
★ સિક્યોરિટી ગાર્ડ તથા વોલન્ટિયર્સને સહકાર આપવા સહુને અપીલ કરવામાં આવે છે.
★ આશા રાખવામાં આવે છે કે ઉપરોક્ત વિગતથી સહુને સંપૂર્ણ માહિતી મળી રહેશે.
★ એક દિવસના નવરાત્રી કાર્યક્રમમાં ઉમંગભેર ભાગ લેવા સહુને અપીલ કરવામાં આવે છે.

**સંદીપ મહેતા**
**કાર્યક્રમ ઈન્ચાર્જ**
**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ**

**પ્રતાપ નારાણજી દંડ**
**માનદ્ મંત્રી**
**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ**

# લાઈબ્રેરી

શ્રી કચ્છી જૈન ભવન પરની લાઈબ્રેરીની બુક્સ વ્યવસ્થિતપણે ગોઠવી, તેનું લિસ્ટ જેઓને લાઈબ્રેરી બુક્સ વાંચવામાં રસ છે અને જેઓએ આ ભવન પર ફોન કરીને પોતાના નામ નોંધાવેલ છે તેવા ૨૫૦ પરિવારને આ લિસ્ટ મોકલી આપવામાં આવેલ હતું.

ઘેર ઘેર લાઈબ્રેરીની બુક્સ પહોંચાડવા વોલન્ટિયર સમિતિએ જરૂરી મિટિંગો કરી અને જેઓ આ પ્રકારની સેવા આપવા સ્વેચ્છાએ તૈયાર થયેલ છે તેવા સમાજના વોલન્ટિયર્સની એક ટીમ તૈયાર કરેલ છે.

ઘેર ઘેર લાઈબ્રેરીની બુક્સનું વિતરણ કરવા પ્રથમ પાલડી વિસ્તારને પસંદ કરવામાં આવેલ હતું. પાલડી વિસ્તારના ૬૫ પરિવારોએ લાઈબ્રેરીની બુક્સ વાંચવા પોતાના નામની નોંધણી કરાવેલ હતી.

પાલડી વિસ્તારમાં રવિવાર, તા. ૧૯-૮-૨૦૧૨ના દિવસે ઘેર ઘેર બુક્સ પહોંચાડવાનું આયોજન ગોઠવવામાં આવેલ હતું. આ માટેની વોલન્ટિયર ટીમને પણ તૈયાર રાખવામાં આવેલ હતી.

પાલડી વિસ્તારના ઉપરોક્ત ૬૫ પરિવારને ફોન કરીને પૂછવામાં આવ્યું કે આપશ્રીને મોકલેલ લિસ્ટમાંથી તા. ૧૯-૮-૨૦૧૨ના રોજ કઈ બુક્સ મોકલી આપીએ? ત્યારે એ ૬૫ પરિવારમાંથી માત્ર ૬ પરિવારોએ પોતાની પસંદગીની બુક્સ જણાવેલ હતી. બાકીના પરિવારોએ કોઈને કોઈ કારણ આપી જરૂરી બુક્સનું લિસ્ટ આપેલ ન હતું. બાકી રહેતા આ પરિવારોને પોતાની પસંદગીની બુક્સની નોંધ વહેલી તકે શ્રી કચ્છી જૈન ભવન પર નોંધાવી દેવા અપીલ કરવામાં આવે છે. તા. ૧૯-૮-૨૦૧૨ના રોજ છ પરિવારોને તેમની પસંદગીની બુક્સ વાંચન અર્થે પહોંચાડવામાં આવેલ હતી.

રવિવાર, તા. ૨૬-૮-૨૦૧૨ના રોજ વોલન્ટિયર ટીમ દ્વારા મણિનગર, ઈસનપુર, ઘોડાસર વગેરે વિસ્તારના ૬૦ પરિવારને આ બુક્સ પહોંચાડવાના આયોજનો ગોઠવાયેલ છે. ત્યારબાદ અન્ય વિસ્તારો પણ હાથ પર લેવામાં આવશે.

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદે, તેના સુવર્ણ જયંતી વર્ષમાં સમાજના ઘેર ઘેર લાઈબ્રેરીની ઉમદા બુક્સ પહોંચાડી ''વાંચે સમાજ''નું આયોજન ગોઠવેલ છે. આશા રાખવામાં આવે છે કે સમાજના પરિવારો આ ઝુંબેશની તકને ઝડપી, પોતાની વાંચન ભૂખ સંતોષવા કટિબદ્ધ રહેશે.

**મનુભાઈ શાહ**
**કન્વીનર - લાઈબ્રેરી સમિતિ**
**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ**

*ચિંતા કરવા કરતાં ઉપાય કરો.*

## સ્વતંત્રતા દિન - ધ્વજારોહણ

તા. ૧૫ ઓગસ્ટ, બુધવારના રોજે સ્વતંત્ર ભારતના ૬૬મા રાષ્ટ્રીય પર્વ - સ્વતંત્રતા દિનની ઉજવણી હરહંમેશની માફક શ્રી કચ્છી જૈન ભવન - પાલડીના પટાંગણમાં શ્રી કચ્છી સમાજ - અમદાવાદના પ્રમુખ શ્રી કૈલાસદાન ગઢવીના વરદ્ હસ્તે કરવામાં આવી. આ પ્રસંગે બંને સમાજના મહાનુભાવોની બહોળી સંખ્યાની હાજરીમાં સવારના બરાબર ૯.૦૦ કલાકે રાષ્ટ્રીય ધ્વજ ત્રિરંગાને સલામી આપવામાં આવી.



*શ્રી કચ્છી જૈન ભવન - પાલડી, અમદાવાદ ખાતે રાષ્ટ્રીય ધ્વજ લહેરાવવા સ્વયંસેવક કુ. સલોની લાલકા સાથે પ્રયાણ કરી રહેલ મુખ્ય મહેમાન શ્રી કૈલાસદાન ગઢવી*

આ પ્રસંગે શ્રી કૈલાસદાન ગઢવીએ આપણે કચ્છી હોવાના નાતે કચ્છના સર્વાંગી વિકાસ માટે સઘન પ્રયત્ન કરવાનું એલાન કર્યું અને જણાવ્યું કે આપણે બધા કચ્છીઓએ તે બાબતે ખભેખભા મેળવી, એકજૂથ થઈ કચ્છના વિકાસ અંગે સરકારમાં યોગ્ય રજૂઆત કરવી અને જરૂર પડે તો સરકારના પ્રતિનિધિઓને રૂબરૂ મળી પ્રયત્નો કરવા. કચ્છમાં નર્મદાના પાણી અંગેના પ્રયત્નો માટે તેમણે શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની સરાહના કરી હતી.

અંતમાં શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના પ્રમુખ શ્રી અશોકભાઈ મહેતાએ અત્રે પધારેલ મહાનુભાવોનો તેમજ કચ્છી સમાજના પ્રમુખ શ્રી કૈલાસદાન ગઢવીનો આભાર માની પર્વની સમાપ્તિ કરેલ.

*દિનેશચંદ્ર જે. શાહ*

## ઘરમાં બિનવપરાશની પસ્તી

'મંગલ મંદિર'ના ઓગસ્ટ-૨૦૧૨ના અંકના પાના નંબર-૭૮ પર "ઘરમાં બિનવપરાશની પસ્તી"ના મથાળા હેઠળ, મંગલ મંદિરના અમદાવાદ સ્થિત વાચક વર્ગને પોતાના ઘરની પસ્તી દર મહિને શ્રી કચ્છી જૈન ભવન - પાલડી પર પહોંચાડવા માટે અપીલ કરવામાં આવેલ હતી.

આ પસ્તીમાંથી ½ કિલો કે ૧ કિલો વજન લઈ શકે તેવી કાગળની થેલી બનાવડાવી, તેનું વિનામૂલ્યે વિતરણ અનાજ - કરિયાણાની દુકાને કે અન્યત્ર કરવાનું હતું કે જેથી પ્લાસ્ટિકની થેલી - ઝભલાનો વપરાશ ઘટી શકે અને શક્ય હદે પર્યાવરણની માવજત થઈ શકે.

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદનો આટલો ઉમદા હેતુ હોવા છતાં અત્રે એ નોંધ લેવી પડે છે કે આ લખાણ લખાય છે ત્યાં સુધી એટલે કે તા. ૨૦-૮-૨૦૧૨ સુધી સમાજને ૮૦૦ ઘરમાંથી માત્ર ૪ ઘરનો જ સહકાર સાંપડેલ છે. તેઓએ પોતાના ઘરમાં બિનવપરાશની પસ્તી સમાજ પર વિનામૂલ્યે મોકલી આપેલ છે. અન્ય પરિવારો આ બાબતે નિષ્ક્રિય રહેલ છે અથવા તો બેખબર રહેવા પામેલ છે.

આ નોંધ દ્વારા 'મંગલ મંદિર'ના અમદાવાદ સ્થિત દરેક પરિવારના વાચક વર્ગને અપીલ કરવામાં આવે છે કે અગર તેઓ પોતાના ઘરના વર્તમાનપત્રની પસ્તી "શ્રી કચ્છી જૈન ભવન" પર મોકલી આપશે તો તેઓએ પર્યાવરણની સાચવણીમાં પોતાનો સુયોગ્ય સહકાર આપેલ છે તેવી ગણના કરવામાં આવશે.

**આ પ્રકારના ઉમદા કાર્ય માટે 'મંગલ મંદિર'ના અમદાવાદ સ્થિત દરેક વાચક વર્ગના સહકારની અપેક્ષા રાખવામાં આવે છે.**

**પ્રતાપ નારાણજી દંડ**
**માનદ્ મંત્રી**
**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ**

## નિયાણી બહેનો

મેડિકલના ચાર્જિસમાં જે રીતે અન્યોને કન્સેશન આપવામાં આવે છે એ રીતે સમાજની નિયાણી બહેનોને પણ ૨૫ ટકા કન્સેશન આપવાની જુલાઈ-૨૦૧૨ના 'મંગલ મંદિર'ના અંકમાં જાહેરાત આવી ગયા બાદ ઉપરોક્ત વિગતે સમાજ દ્વારા ફેર વિચારણાના અંતે એવો નિર્ણય થયેલ છે કે, મેડિકલ ચાર્જિસમાં જે રીતે સમાજના પરિવારજનોને ૭૫ ટકા કન્સેશન આપવામાં આવે છે એ રીતે જ નિયાણી બહેનોને પણ ૭૫ ટકા કન્સેશન આપવામાં આવશે. સમાજની અંદાજિત ૫૦ જેટલી નિયાણી બહેનોને આ માટે પત્રો લખવામાં આવેલ હતા. આ સામે તા. ૨૫-૭-૨૦૧૨ સુધી ૨૦ જેટલી નિયાણી બહેનોએ પ્રતિસાદ આપી મેડિકલના કાર્ડ મેળવવાની વિધિ શરૂ કરી દીધેલ છે. બાકી રહેતા નિયાણી બહેનો પણ પોતાના આ સંબંધી ફોર્મ તાત્કાલિક સમાજના કાર્યાલયમાં મોકલાવી આપે તેવી અપીલ કરવામાં આવે છે.

**પ્રતાપ નારાણજી દંડ**
**માનદ્ મંત્રી, શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ**

*હેતુ વગર પૈસા ખર્ચવા, એ ગુનો છે.*

# સમાજ સુરક્ષા સમિતિ

## અકસ્માતના વીમા અંગે અગત્યની જાહેરાત

સમાજ તેના દરેક સભ્યના આકસ્મિક મૃત્યુના રૂા. ૨,૫૦,૦૦૦/- (અઢી લાખ રૂપિયા)ના વીમા લે છે.

માસ નવેમ્બર ૨૦૧૧ બાદ નીચે મુજબ નવા સભ્યો થયા છે. તેવા સભ્યોને પોતાના પરિવારમાંથી પોતાના સિવાય અન્ય કોઈનો અકસ્માત વીમો લેવાનો વિકલ્પ આપવામાં આવે છે.

નીચેના નવા સભ્યોને જણાવવામાં આવે છે કે અગર તેઓને પરિવારના અન્ય કોઈ સભ્યનો વીમો લેવાનો હોય તો તા. ૧૫-૧૦-૨૦૧૨ સુધીમાં તે બાબતે લેખિત જાણ કરે. જો એવી સૂચના નહિં મળે તો સભ્ય થયેલ વ્યક્તિનો વીમો લેવામાં આવશે.

### નવા થયેલ સભ્યોના નામ

૧. અરવિંદ કલ્યાણજી વોરા
૨. અતુલ કાંતિલાલ શાહ (છેડા)
૩. ભાવેશ અજિતકુમાર મહેતા
૪. ભરત તારાચંદ શાહ
૫. ચંદુલાલ દેવરાજ કુબડિયા
૬. ચિરાગ ભૂપેન્દ્ર દલાલ
૭. ચંદુલાલ પ્રેમચંદ સંઘવી
૮. ચૈતન્ય બચુભાઈ રાંભિયા
૯. ધૈર્ય નરેશ વોરા
૧૦. દીપક પ્રવીણભાઈ શાહ
૧૧. દિલીપ ચાંપશી પાલાણી
૧૨. દક્ષેશ નવીનભાઈ સંઘવી
૧૩. હરેશ શામજી લોડાયા
૧૪. હીરજી ખેતશી શાહ
૧૫. હસમુખ દામજી દેઢિયા
૧૬. જયલક્ષ્મી વીરચંદ ડાઘા
૧૭. જીગર નરેન્દ્ર શાહ
૧૮. જય કીર્તિકુમાર મોમાયા
૧૯. જયદીપ ગુણવંતલાલ શાહ
૨૦. કીર્તિભાઈ ભારમલ નાગડા
૨૧. કુંવરજી રામજી સાવલા
૨૨. લવજીભાઈ સ્વરૂપચંદ મહેતા
૨૩. લય દિલીપભાઈ ગાંધી
૨૪. લક્ષ્મીચંદ દેવરાજ દંડ
૨૫. મિતેશ રમણલાલ શાહ
૨૬. મૂકેશ મનસુખલાલ મહેતા
૨૭. મધુકર મેઘજી શાહ
૨૮. મહેન્દ્ર પાલણ ગાલા
૨૯. નેમજી ઉમરશી ગંગર
૩૦. નીલેશ હીરાલાલ કુબડિયા
૩૧. પથિક ભોગીલાલ સાવલા
૩૨. પારસ હંસરાજ ધરમશી
૩૩. પંકજ કીર્તિલાલ સંઘવી
૩૪. પૂનમભાઈ જયંતીલાલ મહેતા
૩૫. પ્રિયેશ કિશોરભાઈ ભેદા
૩૬. પૃથ્વી નરેન્દ્ર શાહ
૩૭. પ્રફુલ્લ છગનલાલ કોરડિયા
૩૮. રસિકલાલ ડાહ્યાલાલ મહેતા
૩૯. રાજેશ જગજીવન મહેતા
૪૦. શર્વિલ હેમંત શાહ
૪૧. શીતલકુમાર વસંતભાઈ દોશી
૪૨. સુરેશ બાદરભાઈ ચંદુરા
૪૩. તારાચંદ માણેકજી દંડ
૪૪. વિશાલ મહેન્દ્ર ચમનલાલ શાહ
૪૫. વિરાજ યશોધન મૈશેરી
૪૬. વિનય દામજી છેડા
૪૭. યામિત મણિલાલ ધરોડ

**ખાસ સુચના : નવા નિયમ મુજબ ૭૦ વર્ષથી ઉપરના સભ્યને હવેથી અકસ્માત વીમાનો લાભ મળશે નહીં.** આથી ૭૦ વર્ષથી ઉપરની ઉંમરના સભ્યોને વિનંતી કે તેઓ પોતાના જ સાથે રહેતા કુટુંબના અન્ય કોઈ સભ્યનું નામ તાત્કાલિક મોકલાવી આપે.

વીમા માટે જન્મતારીખ આપવી પણ જરૂરી છે. આ લિસ્ટના સભ્ય નં.-૨૪ શ્રી લક્ષ્મીચંદ દેવરાજ દંડને વિનંતી કે તેઓ જન્મ તારીખની જાણ કરે, અન્યથા તેમનો વીમો લઈ શકાશે નહિ.

સભ્યોએ ઉપર મુજબ બધી બાબતની જાણ તા. ૧૫-૧૦-૨૦૧૨ પહેલા કરવી જરૂરી છે.

*કન્વીનર - મગનલાલ સંઘવી*

## વસતિ પત્રક - ૨૦૧૨ વિતરણ

સમાજના દરેક નોંધાયેલા સભ્ય પરિવારોને જણાવવાનું કે વસતિ પત્રક - ૨૦૧૨નું વિતરણ પરિવાર દીઠ - ૧ નકલના ધોરણે શ્રી કચ્છી જૈન ભવન - પાલડી ખાતે સવારના ૧૦.૦૦થી સાંજના ૬.૦૦ વાગ્યા સુધી ચાલુ છે.

સભ્યોએ પોતાનું આઈ.ડી. પ્રુફ લાવવા વિનંતી. અન્ય પરિવાર માટે નકલ લઈ જનારને તે સંબંધી ઓથોરિટી લેટર લાવવું જરૂરી છે.

સહકાર બદલ આભાર.

*વસતિપત્રક સમિતિ*

*કોઈ કોઈના સ્વભાવ મળે જ નહિ, એનું નામ સંસાર.*

## નવનીત મેડિકલ સેન્ટર તથા શ્રીમતી પ્રભાબહેન કાંતિલાલ વેલજી સાવલા મેડિકલ ચેક-અપ સેન્ટર
## શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની સુવર્ણ જયંતી વર્ષ નિમિત્તે

## સમજના નોંધાયેલા સભ્ય પરિવારજનોના બાળકો માટે રસીકરણની શૃંખલામાં વધારાની રસીઓની ખાસ યોજના

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની વિકાસયાત્રાનું સુવર્ણ જયંતી વર્ષ ચાલી રહ્યું છે. માત્ર આ ૫૦મા વર્ષ દરમ્યાન નીચે જણાવેલ બે રસીઓ સમાજના નોંધાયેલ સભ્ય પરિવારજનના બાળકોને નિઃશુલ્ક મૂકવાની એક ખાસ વધારાની યોજના જાહેર કરવામાં આવે છે.

- **ન્યુમોનિયાની (ન્યુમોકોકલ) રસી :** ૩ ડોઝ અને ૧ બુસ્ટર ડોઝ. આ રસી સામાન્યતઃ ત્રણ ડોઝ દોઢ માસે, અઢી માસે અને સાડા ત્રણ માસે તેમજ બુસ્ટર ડોઝ દોઢ વર્ષે બાળકને આપી શકાય.

  અગર બાળકને દોઢ, અઢી કે સાડા ત્રણ માસે આ રસી ન મૂકાયેલ હોય તો દોઢ કે બે વર્ષે ફક્ત એક સીંગલ ડોઝ મૂકી શકાય.
- **રોટા વાઈરસ (ઝાડાની રસી) :** ૨ ડોઝ. આ રસી સામાન્યતઃ દોઢ અને અઢી માસે અથવા અઢી અને સાડા ત્રણ માસે બાળકને આપી શકાય.

ઉપરોક્ત રસીની અંદાજિત કિંમત રૂા. ૩૫૦૦ અને રૂા. ૧૦૦૦ અનુક્રમે (પ્રતિ ડોઝ) હોય છે.

આપ સૌને સુવિદિત છે તે મુજબ અત્યારે અમલમાં છે તે પ્રથા અનુસાર સમાજના નોંધાયેલા સભ્ય પરિવારજનોના બાળકોને મેડિકલ સેન્ટરના બાળ વિભાગમાં ૦ થી ૧૦ વર્ષના બાળકોને નક્કી થયા મુજબ નીચે જણાવેલ રસી નિઃશુલ્ક મૂકી આપવામાં આવે છે.

**ઓરલ પોલિયો, ત્રિગુણી રસી, હિપેટાઈટીસ-બી (ઝેરી કમળો), એચ.આઈ.બી. (મગજનો તાવ), મિઝલ્સ (ઓરી), એમ.એમ.આર., ચિકન પોક્સ (અછબડા), ટાઈફોઈડ અને હિપેટાઈટીસ-એ (સાદા કમળા).**

ઉપરોક્ત બાબતે વધુ વિગત અર્થે મેડિકલ સેન્ટરનો સંપર્ક કરી શકાય છે.

***કન્વીનર : કાંતિલાલ વેલજી સાવલા, તબીબી સેવા સમિતિ***

## સમાજના સુવર્ણ જયંતી વર્ષ નિમિત્તે
## એક વધુ તબીબી નિદાન કેમ્પનું આયોજન

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ સંચાલિત મેડિકલ ચેક-અપ સેન્ટર દ્વારા નીચે જણાવેલ વિગતે જાહેર પ્રજા માટે અન્ય એક તબીબી નિદાન કેમ્પનું આયોજન કરવામાં આવેલ છે.

- જેમાં જનરલ સર્જરી, ગેસ્ટ્રોએન્ટ્રોલોજી, યુરોલોજી, કેન્સર અવેરનેસ તથા સ્ત્રીરોગ (૧૮ વર્ષથી ઉપરની વયવાળા કોઈપણ મહિલા માટે) જેવા વિભાગોને આવરી લેવામાં આવેલ છે.
- કેમ્પ દરમ્યાન ડૉક્ટરે સૂચવેલા પરીક્ષણ (ટેસ્ટ) ૫૦ ટકાના કન્સેશનલ ચાર્જથી કરી આપવામાં આવશે.

*રવિવાર, તા. ૧૪-૧૦-૨૦૧૨*

*સમય : સવારે ૯ થી ૧૨*

*સ્થળ : મેડિકલ ચેક-અપ સેન્ટર, શ્રી કચ્છી જૈન ભવન, પાલડી, અમદાવાદ.*

ઉપર જણાવેલ કેમ્પનો લાભ લેવા માટે અત્રેના મેડિકલ સેન્ટરમાં સંપર્ક કરીને આપના નામની તાત્કાલિક નોંધણી કરાવશો.

***કન્વીનર - કાંતિલાલ સાવલા***
***તબીબી સેવા સમિતિ***

## યુવા વિકાસ સમિતિ

તા. ૨૫-૧૧-૨૦૧૨ના રોજ યુવા વિકાસ સમિતિ દ્વારા નીચે મુજબ વિવિધ સંગીત હરીફાઈઓનું આયોજન, શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના સભ્ય પરિવારના સભ્યો માટે કરેલ છે. આ સ્પર્ધામાં સમાજના દરેક સભ્યો ઉત્સાહપૂર્વક ભાગ લેશે તેવી અપેક્ષા રાખવામાં આવે છે.

- ★ **"સુજાકો" સંગીત હરીફાઈ (નૃત્ય)**
- ★ **શ્રી ગૂર્જર પરિવાર સંગીત હરીફાઈ (વાદ્ય)**
- ★ **શ્રીમતી તરૂબેન નરેન્દ્રભાઈ છગનલાલ શાહ સંગીત હરીફાઈ (કંઠ્ય)**

કાર્યક્રમ અંગે વિગતવાર માહિતી 'મંગલ મંદિર'ના આગામી અંકમાં આપવામાં આવશે.

*ઉપરોક્ત સંગીત હરીફાઈઓ ઉપરાંત....*

**શ્રી હરખચંદ કુંવરજી સાવલા નિબંધ હરીફાઈ**નું આયોજન પણ તે જ દિવસે રાખવામાં આવેલ છે. નિબંધના વિષયો 'મંગલ મંદિર'ના આગામી અંકમાં આપવામાં આવશે.

### આભાર

ગત વર્ષમાં આયોજિત ચેસ અને ક્વિઝ હરીફાઈમાં ભાગ લેનાર દરેક હરીફોને ૧ વર્ષ સુધી 'સફારી' મેગેઝીનની ભેટ શ્રી મયૂરભાઈ ચંદ્રકાંત દેઢિયા - અંધેરી (મુંબઈ) તરફથી મળેલ છે. યુવા વિકાસ સમિતિ શ્રી મયૂરભાઈનો ખૂબ ખૂબ આભાર માને છે.

***નવીન જે. લાલકા - કન્વીનર, યુવા વિકાસ સમિતિ***

*આ જગતમાં કોઈનીય જોડે વેર બાંધવામાં ફાયદો નથી.*

# મહિલા ઉત્કર્ષ સમિતિ

## મહિલાઓ માટે કન્સેશનલ દરે સંપૂર્ણ બોડી ચેક-અપ નોંધણી કાર્યક્રમ (કેન્સર પરીક્ષણ સાથે)

**(દરેક પરણીત સ્ત્રીએ દર વર્ષે સંપૂર્ણ બોડી ચેક-અપ કરાવવું ઈચ્છનીય છે.)**

ખૂબજ નજીવા દરે સંપૂર્ણ બોડી ચેક-અપ સાથે બ્રેસ્ટ - સ્તન કેન્સર અને યુટરસ - ગર્ભાશય કેન્સર માટેના ટેસ્ટ પણ આવરી લેવામાં આવે તેવા કેમ્પનું આયોજન કરેલ છે.

જરૂરી એવા બધા જ પરીક્ષણો જેવા કે લોહી અને પેશાબની તપાસ, પૅપ ટેસ્ટ, મેમોગ્રાફી, સોનોગ્રાફી, કોલેસ્ટ્રોલ, બ્લડ યુરિયા, બ્લડ સુગર, ઈ.સી.જી., એક્સ-રે વગેરે કરવામાં આવશે.

**કન્સેશનલ ચાર્જ : માત્ર રૂા. ૩૦૦/-**

ઉપર જણાવેલ બોડી ચેક-અપ માટે નામ નોંધણીનો કાર્યક્રમ સમાજના વાર્ષિક સ્નેહમિલન અને સ્વામિવાત્સલ્ય કાર્યક્રમ દરમ્યાન નીચે મુજબ રાખવામાં આવેલ છે.

*રવિવાર, તા. ૩૦-૯-૨૦૧૨*
*સમય : સવારે ૧૦.૦૦થી ૧.૦૦*
*સ્થળ : શ્રી કચ્છી જૈન ભવન, પાલડી.*

માત્ર એક જ દિવસે નામ નોંધાવી શકાશે.

સંપૂર્ણ બોડી ચેક-અપનો કાર્યક્રમ નીચે મુજબ છે.

સોમવાર, તા. ૧-૧૦-૨૦૧૨થી રવિવાર, તા. ૧૩-૧૦-૨૦૧૨

તમારે અનુકૂળ દિવસ અને સમય પસંદ કરી શકાશે.

- **સંપૂર્ણ બોડી ચેક-અપ કરાવવાનું સ્થળ :**
  ગુજરાત કેન્સર એન્ડ રીસર્ચ ઈન્સ્ટિટ્યૂટ
  કોમ્યુનિટી ઓન્કોલોજી સેન્ટર
  પ્રવીણનગર બસ સ્ટેન્ડ પાસે,
  વાસણા - બેરેજ રોડ, અમદાવાદ-૩૮૦ ૦૦૭.

**ખાસ નોંધ :** શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના સુવર્ણ જયંતી વર્ષ નિમિત્તે ઉપર મુજબ બોડી ચેક-અપ કાર્યક્રમમાં સામિલ થનાર દરેક મહિલાને એક ખાસ આકર્ષક ભેટ આપવામાં આવશે.

*સુલુ જલદીપ શાહ - કન્વીનર, મહિલા ઉત્કર્ષ સમિતિ*

## શિક્ષણ તથા ઇતર ડેવલપમેન્ટ સમિતિ

પ્રતિ વર્ષની જેમ સમિતિ આમંત્રિત કરે છે સમાજના સભ્ય પરિવારજનોમાંથી કોઇએ વિવિધ ક્ષેત્રે વિશિષ્ટ સિદ્ધિ બદલ કોઇ સ્થળે કે સંસ્થામાંથી માન, મેડલ, સર્ટિફિકેટ વગેરે મેળવ્યા હોય તો પૂરું નામ, સરનામું, ફોન નંબર સહિત જરૂરી વિગત એક કવરમાં કન્વીનરશ્રી, શિક્ષણ તથા ઇતર ડેવલપમેન્ટ સમિતિના નામે તા. ૧૪-૯-૨૦૧૨ સુધી મોકલાવવા.

*- કન્વીનર*

# રંગોળી હરીફાઇ

**(સૌજન્ય : શ્રી નવીનચંદ્ર લહેરચંદ સંઘવી પરિવાર)**

રંગોળી હરીફાઈ, રવિવાર તા. ૩૦-૯-૨૦૧૨ના રોજ સમાજના વાર્ષિક સ્નેહ મિલન અને સ્વામિવાત્સલ્ય કાર્યક્રમ દરમ્યાન ગોઠવવામાં આવેલ છે. જેમાં સૌ બહેનોને ભાગ લેવા હાર્દિક આમંત્રણ છે.

સમય મર્યાદામાં રહીને માત્ર ને માત્ર રંગોળીના કલર જ વાપરીને રંગોળી કરવાની રહેશે. અન્ય કોઈ પણ ચીજવસ્તુઓનો ઉપયોગ કરી શકાશે નહીં. રંગોળીના કલર ઘરેથી લાવવાના રહેશે.

*વિષય સ્થળ ઉપર આપવામાં આવશે.*

દરેક સ્પર્ધકોને આશ્વાસન ઈનામ આપવામાં આવશે. સ્પર્ધકોએ સમયસર આવવું ખાસ જરૂરી.

*હરીફાઈનો સમય : સવારના ૧૦.૦૦ વાગે.*

*સ્થળ : શ્રી કચ્છી જૈન ભવન, પાલડી.*

*સુલુ જલદીપ શાહ*
*કન્વીનર, મહિલા ઉત્કર્ષ સમિતિ*
*શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ*

## પરિચય મિલન સમિતિ દ્વારા આયોજિત પાંચમું પરિચય સંમેલન

સમિતિના ઉપક્રમે યુવાવર્ગ માટે પાંચમા પરિચય મિલન સંમેલનના આયોજનની જાહેરાત આ અગાઉ અત્રેથી કરવામાં આવી છે. તે મુજબ સૂચિત સંમેલન શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના નેજા હેઠળ શ્રી કચ્છી જૈન ભવન, પાલડી - અમદાવાદ ખાતે તા. ૧૬-૧૨-૨૦૧૨ના રોજ યોજવાની કાર્યવાહી થઈ રહેલ છે અને તે સંબંધી અનેક સ્થળોએથી સારો પ્રતિસાદ સાંપડેલ છે.

આ સંમેલનમાં સામિલ થનાર તમામ ઈચ્છુક યુવાવર્ગે સમિતિ દ્વારા નક્કી કરાયેલ ફોર્મ ભરીને મોકલાવવાનું ફરજિયાત છે. તે અંગેની માહિતી અને નિયમો ફોર્મમાં જ દર્શાવવામાં આવેલ છે. જેને ધ્યાનમાં લઈને સંપૂર્ણ વિગત સાથેનું ફોર્મ, જરૂરી રકમ અને ઉમેદવારના ફોટા સાથે તા. ૨૦-૧૧-૨૦૧૨ સુધીમાં સમાજના કાર્યાલયમાં મોકલાવી આપવાના રહેશે.

અમદાવાદ આવવા જવાની સંપૂર્ણ વ્યવસ્થા ઉમેદવારે પોતાના ખર્ચે કરવાની રહેશે. ઉમેદવાર તથા તેની સાથે આવેલ બે વ્યક્તિઓ માટે રહેવા તથા જમવાની વ્યવસ્થા તા. ૧૬-૧૨-૨૦૧૨ના દિવસ માટે સમિતિ તરફથી કરવામાં આવશે.

જરૂરી ફોર્મ આ અંકમાં અન્યત્ર પ્રકાશિત કરવામાં આવેલ છે. વધુ વિગત માટે સંપર્ક સૂત્ર : કન્વીનર શ્રી હીરજી પાસુભાઈ શાહ મો. ૯૮૨૫૩ ૮૦૮૬૬.

*— કન્વીનર*

*આ જગતમાં બધું ય જડે પણ પોતાની ભૂલ ના જડે.*

# શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ

માતુશ્રી સાકરબહેન રવજી મોરારજી લાલન (કોડાય - સુપ્રીમવાલા)
શ્રી કચ્છી જૈન ભવન, નવચેતન હાઈસ્કૂલ સામે, પાલડી - એલીસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬. ફોન : ૨૬૫૭ ૮૮૯૨, ૨૬૫૮ ૧૫૦૧

## લગ્નોત્સુક યુવક-યુવતી પાંચમું પરિચય સંમેલન- ૨૦૧૨

**રવિવાર, તા. ૧૬-૧૨-૨૦૧૨**

ઉમેદવારનો પાસપોર્ટ સાઈઝનો ફોટો

(૧) ઉમેદવારનું સંપૂર્ણ નામ : ______ ______ ______ ______
*નામ* *પિતાનું નામ* *દાદાનું નામ* *અટક*

(૨) માતાનું નામ : ______

(૩) કચ્છમાં મૂળ વતન ______ તાલુકો ______

(૪) જ્ઞાતિ : કે.વી.ઓ. ☐ ગુર્જર શ્રીમાળી દશા / વીસા ☐
કે.ડી.ઓ. ☐ વાગડ બે / સાત ચોવીસી ☐ અન્ય ______

(૫) સંપ્રદાય : દેરાવાસી / સ્થાનકવાસી / અન્ય : ______

(૬) જન્મ તારીખ : ______ જન્મ સમય : ______ જન્મ સ્થળ : ______

(૭) અભ્યાસ : ______ ઉમેદવારનો વ્યવસાય / નોકરી : ______

(૮) ઉમેદવારની વાર્ષિક આવક : આશરે રૂા. ______

(૯) વ્યવસાયનું સરનામું : ______

(૧૦) ઉમેદવારના પિતાશ્રીનો વ્યવસાય / નોકરી : ______ ★ કુંડળીમાં માનો છો? હા / ના ★ મંગળ / શની : છે / નથી

(૧૧) ઘરનું સરનામું : ______

(૧૨) ફોન નંબર (કોડ સાથે) : ______ ઘર ______ ઓફિસ ______ મોબાઈલ ______
રહેણાંક : પોતાનું / ભાડાનું? ______ ભાઈ ______ બહેન ______

(૧૩) ઉમેદવાર સાથે રહેતા સભ્યોની માહિતી :

| *ક્રમ* | *સંપૂર્ણ નામ* | *ઉમેદવાર સાથે સંબંધ* |
|---|---|---|
| ૧. | | |
| ૨. | | |
| ૩. | | |
| ૪. | | |
| ૫. | | |

(૧૪) ઉમેદવાર સાથે સંમેલનમાં આપની સાથે હાજર રહેનાર સભ્યની માહિતી :
(૧) ______ સંબંધ ______
(૨) ______ સંબંધ ______

(૧૫) અમદાવાદ સ્થિત સંબંધીના નામ, ફોન / મોબાઈલ નંબર : ______

(૧૬) સારું પાત્ર મળે તો અમદાવાદ સિવાય બીજે ગામ જવા સંમત છો? હા / ના ______

(૧૭) અન્ય વિગત : પસંદગી / શોખ ______

(૧૮) (૧) કુંવારા (૨) વિધુર / વિધવા (૩) છુટાછેડા (૪) સગપણ છૂટા થવા

(૧૯) અન્ય માહિતી : ______

# નીતિ નિયમો

## તા. ૧૬-૧૨-૨૦૧૨ – પરિચય સંમેલન

૧. ઉમેદવારે સ્વહસ્તે સ્વચ્છ અક્ષરે (વાંચી શકાય તેવા) પૂરેપૂરી વિગતો સાથે ફોર્મ ભરીને, તેમજ દર્શાવેલ જગ્યાએ ફોટો લગાવીને અત્રે સંસ્થાના કાર્યાલયમાં છેલ્લી તારીખ સુધીમાં મળી જાય તેમ મોકલાવી આપવું. અધૂરા ભરાયેલા ફોર્મ રદ થવાપાત્ર ગણાશે.

૨. ઉમેદવારે પોતાનો તાજેતરમાં પડાવેલ પાસપોર્ટ સાઈઝનો એક ફોટો ફોર્મમાં ચોંટાડવો અને બીજા બે ફોટા ફોર્મ સાથે બીડવા. (ઉમેદવારે પોતાના પાસપોર્ટ સાઈઝના કુલ ૩ ફોટા આપવા.) ફોટાની પાછળ નામ અવશ્ય લખવું.

| *રજિસ્ટ્રેશન ફી* | *યુવકો* | *યુવતીઓ* |
|---|---|---|
| સમાજનાં સભ્યો | રૂા. ૫૦૦/- | રૂા. ૫૦૦/- |
| સમાજ બહારની વ્યક્તિઓ | રૂા. ૫૦૦/- | રૂા. ૫૦૦/- |

૩. આ ફોર્મ સાથે રજિસ્ટ્રેશન ફીની રકમનો ડ્રાફ્ટ/રોકડા **"શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ"**ના નામનો અમદાવાદ કાર્યાલયના સરનામે મોકલવો. જે રકમ સંસ્થામાં જમા લેવામાં આવશે. આવનાર ઉમેદવાર સાથે ફક્ત બે વાલીઓ / સંબંધીઓ જ આવી શકશે.

૪. ફોર્મ અમદાવાદ કાર્યાલય પર તા. ૨૦-૧૧-૨૦૧૨ સુધી સ્વીકારવામાં આવશે. પછીથી આવનાર ફોર્મવાળા ઉમેદવારોને **સંસ્થાના પદાધિકારીઓની મંજૂરીથી** સગપણ સંમેલનમાં ભાગ લેવા દેવામાં આવશે, પણ બુકલેટમાં તેમનું નામ તથા વિગતનો સમાવેશ કરી શકાશે નહીં.

૫. અમદાવાદ આવવા જવાની સંપૂર્ણ વ્યવસ્થા ઉમેદવારે પોતાની રીતે જ, પોતાના ખર્ચે જ કરવાની રહેશે.

૬. ઉમેદવાર તથા તેની સાથે આવેલ બે વ્યક્તિઓ માટે સંસ્થા તરફથી ઊતરવા / રહેવા તથા જમવાની વ્યવસ્થા

તા. ૧૬-૧૨-૨૦૧૨ના દિવસ માટે કરવામાં આવશે. સંજોગવશાત્ તા. ૧૫-૧૨-૨૦૧૨ના રોજ સાંજે કે રાત્રે બહારગામથી આવનારી ટ્રેઈનોના ઉમેદવારો અને તેમની સાથેના બે સભ્યોને (જો આગળથી જણાવેલ હશે તો) રહેવા માટેની વ્યવસ્થા **શ્રી કચ્છી વિશ્રામ ગૃહ - શાહીબાગ** ખાતે કરવામાં આવશે. તેવી જ રીતે તા. ૧૭-૧૨-૨૦૧૨ના એક દિવસ રોકાઈ જનાર સભ્યોને આગળથી જાણ કરશે તો તે મુજબ શક્ય હશે તો રહેવા માટેની વ્યવસ્થા કરવામાં આવશે.

૭. આપ અમદાવાદ મધ્યે આપના સંબંધીને ત્યાં ઉતરવાના હો તો તેમનું નામ તથા સરનામું અને ટેલિફોન નંબર સાથે ફોર્મમાં લખવાનું રહેશે.

૮. જન્મ કુંડળીની નકલ સાથે લાવવી જરૂરી છે.

૯. ઉમેદવારોએ પોતાની પસંદગીના ઉમેદવારના કુટુંબ વિષે તથા તેમના વ્યવહાર/વર્તણૂક વિશે પોતાની રીતે જ પૂરતી તપાસ કરી લેવાની રહેશે. આ અંગે સંસ્થાની કોઈ જવાબદારી રહેશે નહીં.

૧૦. કોઈ પણ ઉમેદવારનું ફોર્મ સ્વીકારવું કે નહીં તેનો અધિકાર સંસ્થાને રહેશે અને તે બદલ કોઈ પણ કારણ આપવું જરૂરી રહેશે નહીં.

૧૧. અનિવાર્ય સંજોગોવશાત્ કોઈ પણ જાતનો ફેરફાર સંસ્થા કરી શકશે.

૧૨. સંમેલન દરમ્યાન કે પછી સગપણ / લગ્ન નક્કી થાય તો સંસ્થાને જાણ કરવા વિનંતી છે.

**સહી :** ______________________

# વયસ્ક સમિતિ દ્વારા રાજસ્થાન યાત્રા પ્રવાસ

સમિતિ તરફથી રાજસ્થાન યાત્રા પ્રવાસે જવાની જાહેરાત આ અગાઉ થઈ ગઈ છે. તે મુજબ સૂચિત પ્રવાસ તા. ૪-૧૦-૨૦૧૨ રાત્રિના ૨ x ૨ બસ દ્વારા શરૂ થશે અને તા. ૮-૧૦-૨૦૧૨ના રોજ અમદાવાદ આવીને પ્રવાસ પૂરો થશે.

***પ્રવાસમાં સામિલ થનારા સર્વે વયસ્ક સભ્યશ્રીઓને વિનંતી કે તા. ૧૫-૯-૨૦૧૨ પહેલા શ્રી કચ્છી જૈન ભવન - પાલડી પર તેઓની રકમ જમા કરાવી દે.***

પ્રવાસ કાર્યક્રમ સંબંધી સંપૂર્ણ માહિતી અત્રે નીચે પ્રકાશિત કરવામાં આવેલ છે. જેની નોંધ લેવા વિનંતી છે.

## વયસ્ક સમિતિ આયોજિત યાત્રા પ્રવાસ • તા. ૪-૧૦-૨૦૧૨થી તા. ૮-૧૦-૨૦૧૨

| | | |
|---|---|---|
| તા. ૦૪-૧૦-૨૦૧૨ | રાત્રે ૮.૦૦ વાગે | શ્રી કચ્છી જૈન સેવા સમાજ - પાલડીથી બસમાં પ્રસ્થાન. |
| તા. ૦૫-૧૦-૨૦૧૨ | સવારે ૬.૦૦ વાગે | જેસલમેર આગમન - નવકારશી - પૂજા - કિલ્લો / પટવાની હવેલી / દેરાસરોની મુલાકાત - ભોજન - આરામ. |
| | બપોરે ૩.૦૦ વાગે | લોદરવા - અમરસાગર - બ્રહ્મસર - રણની મુલાકાત - રણમાં નાસ્તો / ચૌવિહાર |
| | રાત્રે ૯.૦૦ વાગે | જેસલમેરમાં રાત્રિ રોકાણ. |
| તા. ૦૬-૧૦-૨૦૧૨ | સવારે ૮.૩૦ વાગે | જેસલમેરમાં નવકારશી. પ્રસ્થાન - રામદેવરામાં દર્શન - બપોરનું ભોજન. |
| | સવારે ૧૦.૦૦ વાગે | નાકોડાજી પ્રસ્થાન. |
| | સાંજે ૫.૦૦ વાગે | આગમન - ચૌવિહાર - રાત્રિ રોકાણ. |
| તા. ૦૭-૧૦-૨૦૧૨ | સવારે | સવારના નવકારશી - પૂજા - બપોરે ભોજન. |
| | બપોરે ૨.૩૦ વાગે | પ્રસ્થાન - જાલોર - જહાજ મંદિર દર્શન. |
| | સાંજે | ચૌવિહાર. |
| | રાત્રે ૭.૦૦ વાગે | પ્રસ્થાન - ભીનમાલ. |
| | રાત્રે ૮.૩૦ વાગે | ભીનમાલ આગમન - રાત્રિ રોકાણ. |
| તા. ૦૮-૧૦-૨૦૧૨ | સવારે | નવકારશી - સેવા પૂજા - ભોજન |
| | બપોરે ૩.૦૦ વાગે | અમદાવાદ માટે પ્રસ્થાન - સાંજના રસ્તામાં અનુકૂળતા પ્રમાણે ચૌવિહાર કરાવવામાં આવશે. |
| | રાત્રે ૧૧.૦૦ વાગે | અમદાવાદ આગમન. |

★ **આવશ્યક સૂચનાઓ :**

૧. જેને એ.સી. રૂમની સગવડતા જોઈતી હોય તો સ્વખર્ચે રૂમોની ઉપલબ્ધિ પ્રમાણે કરી આપવામાં આવશે. (આશરે રૂ. ૫૦૦/-, ૬૦૦/-નો નકરો.)

૨. જરૂરિયાત પ્રમાણે દવા અને પીવાના પાણીની વ્યવસ્થા કરવી.

૩. સીટ નંબરો વારાફરતી બદલવામાં આવશે.

૪. અગત્યના ટેલિફોન નંબરો :

| | | | |
|---|---|---|---|
| • જેસલમેર ધર્મશાળા | (૦૨૯૯૨) ૨૫૨૪૦૪ | • મેનેજરશ્રી શાંતિલાલજી | ૦૯૪૧૪૧ ૦૮૦૯૬ |
| • શ્રી રામદેવરા - દાદાવાડી | (૦૨૯૯૬) ૨૩૫૨૪૭ | • મેનેજરશ્રી કમલ શર્મા | ૦૯૬૬૭૮ ૫૩૫૨૭ |
| • નાકોડાજી ધર્મશાળા | (૦૨૯૮૮) ૨૪૦૭૬૨ | • મેનેજરશ્રી પ્રકાશ જૈન | ૦૯૪૧૩૩ ૦૮૮૩૪ |
| • ભીનમાલ ધર્મશાળા | (૦૨૯૬૯) ૨૨૨૫૪૬/૨૯૧૧૭૨ | | |

